## DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 01-08-2020

**૧. અવસાન : સમાજવાદી પાર્ટીના પૂર્વ નેતા, રાજ્યસભાના સાંસદ અમરસિંહનું ૬૪ વર્ષે સિંગાપુરમાં નિધન**

- ✓ ભારતીય રાજનીતિના કોર્પોરેટ ઠાકુર
- ✓ મૂળ વતન-ઉત્તરપ્રદેશ

**૨. સ્માર્ટ ઈન્ડિયા હેકથોન-૨૦૨૦ (ઉચ્ચ શિક્ષણ)**

**વિશ્વના સૌથી મોટા હેકથોનના ગ્રાંડ ફિનાલેને વડાપ્રધાન મોદીનું ઈ-સંબોધન**

**શું છે સ્માર્ટ ઈન્ડિયા હેકથોન-૨૦૨૦**

- ✓ વિદ્યાર્થીઓને રોજબરોજના જીવનમાં પડતી મુશ્કેલીઓ અને સમસ્યાઓના ઉકેલ માટેનું એક રાષ્ટ્રવ્યાપી મંચ મળી રહે તે હેતુસર હાથ ધરમાં આવેલી એક રાષ્ટ્રવ્યાપી પહેલ એટલે સ્માર્ટ ઈન્ડિયા હેકથોન, જેનું આયોજન દર વર્ષે ૧ ઓગસ્ટથી લઈને ૩ ઓગસ્ટ સુધી થતું હોય છે.

**૩. નિર્ણય : GST (કર)**

**રૂ. ૫૦૦ કરોડનું ટર્ન ઓવર ધરાવતા વેપારી માટે ઈ-બીલ ફરજિયાત**

- ✓ અગાઉની રૂ. ૧૦૦ કરોડની મર્યાદામાં ૫ ગણો વધારો
- ✓ SEZના એકમોને ઈ-બીલમાંથી મુક્તિ અપાઈ
- ✓ અમલ- આગામી ૧ ઓક્ટોબર-૨૦૨૦થી

**૪. શ્રીરામ લલ્લા : અયોધ્યા (ધર્મ)**

**શ્રીરામ લલ્લા અયોધ્યાની વિવાદિત ૨.૭૭ એકર જમીનના માલિક બન્યા**

- ✓ શ્રીરામ લલ્લા બિરાજમાન સરકારી દસ્તાવેજોમાં લાંબો સમય વિવાદમાં રહેલી 2.77 એકર જમીનના માલિક બની ગયા.
- ✓ અયોધ્યા જિલ્લા વહીવટી તંત્રએ મહેસૂલી ખાતા નંબર 159 અને 160 તથા પેટા નંબર 583ના જમીન માલિક તરીકે શ્રીરામ લલ્લા બિરાજમાનનું નામ દાખલ કર્યું છે.
- ✓ મહેસૂલી ભાષામાં તેને અમલદરામદ એટલે કે અધિકાર આપવો કહે છે.
- ✓ હવે જન્મભૂમિ પરિસરની સંપૂર્ણ 70 એકર જમીન ટ્રસ્ટની થઈ ગઈ છે.

**૫. નિર્ણય : સેના સાથે જોડાયેલી ઘટનાઓને ફિલ્મ અથવા વેબ સીરીઝમાં ટેલીકાસ્ટ કરતા પહેલા રક્ષા મંત્રાલયની પરમિશન જરૂરી (મનોરંજન)**

- ✓ રક્ષા મંત્રાલયને સેનાના જવાનો અને સૈનિકોના યુનિફોર્મને ફિલ્મોમાં અપમાનજનક રીતે દેખાવામાં આવતી હોવાની ફરિયાદના આધારે નિર્ણય.

**હેતુ :**

- ✓ સુરક્ષા બળોની છબી બગાડતા અને તેમની ભાવનાઓને ઠેસ પહોંચાડનારા દ્રશ્યો પર અંકુશ લાવવા.
- ✓ મંત્રાલય : સૂચના અને પ્રસારણ મંત્રાલય

**૬.વિશ્વ સ્તનપાન સપ્તાહ:તા.૧ થી ૭ ઓગસ્ટ**

- ✓ થીમ-૨૦૨૦: "Support breastfeeding for a healthier planet".
- ✓ પ્રારંભ-૧૯૯૧
- ✓ સંસ્થા : **WABA - World Alliance for Breastfeeding Action**

**૭. જન્મ દિન વિશેષ : 01 ઓગસ્ટ**

**ચિત્રકાર-કલાગુરૂ : રવિશંકર રાવળ**

**જન્મ – 01 ઓગસ્ટ 1892 અવસાન – 9 ડિસેમ્બર 1977**

- ✓ આજે ટ્રેજેડી ક્વિન મીનાકુમારી અને કલાગુરૂ રવિશંકર રાવળનો જન્મદિવસ.



- ✓ 20માં સૈકાના પ્રારંભે ચિત્રકારોનું સ્થાન સમાજમાં દુકાનનાં પાટિયા ચિતરનારા કરતાં વધુ ન હતું ત્યારે ગુજરાતમાં ચિત્રકળાને ગૌરવભર્યું સ્થાન અપાવનાર રવિશંકર રાવળનો જન્મ ભાવનગરમાં થયો હતો.
- ✓ પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ ભાવનગરમાં.
- ✓ 1910માં મેટ્રિક થયા પિતાની ઈચ્છા વિરુદ્ધ મુંબઇની આર્ટ સોસાયટીમાં ચિત્રકળાનું શિક્ષણ લીધું.

- ✓ 1916માં જે.જે. સ્કૂલ ઑફ આર્ટ્સનો સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો અને તેઓની કલાયાત્રા પ્રમાણિત થઈ.
- ✓ 1919માં મુંબઇ છોડી અમદાવાદમાં કળાપ્રવૃત્તિઓ શરૂ કરી.
- ✓ હાજી મોહમ્મદ અલારખિયાના સંપર્કથી પ્રેરાઈને ૧૯૨૪માં અમદાવાદમાં 'કુમાર' કાર્યાલયની સ્થાપના અને તેનું સંચાલન

**લેખન :**

- ✓ કળા પ્રવૃત્તિઓ નિમિત્તે અજંટાના કળા મંડપો, કળા ચિંતન, કલાકારની સંસ્કારયાત્રા, કલાકારની કલમે, મેં દીઠા નવા માનવી, ભારતીય સંસ્કૃતિના પૂજક જેમ્સ કઝિંસ શીર્ષકથી પુસ્તકો પણ લખ્યાં.
- ✓ **'આત્મકથાનક' નામે રવિશંકર રાવળે આત્મકથા લખી છે.**

**સન્માન :**

- ✓ ગુજરાતના આ કલાગુરુને કલાપ્રવૃત્તિ માટે ગુજરાત વિદ્યાસભા દ્વારા ૧૯૩૦ના વર્ષનો રણજિતરામ સુવર્ણચંદ્રક.
- ✓ ૧૯૬૫માં ભારત સરકારનો પદ્મશ્રી ખિતાબ.
- ✓ ૧૯૭૦માં લલિતકલા અકાદમીના ફેલો
- ✓ રવિશંકર રાવળ આર્ટ ગેલેરી એમ વિવિધ રીતે સન્માન થયું છે.
- ✓ રવિશંકર રાવળનું 9 ડિસેમ્બર 1977નાં રોજ અવસાન થયું હતું.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૧-૦૮-૨૦૨૦)

1. સમાજવાદી પક્ષના કયા નેતાનું તાજેતરમાં 01 ઓગસ્ટના રોજ 64 વર્ષે અવસાન થયું - **અમરસિંહ**
2. ભારતીય રાજનીતિના કોર્પોરેટ ઠાકુર તરીકે કોણ ઓળખાતું હતું - **અમરસિંહ**
3. સમાજવાદી પક્ષના નેતા અમરસિંહનું તાજેતરમાં 01 ઓગસ્ટના રોજ 64 વર્ષે કયાં અવસાન થયું- **સિંગાપુર**
4. સ્માર્ટ ઈન્ડિયા હેકથાન 2020નું તાજેતરમાં કયારે આયોજન થયું - **તા.01 થી 03 ઓગસ્ટ**
5. સ્માર્ટ ઈન્ડિયા હેકથાન 2020નો મુખ્ય હેતુ જણાવો - **વિદ્યાર્થીઓને રોજબરોજના જીવનમાં પડતી મુશ્કેલીઓ અને સમસ્યાઓના ઉકેલ માટે એક રાષ્ટ્રવ્યાપી મંચ**
6. સ્માર્ટ ઈન્ડિયા હેકથાન 2020નું તાજેતર ઓગસ્ટમાં આયોજન કરાયું હતું તેમાં કોના દ્વારા સંબોધન કરાયું હતું - **વડાપ્રધાન નરેન્દ્ર મોદી**
7. તાજેતરમાં GSTમાં કેટલા કરોડના ટર્ન ઓવર માટે ઈ-બિલ ફરજિયાત કરાયું- **રૂ. 500/-**
8. અગાઉ GSTમાં કેટલા કરોડના ટર્ન ઓવર માટે ઈ-બિલ ફરજિયાત હતું - **રૂ.100 કરોડ**
9. GSTમાં 500/- કરોડના ટર્નઓવર માટે ઈ-બિલ ફરજિયાત કરાયું તેનો અમલ કયારથી કરાશે - **01 ઓક્ટોબર 2020**
10. તાજેતરમાં ભગવાન શ્રી રામલલ્લા અયોધ્યામાં કેટલી જમીનના વિધિવત માલિક બન્યા - **2.77 એકર**
11. તાજેતરમાં ભગવાન શ્રી રામલલ્લા અયોધ્યામાં 2.77 એકર જમીનના વિધિવત માલિક બન્યા તેની મહેસૂલી ભાષામાં શું કહેવાય - **અમલદરામદ**
12. ભારતીય સેના સાથે જોડાયેલી ઘટનાઓને ફિલ્મ અથવા વેબ સીરીઝમાં ટેલીકાસ્ટ કરતા પહેલા કોની પરમિશન જરૂરી છે - **રક્ષા મંત્રાલય**
13. ક્યા હેતુસર ભારતીય સેના સાથે જોડાયેલી ઘટનાઓને ફિલ્મ અથવા વેબ સીરીઝમાં ટેલીકાસ્ટ કરતા પહેલા રક્ષા મંત્રાલયની પરમિશન લેવાનો નિર્ણય કરાયો હતો - **સુરક્ષા બળોની છબી બગાડતા અને તેમની ભાવનાઓને ઠેસ પહોંચાડનારા દ્રશ્યો પર અંકુશ લાવવા**
14. વિશ્વ સ્તનપાન સપ્તાહ ક્યારે મનાવવામાં આવે છે - **તા.૧ થી ૭ ઓગસ્ટ**
15. વિશ્વ સ્તનપાન સપ્તાહ-૨૦૨૦ની થીમ જણાવો - **"Support breastfeeding for a healthier planet"**
16. વિશ્વ સ્તનપાન સપ્તાહ ઉજવવાનો પ્રારંભ ક્યા વર્ષથી થયો હતો – **વર્ષ-૧૯૯૧**
17. WABAનું વિસ્તૃત નામ જણાવો - **World Alliance for Breastfeeding Action**
18. ગુજરાતના કલાગુરૂ તરીકે કોણ ઓળખાય છે – **પૂ. રવિશંકર રાવળ**
19. કલાગુરૂ પૂ. રવિશંકર રાવળનો જન્મ દિવસ જણાવો - **01 ઓગસ્ટ 1892**
20. કલાગુરૂ પૂ. રવિશંકર રાવળનું અવસાન કયારે થયુ હતુ– **9 ડિસેમ્બર 1977**
21. હિન્દી ફિલ્મોની ટ્રેજેડી ક્વિન તરીકે કઈ અભિનેત્રીને ઓળખવામાં આવે છે - **મીનાકુમારી**
22. હિન્દી ફિલ્મોની ટ્રેજેડી ક્વિન મીનાકુમારીનો જન્મ દિવસ જણાવો – **1 ઓગસ્ટ-1933**
23. રવિશંકર રાવળનો જન્મ ક્યાં થયો હતો – **ભાવનગર**
24. રવિશંકર રાવળે હાજી મોહમ્મદ અલારખિયાના સંપર્કથી પ્રેરાઈને કયુ મેગેઝિન શરૂ કર્યું હતુ - **'કુમાર'**

25. 'કુમાર' મેગેઝિનના સંસ્થાપક કોણ હતા - **રવિશંકર રાવળ**

26. 'કુમાર' મેગેઝિનનો પ્રારંભ કયારે થયો હતો – **1924**

27. રવિશંકર રાવળની આત્મકથાનું નામ જણાવો - **'આત્મકથાનક'**

28. ગુજરાતી સાહિત્યનો પ્રતિષ્ઠિત રણજિતરામ સુવર્ણચંદ્રક કોના દ્વારા આપવામાં આવે છે - **ગુજરાત વિદ્યાસભા**

29. ગુજરાતી સાહિત્યનો વર્ષ-૧૯૩૦નો રણજિતરામ સુવર્ણચંદ્રક કોને આપવામાં આવ્યો હતો- **રવિશંકર રાવળ**

30. રવિશંકર રાવળને ક્યા વર્ષમાં ભારત સરકારે પદ્મશ્રીથી સન્માનિત કર્યાં હતા- **વર્ષ-૧૯૬૫**

DATE : 02-08-2020

## ૧. 71મો રાજ્યકક્ષાનો વન મહોત્સવ-૨૦૨૦

✓ નામ : ૨૦મું સાંસ્કૃતિક વન 'રામવન'

✓ સ્થાન : આજી ડેમ સાઈટ-રાજકોટ

✓ મુખ્યમંત્રીશ્રીએ પોતાના ૬૫માં જન્મદિવસે રાજકોટમાં આયોજિત રાજ્યકક્ષાના 71માં વન મહોત્સવનો ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા પ્રારંભ કરાવ્યો.

**અન્ય વિગત :**

✓ રાજ્યમાં કુલ-૧૦ કરોડ રોપાનું વાવેતર

✓ રાજ્યના તમામ જિલ્લા/ મહાનગરપાલિકાઓમાં વન મહોત્સવની ઉજવણી

✓ વન વિસ્તાર બહારના વૃક્ષોની સંખ્યા વર્ષ-૨૦૦૪માં ૨૫.૧૦ કરોડ હતી તે વધીને હવે ૩૪.૩૫ કરોડથી વધુ થઈ

✓ વન વિભાગ અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજીડેમ નજીક 157 એકર વિસ્તારમાં નિર્માણ થયેલા 20માં સાંસ્કૃતિક વન 'રામવન'નો લોકાર્પણ.

**રામવનનું મહત્વ :**

✓ મુખ્યમંત્રીશ્રીએ રામાયણ કાળમાં ભગવાન રામચંદ્રજીએ પણ વનવાસ કર્યો હતો તેનું નિરૂપણ કરતા આગામી દિવસોમાં અયોધ્યામાં ભવ્ય રામ મંદિરના શિલાન્યાસની સ્મૃતિ ઇતિહાસમાં સચવાય રહે તે માટે રાજકોટમાં નિર્માણ થયેલા 20માં સાંસ્કૃતિક વનનું 'રામવન' નામાભિધાન આપ્યું હતું.

✓ અત્યાર સુધીમાં 19 વનો નિર્માણ થયા.

✓ પ્રથમ સાંસ્કૃતિક વન - પુનિત વન, ગાંધીનગર-૨૦૦૪

✓ રાજ્યમાં વન બહારના વિસ્તારમાં ૩૪ કરોડ વૃક્ષો છે અને ૧૩ વર્ષમાં ૩૭ ટકાનો વધારો થયો.

✓ રાજકોટ મહાપાલિકા દ્વારા ઘરે-ઘરે રોપા વિતરણ સાથે પર્યાવરણ જાળવણીના સંદેશા પ્રસરાવતા 'ગો ગ્રીન' રથ અને સંજીવની રથનો પણ વીડિયો કોન્ફરન્સથી પ્રારંભ કરાવ્યો.

✓ ગુજરાતના વન મંત્રી - શ્રી ગણપતસિંહ વસાવા

## ૨. ખેલકૂદ : 13મી IPL-2020નો 19મી સપ્ટેમ્બરથી UAE ખાતે પ્રારંભ

✓ મંજૂરી : BCCI, મુંબઈ

**IPLનો કાર્યક્રમ**

✓ ૧૯ સપ્ટેમ્બરથી પ્રારંભ

✓ ૧૦ નવેમ્બરે ફાઈનલ

✓ દરેક ટીમમાં ૨૪-૨૪ ખેલાડી સામેલ કરી શકાશે

✓ સાંજની મેચ ૭.૩૦ કલાકથી શરૂ થશે

✓ ૫૩ દિવસ ચાલનાર આઈપીએલમાં ૧૪-૧૪ મેચ રમાશે

✓ સેમિફાઈનલ અને ફાઈનલ સહિત કુલ ૬૦ મેચ

✓ સખત પ્રોટોકોલને ધ્યાનમાં રાખીને મેચો વચ્ચેના અંતરમાં ૧૦ ડબલ હેડર પ્લાન

✓ તમામ ટીમ ૨૬ ઓગસ્ટે યુએઈ જવા રવાના થશે

✓ શરૂઆતમાં દર્શકોને મંજૂરી નહીં વચ્ચે દર્શકોને મંજૂરી અપાય તેવી શક્યતા

## ૩. અનામત : રાજસ્થાન ન્યાયિક સેવામાં અતિ પછાત વર્ગને પાંચ ટકા અનામત (વહીવટ)

✓ અતિ પછાત વર્ગ (MBC)

✓ સુધારો-રાજસ્થાન ન્યાયિક સેવા નિયમ- ૨૦૧૦

**પાંચ જાતિઓ :**

✓ ગુર્જર, રાયકા-રબારી, ગાડીયા-લુહાર, વણઝારા, ગડરિયા

## ૪. કેન્દ્ર સરકાર : ECLGSનો વ્યાપ વધારવામાં આવશે (આર્થિક)

✓ હેતુ : નાના વ્યવસાયીઓને આવરી લેવા કેન્દ્ર સરકારે MSME ક્રેડિટ યોજનાનો વ્યાપ વધારાયો

- ✓ કોવિડ-૧૯ની મહામારીને કારણે દેશભરમાં લોકડાઉન અમલી બનવાને પગલે મંદીના ભરડામાંથી અર્થતંત્રને બહાર લાવવાની નેમ સાથે કેન્દ્ર સરકારે, ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરંટી સ્કીમ (ECLGS)નો વ્યાપ વિસ્તાર્યો છે.
- ✓ જેના પરિણામે દેશભરમાં ૬.૩ કરોડથી વધુ સૂક્ષ્મ, નાના અને મધ્યમ એન્ટરપ્રાઈસીઝ (MSME) કાર્યરત વ્યક્તિગત સાહસિકો અને મોટી કંપનીઓને આવરી લેવામાં આવશે.
- ✓ આ સ્કીમ હેઠળ વધારાની ૨૦ ટકા કોલેટરલ ક્રેડિટ આપવામાં આવશે અને હવે આ સ્કીમમાં વ્યાવસાયિક હેતુ માટે આપવામાં આવેલ વ્યક્તિગત લોન ધારકોને પણ આવરી લેવામાં આવશે.
- ✓ <u>હવેથી ડોકટરો, વકીલો, ચાર્ટ એકાઉન્ટન્ટ સહિતના વ્યાવસાયિકો જેમણે તેમના વ્યાવસાયિક જરૂરિયાતો માટે લોન લીધી છે, તે હવે મધ્યમ અને નાના ઉદ્યોગો માટે વિશેષ ક્રેડિટ ગેરંટી યોજના હેઠળ ક્રેડિટ મેળવવા માટે પાત્ર બનશે.</u>
- ✓ આ પ્રકારે નાના વેપારીઓને સરળતાથી લોન મળી શકશે અને તેના પરિણામે અર્થતંત્ર પુનઃ ચેતનવંતુ બનશે.
- ✓ <u>ECLGS : ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરેંટી સ્કીમ</u>

## ૫. દિન વિશેષ : ૨ ઓગસ્ટ

### (૧)ગાંધીનગરનો ૫૬મો સ્થાપના દિવસ

- ✓ ગાંધીનગર શહેર ની રચના કરનાર પ્રથમ ઇજનેર : ચંદુબાપા (ચંદ્રકાંત ભોગીલાલ જાની પઢારિયા)




### (૨) મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો ૬૫મો જન્મ દિવસ

- ✓ જન્મ : રંગુન (બર્મા) વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

### (3) ઓગસ્ટનો પ્રથમ રવિવાર ફ્રેન્ડશિપ ડે

**<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૨-૦૮-૨૦૨૦)</u>**

1. તાજેતરમાં મુખ્યમંત્રીશ્રીની ઈ-ઉપસ્થિતિમાં કઈ તારીખે ગુજરાતમાં રાજ્યકક્ષાનો વન મહોત્સવ યોજાયો – <u>02 ઓગસ્ટ 2020</u>
2. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ઓગસ્ટ 2020માં રાજ્યકક્ષાના કેટલામાં વન મહોત્સવનો ઈ- પ્રારંભ કરવામાં આવ્યો - <u>71મો</u>
3. ગુજરાતમાં ઓગસ્ટ 2020માં રાજ્યકક્ષાનો વનમહોત્સવ કયા શહેરમાં યોજાયો- <u>રાજકોટ</u>
4. ગુજરાતમાં ઓગસ્ટ 2020માં યોજાયેલા રાજ્ય કક્ષાના વનમહોત્સવમાં કયા સાંસ્કૃતિક વનનું નિર્માણ કરાયું - <u>રામ વન</u>
5. ગુજરાતમાં ઓગસ્ટ 2020માં યોજાયેલા રાજ્ય કક્ષાના વનમહોત્સવમાં કેટલામાં સાંસ્કૃતિક વનનું નિર્માણ કરાયું - <u>20મા</u>
6. ગુજરાતના પ્રથમ સાંસ્કૃતિક વનનું નામ જણાવો - <u>પુનિત વન, ગાંધીનગર</u>
7. ગુજરાતમાં ઓગસ્ટ 2020માં યોજાયેલા રાજ્યકક્ષાના વનમહોત્સવમાં રાજકોટમાં કયા ડેમની બાજુમાં સાંસ્કૃતિક વનનું નિર્માણ કરાયું - <u>આજી ડેમ</u>
8. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો તાજેતરમાં કેટલામો જન્મ દિવસ ઉજવાયો- <u>65મો</u>
9. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો જન્મ દિવસ જણાવો- <u>02/08</u>
10. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો જન્મ કયા શહેરમાં થયો હતો- <u>રંગુન(બર્મા)</u>
11. ગુજરાતમાં વર્તમાનમાં વન વિસ્તારની બહારના વૃક્ષોની સંખ્યા જણાવો - <u>34.53 કરોડ</u>
12. ગુજરાતના વર્તમાન વન મંત્રીનું નામ જણાવો- <u>ગણપતભાઈ વસાવા</u>
13. આગામી સમયમાં 19 સપ્ટેમ્બરથી કયા દેશમાં IPL 2020સિઝનનો પ્રારંભ થશે - <u>UAE</u>
14. આગામી સમયમાં 19 સપ્ટેમ્બરથી કેટલામી IPL 2020 સિઝનનો પ્રારંભ થયો - <u>13મી</u>
15. તાજેતરમાં રાજસ્થાન ન્યાયિક સેવામાં અતિ પછાત વર્ગને કેટલા ટકા અનામત આપવામાં આવી - <u>5 ટકા</u>
16. તાજેતરમાં રાજસ્થાન ન્યાયિક સેવામાં અતિ પછાત વર્ગને પાંચ ટકા અનામત આપવામાં આવી તેમાં કઈ કઈ જાતિઓનો સમાવેશ થાય છે - <u>ગુર્જર, રાયકા-રબારી, ગાડીયા-લુહાર, વણઝારા અને ગડરિયા</u>
17. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં નાના વ્યવસાયકારોને આવરી લેવા કઈ યોજનાનો વ્યાપ વધાર્યો- <u>ECLGS</u>

18. ECLGSનું વિસ્તૃત નામ જણાવો - **ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરેંટી સ્કીમ**

19. -ECLGS હેઠળ કેટલા ટકા કોલેટરલ ક્રેડિટ આપવામાં આવશે - **20%**

20. ગુજરાતના પાટનગર ગાંધીનગરનો જન્મ દિવસ જણાવો - **02/08/1965**

21. તાજેતરમાં પાટનગર ગાંધીનગરનો કેટલામો જન્મ દિવસ ઉજવાયો - **56મો**

22. સમગ્ર વિશ્વમાં ઓગસ્ટનો પ્રથમ રવિવાર કયા દિવસ તરીકે ઉજવવામાં આવે છે - **ફ્રેન્ડશિપ ડે**

## DATE : 03-08-2020

### ૧. અયોધ્યા અને દક્ષિણ કોરિયા વચ્ચે ખાસ સંબંધ (વૈશ્વિક સંબંધો)



**વિગત-ઐતિહાસિક મહત્વ :**

- ✓ સાઉથ કોરિયાના ભારત સ્થિત રાજદૂત શિંગ બોંગ કિલેના જણાવ્યા મુજબ અયોધ્યા અને કોરિયા વચ્ચે ઐતિહાસિક સંબંધો સ્થાપિત થયા હતા.
- ✓ અયોધ્યાની રાજકુમારીના લગ્ન કોરિયાના રાજા કિમ સૂરો સાથે થયા હતા.
- ✓ રાજાની કબરમાંથી તેના ઐતિહાસિક પુરાવા મળ્યા હતા.
- ✓ કોરિયાના ઈતિહાસના પુસ્તકોમાં આ રાજા અને અયોધ્યાની રાજકુમારીની ગૌરવ સાથે નોંધ લેવામાં આવી છે.
- ✓ રાજકુમારીને કોરિયામાં હિયો હ્વાંગ ઓક નામની ઓળખવામાં આવતી હતી. તેમનું અયોધ્યામાં સુરીરત્ના નામ હતું.
- ✓ કોરિયામાં 60 લાખ લોકો પોતાને આ રાજા અને અયોધ્યાની રાજકુમારીના વંશજ ગણાવે છે.
- ✓ કોરિયાના કિમહયે શહેરમાં અયોધ્યાની રાજકુમારીની પ્રતીમા આજેય જોવા મળે છે. સરયૂ નદીના કાંઠે પણ આ રાજકુમારીનું સ્મારક છે.

### ૨. SpaceX : બે મહિનાની ISSની સફળ યાત્રા બાદ SpaceX ડ્રેગન કેપ્સ્યૂલનું સમુદ્રમાં સફળ ઉતરાણ

- ✓ ૬૩ દિવસ બાદ અવકાશ યાત્રી બોબ બેહનકેન અને ડગ્લસ હર્લીનું પૃથ્વી પર ઉતરાણ.
- ✓ ૪૫ વર્ષ બાદ બીજીવાર નાસા દ્વારા અવકાશ યાત્રીનું દરિયામાં ઉતરાણ
- ✓ ૨ મહિના સુધી સફળતાપૂર્વક ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં વીતાવ્યા બાદ સ્પેસ એક્સ કંપનીના ડ્રેગન કેપ્સ્યૂલ અવકાશયાનનું મેક્સિકોની ખાડીમાં સફળતાપૂર્વક ઉતરાણ થયું છે.

**શું છે સ્પેસએક્સ કેપ્સ્યૂલ :**

- ✓ ક્રૂ ડ્રેગન સ્પેસએક્સ કંપનીનું અવકાશયાન છે જેમાં બેસીને અવકાશયાત્રી ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનની યાત્રા કરે છે અને ફરી વાર પૃથ્વી પર આવે છે.
- ✓ ક્રૂ ડ્રેગનમાં મહત્તમ ૭ પ્રવાસી બેસી શકે છે. પરંતુ આ વખતે ફક્ત બે અવકાશયાત્રી બોબ બેહનકેન અને ડગ્લસ હર્લીને લઈને ધરતી પર આવ્યું છે.
- ✓ પૃથ્વીથી ઇન્ટરનેશનલ સ્પેસ સેન્ટર સુધી પહોંચવામાં ૧૯ કલાકનો સમય લાગે છે.

**અવકાશ-યાત્રીએ અવકાશમાં શું કર્યું :**

- ✓ ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનની ખરાબ થયેલી બેટરીઓ બદલાવી
- ✓ ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનના હાર્ડવેર સંબંધિત કામો પૂરાં કર્યાં
- ✓ અવકાશમાં વોકિંગ કર્યું
- ✓ પૃથ્વીના ફોટા લીધા તથા નાસાને મોકલાવ્યા

### ૩.દિન વિશેષ : ૨જી ઓગસ્ટ

**સંઘ પ્રદેશ દાદરાનગર હવેલીનો ૬૭મો મુક્તિ દિવસ**




### ૪. રક્ષાબંધન : સાથે જોડાયેલા અન્ય વિવિધ પર્વ (ધર્મ)

**(૧) દક્ષિણમાં અવનિ અવિત્તમ**

- ✓ આજે ઉપાક્રમ એટલે કે નવી શરૂઆતનો દિવસ છે. બ્રાહ્મણો નવી યજ્ઞોપવિત પહેરીને અધ્યયન શરૂ કરશે. દક્ષિણ ભારતમાં તેને અવનિ અવિત્તમ કહે છે.

(૨) મધ્ય ભારતમાં કજરીપર્વ

✓ મધ્ય ભારતમાં કજરી પર્વમાં સ્ત્રીઓ ઘરે ઉગાડેલા જવ નદીમાં વિસર્જિત કરીને સંતાનોના દીર્ઘાયુષની પ્રાર્થના કરે છે.

(3) ગુજરાતમાં પવિત્રોપના

✓ દેશમાં કાવડિયા નદીઓમાંથી લાવેલા જળથી શિવલિંગ પર અભિષેક કરીને કાવડયાત્રા પુરી કરે છે. તેને પવિત્રોપના પર્વ કહે છે.

(૪) બંગાળમાં ઝૂલા પર્વ

✓ બંગાળ, ઉત્તર ભારત, ઓડિશામાં શ્રીકૃષ્ણને હિંડોળે ઝૂલાવાશે. માન્યતા છે કે આ દિવસે શ્રીકૃષ્ણાએ રાધાજીને હિંડોળે ઝૂલાવ્યા હતા.

(૫) દમણમાં નાળિયેરી પૂર્ણિમા

✓ દીવ-દમણ, મહારાષ્ટ્રના તટીય વિસ્તારોમાં નાળિયેરી પૂનમ મનાવાશે. માછીમારો સમુદ્રના દેવતા વરુણદેવને નાળિયેર ચઢાવીને કામ શરૂ કરશે.

૫. દિન વિશેષ :     (૧) સંસ્કૃત દિવસ

✓ હિન્દુ પંચાંગ અનુસાર રક્ષાબંધનનો તહેવાર શ્રાવણના પવિત્ર મહિનામાં પૂર્ણિમાના દિવસે ઉજવવામાં આવે છે.

✓ દર વર્ષે શ્રાવણ પૂર્ણિમાના દિવસે 'વિશ્વ સંસ્કૃત દિવસ'ની પણ ઉજવણી કરવામાં આવે છે.




✓ પ્રતિ વર્ષ રક્ષાબંધન અને 'વિશ્વ સંસ્કૃત દિન'ની ઊજવણી એકસાથે ભારત સહિત વિદેશોમાં પણ ઉજવણી થાય છે.

✓ હાલમાં જ ભારત દેશમાં નવી શિક્ષા નીતિનું જે નિર્માણ થયું છે, તેમાં પણ સંસ્કૃતને વિશેષ દરજ્જો આપવામાં આવ્યો

✓ સંસ્કૃત એ માત્ર ભાષા નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિ, સભ્યતા અને અસ્મિતાનું પ્રતિક છે.

✓ હાલ વિશ્વભરમાં કોરોના વાઈરસની વિકટ પરિસ્થિતિ સર્જાઇ છે, ત્યારે વિશ્વની મહાસત્તાઓ અને આધુનિક વિજ્ઞાન પણ કોરોના મહામારીને ડામવામાં સફળ થઈ શક્યા નથી. પરંતુ સંસ્કૃત ભાષામાં લખાયેલ આયુર્વેદ ચિકિત્સાએ સારા પરિણામો આપ્યાં છે.

✓ સમગ્ર વિશ્વ ભારતની સંસ્કૃતિ અને સંસ્કૃતમાં પ્રાપ્ત આયુર્વેદ અને યોગ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

(૨) પોરબંદરને સ્થાપના દિવસ : શ્રાવણ સુદ પુનમ (રક્ષાબંધન)




૬. જન્મ દિન વિશેષ : 3 ઓગસ્ટ

રસાયણશાસ્ત્રી : ટી.કે. ગજ્જર

જન્મ – 3 ઓગસ્ટ 1863     અવસાન – 16 જુલાઈ-1920

✓ ટી.કે. ગજ્જરના ટૂંકા નામે જાણીતા થયેલા ત્રિભુવનદાસ કલ્યાણરાય ગજ્જરનો આજે જન્મ દિવસ.

✓ સુરતમાં જન્મેલા ગજ્જરના પૂર્વજો મૂળ અમદાવાદના હતા તેમના પિતા કલ્યાણરાય શિલ્પશાસ્ત્રી હતા તેમણે આને લગતું એક પુસ્તક પણ લખ્યું હતું.

✓ ટી. કે. ગજ્જરે શરુનું શિક્ષણ સુરતમાં લીધું અને મેટ્રિક મુંબઈથી કર્યું હતું ૧૮૮૨માં પ્રથમ વર્ગમાં બી.એસ.સી કર્યું

✓ ડિસે. ૧૮૮૬માં વડોદરા કોલેજમાં રસાયણશાસ્ત્રના અધ્યાપક તરીકે નિમાયા દરમિયાન પોતાની વિદ્વતાથી સયાજીરાવ ગાયકવાડને પણ પ્રભાવિત કર્યા હતા

✓ મહારાજાએ તેમણે રંગ અને છાપકામના ઉદ્યોગોનો અભ્યાસ કરી અહેવાલ તૈયાર કરવાનું કામ સોંપ્યું હતું આના પાયા પર તેમણે વડોદરા, સુરત અને અમદાવાદમાં રંગકામની શાળાઓ શરુ કરી હતી.

✓ ટી.કે. ગજ્જર આજે ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસ તરીકે પસિદ્ધ થયેલી "કલાભવન"ના પ્રયોજક તરીકે પણ જાણીતા છે.

✓ ૧૮૯૦માં સ્થપાયેલી આ સંસ્થામાં ચિત્ર, રસાયણ અને રંગશાળા, યંત્રશાળા, શિલ્પ અને ઈજનેરી, ખેતી અને માતૃભાષા એમ છ વિભાગો રાખ્યા હતા.

✓ સ્થાનિક કાવાદાવાઓથી તંગ આવી તેઓ મુંબઈ ચાલ્યા ગયા અને વિલ્સન કોલેજમાં જોડાયા હતા.

- ✓ સ્વદેશી અને બહિષ્કાર આન્દોલન દરમિયાન કેટલાક લોકોએ રાણી વિક્ટોરિયાના બાવળા પર ડામર ચોપડી દીધો હતો તેણે સ્વચ્છ કરવામાં ભલભલા રુસ્તમો નિષ્ફળ રહ્યા ત્યારે આ દેશી રસાયણશાસ્ત્રીએ એસેડીક એસીડ અને ક્લોરીનથી આ ડામર સાફ કરી પુતળાને પૂર્વવત કર્યું હતું. તેનાથી શ્રી ગજ્જરની પ્રતિષ્ઠામાં ખાસ્સો વધારો થયો હતો
- ✓ આ વિગતનો લેખ "ટાઈમ્સ ઓફ ઇન્ડિયા" પત્રમાં પણ પ્રકાશિત થયો હતો.
- ✓ <u>વડોદરામાં એલેમ્બિકની સ્થાપના અને મુંબઈમાં ઇન્ફ્લુંએન્ઝા અને સુરતમાં પ્લેગ વખતે પેટન્ટ દવાઓ બજારમાં મુકવી જેવા કાર્યો માટે પણ ટી.કે.ગજ્જર પ્રસિદ્ધ થયા.</u>
- ✓ તેમનું અવસાન ૧૬ જુલાઈ ૧૯૨૦ના રોજ થયું હતું.
- ✓ પરાધીન ભારતના રસાયણક્ષેત્રે શ્રી ટી.કે. ગજ્જરે માતબર યોગદાન આપ્યું હતુ.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૩-૦૮-૨૦૨૦)</u>

1. અયોધ્યાની રાજકુમારી સુરી રત્નાના લગ્ન કોરિયાના કયા રાજા સાથે થયા હતા - **<u>કિમ સૂરો</u>**
2. તાજેતર ઓગસ્ટ-૨૦૨૦માં બે મહિનાની ISSની સફળ યાત્રા બાદ કોનું સમુદ્રમાં સફળ ઉતરાણ થયુ - **<u>SpaceX ડ્રેગન કેપ્સ્યૂલ</u>**
3. તાજેતર ઓગસ્ટ-૨૦૨૦માં બે મહિનાની ISSની ૬૩ દિવસની સફળ યાત્રા બાદ કયા બે અવકાશ યાત્રીનું પૃથ્વી પર ઉતરાણ થયુ - **<u>બોબ બેહ્નકેન અને ડગ્લસ હર્લી</u>**
4. ઓગસ્ટ-૨૦૨૦માં કેટલા વર્ષ બાદ બીજીવાર અવકાશ યાત્રીનું દરિયામાં સફળ ઉતરાણ થયું - <u>૪૫</u>
5. ISSનું વિસ્તૃત નામ જણાવો-**<u>ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન</u>**
6. ઓગસ્ટ-૨૦૨૦માં ISSમાં બે મહિના વીતાવ્યા બાદ સ્પેસ એક્સ કંપનીના ડ્રેગન કેપ્સ્યૂલ અવકાશયાનનું કયા સ્થળે સફળતાપૂર્વક ઉતરાણ થયું-**<u>મેક્સિકોની ખાડી</u>**
7. સ્પેસએક્સ કેપ્સ્યૂલ શું છે - **<u>ક્રૂ ડ્રેગન સ્પેસએક્સ કંપનીનું અવકાશયાન</u>**
8. પૃથ્વીથી ઇન્ટરનેશનલ સ્પેસ સેન્ટર સુધી પહોંચવામાં કેટલા કલાકનો સમય લાગે છે - <u>૧૯</u>
9. તાજેતર ઓગસ્ટ-૨૦૨૦માં સ્પેસ એક્સ કંપનીના ડ્રેગન કેપ્સ્યૂલ અવકાશયાનના અવકાશયાત્રીઓએ બે મહિના અવકાશમાં શું કામ કર્યું - **<u>ISSની ખરાબ થયેલી બેટરીઓ બદલાવી, ISSના હાર્ડવેર સંબંધિત કામો પૂરાં કર્યાં, અવકાશમાં વોકિંગ કર્યું, પૃથ્વીના ફોટા લીધા તથા નાસાને મોકલાવ્યા</u>**
10. સંઘ પ્રદેશ દાદરાનગર હવેલીનો મુક્તિ દિવસ જણાવો – **<u>૨ ઓગસ્ટ</u>**
11. ૨ ઓગસ્ટ-૨૦૨૦ના રોજ સંઘ પ્રદેશ દાદરાનગર હવેલીનો કેટલામો મુક્તિ દિવસ ઉજવાયો - <u>૬૭</u>
12. દક્ષિણ ભારતમાં બ્રાહ્મણો નવી યજ્ઞોપવિત પહેરીને કયા દિવસે અધ્યયન શરૂ કરે છે – **<u>શ્રાવણ સુદ પૂનમ</u>**
13. શ્રાવણ સુદ પૂનમના દિવસે દક્ષિણ ભારતમાં બ્રાહ્મણો નવી યજ્ઞોપવિત પહેરીને અધ્યયન શરૂ કરે છે તેને કયા નામે ઓળખવામાં આવે છે - **<u>અવનિ અવિત્તમ</u>**
14. મધ્ય ભારતમાં સ્ત્રીઓ ઘરે ઉગાડેલા જવ નદીમાં વિસર્જિત કરીને સંતાનોના દીર્ઘાયુષની પ્રાર્થના કરે છે તેને કયા નામે ઓળખવામાં આવે છે - **<u>કજરી પર્વ</u>**
15. ગુજરાતમાં કાવડિયાઓ નદીઓમાંથી લાવેલા જળથી શિવલિંગ પર અભિષેક કરીને કાવડયાત્રા પુરી કરે છે. તેને કયા પર્વ તરીકે ઓળખવામાં આવે છે - **<u>પવિત્રોપ</u>**
16. ઉત્તર ભારત, બંગાળ, ઓડિશામાં રક્ષાબંધન નિમિતે શ્રીકૃષ્ણને હિંડોળે ઝૂલાવવામાં આવે છે તેને કયા નામે ઓળખવામાં આવે છે - **<u>ઝૂલા પર્વ</u>**
17. દીવ-દમણ, મહારાષ્ટ્રના તટીય વિસ્તારોમાં માછીમારો કયા દિવસે સમુદ્રના દેવતા વરુણદેવને નાળિયેર ચઢાવીને કામ શરૂ કરે છે-**<u>નાળિયેરી પૂનમ (રક્ષાબંધન)</u>**
18. દર વર્ષે 'વિશ્વ સંસ્કૃત દિવસ'ની ઉજવણી કયારે કરવામાં આવે છે - **<u>શ્રાવણ પૂર્ણિમાના દિવસે</u>**
19. પોરબંદરનો સ્થાપના દિવસ જણાવો - **<u>શ્રાવણ સુદ પુનમ (રક્ષાબંધન)</u>**
20. રસાયણશાસ્ત્રી ટી.કે. ગજ્જરનો જન્મ દિવસ જણાવો - **<u>3 ઓગસ્ટ 1863</u>**
21. રસાયણશાસ્ત્રી ટી.કે. ગજ્જરનું અવસાન કયારે થયું હતું - **<u>16 જુલાઈ-1920</u>**
22. રસાયણશાસ્ત્રી ત્રિભુવનદાસ કલ્યાણરાય ગજ્જરનું હુલામણુ નામ જણાવો - **<u>ટી.કે. ગજ્જર</u>**
23. રસાયણશાસ્ત્રી ટી.કેગજ્જરનો જન્મ ક્યાં થયો હતો – **<u>સુરત</u>**
24. ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસ તરીકે પસિદ્ધ થયેલી "કલાભવન"ના પ્રયોજક તરીકે કોણ જાણીતા છે - **<u>ટી.કે. ગજ્જર</u>**

25. ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસ તરીકે પસિદ્ધ થયેલી "કલાભવન"ની સ્થાપના ક્યા વર્ષમાં થઈ હતી – | વર્ષ-૧૮૯૦

**DATE : 04-08-2020**

## ૧. વૈશ્વિક વિવાદ : પાકિસ્તાન દ્વારા પોતાના રાજકીય નકશામાં ભારતના પ્રદેશ દર્શાવતા વિવાદ




- ✓ પાકિસ્તાન દ્વારા પોતાના દેશના બહાર પાડવામાં આવેલા નકશામાં જમ્મુ-કાશ્મીર, સિરક્રીક, સિયાચીન, લદ્દાખ, જૂનાગઢ અને માણાવદરને પાકિસ્તાનના પ્રદેશ તરીકે દર્શાવવામાં આવ્યા હતા.
- ✓ પાકિસ્તાનના વડાપ્રધાન ઇમરાન ખાન દેશનો નવો રાજકીય નક્શો જાહેર કરાયો.
- ✓ પાકિસ્તાનના નવા રાષ્ટ્રીય નકશા મુજબ ભારતે સિયાચીનમાં ગેરકાયદેસર કબજો જમાવ્યો છે.
- ✓ ગુજરાતના સિરક્રિક પર લાંબા સમયથી વિવાદ ચાલ્યો આવે છે.
- ✓ પાકિસ્તાને સિરક્રિકને પણ તેના નક્શામાં સામેલ કર્યું છે.
- ✓ પાકિસ્તાન જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ પર પહેલેથી દાવો કરતો આવ્યો છે.
- ✓ હવે તેણે ગુજરાતના જૂનાગઢ તથા માણાવદરને પોતાનો હિસ્સો ગણાવ્યો છે.
- ✓ ઉપરાંત લદ્દાખમાં ભારત અને ચીન વચ્ચે જે વિસ્તારો પર વિવાદ ચાલી રહ્યો છે તેને પાકિસ્તાને અનિર્ણત સરહદ ગણાવી છે.
- ✓ પાકિસ્તાન હવે આ રાજકીય નક્શો સંયુક્ત રાષ્ટ્રમાં રજૂ કરવાની તૈયારી કરી રહ્યો છે.

**પાંચમી ઓગસ્ટને યોમ એ ઇસ્તેલાહ અને ઘાસબાના કબ્જા જાહેર કરી**

- ✓ આર્ટિકલ ૩૭૦ હટાવ્યાને પાંચમી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ એક વર્ષ પૂર્ણ.
- ✓ પાકિસ્તાને પાંચમી ઓગસ્ટને યોમ એ ઇસ્તેલાહ અને ઘાસબાના કબ્જા તરીકે ઉજવવા નિર્દેશ જારી કર્યા છે.
- ✓ પાકિસ્તાન હવે ભારતના જમ્મુ-કાશ્મીરને પાકિસ્તાન ઇન્ડિયન ઇલલિગલી ઓક્યુપાઇડ જમ્મુ એન્ડ કાશ્મીર તરીકે ઓળખાવશે.
- ✓ પાકિસ્તાનની ટીવી અને રેડિયો ચેનલ પર પાંચમી ઓગસ્ટે એક મિનિટના મૌન પછી પાકિસ્તાન અને આઝાદ કાશ્મીરના રાષ્ટ્રીય ગીત વગાડવાના આદેશ અપાયાં.

## ૨. શ્રીરામ મંદિરનું ભૂમિ પૂજન- અયોધ્યા (અવધ) તા.5 ઓગસ્ટ-2020




- ✓ મંદિરની શૈલી-નાગર શૈલી અને અષ્ટકોણીય શિખર બંધી મંદીર

**તા.૫મી ઓગસ્ટે બપોરે 12:39:20 વાગે 32 સેકન્ડનું મુહૂર્ત**

- ✓ આ દરમિયાન ભૂમિપૂજન, અષ્ટ ઉપશિલા પૂજન, મુખ્ય ફ્રૂર્મશિલા પૂજન થશે. (આ ફ્રૂર્મશિલા રામલલ્લાના મંદિરમાં વિરાજમાન થવાના સ્થાનની બરાબર નીચે રહેશે.)

  **12 : 44 થી 12 : 45 વાગ્યા સુધી**
- ✓ યજમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુખ્ય શિલા પર નવરત્ન જડિત પંચધાતુથી બનેલું કમળપુષ્પ અર્પિત કરતા પ્રતિષ્ઠાપયામિનું ઉચ્ચારણ કરશે અને કાર્ય પૂર્ણ થઈ જશે.

## ૩. કુલભૂષણ જાધવ કેસ (વૈશ્વિક વિવાદ)

**નિર્દોષ કુલભૂષણ કેસમાં પાકિસ્તાન કોર્ટ દ્વારા ત્રણ વકીલોની કોર્ટ મિત્ર તરીકે નિમણૂક**

**વિવાદ :**

- ✓ ઇન્ડિયન નેવીના નિવૃત 50 વર્ષીય કુલભૂષણ જાધવ પર પાકિસ્તાને જુઠા આરોપો લગાવી ફાંસીની સજા જાહેર કરવામાં આવી હતી.

- ✓ 2017માં પાકિસ્તાની પોલીસે કુલભુષણની ધરપકડ કરીને મનમાની પૂર્વક કોર્ટમાં કેસ ચલાવ્યો હતો અને કુલભુષણનો પક્ષ સાંભળ્યા વગર જ તેમને ફાંસીની સજા આપવામાં આવી હતી.
- ✓ જુઠા કેસ અને એક તરફી ચુકાદો આપ્યો હોવાથી આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાન ખુલ્લુ પડી ગયું હતું.
- ✓ <u>ભારતે આંતરરાષ્ટ્રીય કોર્ટમાં પાક.ના ચુકાદાને પડકાર્યો હતો જ્યાં પાક.ની હાર થઇ હતી અને કુલભુષણની ફાંસી પર કોર્ટે રોક લગાવી દીધી હતી.</u>
- ✓ હવે પાકિસ્તાનની કોર્ટમાં જ્યારે ફરી સમગ્ર મામલે સુનાવણી ચાલી રહી છે ત્યારે કોર્ટે પાકિસ્તાનની સરકારને આદેશ આપ્યો છે કે તે કુલભુષણ કેસમાં ભારતને કાઉન્સેલ નિમવાની છુટ આપે.
- ✓ આ સાથે જ ઇસ્લામાબાદ હાઇ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અતહર મિનાલ્લાહ અને ન્યાયાધીશ મિઆનગુલ હસને ત્રણ વકીલોને કોર્ટના મિત્ર તરીકે નિમ્યા છે.
- ✓ <u>કોર્ટ મિત્ર એટલે કે એમિક્સ ક્યુરી એ કોર્ટ દ્વારા નિમાય છે જે કોર્ટને જ કોઇ કેસમાં કાયદા સહિતની મદદ કરે છે.</u>
- ✓ જે વકીલોને નિમ્યા છે તેમાં આબિદ હસન મન્ટો અને હામિદ ખાનનો સમાવેશ થાય છે જેઓ સુપ્રીમ કોર્ટના સિનિયર વકીલ છે.
- ✓ પાક.ના પૂર્વ એટર્ની જનરલ મખદુમ અલી ખાનને પણ નિમ્યા છે.

## <u>૪.દિન વિશેષ : પત્રકારત્વની પાઠશાળા એવા કાંતિ ભટ્ટની પ્રથમ પૂણ્યતિથિ</u>

- ✓ જન્મ સ્થળ : ભાવનગરનું ઝાંઝમેર
- ✓ જન્મ - તા. ૧૫ જુલાઇ ૧૯૩૧
- ✓ નિધન – તા.૪ ઓગસ્ટ-૨૦૧૯
- ✓ પિતાનું નામ હરગોવિંદભાઇ માતાનું નામ પ્રેમ કુંવરબેન
- ✓ ચાર ભાઇ અને ત્રણ બહેનો
- ✓ કાંતિ ભટ્ટનું મુંબઈના કાંદિવલીમાં ૮૮ વર્ષે નિધન થયું હતુ.
- ✓ ૬ દાયકાથી વધુ સમયથી ગુજરાતી પત્રકારત્વ ક્ષેત્રે તેમણે હજારો લેખો લખ્યા અને લગભગ તમામ અખબારમાં ટોચના કટાર લેખ લખ્યા હતા.
- ✓ નવ વર્ષની ઉંમરે તેઓ ગ્રામ પંચાયતની લાયબ્રેરી ચલાવતા હતા. સહકારી મંડળીના સેક્રેટરી પણ હતા.
- ✓ મહુવામાં તેઓએ પ્રાથમિક શિક્ષણ લીધું. 1942માં તેઓએ રાયફલ ચલાવવાની ટ્રેનિંગ લીધી હતી.
- ✓ તેઓ 15 વર્ષની ઉંમરે મહુવાના મેગેઝીનના તંત્રી હતા.
- ✓ તેઓએ ઝંકાર નામનું હસ્તલિખિત સામયિક શરૂ કર્યું હતું.
- ✓ તેઓ અચાનક બીમાર પડતા ડોક્ટરોએ કહ્યું હતું કે તેઓ છ મહિના જીવશે. પણ પોતાના દ્રઢ મનોબળથી તેઓ જીવ્યા. જાતે આયુર્વેદના પુસ્તકો વાંચી પોતાની બીમારીનો ઈલાજ કર્યો અને સાજા થયા હતા.
- ✓ તેઓ વર્ષના 1000 લેખ લખતા હતા:
- ✓ તેમનું હુલામણું નામ બચુ હતુ. તેમને કોઈ વ્યસન ન હતુ.
- ✓ તેમણે જીવનમાં પ્રથમ પુસ્તક સરસ્વતીચંદ્ર વાંચેલું હતું.
- ✓ તેમનું ભાવતું ભોજન અડદની દાળ, બાજરાનો રોટલો અને રીંગણાનો ઓળો હતું.
- ✓ બીજાની નિંદા કરનાર વ્યક્તિ ઉપર તેમને ગુસ્સો આવતો હતો.
- ✓ લેખનમાં તેમનો મનગમતો વિષય ખેતીવાડી હતો.
- ✓ કાંતિ ભટ્ટને 2006માં વજુ કોટક ચંદ્રક મળ્યો ત્યારે એક અંદાજ મુજબ ત્યાં સુધી તેમના લેખોની સંખ્યા 40 હજારથી વધુ હતી.
- ✓ તેઓએ 50 વર્ષમાં 50 હજાર લેખો લખેલા. વર્ષના એક હજાર એટલે કે રોજના ત્રણ લેખો એ પણ વિવિધરંગી વિષયો ઉપર લખતા.
- ✓ તેઓ વહેલી સવારે પાંચ વાગ્યે ઊઠીને છના ટકોરે લખવા બેસી જતા. તેઓ ત્રણ કલાકમાં બે લેખ લખે તો જ તેમને જંપ પળે.

### <u>લેખક તરીકેની સફર</u>

- ✓ મહુવાની હાઇસ્કૂલમાં અખાડાના મેગેઝીન 'ઝણકાર'ના તંત્રી પણ રહીં ચૂક્યાં છે.
- ✓ 1967માં 'વ્યાપાર'માં સબ એડીટર બન્યાં બાદ ચિત્રલેખા, મુંબઇ સમાચાર, દિવ્ય ભાસ્કર, જનશક્તિ, સંદેશ, યુવા દર્શન, જનસત્તા સહિત ઘણા મેગેઝીનોમાં પોતાના લેખ લખ્યાં.
- ✓ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ કાંતિ ભટ્ટ ભાવનગર મ્યુનિસિપલમાં નોકરી કરી હતી. ત્યારબાદ 10 વર્ષ મલેશિયાના પીનાંગમાં કાકા સાથે વેપારમાં જોડાયા.
- ✓ 1977માં કેન્યામાં થોડો સમય કામ કર્યું.
- ✓ અંતે તેમણે 1966માં પત્રકારત્વમાં પગ મૂક્યો હતો.

✓ 1965માં પ્રથમ લગ્ન રંજનબેન સાથે કર્યા હતા. ત્યારબાદ 1977માં છૂટાછેડા આપી બીજા લગ્ન 1979માં પોતાનાથી 26 વર્ષ નાના શીલાબેન સાથે કર્યા હતા.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૪-૦૮-૨૦૨૦)

1. તાજેતરમાં પાકિસ્તાન દ્વારા ભારતના કયા પ્રદેશને પોતાના નવા રાજકીય નકશામાં દર્શાવવામાં આવ્યા છે - **જમ્મુ કશ્મીર, સિરક્રિક, સિયાચીન, લદાખ, જુનાગઢ અને માણાવદર**
2. તાજેતરમાં પાકિસ્તાન દ્વારા ગુજરાતના કયા પ્રદેશને પોતાના નવા રાજકીય નકશામાં દર્શાવવામાં આવ્યા છે - **સિરક્રિક, જુનાગઢ અને માણાવદર**
3. પાકિસ્તાન હવે તેના નવા રાજકીય નકશામાં ભારતના જમ્મુ-કાશ્મીરને કયા નામથી ઓળખાવે છે - **પાકિસ્તાન ઇન્ડિયન ઈલલિગલી ઓક્યુપાઈડ જમ્મુ એન્ડ કાશ્મીર**
4. કલમ 370 રદ થવાના વિરોધમાં પાકિસ્તાન દ્વારા ક્યારે એક મિનિટનું મૌન પાડવામાં આવ્યું હતું - **05 ઓગસ્ટ**
5. અયોધ્યામાં નિર્માણ પામનર ભગવાન શ્રી રામ મંદિર કઈ શૈલીમાં તૈયાર કરવામાં આવશે - **નાગર શૈલી અને અષ્ટકોણીય શિખર બંધી મંદિર**
6. અયોધ્યામાં નિર્માણ પામનર ભગવાન શ્રી રામ મંદિરનું ભૂમિ પૂજન કેટલા કલાકે કરાયું - **બપોરે 12.39.20 (માત્ર 32 સેકન્ડ)**
7. ભારતીય નૌસેનાના કયા નિવૃત્ત અધિકારીની પાકિસ્તાન દ્વારા ખોટા આરોપસર ધરપકડ કરીને ફાંસીની સજા જાહેર કરવામાં આવી છે - **કુલભૂષણ જાધવ**
8. કુલભૂષણ જાધવ કેસમાં તાજેતરમાં પાકિસ્તાન કોર્ટ દ્વારા કેટલા વકીલોની કોર્ટ મિત્રની નિમણૂક કરવામાં આવી છે - **3**
9. ભારતીય નૌસેનાના નિવૃત્ત અધિકારી કુલભૂષણ જાધવની પાકિસ્તાન દ્વારા ખોટા આરોપસર ધરપકડ કરીને ફાંસીની સજા જાહેર કરવામાં આવી છે તેને કઈ વૈશ્વિક કોર્ટ દ્વારા રોક લગાવવામાં આવી છે -**આંતરરાષ્ટ્રીય કોર્ટ**
10. કયા ગુજરાતી પત્રકાર પત્રકારત્વની પાઠશાળા તરીકે જાણીતા હતા - **કાંતિ ભટ્ટ**
11. કાંતિ ભટ્ટનું હુલામણુ નામ અને જન્મ સ્થળ – **બચુ અને ઝાંઝમેર-ભાવનગર**
12. કાંતિ ભટ્ટને વજુ કોટક એવોર્ડ ક્યારે અપાયો હતો –**વર્ષ-૨૦૦૬**

DATE : 05-08-2020

## ૧. ભગવાન શ્રી રામ મંદિર નિર્માણ ભૂમિ પૂજન-અયોધ્યા-ઉત્તરપ્રદેશ (ધર્મ)



✓ નદી : સરયૂ

✓ જૂનું નામ : અવધપુરી

✓ ભૂમિપૂજન : તા. 05/08/2020

**ભૂમિ પૂજન વિશે :**

✓ વડા પ્રધાને ૧૨:૪૮:૦૮ કલાકે મંદિરનું ભૂમિપૂજન કર્યું : મંદિર નિર્માણ ઝડપથી પૂરું થવાનો આશાવાદ વ્યક્ત કર્યો

✓ ૩૨ સેકન્ડના મુહૂર્તમાં પીએમ દ્વારા મંદિર નિર્માણનો સંકલ્પ લઈને પૂજનવિધિ પૂર્ણ કરવામાં આવી.




✓ ૧૯૮૯માં દુનિયાભરમાંથી અયોધ્યામાં આવેલી ૨.૭૫ લાખ ઈંટોમાંથી ૯ ઈંટોનો પણ પૂજામાં સમાવેશ

✓ ૨૦૦૦થી વધુ પવિત્ર સ્થળો અને ૧૦૦થી વધુ પવિત્ર નદીઓનાં પાણીનો પૂજન સંકલ્પમાં સમાવેશ

✓ ૪૦ મિનિટ ચાલેલી પૂજા દરમિયાન ચાંદીની નવ ઈંટોની પૂજા કરવામાં આવી

**પહેલી વખત... :**

✓ નરેન્દ્ર મોદી રામજન્મભૂમિ જનારા દેશના પહેલા વડા પ્રધાન બન્યા

✓ આ પહેલો અવસર હતો કે દેશના વડા પ્રધાન હનુમાનગઢી આવ્યા અને પૂજન કર્યું

✓ દેશની સાંસ્કૃતિક ધરોહર ગણાતા મંદિરનાં નિર્માણ માટેનાં ભૂમિપૂજનમાં પણ પહેલી વખત કોઈ ભારતીય વડા પ્રધાને ભાગ લીધો હતો

✓ પાંચ સદીથી ચાલી રહેલા વિવાદ અને ૧૩૪ વર્ષથી ચાલી રહેલા કાયદાકીય વિખવાદનો તા. ૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ ભૂમિપૂજન બાદ સુખદ અંત આવ્યો.

- ✓ પૂજામાં કાંચીના શંકરાચાર્ય દ્વારા મોકલવામાં આવેલું યંત્ર તથા બકુલના વૃક્ષમાંથી બનાવવામાં આવેલા શંકુની સ્થાપના કરવામાં આવી હતી. તેમાં સોના અને ચાંદી સહિત નવ રત્નો મૂકવામાં આવ્યાં હતાં.
- ✓ અયોધ્યા અને કાશીના પંડિતો સિવાય યુપીના સીએમ યોગી આદિત્યનાથ, યુપીના રાજ્યપાલ આનંદીબહેન પટેલ, રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવત, રામજન્મભૂમિ ટ્રસ્ટના વડા મહંત નૃત્યગોપાલદાસ અને સિંઘલ પરિવારના સભ્યોએ હાજરી આપી હતી.

## ૨. સાષ્ટાંગ પ્રણામ



- ✓ ભૂમિ પૂજન પહેલા મોદીએ રામલલ્લાના અસ્થાયી મંદિરમાં સાષ્ટાંગ પ્રણામ કર્યા.

**સાષ્ટાંગ પ્રણામ કરવાની રીત :**

- ✓ તેમાં માથુ, હાથ, પગ, હૃદય, આંખ, જાગ, વચન અને મન આ આઠને ભેગા કરી જમીન પર સીધા સુવાનું હોય છે.
- ✓ યોગ શાસ્ત્રમાં આ 6 અંગથી ચક્ર બને છે. આ સંપૂર્ણ સમર્પણનું પ્રતિક છે.

## 3. બૈરૂત : ૨,૭૫૦ ટન એમોનિયમ નાઇટ્રેટના પ્રચંડ વિસ્ફોટમાં ૧૦૦થી વધું લોકોના મોત, ૪૦૦૦થી વધુને ઈજા




**વિસ્ફોટની ભયાનકતા :**

- ✓ લેબેનોનની રાજધાની બૈરૂતના બંદરગાહમાં આવેલા વેરહાઉસમાં થયેલા પ્રચંડ વિસ્ફોટમાં ૧૦૦ લોકોનાં મોત થયાં છે અને ૪,૦૦૦ લોકોને ઈજા પહોંચી છે.
- ✓ લેબેનોનના વડા પ્રધાન હસન દિયાબે જણાવ્યું હતું કે, બૈરૂત બંદરના વેરહાઉસમાં ૨,૭૫૦ ટન વિસ્ફોટક એમોનિયમ નાઇટ્રેટમાં ભયાનક વિસ્ફોટ થયો હતો.
- ✓ બૈરૂતના ગવર્નર અબૌદે જણાવ્યું હતું કે, વિસ્ફોટના કારણે અડધું બૈરૂત શહેર તબાહ થયું છે.
- ✓ શહેરને ૩થી પાંચ બિલિયન અમેરિકન ડોલરનું નુકસાન થયું છે.
- ✓ શહેરમાં ઘરવિહોણા લોકોની સંખ્યા ૩ લાખ પર પહોંચી છે. રેડક્રોસે બૈરૂતમાં ૧,૦૦૦ પરિવાર માટે હંગામી શેલ્ટર ઊભા કર્યાં છે.
- ✓ શહેરમાં આવેલી ૯૦ ટકા હોટેલોને નુકસાન
- ✓ લેબેનોનની રાજધાની : બૈરૂત

## ૪. એમોનિયમ નાઈટ્રેટ શું છે ?



- ✓ એમોનિયમ નાઈટ્રેટ એક ગંધવિહિન કેમિકલ પદાર્થ છે.
- ✓ જેનો ખેતીમાં ફર્ટિલાઈઝર તરીકે અને વિસ્ફોટ કરવા માટે ઉપયોગ થાય છે.
- ✓ કોઈ પહાડીમાં સડક બનાવવાનું કામ ચાલતું હોય તો ખડકને તોડવા માટે એમોનિયમ નાઈટ્રેટનો વિસ્ફોટ કરવામાં આવે છે.
- ✓ એમાં આગ લાગે ત્યારે નાઈટ્રોઝન ઓક્સાઈટ અને એમોનિયા ગેસ પેદા થાય છે.
- ✓ આ કેમિકલ ખૂબ જ જ્વલનશીલ છે. એમાં આગ લાગે તો પળવારમાં ખાક થઈ જાય છે. એ કારણે દુનિયાભરમાં તેના સ્ટોરેજ માટેના આકરા નિયમો છે.
- ✓ તેની સુરક્ષા વ્યવસ્થાનું અતિશય ધ્યાન રાખવામાં આવે છે અને શક્ય હોય ત્યાં સુધી માનવ વસાહતથી દૂર જ તેનું સ્ટોરેજ બનાવવામાં આવે છે.

## ૫. કલમ-૩૭૦ : નાબૂદીનું એક વર્ષ પૂર્ણ

**વર્તમાન સ્થિતિ :**

- ✓ બંધારણની કલમ ૩૭૦ની નાબૂદી કરીને જમ્મુ કાશ્મીરને અપાયેલ વિશેષ દરજ્જો સમાપ્ત કરવાના ઐતિહાસિક ચુકાદાને એક વર્ષ પૂર્ણ થયું છે.
- ✓ વિવિધ કારણોસર એવી લોકધારણા હતી કે કલમ ૩૭૦ની નાબૂદી પછી આ રાજ્યનું ભારતમાં રહેવું અઘરું બની જશે.
- ✓ પરંતુ ગત એક વર્ષનો અનુભવ જણાવે છે કે આ રાજ્યમાં કોઈ મોટી ઉથલપાથલ થઈ નથી કે તે કોઈ આંતરરાષ્ટ્રીય મુદ્દો પણ બન્યો નથી.
- ✓ તેમ છતાં પણ આ ચુકાદાના નફા-નુકસાનના આકલન માટે એક વર્ષનો સમય પૂરતો નથી.

- ✓ પાંચમી ઓગસ્ટે કાળો દિવસ મનાવવા કેટલાંક સંગઠનો દ્વારા જાહેરાત કરવામાં આવી છે.
- ✓ કેન્દ્ર સરકાર દ્વારા ગયા વર્ષે ૫ ઓગસ્ટે જમ્મુ કાશ્મીર પુનઃગઠન અધિનિયમ લાગુ કર્યો હતો.
- ✓ આની સાથે જ કલમ ૩૭૦ અને ૩૫A ને રાજ્યમાંથી હટાવી લેવાઈ હતી.
- ✓ જમ્મુ અને કાશ્મીરને લદાખ અને જમ્મુ કાશ્મીર એમ બે કેન્દ્રશાસિત પ્રદેશમાં વિભાજિત કરાયા હતા.
- ✓ કલમ ૩૭૦ની નાબૂદી ભાજપની એ વિચારધારામાં હતો જેને ભાજપના અસ્તિત્વ સાથે જોડીને જોવામાં આવતી હતી અને પૂર્ણ બહુમતીવાળી સરકારની રચના બાદ કલમ ૩૭૦ને હટાવવાનું શક્ય બન્યું હતું.
- ✓ જમ્મુ કાશ્મીરની બહાર દેશમાં આ અંગે કોઈ વિરોધ નહોતો.

## ૬. નિમણૂક : SEBIના ચેરમેન તરીકે શ્રી અજય ત્યાગીની પુનઃનિમણૂક

**નવો કાર્યકાળ :**

તા.01/09/2020થી તા.28/02/2022 સુધી

- ✓ SEBI : સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા

## ૭. ઈસાયસ વાવાઝોડું (કુદરતી આપત્તિ)

- ✓ USના ઉત્તર કેરાલીના વિસ્તારમાં વાવાઝોડ ત્રાટક્યું
- ✓ પવનની ઝડપ : પ્રતિ કલાક ૧૦૫ કિ.મી.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૫-૦૮-૨૦૨૦)

1. ભગવાન શ્રી રામ મંદિર નિર્માણ ભૂમિ પૂજન કયા સ્થળે કરવામાં આવ્યું - **અયોધ્યા (ઉત્તરપ્રદેશ)**
2. અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિર નિર્માણ ભૂમિ પૂજન કયારે કરવામાં આવ્યું – **૫મી ઓગસ્ટ-૨૦૨૦**
3. અયોધ્યા શહેર કઈ નદીને કિનારે આવેલું છે - **સરયૂ**
4. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિર નિર્માણનું ભૂમિ પૂજન કયા સમયે કરવામાં આવ્યુ - **૧૨:૪૮:૦૮ કલાકે**
5. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કેટલી સેકન્ડના મુહૂર્તમાં શ્રી રામ મંદિર નિર્માણનો સંકલ્પ લઈને પૂજનવિધિ પૂર્ણ કરવામાં આવી - **૩૨**
6. અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિર નિર્માણ ભૂમિ પૂજન વેળાએ વર્ષ-૧૯૮૯માં દુનિયાભરમાંથી અયોધ્યામાં કેટલી ઈંટો આવેલી જે પૈકી કેટલી ઈંટોનો પૂજામાં સમાવેશ કરાયો-**૨.૭૫ લાખ ઈંટોમાંથી ૯ ઈંટો**
7. અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિર નિર્માણ ભૂમિ પૂજનમાં કેટલા પવિત્ર સ્થળો અને કેટલી પવિત્ર નદીઓનાં પાણીનો પૂજન સંકલ્પમાં સમાવેશ કરાયો હતો - **૨૦૦૦થી વધુ તથા ૧૦૦થી વધુ**
8. રામજન્મભૂમિ જનારા દેશના પહેલા વડા પ્રધાનનું નામ જણાવો – **શ્રી નરેન્દ્ર મોદી**
9. તા. ૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ વડાપ્રધાન શ્રી મોદી દ્વારા અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિર નિર્માણનું ભૂમિ પૂજન કરવાની સાથે કેટલી સદીથી ચાલી રહેલા વિવાદનો અંત આવ્યો – **પાંચ**
10. તા. ૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ વડાપ્રધાન શ્રી મોદી દ્વારા અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિર નિર્માણનું ભૂમિ પૂજન કરવાની સાથે કેટલા વર્ષથી ચાલી રહેલા કાયદાકીય વિખવાદનો સુખદ અંત આવ્યો હતો - **૧૩૪**
11. તા. ૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિર નિર્માણ ભૂમિ પૂજન કાર્યક્રમમાં પીએમ મોદી સાથે બીજા કેટલા લોકોએ હાજરી આપી હતી-**૧૬**
12. ઓગસ્ટ-૨૦૨૦માં કયા સ્થળે ૨,૭૫૦ ટન વિસ્ફોટક એમોનિયમ નાઇટ્રેટના પ્રચંડ વિસ્ફોટમાં ૧૦૦થી વધું લોકોના મોત, ૪૦૦૦થી વધુને ઈજા થઈ હતી - **બૈરૂતના બંદરગાહમાં આવેલા વેરહાઉસ**
13. લેબેનોન દેશની રાજધાનીનું નામ જણાવો – **બૈરૂત**
14. લેબેનોન દેશના વર્તમાન વડાપ્રધાનનું નામ જણાવો - **હસન દિયાબ**
15. તાજેતરમાં લેબનોનની રાજધાની બૈરૂતમાં થયેલા વિસ્ફોટના કારણે શહેરને કેટલું નુકસાન થયું હતુ – **૩ થી ૫ બિલિયન અમેરિકન ડોલર**
16. જમ્મુ કાશ્મીરમા બંધારણની કલમ ૩૭૦ કયારે નાબૂદ કરવામાં આવી હતી – **૫મી ઓગસ્ટ-૨૦૨૦**
17. જમ્મુ કાશ્મીરમા બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરવાની સાથે જમ્મુ અને કાશ્મીરને ક્યા બે કેન્દ્રશાસિત પ્રદેશમાં વિભાજિત કરાયા હતા - **લદાખ અને જમ્મુ કાશ્મીર**
18. ઓગસ્ટ-૨૦૨૦માં SEBIના ચેરમેન તરીકે કોની પુનઃનિમણૂક કરવામાં આવી - **શ્રી અજય ત્યાગી**
19. ઓગસ્ટ-૨૦૨૦માં SEBIના ચેરમેન તરીકે પુનઃનિમણૂક મેળવનાર શ્રી અજય ત્યાગીનો નવો કાર્યકાળ જણાવો - **તા. 01/09/2020 થી તા. 28/02/2022 સુધી**

20. SEBIનું વિસ્તૃત નામ જણાવો - **સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા**

21. ભારતીય સંસ્કૃતિમાં સાષ્ટાંગ પ્રણામ કોને કહેવાય છે - **માથુ, હાથ, પગ, હૃદય, આંખ, જાગ, વચન અને મન આ આઠને ભેગા કરી જમીન પર સીધા સુવું**

22. ઓગસ્ટ-૨૦૨૦માં USના ઉત્તર કેરાલીના વિસ્તારમાં કયા વાવાઝોડાએ તબાહી મચાવી હતી - **ઈસાયસ વાવાઝોડું**

23. ઓગસ્ટ-૨૦૨૦માં USના ઉત્તર કેરાલીના વિસ્તારમાં તબાહી મચાવનાર ઈસાયસ વાવાઝોડુંના પવનની ઝડપ જણાવો - **પ્રતિ કલાક ૧૦૫ કિ.મી.**

24. એમોનિયમ નાઈટ્રેટ શું છે - **ગંધવિહિન કેમિકલ પદાર્થ**

25. એમોનિયમ નાઈટ્રેટનો ઉપયોગ જણાવો - **મુખ્યત્વે ખેતીમાં ફર્ટિલાઈઝર તરીકે તથા વિસ્ફોટ કરવા માટે**

DATE : 06-08-2020

१. નિમણૂક : ભારતના નવા CAG તરીકે ગુજરાત કેડરના IAS શ્રી જી.સી. મુર્મુની નિમણૂક

- ✓ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા નિમણૂક
- ✓ નામ : ગિરીશચંદ્ર મુર્મુ
- ✓ CAG : કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા
- ✓ અગાઉ શ્રી મુર્મુ જમ્મુ-કાશ્મીરના પ્રથમ લેફ્ટનન્ટ ગવર્નર હતા

**શ્રી મુર્મુનો પરિચય :**

- ✓ મુર્મુ ૧૯૮૫ની બેચના ગુજરાત કેડરના આઈએએસ ઓફિસર.
- ✓ ગુજરાતમાં પીએમ મોદી જ્યારે મુખ્યપ્રધાન હતા ત્યારે મુર્મુએ રાજ્યના પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે કામગીરી બજાવી હતી.
- ✓ મોદી પીએમ બન્યા પછી તેમણે કેન્દ્રનાં નાણા મંત્રાલયમાં ખર્ચ વિભાગના જોઇન્ટ સેક્રેટરી તરીકે ફરજ બજાવી હતી.

૨. નિમણૂક : જમ્મુ-કાશ્મીરના નવા LG તરીકે શ્રી મનોજ સિંહાની નિમણૂક

- ✓ LG : લેફ્ટનન્ટ ગવર્નર
- ✓ પરિચય: ઉત્તરપ્રદેશના ભાજપના ૬૧ વર્ષીય નેતા અને પૂર્વ કેન્દ્રીય પ્રધાન
- ✓ હાલમાં લોકસભાના સાંસદ તરીકે

3. RBI : દ્વિપક્ષીય આર્થિક સમીક્ષા-૨૦૨૦ (આર્થિક)

**આર્થિક સમીક્ષા એક નજર :**

- ✓ **રેપોરેટ ૪ ટકા, રિવર્સ રેપોરેટ ૩.૩૫ ટકા MSF ૪.૨૫ ટકા સહિતના વ્યાજદર યથાવત રખાયા**
- ✓ જુલાઈ-સપ્ટેમ્બરમાં ફુગાવાનો દર ઊંચો રહેશે, ત્યારબાદ મોંઘવારી ઘટવાની સંભાવના
- ✓ ૨૦૨૦ના પ્રથમ ૬ મહિનામાં વૈશ્વિક આર્થિક પ્રવૃત્તિઓ નાજુક રહી
- ✓ જુલાઈ ૨૦૨૦માં ભારતનો વિદેશી હૂંડિયામણ ભડાર ૫૩૪.૬ અબજ ડોલર
- ✓ પ્રથમ ૬ માસિકમાં ભારતીય અર્થતંત્રનો જીડીપી ગ્રોથરેટ નેગેટિવ ઝોનમાં રહેશે

**એનબીએફસી અને હાઉસિંગ સેક્ટર માટે રૂ. 10,000 કરોડની ફાળવણી**

- ✓ રિઝર્વ બેન્કે કોરોના સંકટને કારણે આર્થિક તંગીનો સામનો કરી રહેલી નોન બેન્કિંગ ફાઇનાન્સ કંપનીઓ અને હાઉસિંગ સેક્ટરમાં લિક્વિડિટી વધારવા સિસ્ટમમાં રૂ. ૧૦,૦૦૦ કરોડ ઠાલવવાની જાહેરાત.
- ✓ આ અંતર્ગત રૂપિયા પાંચ હજાર કરોડ નાબાર્ડ અને રૂપિયા પાંચ હજાર કરોડ નેશનલ હાઉસિંગ બેકને અપાશે.


**ચેક પેમેન્ટની સુરક્ષા માટે પોઝિટિવ પે યોજના**

- ✓ રિઝર્વ બેન્ક દ્વારા પેમેન્ટ કરતા ગ્રાહકોની સુરક્ષા વધારવા માટે પોઝિટિવ પે નામની યોજનાની જાહેરાત કરાઈ છે.
- ✓ આ અતર્ગત રૂપિયા ૫૦,૦૦૦ કે તેનાથી વધુ રકમનો ચેકનો સમાવેશ કરાશે
- ✓ તેના પગલે દેશમાં જારી થતા ૨૦ ટકા ચેક આ યોજના અંતર્ગત આવી જશે. આ યોજનાની માહિતી હવે પછી જાહેર કરાશે.
- ✓ સોનાના ઘરેણાની કિંમતના હવે ૯૦ ટકા લોન
- ✓ અત્યારસુધી કિંમતના ૭૫ ટકા રકમની લોન અપાતી હતી તેમાં ૩૧ માર્ચ-૨૦૨૧ સુધી છૂટછાટ
- ✓ સ્ટાન્ડર્ડ લોન ખાતા ધરાવતી MSMEની રૂ. ૨૫ કરોડ સુધીની લોન રિસ્ટ્રકચર કરવા મંજૂરી

૪. દિન વિશેષ : ૬ ઓગસ્ટ-૧૯૪૫

## જાપાનના હિરોશિમા પર US દ્વારા પરમાણુ બોમ્બથી હુમલાના ૭૫ વર્ષ

- ✓ **જાપાનના હિરોશિમા પર 75 વર્ષ પહેલાં 6 ઓગસ્ટ, 1945ના રોજ અમેરિકાએ પરમાણુ બોમ્બ 'લિટલ બોય' ઝીંક્યો હતો.**



- ✓ તેમાં 1.40 લાખથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હતા.
- ✓ ત્યારે આડઅસરનો સામનો કરી રહેલી પેઢી હવે લુપ્ત થવાની અણીએ છે.
- ✓ જાપાનમાં ફક્ત 1,36,700 જ એવા લોકો છે જે એ વિનાશની સાક્ષી પૂરે છે. આ બધા 80 થી 90 વર્ષના છે.
- ✓ આ તમામ લોકો કોઈ ને કોઈ અસાધ્ય રોગથી પીડિત છે.

## વિશ્વના દેશો પાસે પરમાણુ બોમ્બની સ્થિતિ

- ✓ US-રશિયા ઘટાડી રહ્યા છે, ભારત-ચીનમાં પરમાણુ હથિયાર વધી રહ્યાં છે, દુનિયામાં કુલ 13,400

| દેશ | તહેનાત | અન્ય | 2020માં | 2019માં |
|---|---|---|---|---|
| અમેરિકા | 1750 | 4050 | 5800 | 6185 |
| રશિયા | 1570 | 4805 | 6375 | 6500 |
| યુકે | 120 | 95 | 215 | 200 |
| ફ્રાન્સ | 280 | 10 | 290 | 300 |
| ચીન | - | 320 | 320 | 290 |
| ભારત | - | 150 | 150 | 130-140 |
| પાકિસ્તાન | - | 160 | 160 | 150-160 |
| ઈઝરાયલ | - | 90 | 90 | 80-90 |
| ઉત્તર કોરિયા | - | 30-40 | 30-40 | 20-30 |
| કુલ | 3,720 | 9,680 | 13,400 | 13,865 |

**(સ્ત્રોત : સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનો તાજેતરનો રિપોર્ટ)**

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૬-૦૮-૨૦૨૦)

1. તાજેતરમાં ભારતના નવા CAG તરીકે કોની નિમણૂક કરાઈ - **ગિરીશચંદ્ર મુર્મૂ**
2. નવા CAG ગિરીશચંદ્ર મુર્મૂ કઇ બેંચ અને કેડરના સનદી અધિકારી છે - **1985 અને ગુજરાત**
3. CAGનું વિસ્તૃત નામ જણાવો - **કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઇન્ડિયા**
4. જમ્મુ કાશ્મીરના નવા LGનું નામ જણાવો-**મનોજ સિંહા**
5. રાજકીય ભાષામાં LGનું વિસ્તૃત નામ જણાવો - **લેફ્ટનન્ટ ગવર્નર**
6. તાજેતરમાં ઓગસ્ટ 2020માં RBI દ્વારા યોજાયેલી દ્વિપક્ષીય આર્થિક સમીક્ષામાં RR, RRR અને MSF કેટલો યથાવત રાખવામાં આવ્યો છે - **4%, 3.35% અને 4.25%**
7. તાજેતરમાં ઓગસ્ટ 2020માં RBI દ્વારા યોજાયેલી દ્વિપક્ષીય આર્થિક સમીક્ષા બેઠકમાં NBFC અને હાઉસિંગ સેક્ટર માટે કેટલી રકમ ફાળવવામાં આવી- **રૂ.10,000 કરોડ**
8. તાજેતરમાં ઓગસ્ટ 2020માં RBI દ્વારા યોજાયેલી દ્વિપક્ષીય આર્થિક સમીક્ષા બેઠકમાં સોનાના ઘરેણાં ઉપર કેટલા ટકા સુધી લોન આપવાનો નિણર્ય કરાયો - **90%**
9. અગાઉ સોનાના ઘરેણાં ઉપર કેટલા ટકા બેંક દ્વારા લોન આપવામાં આવતી હતી – **75 %**
10. સ્ટાન્ડર્ડ લોન ખાતા ધરાવતી MSMEની કેટલા રકમ સુધીની લોન રિસ્ટ્રકચર કરવાની મંજૂરી આપવામાં આવી છે – **રૂ.25 કરોડ**
11. RBI દ્વારા તાજેતરમાં ચેક પેમેન્ટની સુરક્ષા માટે કઈ નવી યોજના લોન્ચ કરવામાં આવી છે - **પોઝિટિવ પે યોજના**
12. RBI દ્વારા તાજેતરમાં ચેક પેમેન્ટની સુરક્ષા માટે લોન્ચ કરવામાં આવેલી "પોઝિટિવ પે યોજના" હેઠળ કેટલી રકમથી વધુ રકમના ચેકનો સમાવેશ થાય છે – **રૂ. 50,000/-થી વધુ**
13. જાપાનના હિરોશિમામાં દુ:ખદ પરમાણુ હુમલાના કેટલા વર્ષે પૂર્ણ થયા- **75 વર્ષે**
14. જાપાનના હિરોશિમામાં દુ:ખદ પરમાણુ હુમલા ક્યારે થયો હતો - **06.08.1945**
15. જાપાનના હિરોશિમામાં દુ:ખદ પરમાણુ હુમલા કયા દેશ દ્વારા અને બોમ્બનું નામ જણાવો - **અમેરિકા અને લિટલ બોય**

16. વિશ્વમાં વિવિધ દેશો પાસે કેટલા પરમાણુ બોમ્બ હોવાની માહિતી કઈ સંસ્થા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવે છે - **સ્ટૉકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ**

17. સ્ટૉકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનો અહેવાલ મુજબ ઓગસ્ટ 2020ની સ્થિતિએ વિશ્વમાં સૌથી વધુ પરમાણુ બોમ્બ કયા દેશ પાસે છે–રશિયા (6375)

18. સ્ટૉકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનો અહેવાલ મુજબ ઓગસ્ટ 2020ની સ્થિતિએ ભારત પાસે કેટલા પરમાણુ બોમ્બ છે - 130-140

**DATE : 07-08-2020**

૧. ગુજરાત સરકાર : મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વવાળી ગુજરાત સરકારના સફળતાપૂર્વક ૪ વર્ષ પૂર્ણ અને ૫માં વર્ષમાં પ્રવેશ : તા.૭ ઓગસ્ટ-૨૦૨૦ (સુશાસન)

**ગુજરાતની ઉત્તમથી સર્વોતમ તરફની આગેકૂચ : ૧૪૬૦ દિવસમાં ૧૫૦૦થી વધુ જનહિતના નિર્ણય**

**મહત્વના નિર્ણયો :**

✓ ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમને તેની મહત્તમ ઊંચાઈ સુધી પહોંચાડાયો અને પાણીથી સંપૂર્ણ ભરાયો.

✓ જ્ઞાતિ-જાતિના વિગ્રહો કરાવનાર પરિબળોને ડામીને ગુજરાતમાં ચાર વર્ષથી સામાજિક સૌહાર્દ, બધા સમાજને પ્રગતિમાં પૂરતો ન્યાય, કોઈની ઉપેક્ષા નહીં અને સૌ સમાજનો સહિયારો વિકાસ "સબ સમાજકો લીયે સાથ મે આગે હી બઢતે જાના હે"ની ન્યાયપૂર્ણ નીતિ.

✓ વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું નિર્માણ અને કેવડિયા ખાતે વર્લ્ડ કલાસ ટૂરિઝમ. ગત વર્ષે તાજમહેલ કરતા વધારે પ્રવાસીઓએ સ્ટેચ્યૂ ઓફ યુનિટી જોવા આવ્યા.

✓ સુજલામ સુફલામ જળ સંગ્રહ અભિયાન થકી જનભાગીદારી દ્વારા ૪૨,૦૦૦ લાખ ઘનફૂટ વધારાના પાણીનો સંગ્રહ કરાયો.

✓ સૌરાષ્ટ્રમાં દુષ્કાળ બન્યો ભૂતકાળ, સૌની યોજનાનો ઝડપી અમલ, સૌની યોજનાથી સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમ નર્મદાના પાણીથી ભરાયા.

✓ રૂ.૫૩૦૦ કરોડની બહુહેતુક ભાડભૂત યોજનાનાં ફળસ્વરૂપે નર્મદાના નીરમાં ખારું પાણી આવતું અટકશે અને જમીન ધોવાણની સમસ્યા પર અંકુશ લાગશે, ઉપરવાસમાં ૫૯૯ મિલિયન ઘનફૂટ વરસાદી પાણીનો સંગ્રહ થશે અને ૧૭ ગામોને પૂરની અસરથી બચાવાશે.

✓ કોઈપણ સમાજનો મેરિટ ધરાવતો છાત્ર ઉચ્ચ શિક્ષાથી વંચિત ના રહે તે માટે **મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રૂ.૧૦૦૦ કરોડની** ફાળવણી, બે લાખ યુવાનોના સપના થયા સાકાર.

✓ છેલ્લા ચાર વર્ષમાં ૧ લાખ યુવાનોને મળી સરકારી નોકરી અને ૪૦૦૦ ભરતી મેળા દ્વારા ૧૦ લાખથી વધુ યુવાનોને નોકરી આપવામાં આવી.

**શિક્ષણમાં આમૂલ પરિવર્તન :**

✓ ગામડાઓમાં આધુનિક શિક્ષણ મળી રહે તે માટે ૧૫,૦૦૦ ડિજિટલ કલાસરૂમનું નિર્માણ અને કોલેજના ૮ લાખ વિદ્યાર્થીઓને ટેબલેટનું વિતરણ, છેલ્લા ૪ વર્ષમાં ૭ નવી મેડિકલ કોલેજ અને ૧૯૭૦ નવી મેડિકલ બેઠકો ઉમેરાઈ.

**પહેલા પ્રોફકશન પછી પરમિશનની નવતર નીતિ**

✓ આ નીતિથી લઘુ ઉદ્યોગોને મળ્યું પ્રોત્સાહન અને રોજગારીના સર્જનમાં થયો વધારો.

**દિનકર યોજના**

✓ ખેડૂતોને રાત્રે ખેતરમાં ઉજાગરા ન કરવા પડે અને દિવસે વીજળી મળતી રહે તે માટે દિનકર યોજના

✓ છેલ્લા ચાર વર્ષમાં ટેકાના ભાવે રૂ.૧૫,૯૦૦ કરોડથી વધુના મૂલ્યોના ખેત પેદાશની લાખો ખેડૂતો પાસેથી ખરીદી કરાઈ

✓ ભ્રષ્ટાચારને નાથવા માટે કાયદામાં વ્યાપક ફેરફારો અને ACB ને CBI જેવી સત્તાઓ, ટેકનોલોજીથી સજ્જ બનાવાઈ.

✓ અનુસૂચિત જાતીને સાંથણીની ૨૬૦ એકરથી વધુ જમીનની સોંપણી કરીને ન્યાય અને અધિકાર આપવામાં આવ્યો.

✓ આદિવાસી બંધુઓ માટે "પેસા એક્ટ"નો અમલ અને જંગલ ખેડે એની જમીનની રીતે લાખો આદિવાસીઓને જમીનના માલિક બનાવ્યાં.

✓ બનાસકાઠાંનું પૂર હોય, ૯૬ તાલુકામાં અછતની સ્થિતિ હોય, વાયુ વાવાઝોડું હોય, માવઠાનો માર હોય કે પછી

કોરોનાની મહામારી, દરેક વખતે ગુજરાત સરકાર પ્રજાની પડખે ઉભી રહી છે.

- ✓ ઐતિહાસિક રીતે શહેરોની પ્રગતિને વેગ આપવા ૪૦૦થી વધુ ટાઉન પ્લાનિંગ (TP- DP) સ્કીમોની પારદર્શક અને ઝડપી મંજૂરી
- ✓ રિન્યુએબલ એનર્જીમાં થયા ઐતિહાસિક કામો, દેશના કુલ સોલાર રૂફટોપમાંથી ૬૪ ટકા એકલા ગુજરાતમાં, સોલાર અને વિન્ડપાર્ક દ્વારા 30,000 MW વીજળી ઉત્પાદનનો સંકલ્પ.
- ✓ જીવદયા માટે કરુણા અભિયાનની નવી પહેલ, ૪૬૦ હરતાં ફરતાં પશુ દવાખાના, પાંજરાપોળ અને ગૌ-શાળાઓને વિશેષ સહાયતાઓ.
- ✓ RTO તેમજ મહેસૂલ વિભાગની NA (બિનખેતી) સહિતની મોટાભાગની કામગીરી ઓનલાઈન કરાઈ જેથી ભ્રષ્ટાચાર પર અંકુશ લાગ્યો.
- ✓ CM ડેશબોર્ડ દ્વારા રાજયના દરેક વિભાગની કામગીરી પર મુખ્યમંત્રીની સીધી નજર, વહિવટ-વિકાસના કામો ઉપર ૩૪૦૦ ઈન્ડિકેટર્સ દ્વારા પળે પળ નજર.

**કોરોનોની મહામારીમાં ગુજરાત સરકારની ઉત્કૃષ્ઠ કામગીરી**

- ✓ IIMના સર્વે મુજબ કોરોના કાળમાં રાજયના ૮૦% નાગરિકો CMના નેતૃત્વથી ખુશ
- ✓ કોરોનાની મહામારીમાં અમદાવાદમાં ૧૨૦૦ બેડની અને સુરતમાં ૧૦૦૦ બેડની હોસ્પિટલનું માત્ર ૧૦ દિવસના જ રેકોર્ડ સમયમાં નિર્માણ કરાયું.
- ✓ રાજ્યમાં કોરોના દર્દીઓનો રિકવરી રેટ ૭૪ ટકા એ પહોંચાડ્યો તેમજ મૃત્યુદરમાં પણ નોંધપાત્ર ઘટાડો નોંધાયો.
- ✓ ૨૦ લાખ શ્રમિકોને માનભેર અને ઝડપી તેમના વતન પહોંચાડયા.
- ✓ લોકડાઉન દરમિયાન રાજ્ય સરકાર દ્વારા APL અને BPL પરિવારોને ૩૬૯૫ કરોડના મુલ્યનું અનાજ નિઃશુલ્ક વિતરણ કરાયું.
- ✓ નાના દુકાનદારો અને પરંપરાગત વ્યવસાયિકોને પુનઃ પગભર કરવા રૂ. ૧૪૦૦૦ કરોડનું આત્મનિર્ભર ગુજરાત પેકેજ

## ૨. ભાડભૂત બેરેજ યોજના : CMના હસ્તે બાંધકામનો ઈ-શુભારંભ (જળ વ્યવસ્થાપન)

**યોજનાનો હેતુ :**

- ✓ નર્મદા નદીમાંથી હજારો ક્યૂસેક પાણી દરિયામાંથી વહી જતુ અટકાવવા માટે કુલ રૂ. ૫૩૦૦ કરોડની ભાડભૂત યોજના
- ✓ સ્થળ : ગામ-સમની, તા.જિ. ભરૂચ
- ✓ તા. ૦૭-૦૮-૨૦૨૦

**ભાડભૂત બેરેજ યોજનાના લાભો :**

- ✓ ૨૧૦૦૦ મિલિયન ઘન ફૂટ મીઠા પાણીનો સંગ્રહ
- ✓ છ માર્ગીય પુલ થવાથી દહેજ-હાંસોટ- સુરત વચ્ચેના માર્ગ અંતરમાં આશરે ૧૮ કિ.મી.નો ઘટાડો થશે.
- ✓ નર્મદા નદીમાં, બેરેજથી શુક્લતીર્થ સુધીના વિસ્તારમાં ખારાશની સમસ્યાનો હલ તેમજ ભૂગર્ભજળની ગુણવત્તામાં સુધારો
- ✓ ૨૦ કિ.મી. લાંબો પૂર સંરક્ષણ પાળો બનવાથી આ વિસ્તારમાં નર્મદા નદીના બંને કાંઠાની ખેતીલાયક જમીનોની ધોવાણની સમસ્યાનો અંત તથા ૧૭ ગામોને પૂરની સામે રક્ષણ
- ✓ ખેતી, પીવા તથા ઔદ્યોગિક વપરાશ માટેના પાણીની કાયમી સમસ્યાઓનું નિરાકરણ
- ✓ બેરેજની લંબાઇ ૧૬૪૮ મીટર, ૯૦ દરવાજા, બેરેજ પર ૬-માર્ગીય પુલ
- ✓ વિભાગ : કલ્પસર

## ૩. ભારતીય રેલવે : ભારતની પ્રથમ કિસાન રેલવેનો પ્રારંભ (પરિવહન)




- ✓ રૂટ:દેવાલી-દાનપુર કિસાન રેલ (મહારાષ્ટ્ર)
- ✓ હેતુ: ખેતર-બજાર અને ગ્રાહકો વચ્ચે અવિરત જોડાણ માટે

**ટ્રેનની મુખ્ય વિશેષતા :**

- ✓ સૌપ્રથમ મલ્ટી-કોમોડિટી ટ્રેન, જે દાડમ, કેળા, દ્રાક્ષ જેવા ફળો અને કેપ્સીકમ, ફુલાવર, સરગવો, કોબીજ, ડુંગળી, મરચાં જેવા શાકભાજી લઈ જશે.
- ✓ આ ટ્રેન ઓછા સમયમાં બગડી જાય તેવી વસ્તુઓને દૂરના સ્થળો પર લઈ જવાની નાના ખેડૂતો અને નાના વેપારીઓની જરૂરિયાતો પૂરી કરશે.
- ✓ રસ્તામાં આવતા બધા જ રોકાણ સ્ટેશનો પર ઓછા સમયમાં બગડી જાય તેવી કોમોડિટીના લોડિંગ અને અનલોડિંગની મંજૂરી અપાશે.

- ✓ શરૂઆતમાં આ ટ્રેન સેવા સપ્તાહમાં એક દિવસ ચાલશે. જોકે, ગ્રાહકોના અનુભવના આધારે તેમાં વધુ સુધારા કરવામાં આવી શકે છે.
- ✓ કિસાન સ્પેશિયલ પાર્સલ એક્સપ્રેસ ટ્રેન નાસિક રોડ, મનમાડ, જલગાંવ, ભુસાવળ, બુરહાનપુર, ખાંડવા, ઈટારસી, જબલપુર, સતના, કતનિ, માણિકપુર, પ્રયાગરાજ, છીવકી, પં.દીનદયાળ ઉપાધ્યાય જંકશન અને બક્સરમાં રોકાણ કરશે.
- ✓ <u>સંચાલન : સેન્ટ્રલ રેલવે</u>

<u>૪. ગુજરાત સરકાર : નવી ઉદ્યોગ નીતિ-૨૦૨૦ જાહેર (ઉદ્યોગ)</u>

- ✓ સમયગાળો : ૫ વર્ષ




**<u>(૧) નવી ઉદ્યોગનીતિ એટ-એ ગ્લાન્સ :</u>**

- ✓ થ્રસ્ટ સેક્ટરનું બે જૂથમાં વિભાજન-કોર સેક્ટર અને સનરાઈઝ સેક્ટર
- ✓ **<u>૧. કોર સેક્ટર</u>**માં ઇલેક્ટ્રિકલ અને ઇન્ડસ્ટ્રિયલ મશીનરી, ઓટોમોટિવ, સિરામિક્સ, ટેક્સ્ટાઈલ, ફાર્મા, એગ્રોફૂડ, કેમિકલ્સ વગેરે.
- ✓ **<u>૨. સનરાઈઝ સેક્ટરમાં</u>** ઇલેક્ટ્રિક વાહનો, વેસ્ટમેનેજમેન્ટ પ્રોજેક્ટ, ઇકો ફ્રેન્ડલી મટીરિયલ્સ, સોલર વિન્ડ ઇક્વિપમેન્ટ વગેરે.
- ✓ મોટા ઉદ્યોગોને એસજીએસટીના લાભો રદ કરી તાલુકાની કેટેગરી મુજબ રોકાણ સામે <u>૪થી ૧૨% રોકડ સબસિડી, જેમાં પછાત તાલુકામાં વધુ અને વિકસિત તાલુકામાં ઓછી સબસિડી.</u>
- ✓ <u>આ કેશ સબસિડી મહત્તમ રૂ. ૪૦ કરોડની મર્યાદામાં ૧૦ વર્ષ સુધી અપાશે.</u>
- ✓ નવા ઉદ્યોગોને <u>૫ વર્ષ સુધી ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી માફી</u> યથાવત્.
- ✓ <u>ઉદ્યોગોને જમીન લીઝથી ૫૦ વર્ષ માટે આપવા સરકાર સહાય કરશે</u>, એટલે કે જમીન ભાડે અપાશે અને <u>જમીનની બજાર કિંમતના ૬% સુધી ભાડુ વસૂલાશે</u>. આ જમીન બેન્કની લોનમાં મોર્ગેજ માટે મૂકી શકાશે.
- ✓ સ્ટાર્ટ અપ્સમાં મહિલાઓ, વિકલાંગો, એસસી-એસટીને ૧ ટકો વધુ વ્યાજ સબસિડી અપાશે.

<u>(૨) MSME સેક્ટર :</u>

1. <u>ધિરાણની રકમના ૨૫% સુધી, મહત્તમ રૂ. ૩૫ લાખ સુધી કેપિટલ સબસિડી</u>, <u>મધ્યમ કદના ઉદ્યોગોમાં ૧૦ કરોડથી વધુ રોકાણ હશે તો વધારાની રૂ. ૧૦ લાખની સહાય</u>.
2. <u>સેવાક્ષેત્રના એમએસએમઈ જેવા કે નાણાકીય, આરોગ્યલક્ષી, એન્જિનિયરિંગ, પર્યાવરણીયમાં ૭ % સુધી વ્યાજ સબસિડિ</u>
3. <u>વિદેશી ટેક્નોલોજી-પેટન્ટ એક્વાયર કરવાના કિસ્સામાં કુલ ખર્ચના ૬૫% સુધી મહત્તમ રૂ. ૫૦ લાખની સહાય અપાશે.</u>

**<u>(3) પછાત તાલુકામાં MSMEને ૧૦ વર્ષ વિશેષ ઈન્સેન્ટિવ બેનિફિટ મળતા રહેશે</u>**

- ✓ નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ના અમલ પછી પછાત તાલુકાઓમાં MSME એકમોને ૨૫ જૂલાઈ ૨૦૧૬ના ઠરાવથી મળી રહેલા લાભો યથાવત્ રહેશે.
- ✓ ચાર વર્ષ પહેલા ગુજરાતના ૨૫૧ તાલુકાઓને ત્રણ કેટેગરીમાં વિભાજિત કરીને ઉદ્યોગ વિભાગે નવા મૂડી રોકાણ તેમજ હયાત એકમોના વિસ્તરણને તબક્કે ૧૦ વર્ષ માટે ઈન્સેન્ટિવ બેનિફિટ જાહેર કર્યા હતા.
- ✓ નવી પોલિસીમાં રાજ્યમાં સંતુલિત વિકાસને પ્રોત્સાહન આપવા MSME અને મોટા ઉદ્યોગોને જે તે તાલુકામાં ઔદ્યોગિક વિકાસના આધારે ઈન્સ્ટેન્ટિવ જાહેર કર્યો.
- ✓ અગાઉની પોલિસીમાં જૂલાઈ ૨૦૧૬માં જાહેર ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સ્કિમ હેઠળ ૧૨૭ તાલુકામાં વેટ ઉપરાંત નેટવેટમાં ૧૦ ટકા, ૮૩ તાલુકામાં ૨૦ ટકા અને ૪૧ તાલુકામાં 30 ટકા એમ ત્રણ કેટેગરીમાં ૧૦ વર્ષ સુધી લાભો અપાયા હતા.
- ✓ જે પ્રોજેક્ટ પાઈપલાઈનમાં છે તેના ઈન્સેન્ટિવ બેનિફિટ ચાલુ રહેશે.

**<u>(૪) દેશમાં કુલ પ્રસ્તાવિત મૂડીરોકાણમાં 51% હિસ્સો ગુજરાત, કુલ 49 અબજ ડોલરનું ઇન્વેસ્ટમેન્ટ :</u>**

- ✓ 49 અબજ ડૉલરના પ્રસ્તાવિત મૂડીરોકાણ સાથે ગુજરાતમાં દેશના કુલ મૂડી રોકાણનું 51 ટકા રોકાણ નોંધાયું છે.

✓ વર્ષ-2019માં દેશમાં પ્રસ્તાવિત મૂડી રોકાણમાં 49 ટકાનો વધારો થયો જ્યારે ગુજરાતમાં તે 333 ટકાનો વધારો થયો.

**(૫) ગુજરાતમાં સૌથી ઓછો 3.4 ટકા બેરોજગારી દર :**

✓ રાજ્યમાં બેરોજગારીનો દર 3.4 ટકા સાથે દેશના મોટા રાજ્યોમાં સૌથી ઓછો છે.

✓ ગુજરાત પછી કર્ણાટકમાં 5.3 ટકા બેકારી દર છે.

✓ મહારાષ્ટ્રમાં 6.6 ટકા, તમિલનાડુમાં 7.2 ટકા અને આંધ્ર પ્રદેશમાં 7.8 ટકા બેરોજગારી દર છે.

✓ ઉદ્યોગ અગ્રસચિવ : મનોજ દાસ

## ૫. નિર્ણય : ગુજરાત સરકાર (વહીવટ)

**કોરોનામાં મૃત્યુ પામનારા સરકારી કર્મચારીના પરિવાર માટે અગત્યની ત્રણ જાહેરાત**

(૧) આવાસ

✓ પ્રધાનમંત્રી આવાસ, મુખ્યમંત્રી આવાસ સહિત હાઉસિંગના મકાનોમાં મૃતક કોરોના વોરિયર્સના પરિવારના સદસ્યને લકી ડ્રો કર્યા વિના મકાન ફાળવાશે.

**(૨) આરોગ્ય સહાય**

✓ મૃતક કોરોના વોરિયર્સના પરિવારના સદસ્યને આરોગ્ય સેવા મફત મળી રહે તેના માટે રૂપિયા 3 લાખની સહાય કરાશે. જેમાં મા અમૃત્તમ યોજના સહિત પ્રધાનમંત્રી જન ઔષધિ યોજના હેઠળ ગંભીર બિમારીની સારવાર થશે.

**(3) અભ્યાસ સહાય**

✓ સરકારી કર્મચારી કોરોનાની કામગીરીને કારણે સંક્રમણના ભોગ થઈને મૃત્યુ પામ્યા છે તેમના બાળકોને અભ્યાસ માટે મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના હેઠળ ખાનગી કે સરકારી કોલેજના ડિપ્લોમા સહિત અન્ય કોર્ષયો તેમજ સરકારી ભરતી કરવા માટે ૫૦ ટકા રાહત અપાશે.

✓ જેના માટે તે પરિવારની વ્યક્તિની કેટેગરીમાં અમુક નિયમોની ખરાઈ કરવાની રહેશે.

✓ મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાને યોજાયેલા "મોકળા મને" સંવાદમાં નિર્ણય કરાયો

## ૬. શ્રીલંકા : સામાન્ય ચૂંટણીઓમાં

**શ્રીલંકા પીપલ્સ પાર્ટી (SLPP)નો વિજય (વૈશ્વિક રાજકારણ)**

✓ કુલ બેઠક : ૨૨૫

✓ SLPP: કુલ-૧૪૫ બેઠક પર વિજેતા

✓ વર્તમાન વડાપ્રધાન : મહિંદા રાજપક્ષે

✓ પક્ષ : SLPP રાજધાની : કોલંબો

## ૭. વિમાન અકસ્માત : કેરળના કોઝિકોડના કરિપુરી ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર એર ઈન્ડિયાની એક્સપ્રેસ ફ્લાઈટ AXB1344ને અકસ્માત

✓ **કારણ:** વધુ વરસાદને કારણે વિમાન રનવે પરથી લપસી પડતાં બે ટૂકડા થયા


✓ રૂટ : દુબઈથી કોઝિકોડ

✓ ખાસ : વંદેમાતરમ મિશન હેઠળ દુબઈમાં ફસાયેલા ૧૯૦ લોકોને લઈને ભારત આવ્યું હતું.

✓ ટેબલટોપ – રનવે – કરિપુર એરપોર્ટ – કોઝિકોડ

**ટેબલટોપ રનવે એટલે શું :**

✓ કોઝિકોડના કરિપુરનું એરપોર્ટ પર્વતીય વિસ્તારમાં છે. તેનો રનવે ટેબલ ટોપ છે, એટલે કે, એક ચોક્કસ અંતર પછી રનવેના આગળના ભાગમાં ઊંડી ખીણ છે.




✓ આવા સ્થળે પાઈલટ પાસે વિમાન રોકવા માટે ઘણી ઓછી જગ્યા હોય છે.

✓ એવું કહેવાય છે કે, ભારે વરસાદના કારણે લેન્ડિંગ કરતા સમયે વિમાન રનવે પર આગળ નીકળીને ખીણમાં પડી ગયું.

## ૮. શ્રીરામ નિર્માણ જન્મભૂમિ પૂજન-અયોધ્યા

✓ ભારતીય પોસ્ટ વિભાગના ઉપક્રમે વડાપ્રધાન શ્રી મોદી દ્વારા આ પ્રસંગે રામમંદિર આધારિત રૂ. ૫ની પોસ્ટ ટિકિટ લોન્ચ કરાઈ

## ૯. જન્મ દિન વિશેષ : 7 ઓગસ્ટ

**આવ ગિરા ગુર્જરી : ભોળાભાઈ પટેલ**

જન્મ – 7 ઓગસ્ટ 1934 અવસાન – 20 મે 2012

✓ ભોળાભાઈ શંકરભાઈ પટેલ નિબંધકાર, વિવેચક, સામયિક સંપાદક, અનુવાદક.

- ✓ જન્મ/વતન - સોજા (જિ.મહેસાણા, હાલમાં ગાંધીનગર).
- ✓ ૧૯૫૨માં એસ.એસ.સી.
- ✓ ૧૯૫૭માં બનારસ હિંદુ યુનિવર્સિટીમાંથી બી.એ.
- ✓ ૧૯૬૦માં હિંદી-સંસ્કૃત વિષયોમાં પુન: એમ.એ.
- ✓ ૧૯૭૦માં અંગ્રેજી-ભાષાવિજ્ઞાન વિષયોમાં એમ.એ.
- ✓ ૧૯૭૮માં હિંદીમાં 'અજ્ઞેય: એક અધ્યયન' વિષય પર પી.એચ.ડી.
- ✓ ૧૯૬૦થી ૧૯૬૯ સુધી સરદાર વલ્લભભાઈ આર્ટસ કૉલેજ, અમદાવાદમાં અધ્યાપક.
- ✓ ૧૯૬૯થી ગુજરાત યુનિવર્સિટીના ભાષા સાહિત્ય ભવનમાં હિંદીના વ્યાખ્યાતા અને ૧૯૮૦થી રીડર. પછીથી હિંદી વિભાગના અધ્યક્ષ. ૧૯૯૪માં નિવૃત્ત.
- ✓ ૧૯૮૩-૮૪માં વિશ્વભારતી, શાંતિનિકેતનમાં તુલનાત્મક ભારતીય સાહિત્યના વિઝિટિંગ ફેલો.
- ✓ ૨૫ વર્ષો સુધી 'પરબ'ના તંત્રી.
- ✓ ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી.
- ✓ પ્રવાસ નિબંધોના લલિત નિરૂપણમાં એમણે પોતાની આગવી મુદ્રા ઉપસાવી છે. એમાં સ્થળકાળના સંવેદનોએ અંગત સંવેદનાઓની અર્થચ્છાયાઓ સુપેરે ઝીલી.
- ✓ અંગ્રેજી, જર્મન, હિંદી, મરાઠી, બંગાળી, ઓડિયા, અસમિયા વગેરે ભાષાસાહિત્યનો એમનો અભ્યાસ એમના વિવેચનને તુલનામૂલક તેમ જ આસ્વાદ્ય બનાવે છે.
- ✓ આસ્વાદલક્ષી વિવેચન એમનો વિશેષ છે

**સાહિત્ય સર્જન :**

- ✓ એમના પ્રથમ પુસ્તક 'સુરદાસની કવિતા' (૧૯૭૨) પછી 'અધુના' (૧૯૭૩), 'ભારતીય ટૂંકીવાર્તા' (૧૯૭૩), 'પૂર્વાપર' (૧૯૭૬), 'કાલપુરુષ' (૧૯૭૯), 'આધુનિકતા અને ગુજરાતી કવિતા' (૧૯૮૭) 'સાહિત્યિક પરંપરાનો વિસ્તાર' (૧૯૯૬), 'મળી માતૃભાષા મને ગુજરાતી' (૧૯૯૭), 'આવ ગિરા ગુજરાતી' (૨૦૦૩) વગેરે વિવેચનગ્રંથો પ્રગટ થયા છે.

**સન્માન-એવોર્ડ્સ**

- ✓ ગુજરાત સાહિત્યસભા દ્વારા રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૯૫)
- ✓ હિન્દી સાહિત્યસેવી સન્માન, ગાંધીનગર ૨૦૦૦;
- ✓ શ્રી સ્વામી સચ્ચિદાનંદ સન્માન, ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૦૦૫;
- ✓ સાહિત્ય ગૌરવ પુરસ્કાર ૨૦૦૫
- ✓ ભારત સરકાર તરફથી 'પદ્મશ્રી' ૨૦૦૮
- ✓ સાહિત્ય અકાદેમી દિલ્હી તરફથી તેનું સર્વોચ્ચ સન્માન 'મહત્તર સદસ્યતા' 'Fellowship'થી ૨૦૧૦માં બહુમાન કરવામાં આવ્યું છે.
- ✓ અનંતરાય રાવળ વિવેચન એવોર્ડ, ૧૯૯૬;
- ✓ 'ભારતીય ઉપન્યાસ પરંપરા ઔર ગ્રામ કેન્દ્રી ઉપન્યાસ', હિન્દી ગ્રંથને રાષ્ટ્રીય પુરસ્કાર,
- ✓ કેન્દ્રીય હિન્દી નિદેશાલય, દિલ્હી ૨૦૦૨-૨૦૦૩;
- ✓ સારસ્વત ગૌરવ એવોર્ડ અમદાવાદ, ૨૦૦૩.
- ✓ મનુભાઈ પંચોળી દર્શક ફાઉન્ડેશનનો સાહિત્ય એવોર્ડ ૨૦૦૭ વગેરે એવોર્ડ અર્પણ કરવામાં આવ્યા છે.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૭-૦૮-૨૦૨૦)</u>

1. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી ગુજરાત સરકાર તાજેતરમાં કઈ તારીખે સફળતા પૂર્વક 4 વર્ષ પૂર્ણ કર્યા - <u>07.08.2020</u>
2. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી ગુજરાત સરકારના તાજેતરમાં સફળતાપૂર્વક શાસનકાળના 1460 દિવસમાં કેટલા જનહીતના નિણર્ય કર્યા - <u>1500</u>
3. તાજેતરમાં ભરૂચ અને અંકલેશ્વર માટે મીઠા પાણીની કઈ યોજનાના કાર્યનો મુખ્યમંત્રી શ્રીના હસ્તે ઈ-પ્રારંભ કરાયો - **<u>ભાડભૂત બેરેજ યોજના</u>**
4. નર્મદા નદીમાંથી દરિયામાં વહી જતું હજારો ક્યુસેક પાણી અટકાવવા માટે તૈયાર થનાર સૌથી મોટી યોજનાનું નામ જણાવો - **<u>ભાડભૂત બેરેજ યોજના</u>**
5. ભાડભૂત બેરેજ યોજના કાર્યાન્વિત થવાથી કેટલા ઘન ફૂટ મીઠા પાણીનો સંગ્રહ થશે - <u>21,000 મિલિયન ઘન ફૂટ</u>
6. ભાડભૂત બેરેજ યોજનાનું કુલ કદ જણાવો - <u>રૂ. 5300 કરોડ</u>
7. ભાડભૂત બેરેજ યોજનાની લંબાઈ જણાવો - <u>1648 મિટર</u>
8. ભાડભૂત બેરેજ યોજના કયા તાલુકામાં તૈયાર થઇ રહી છે - **<u>ભરૂચ</u>**
9. તાજેતરમાં કયા રૂટ ઉપર ભારતની પ્રથમ "કિસાન રેલવે"નો પ્રારંભ કરાયો -<u>દેવાલીથી દાનપુર(મહારાષ્ટ્ર)</u>
10. સેન્ટ્રલ રેલવે દ્વારા ખેતર-બજાર અને ગ્રાહકોના જોડાણ માટે સૌપ્રથમ કઈ મલ્ટી-કોમોડિટી ટ્રેનની શરૂઆત કરવામાં આવી - <u>કિસાન રેલવે</u>
11. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020નો સમયગાળો જણાવો – <u>5 વર્ષ</u>

12. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020માં થ્રસ્ટ સેકટરને કયા બે જૂથમાં વિભાજન કરવામાં આવ્યું છે - **કોર સેકટર અને સનરાઈઝ સેકટર**
13. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020 મુજબ મોટા ઉદ્યોગોને GSTના લાભો રદ કરીને તાલુકા કેટેગરી મુજબ રોકાણ સામે કેટલા ટકા રોકડ સબસિડી અપાશે - **4 થી 12%**
14. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020 મુજબ મોટા ઉદ્યોગોને GSTના લાભો રદ કરીને તાલુકા કેટેગરી મુજબ રોકાણ સામે 4 થી 12% રોકડ સબસિડી અપાશે જેમાં મહત્તમ કેશ સબસિડી કેટલી કેટલા વર્ષે માટે અપાશે - **રૂ.40 કરોડ અને 10 વર્ષે**
15. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020 મુજબ નવા ઉદ્યોગોને કેટલા વર્ષે માટે ઈલેક્ટ્રિસિટી ડ્યુટી માફી યથાવત રખાઈ - **5 વર્ષે**
16. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020 મુજબ કેટલા વર્ષે માટે ઉદ્યોગોને જમીન લીઝ ઉપર આપવામાં સરકાર સહાય કરશે - **50 વર્ષે**
17. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020 મુજબ સ્ટાર્ટ અપમાં મહિલા, દિવ્યાંગ અને SC -STને કેટલા ટકા વધુ વ્યાજ સબસિડી અપાશે- **1 %**
18. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020 મુજબ MSME સેકટરને ધિરાણની રકમના કેટલા ટકા એટલે મહત્તમ કેટલી કેપિટલ સબસિડી અપાશે- **25% અને રૂ.35 લાખ**
19. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020 મુજબ મધ્યમ કદના ઉદ્યોગોમાં રૂ.10 કરોડથી વધુનું રોકાણ હશે તો વધારાની કેટલી સહાય અપાશે - **રૂ. 10 લાખ**
20. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020 મુજબ સેવાક્ષેત્રેના કયા કયા MSME માટે 7% સુધી વ્યાજ સબસિડી અપાશે - **નાણાકીય, આરોગ્યલક્ષી, એન્જિનિયરિંગ, અને પર્યાવરણીય**
21. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલી નવી ઉદ્યોગ નીતિ-2020 મુજબ પછાત તાલુકામાં MSMEને કેટલા વર્ષે સુધી ખાસ ઈન્સેન્ટિવ બેનિફિટ મળતા રહેશે - **10 વર્ષે**
22. દેશના કુલ પ્રસ્તાવિત મૂડીરોકાણમાં ગુજરાતનો હિસ્સો કેટલા ટકા છે - **51 %**
23. ગુજરાત દેશમાં સૌથી ઓછો કેટલા ટકા બેરોજગારીનો દર ધરાવે છે - **3.4%**
24. ગુજરાતમાં ફરજ બજાવતા બજાવતા કોરોના વાયરસથી મૃત્યુ પામેલા સરકારી કર્મચારીઓના પરિવારજનો માટે મુખ્યમંત્રીશ્રીએ કયા ત્રણ લાભ આપવાની તાજેતરમાં જાહેરાત કરી – **૧. પ્રધાનમંત્રી-મુખ્યમંત્રી આવાસના મકાનોમાં મૃતક કોરોના વોરિયર્સના પરિવારના સદસ્યને લકી ડ્રો કર્યા વિના મકાન ફાળવાશે ૨. મૃતક કોરોના વોરિયર્સના પરિવારના સદસ્યને આરોગ્ય સેવા મફત મળી રહે તેના માટે રૂપિયા ૩ લાખની સહાય કરાશે. અને ૩. મૃતક સરકારી કોરોના વોરિયર્સના બાળકોને અભ્યાસ માટે મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના હેઠળ ખાનગી કે સરકારી કોલેજના ડિપ્લોમા સહિત અન્ય કોર્ષ તેમજ સરકારી ભરતી કરવા માટે ૫૦ ટકા રાહત અપાશે.**
25. તાજેતરમાં તા.07 ઓગસ્ટે મુખ્યમંત્રીશ્રી સાથે "મોકળા મને" સંવાદ કાર્યક્રમ કયાં યોજાયો - **મુખ્ય મંત્રીશ્રી નિવાસ સ્થાન, ગાંધીનગર**
26. ઓગસ્ટ-૨૦૨૦માં પડોશી દેશ શ્રીલંકામાં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં કયા પક્ષને સ્પષ્ટ બહુમતી મળી - **SLPP (૧૪૫ બેઠક)**
27. શ્રીલંકન રાજકીય પક્ષ SLPPનું વિસ્તૃત નામ જણાવો - **શ્રીલંકા પીપલ્સ પાર્ટી**
28. શ્રીલકાના વર્તમાન વડાપ્રધાનનું નામ જણાવો - **મહિંદા રાજપક્ષે**
29. શ્રીલંકાની રાજધાની જણાવો - **કોલંબો**
30. ઓગસ્ટ-૨૦૨૦માં કેરળના કયા એરપોર્ટ ઉપર એર ઈન્ડિયાની એક્સપ્રેસ ફ્લાઈટ AXB1344ને અકસ્માત નડયો - **કોઝિકોડના કરિપુરી ઈન્ટરનેશનલ**
31. ઓગસ્ટ-૨૦૨૦માં કેરળના કોઝિકોડના કરિપુરી ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર એર ઈન્ડિયાની એક્સપ્રેસ ફ્લાઈટ AXB1344ને અકસ્માત નડયો તેનો રૂટ જણાવો - **દુબઈથી કોઝિકોડ**
32. ઓગસ્ટ-૨૦૨૦માં કેરળના કોઝિકોડના કરિપુરી ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર એર ઈન્ડિયાની એક્સપ્રેસ ફ્લાઈટ AXB1344ને અકસ્માત નડયો તેમાં કોણ મુસાફરી કરતાં હતા - **વંદેમાતરમ મિશન હેઠળ દુબઈમાં ફસાયેલા ૧૯૦ મુસાફરો**

33. ચોક્કસ અંતર પછી આગળના ભાગમાં ઊંડી ખીણ હોય તેવા રનવેના ક્યા નામથી ઓળખવામાં આવે છે - **ટેબલટોપ રનવે**
34. તાજેતર ઓગસ્ટ-૨૦૨૦માં અયોધ્યામાં શ્રીરામ નિર્માણ જન્મભૂમિ પૂજન વેળાએ ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા કેટલા રૂપિયાની પોસ્ટ ટિકિટ લોન્ચ કરાઈ હતી – **રૂ.૫**
35. તાજેતર ઓગસ્ટ-૨૦૨૦માં અયોધ્યામાં શ્રીરામ નિર્માણ જન્મભૂમિ પૂજન વેળાએ ભારતીય પોસ્ટ વિભાગના ઉપક્રમે કોના દ્વારા રામમંદિર આધારિત રૂ. ૫ની પોસ્ટ ટિકિટ લોન્ચ કરાઈ હતી – **વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી**
36. ગુજરાતી સાહિત્યકાર ભોળાભાઈ પટેલનો જન્મ દિવસ જણાવો - **7 ઓગસ્ટ 1934**
37. ગુજરાતી સાહિત્યકાર ભોળાભાઈ પટેલનું જન્મ સ્થળ/વતન જણાવો - **સોજા (જિ.મહેસાણા, હાલમાં ગાંધીનગર)**
38. ગુજરાતી સાહિત્યકાર ભોળાભાઈ પટેલે કયા વર્ષે અને કયા વિષય પર પી.એચ.ડી.ની પદવી મેળવી હતી – **વર્ષ-૧૯૭૮ તથા 'અજ્ઞેય: એક અધ્યયન' વિષય**
39. ગુજરાતી સાહિત્યકાર ભોળાભાઈ પટેલે કેટલા વર્ષો સુધી 'પરબ'ના તંત્રી તરીકે સેવા આપી - **૨૫**
40. ગુજરાતી સાહિત્ય સામયિક પરબ કોના દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે – **ગુજરાતી સાહિત્ય પરિષદ**
41. ગુજરાતી સાહિત્યકાર ભોળાભાઈ પટેલના પ્રથમ પુસ્તકનું નામ જણાવો - **'સુરદાસની કવિતા' (૧૯૭૨)**
42. વર્ષ-૧૯૯૭માં લખાયેલું પુસ્તક 'મળી માતૃભાષા મને ગુજરાતી'ના લેખકનું નામ જણાવો – **ભોળાભાઈ પટેલ**
43. વર્ષ-૨૦૦૩ લખાયેલું પુસ્તક 'આવ ગિરા ગુજરાતી'ના લેખકનું નામ જણાવો – **ભોળાભાઈ પટેલ**
44. સાહિત્યકાર ભોળાભાઈ પટેલને ક્યા વર્ષે ગુજરાત સાહિત્યસભા દ્વારા રણજિતરામ સુવર્ણચંદ્રકથી સન્માનિત કરાયા હતા – **વર્ષ-૧૯૯૫**
45. સાહિત્યકાર ભોળાભાઈ પટેલને ક્યા વર્ષે હિન્દી સાહિત્યસેવી સન્માન મળ્યુ હતુ – **વર્ષ-૨૦૦૦**
46. શ્રી સ્વામી સચ્ચિદાનંદ સન્માન કોના દ્વારા આપવામાં આવે છે - **ગુજરાતી સાહિત્ય પરિષદ**
47. ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ક્યા વર્ષે ભોળાભાઈ પટેલને શ્રી સ્વામી સચ્ચિદાનંદ સન્માન આપવામાં આવ્યું હતુ – **વર્ષ-૨૦૦૫**
48. ભોળાભાઈ પટેલને સાહિત્ય ગૌરવ પુરસ્કાર કયા વર્ષે મળ્યો હતો – **વર્ષ-૨૦૦૫**
49. ભારત સરકાર તરફથી વર્ષ-૨૦૦૮માં ભોળાભાઈ પટેલનું કયા એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતુ - **'પદ્મશ્રી'**
50. ગુજરાતી સાહિત્યકાર ભોળાભાઈ પટેલને કયા વર્ષે અનંતરાય રાવળ વિવેચન એવોર્ડ પ્રાપ્ત થયો હતો – **વર્ષ-૧૯૯૬**
51. વર્ષ-૨૦૦૭નો મનુભાઈ પંચોળી દર્શક ફાઉન્ડેશનનો સાહિત્ય એવોર્ડ કોને આપવામાં આવ્યો હતો - **ગુજરાતી સાહિત્યકાર ભોળાભાઈ પટેલ**

**DATE : 08-08-2020**

## ૧. નિમણૂક : UPSCના અધ્યક્ષ તરીકે પ્રો. પ્રદીપકુમાર જોશીની નિમણૂક

**શિક્ષણવિદ પ્રોફેસર પ્રદીપકુમાર જોશીની યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી)ના અધ્યક્ષ તરીકે નિમણૂક.**



- ✓ કાર્યકાળ : 4 એપ્રિલ, 2022 સુધી

**કુલ-૪ મુખ્ય સેવાઓ :**

- ✓ ભારતીય વહીવટી સેવા - IAS
- ✓ ભારતીય પોલીસ સેવા - IPS
- ✓ ભારતીય વિદેશી સેવા – IFS
- ✓ ભારતીય ફોરેસ્ટ સેવા - IFS
- ✓ **UPSC : યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (દિલ્હી)**

## ૨. ISR : અમદાવાદ શહેર માટે "એડવાન્સ અર્લી અર્થક્વેક વોર્નિંગ સિસ્ટમ" વિકસાવાઈ (કુદરતી આપત્તિ)

- ✓ હેતુ : માત્ર ૪૦ સેકેન્ડ પહેલાં SMSથી ભૂકંપની ચેતવણી મળશે.
- ✓ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચ (ISR), ભૂકંપ ત્રાટકે તેની ૪૦ સેકન્ડ પહેલાં લોકોને તેમના મોબાઇલ પર SMS મારફતે એલર્ટ-સાવધ કરીને ઘર કે ઓફિસના બિલ્ડિંગમાંથી બહાર નીકળવા માટેની તક પૂરી પાડશે.
- ✓ ગાંધીનગરમાં ISR એડવાન્સ અર્લી અર્થક્વેક વાર્નિંગ (EEW) સિસ્ટમ પર કામ કરી રહી છે અને તેનો હેતુ નાગરિકોને તેમના મોબાઇલ પર ૪૦ સેકન્ડ પહેલાં ભૂકંપ

વિશે આગોતરી જાણ કરીને તેમની કીમતી જિંદગી અને ગેસ, વીજળીની લાઈન જેવી મહત્વના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું રક્ષણ કરવાનો છે

**આ સિસ્ટમ કેવી રીતે કામ કરશે**

- ✓ જ્યારે ભૂકંપ આવે ત્યારે P-વેવ, વિનાશક જી-વેવ અને સરફેસ વેવ એમ ત્રણ વિવિધ કંપન- વેવ મોકલે છે.
- ✓ P- વેવ, શરૂઆતમાં સિસ્મોમીટર દ્વારા શોધી કાઢવામાં આવે છે અને તે સૌથી ઝડપથી આવે છે.
- ✓ સેન્સર્સ P- વેવ શોધીને તત્કાળ તે ડેટા ચોવીસે કલાક કાર્યરત મોનિટરિંગ સિસ્ટમ પર ટ્રાન્સમિટ થાય છે અને ત્યાં અલ્ગોરિધમ લોકેશન અને ભૂકંપની તીવ્રતા નક્કી કરે છે.
- ✓ S- વેવ, સંભવિત નુકસાન વિશે માહિતી આપે છે.
- ✓ S- વેવ P- વેવને અનુસરે છે.
- ✓ મોનિટરિંગ સેન્ટરમાંથી તત્કાળ તમારા મોબાઇલ અથવા ડેસ્કટોપ પર ભૂકંપની ચેવતણી ટ્રાન્સમિટ કરે છે.
- ✓ **સંસ્થા:** ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ-ISR, રાયસણ-ગાંધીનગર

**3.રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર (સ્વસ્થ ભારત)**

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશના પ્રથમ ‘રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર’નું ઉદઘાટન કરાયું**




- ✓ સ્થાન : રાજઘાટ, નવી દિલ્હી
- ✓ અંગ્રેજો ભારત છોડો આંદોલનની ૭૮મી વર્ષગાંઠ નિમિતે PM મોદી દ્વારા ‘ગંદકી ભારત છોડો’ નારો

**રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર વિશે**

- ✓ રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર મહાત્મા ગાંધીને સમર્પિત કરાયું.
- ✓ પીએમ મોદીએ ૧૦ એપ્રિલ ૨૦૧૭ના રોજ રાષ્ટ્રીય સ્વચ્છતા મિશનની જાહેરાત કરી.
- ✓ આ કેન્દ્રના સભાગારમાં ભાવી પેઢીઓને સ્વચ્છ ભારત મિશનની સફળ યાત્રાનો પરિચય કરાવવામાં આવે છે.
- ✓ આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ સ્વચ્છ ભારત મિશન પરની એક ટૂંકી ફિલ્મ પણ જોઈ હતી તથા ૩૬૦ ડિગ્રી વિઝયુઅલ ઓડિયો-વિઝયુઅલ શો પણ નિહાળ્યો.
- ✓ રાજઘાટ – મહાત્મા ગાંધીની સમાધિ

**૪. ભારતના નવા CAG તરીકે શ્રી જી.સી.મૂર્મુના રાષ્ટ્રપતિ ભવન ખાતે શપથ**



- ✓ કાર્યકાળ : ૨૦ નવેમ્બર-૨૦૨૪ સુધી

**૫. દિન વિશેષ : 7 ઓગસ્ટ**

**‘નેશનલ હેન્ડલૂમ ડે’**

- ✓ PM દ્વારા #vocal4handmade અભિયાન
- ✓ **હેતુ:** આત્મનિર્ભર ભારતના મંત્રને ચરિતાર્થ કરવા.
- ✓ ઈતિહાસ : ભારતમાં ૭ ઓગસ્ટ-૧૯૦૫માં કોલકત્તા ખાતેથી અંગ્રેજો સામે “સ્વદેશી ચળવળ”નો પ્રારંભ થયો હતો.
- ✓ **‘નેશનલ હેન્ડલૂમ ડે’ ઉજવવાનો સૌપ્રથમ પ્રારંભ :** વર્ષ-૨૦૧૫થી
- ✓ **સ્થાન :** ચેન્નઈ (તામિલનાડુ)

**૬. દિન વિશેષ : 8 ઓગસ્ટ**

**1942 અંગ્રેજો ભારત છોડો આંદોલનનો પ્રારંભ**

- ✓ સ્થાન : મુંબઈ
- ✓ ૭૮મી વર્ષગાંઠ : ૮ ઓગસ્ટ-૨૦૨૦

**સમગ્ર ઐતિહાસિક ઘટના :**

- ✓ ભારતની આઝાદીના સંગ્રામનો ઇતિહાસ વિશ્વ ફલક પર એક સીમાચિહ્ન છે અને એમાં ‘અંગ્રેજો ભારત છોડો’ એ આખરી એલાન સ્વાતંત્ર્ય સંગ્રામનું ચરમબિંદુ હતું.
- ✓ ૮ ઓગસ્ટ ૧૯૪૨ એટલે આઝાદી પ્રાપ્ત કરવાનો સર્વમાન્ય પ્રજાકીય જંગ.
- ✓ ગાંધીજી પ્રેરિત ‘કરેંગે યા મરેંગે’ Do or Dieનો રાષ્ટ્રવ્યાપી આઝાદી માટેનો જનસંકલ્પ.
- ✓ ૧૯૪૨ની ૮મી ઓગસ્ટે મુંબઈમાં અખિલ ભારતીય કોંગ્રેસનું અધિવેશન મળ્યું હતું.
- ✓ ગાંધીજીના પ્રભાવશાળી પ્રવચન પછી પં. જવાહરલાલ નહેરુએ ‘અંગ્રેજો ભારત છોડો’નો ઠરાવ રજૂ કર્યો હતો. તેને સરદાર પટેલે સમર્થન આપ્યું હતું.
- ✓ ગાંધીજીએ સમાપન સંદેશામાં કહ્યું હતું. ”આ મંત્ર તમારા હૈયામાં કડારી લો. સહુના શ્વાસ શ્વાસમાં એ મંત્ર રણકવો જોઈએ. ‘કરો યા મરો’ આપણે કાં તો આ સંઘર્ષમાં સ્વતંત્ર થઈશું યા મોતને ભેટીશું.”

- ✓ ગાંધીજીએ જંગે એલાનના આખરી શબ્દોમાં રણટંકાર કરતા કહ્યું હતું. "અંગ્રેજો તમે ભારત છોડો. ગમે તેને સત્તા સોંપીને ચાલી જાઓ... હું તો કહું છું કે અરે ચોર ડાકુને સોંપીને જાઓને ? અમે પછી આપસ આપસનું જોઈ લઈશું. પણ હિન્દીને સત્તા સોંપો. તમે અંગ્રેજો હટ જાવ. નહીં તો પછી તમારી સાથે લડયે જ છૂટકો છે."

૭. જન્મ દિન વિશેષ : 8 ઓગસ્ટ

ગુજરાતી નાટકના પ્રણેતા : રણછોડરામ ઉદયરામ દવે

જન્મ – 8 ઓગસ્ટ 1837 અવસાન – 9 એપ્રિલ-1923

- ✓ હિંદ છોડો આંદોલનનો આજના દિવસે 1942ના વર્ષે ઠરાવ થયો હતો અને ક્રિકેટર દિલીપ સરદેસાઈ, સ્વતંત્રતા સેનાની જ્યોત્સ્નાબેન શુક્લ, કેળવણીકાર અમૃતલાલ યાજ્ઞિક, હવેલી સંગીતના ખ્યાતનામ ગાયક વિઠ્ઠલદાસ બાપોદરા, ભીષ્મ સહાની, જિનેટિક્સ વિદ્યાના સ્થાપક વિલિયમ બેટ્સન અને ગુજરાતી નાટકના પ્રણેતા રણછોડરામ દવેનો જન્મદિન.
- ✓ ખેડાના મહુધા ગામે જન્મેલા રણછોડરામ મહુધા,નડિયાદ અને અમદાવાદમાં ભણ્યા હતા
- ✓ 1884માં તેઓને કચ્છ તરફથી હજુર આસિસ્ટન્ટ અને પછી પ્રધાનનું માનભર્યું પદ મળ્યું હતું.
- ✓ વ્યવસાયી પ્રવૃત્તિની સાથે તેઓ નાટ્યલેખક તરીકે પ્રસ્થાપિત થયા હતા.
- ✓ ગુજરાતી નાટકને અશુદ્ધિઓ અને અશ્લીલતામાંથી બહાર કાઢવાનું શ્રેય રણછોડરામને જાય છે.
- ✓ જયકુમારી વિજયનાટક, લલિતા દુઃખ દર્શક નાટક, તારામતી સ્વયંવર, હરિશ્ચંદ્ર, નળ દમયંતી નાટક, વંઠેલ વિરહાના કુંડા કૃત્યો, રણ પિંગળ, નાટ્ય પ્રકાશ વગેરે તેમની નાટક, નિબંધ અને પિંગળને લગતી કૃતિઓ છે.
- ✓ ફોર્બ્સ કૃત રાસમાળા, માલવિકાગ્નિમિત્ર, વિક્રમોવર્શિયમના અનુવાદ માટે પણ તેઓ જાણીતા છે.
- ✓ 1912માં રણછોડરામ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ બન્યાં હતાં.
- ✓ નાટ્યકારનું 9 એપ્રિલ 1923ના રોજ અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૮-૦૮-૨૦૨૦)

1. તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં 40 સેકન્ડ અગાઉ SMS દ્વારા ભૂકંપની માહિતી આપતી સિસ્ટમ વિકસાવાની જાહેરાત કરાઈ છે - **અમદાવાદ**
2. અમદાવાદમાં અગાઉથી ભૂકંપની માહિતી કઈ નવી સિસ્ટમ અમલી બનાવાશે - **"એડવાન્સ અર્લી અર્થક્વેક વૉર્નિંગ સિસ્ટમ"**
3. અમદાવાદમાં કઈ સંસ્થા દ્વારા "એડવાન્સ અર્લી અર્થક્વેક વૉર્નિંગ સિસ્ટમ"તૈયાર કરાશે - **ISR**
4. ISRનું વિસ્તૃત નામ જણાવો - **ઈન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલોજીકલ રિસર્ચ**
5. ISR સંસ્થા કયાં આવેલી છે - **રાયસણ,ગાંધીનગર**
6. તાજેતરમાં UPSCના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે - **પ્રો.પ્રદીપકુમાર જોશી**
7. તાજેતરમાં નિમણૂક પામેલા UPSCના નવા અધ્યક્ષ પ્રો.પ્રદીપકુમાર જોશીનો કાર્યકાળ જણાવો - **4 એપ્રિલ 2022**
8. UPSC અંતર્ગત મુખ્ય ચાર સેવાઓના નામ જણાવો- **ભારતીય વહીવટી સેવા(IAS), ભારતીય પોલીસ સેવા(IPS), ભારતીય વિદેશી સેવા(IFS), ભારતીય ફોરેસ્ટ સેવા(IFS)**
9. UPSCનું વિસ્તૃત નામ જણાવો - **યુનિયન પબ્લિક સર્વિસ કમિશન**
10. તાજેતરમાં PM નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ભારતના પ્રથમ "રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર"નું ઉદ્ઘાટન કયારે કરવામાં આવ્યું - **8 ઓગસ્ટ 2020**
11. તાજેતરમાં PM નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ભારતના પ્રથમ "રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર"નું ઉદ્ઘાટન કયાં કરવામાં આવ્યું - **રાજઘાટ**
12. "અંગ્રેજો ભારત છોડો આંદોલન"ની 78 વર્ષગાંઠ નિમિત્તે PM નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વચ્છતા માટે કયો નવો નારો અપાયો - **"ગંદકી ભારત છોડો"**
13. ભારતના નવા CAG જી.સી. મૂર્મુનો કાર્યકાળ જણાવો - **20 નવેમ્બર 2024**
14. ભારતમાં "નેશનલ હેન્ડલૂમ ડે" કયારે ઉજવવામાં આવે છે - **7 ઓગસ્ટ**
15. ભારતમાં "નેશનલ હેન્ડલૂમ ડે" કયારથી ઉજવવામાં આવે છે - **7 ઓગસ્ટ 2015**
16. ભારતમાં સૌ પ્રથમ "નેશનલ હેન્ડલૂમ ડે" કયાંથી ઉજવવામાં આવ્યો હતો - **ચેન્નાઈ**

17. ભારતમાં "નેશનલ હેન્ડલૂમ ડે" કઇ ઐતિહાસિક ઘટનાની યાદમાં ઉજવવામાં આવે છે - 7 ઓગસ્ટ 1905 અંગ્રેજો સામે"સ્વદેશી ચળવળ"(કોલકત્તા)

18. "અંગ્રેજો ભારત છોડો આંદોલન"નો પ્રારંભ ભારતમાં ક્યારે થયો હતો - 8 ઓગસ્ટ 1942

19. "અંગ્રેજો ભારત છોડો આંદોલન"નો પ્રારંભ ભારતમાં ક્યાંથી થયો હતો - મુંબઈ

20. 'નેશનલ હેન્ડલૂમ ડે'-૨૦૨૦ના દિવસે વડાપ્રધાન શ્રી મોદી દ્વારા ટ્વિટર પર કયુ અભિયાન ચલાવાયું હતુ - #vocal4handmade

21. ગુજરાતી નાટકના પ્રણેતા તરીકે કોણ ઓળખાય છે - રણછોડરામ ઉદયરામ દવે

22. ગુજરાતી નાટકના પ્રણેતા રણછોડરામ ઉદયરામ દવેનો જન્મ દિવસ જણાવો - 08 ઓગસ્ટ 1837

**DATE : 09-08-2020**

૧. નિર્ણય : ભારતીય સંરક્ષણ મંત્રાલય : સંરક્ષણ મંત્રાલય દ્વારા આત્મનિર્ભર ભારત અંતર્ગત ૧૦૧ શસ્ત્ર અને સરંજામની આયાત પર પ્રતિબંધ (સંરક્ષણ)




- ✓ હેતુ: સંરક્ષણ સેકટરમાં આત્મનિર્ભરતા માટે MIIને વધુ વેગ આપવા અને ભારતને આત્મનિર્ભર બનાવવાનું લક્ષ્ય
- ✓ આ પ્રતિબંધ દ્વારા ઘરેલુ સંરક્ષણ ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનો લક્ષ્યાંક છે.
- ✓ પ્રતિબંધનો સમયગાળો : ડિસેમ્બર-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૫
- ✓ સશસ્ત્રદળોની જરૂરિયાતો સાથે સમાધાન કર્યા વિના સમયાંતરે આ યાદીમાં વધારો અથવા તો સુધારો થતો રહેશે.

**હકારાત્મક અસરો :**

- ✓ સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર થવા માટે આ મોટું પગલું છે.
- ✓ આ નિર્ણયને પગલે ભારતની સંરક્ષણ કંપનીઓને નેગેટિવ લિસ્ટમાં સામેલ સંરક્ષણ ઉત્પાદનોનું પોતાની ડિઝાઇનનો ઉપયોગ કરીને ઉત્પાદન કરવા, પોતાની ક્ષમતાઓ વિકસાવવા અને ડીઆરડીઓ દ્વારા ડિઝાઇન કરાયેલી ટેક્નોલોજી અપનાવવાની મોટી તક ઉપલબ્ધ થશે.
- ✓ આર્મી, નેવી, એરફોર્સ, ડીઆરડીઓ, ડિફેન્સ સેક્ટરની જાહેરક્ષેત્રની કંપનીઓ, ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ અને ખાનગી કંપનીઓ સાથે ચર્ચાના સંખ્યાબંધ રાઉન્ડ પછી નેગેટિવ લિસ્ટ તૈયાર કરાયું છે.

**રોકાણ :** આ વસ્તુઓની આયાત પર પ્રતિબંધ તાત્કાલિક મૂકવાને બદલે ધીમે ધીમે 2020થી 2025 વચ્ચે લાગુ કરવાની યોજના છે.

- ✓ સેના-વાયુ સેના માટે આશરે 1,30,000 કરોડ રૂપિયા અને નેવી માટે 1,40,000 કરોડ રૂપિયાની વસ્તુઓ તૈયાર કરાશે.
- ✓ 2020-21માં ઘરેલુ સંરક્ષણ ઉદ્યોગ માટે રૂ.52 હજાર કરોડનું અલગ બજેટ પણ રખાશે.

**પ્રતિબંધિત મુખ્ય સંરક્ષણ સાધનો-સામગ્રી આયાતની યાદી :**

મુખ્ય ઉત્પાદન : લડાકૂ હેલિકોપ્ટરથી લઈને હોવિત્ઝર તોપ પર રોક

- ✓ જેમાં 7.62 X 51 સ્નાઈપર રાઈફલ, આર્ટિલરી ગન, શોર્ટ રેન્જ જમીનથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ, 155 એમએમ/39 કોલ અલ્ટ્રા હાઈ હોવિત્ઝર તોપ, બુલેટપ્રૂફ જેકેટ, બેલેસ્ટિક હેલમેટ, મિસાઈલ ડિસ્ટ્રોયર, મલ્ટીપર્પઝ વેસલ્સ, વોટર જેટ ફાસ્ટક અટેક એરક્રાફ્ટ, એન્ટી સબમરીન રોકેટ, શિપ બોર્ન મીડિયમ રેન્જ ગન, રોકેટ લોન્ચર, ઈન્ટિગ્રેટેડ શિપ્સ બ્રિજ સિસ્ટમ, લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર, ટ્રાન્સપોર્ટર એરક્રાફ્ટ, જીસેટ-6 સેટેલાઈટ ટર્મિનલ, લો લેવલ ટ્રાન્સપોર્ટેબલ રડાર, પેરાશૂટ ટેક્ટિકલ અસૉલ્ટ, વ્હિલ આર્મ્ડ ફાઈટિંગ વ્હિકલ, લાઈટ મશીન ગન વગેરે સામેલ છે.

**આત્મનિર્ભર લક્ષ્યાંકો :**

- ✓ 15 વર્ષમાં 50% લક્ષ્ય પૂરું થયું, આયાતમાં ટોચના ક્રમે
- ✓ સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના રિપોર્ટ અનુસાર 2005માં ભારતે તેની જરૂરિયાત મુજબના હથિયારોનો 70 ટકા હિસ્સો દેશમાં તૈયાર કરવાનું લક્ષ્ય રાખ્યું હતું.
- ✓ હાલ તે આશરે 35 ટકા સુધી પહોંચી શક્યું છે એટલે કે લક્ષ્ય 50 ટકા પ્રાપ્ત કરી શકાયું છે. 2010થી 2014 દરમિયાન વિશ્વ હથિયાર આયાતમાં ભારતનો હિસ્સો 15

ટકા હતો. તેની સાથે જ ભારત હથિયાર આયાત મામલે ટોચના ક્રમે હતો.

- ✓ ચીન વિશ્વનો ત્રીજો સૌથી મોટો હથિયાર નિર્યાતક દેશ છે.
- ✓ દુનિયાભરમાં સૈન્ય ખર્ચમાં દર વર્ષે 1.2%નો વધારો થઈ રહ્યો છે.
- ✓ તેમાં અમેરિકા એકલો 43% હિસ્સા સાથે સૌથી આગળ છે.
- ✓ ચીન 7% સાથે બીજા ક્રમે છે.
- ✓ તેના પછી બ્રિટન, ફ્રાન્સ અને રશિયા આશરે 4%ની આજુબાજુ છે.
- ✓ સંરક્ષણ મંત્રી : રાજનાથસિંહ

## ૨. એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ-૨૦૧૯ (કૃષિ)

**વડાપ્રધાન શ્રી મોદી દ્વારા રૂ. ૧ લાખ કરોડના એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડનો પ્રારંભ**

- ✓ કાર્યકાળ : વર્ષ-૨૦૧૯થી ૧૦ વર્ષ
- ✓ નવું એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ ૨૦૨૯ એટલે કે ૧૦ વર્ષ સુધી અમલમાં રહેશે.
- ✓ આ ફંડ દ્વારા પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને કોમ્યુનિટી ફાર્મિંગ એસેટ્સ જેવા પ્રોજેક્ટમાં રોકાણ કરાશે.
- ✓ તેમાં વ્યાજમાં સબસિડી અને આર્થિક સહાય પણ પૂરી પાડવામાં આવશે.
- ✓ આ ફંડ અંતર્ગત પ્રાથમિક કૃષિ ક્રેડિટ સોસાયટીઓ, ખેડૂત સંગઠનો, કૃષિ ઉત્પાદન સંગઠનો, કૃષિ ઉદ્યોગ સાહસિકો, સ્ટાર્ટ અપ, એગ્રિ-ટેક કંપનીઓને લોન અપાશે.
- ✓ આ માટે વિવિધ નાણાં ધિરાણસંસ્થાઓ સાથે ભાગીદારી કરીને રૂપિયા એક લાખ કરોડનું ફંડ મંજૂર કરાશે. આ માટે જાહેર ક્ષેત્રની ૧૨માંથી ૧૧ સરકારી બેન્કોએ કેન્દ્રીય કૃષિ મંત્રાલય સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે.
- ✓ એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ ઓનલાઇન મેનેજમેન્ટ ઇનફર્મેશન સિસ્ટમ પ્લેટફોર્મ દ્વારા સંચાલિત રહેશે. લોન માટે આ પ્લેટફોર્મ પર અરજી કરવાની રહેશે.

**નવું એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ વિશે :**

- ✓ ૩ ટકાની વ્યાજ સબસિડી અને રૂપિયા બે કરોડ સુધીની ક્રેડિટ ગેરંટી
- ✓ વર્તમાન વર્ષમાં રૂપિયા ૧૦,૦૦૦ કરોડને મંજૂરી સાથે ચાર વર્ષ સુધી લોન અપાશે
- ✓ તે પછીના ૩ નાણાકીય વર્ષમાં દર વર્ષે રૂપિયા ૩૦,૦૦૦ કરોડની ફાળવણી
- ✓ લોનની પુનઃચુકવણી માટે મોરાટોરિયમ લઘુતમ ૬ મહિનાથી મહત્તમ બે વર્ષ રહેશે
- ✓ રૂપિયા બે કરોડ સુધીની લોન માટે સીજીટીએસએમએસઇ અંતર્ગત ક્રેડિટ ગેરંટી કવરેજ
- ✓ આ ક્રેડિટ ગેરંટી કવરેજ માટેની ફીની ચુકવણી સરકાર દ્વારા કરાશે

**કઈ કઈ લોન આપવામાં આવશે :**

- ✓ કોલ્ડ સ્ટોર અને કોલ્ડ સ્ટોરેજ ચેઇન
- ✓ વેર હાઉસિંગ સિલોસ એસેયિંગ
- ✓ ગ્રેડિંગ અને પેકેજિંગ યુનિટ
- ✓ ઇ- માર્કેટિંગ પોઇન્ટ
- ✓ ઇ-ટ્રેડિંગ પ્લેટફોર્મ
- ✓ રાઇપનિંગ ચેમ્બર્સ – ક્રોપ એગ્રિગેશન માટે પીપીપી પ્રોજેક્ટ

**PM કિસાન સમ્માન નિધિ યોજના-૨૦૧૮ :**

- ✓ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ અંતર્ગત ૮.૫૫ કરોડ ખેડૂત લાભાર્થીઓ માટે રૂપિયા ૧૭,૧૦૦ કરોડનો છઠ્ઠો હપ્તો જારી કર્યો હતો.
- ✓ આ સાથે ૮.૫૫ કરોડ ખેડૂતોનાં બેન્ક ખાતાંમાં રૂપિયા બે-બે હજાર જમા થયા હતા.
- ✓ વર્ષ-૨૦૧૮માં શરૂ કરાયેલી પીએમ-કિસાન સ્કીમમાં સરકાર દ્વારા દર વર્ષે ૧૪ કરોડ ખેડૂતોના બેન્ક ખાતાંમાં ૩ હપતામાં રૂપિયા ૬૦૦૦ની આર્થિક સહાય જમા કરાવવામાં આવે છે.
- ✓ આ રકમ ખેડૂતોનાં બેન્ક ખાતાંમાં સીધી જમા થતી હોય છે.
- ✓ કેન્દ્રીય કૃષિ મંત્રી – શ્રી નરેન્દ્રસિંહ તોમર

## ૩. 'પ્રોજેક્ટ ચિતા' (સંરક્ષણ)

**ભારતીય સંરક્ષણ મંત્રાલય દ્વારા ઇઝરાયલ પાસેથી હેરોન ડ્રોનની ખરીદી માટે પ્રોજેક્ટ 'ચિતા'નો પ્રારંભ**

**પ્રોજેક્ટ વિશે :**

- ✓ અંદાજે કુલ ખર્ચ : રૂ. ૩૫૦૦ કરોડ
- ✓ ભારતીય સૈન્ય તેની લાંબા સમયથી પેન્ડિંગ ઈઝરાયેલના હેરોન ડ્રોનને અપગ્રેડ કરવાની યોજનામાં આગળ વધે તેવી સંભાવના.
- ✓ ઈઝરાયેલના આ ડ્રોનને લેઝર બોમ્બ અને એનટી ટેન્ક મિસાઈલ જેવી ક્ષમતાઓથી સજ્જ કરાશે.

- ✓ ઈઝરાયેલના આ ડ્રોનનો ઉપયોગ હાલ ભારતના ત્રણેય સૈન્ય કરી રહ્યા છે આર્મીએ ચીનને જવાબ આપવા માટે 'પ્રોજેક્ટ ચિતા'નામથી ફરીથી ઇઝરાયેલના ડ્રોનની ખરીદીનો પ્રોજેક્ટ શરૂ કર્યો છે.
- ✓ આ પ્રોજેક્ટ લાંબા સમયથી પેન્ડિંગ છે અને તેના પર અંદાજે રૂ.3,૫૦૦ કરોડથી વધુનો ખર્ચ થવાની સંભાવના છે.
- ✓ આ પ્રોજેક્ટ હેઠળ આર્મી, નેવી અને એરફોર્સ ત્રણે સૈન્યના ૯૦ હેરોન ડ્રોનને લેસર ગાઈડેડ બોમ્બ, હવાથી જમીનમાં અને હવામાં પ્રહાર કરી શકતી ટેન્ક મિસાઈલોથી સજ્જ કરી અપગ્રેડ કરાશે.

૪. વૈશ્વિક રાજકારણ : વડા પ્રધાન તરીકે મહીંદા રાજપકશેના ચોથી વખત શપથ (નિમણૂક)



- ✓ પક્ષ : શ્રીલંકા પીપલ્સ પાર્ટી (SSLP)
- ✓ SSLP એ ચીન સમર્થક પાર્ટી
- ✓ રાજધાની : કોલંબો

૫. ભારત છોડો આંદોલનની વર્ષગાંઠ નિમિતે સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન

- ✓ દર વર્ષે 9 ઓગસ્ટે રાષ્ટ્રપતિ ભવન ખાતે 'એટ હોમ' કાર્યક્રમ : દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન કોરોનાને કારણે કાર્યક્રમ રદ્દ
- ✓ ગુજરાતના આઠ સ્વતંત્રતા સેનાનીનું કલેકટરશ્રી દ્વારા તેમના ઘરે જઈ સન્માન કરાશે

૬. દિન વિશેષ : 9 ઓગસ્ટ

આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ/ વિશ્વ મૂળ નિવાસી દિવસ

**આદિજાતિ સમાજના વિકાસ માટે ગુજરાત સરકારે કરેલા મહત્વના નિર્ણયો :**

**વનબંધુ કલ્યાણ યોજના :**

- ✓ આદિજાતિ વિકાસ માટે કુલ રૂ.૧,૦૦,૯૫૬ કરોડની ફાળવણી

પેસા એક્ટની જોગવાઈઓનો સઘન અમલ:

- ✓ આદિજાતિ સમાજને જંગલની જળ-જમીન અને ગૌણ વનપેદાશોના એકત્રીકરણના ગૌણ ખનીજ અધિકારો આપી આર્થિક સશક્તિકરણની પહેલ
- ✓ ગુણવત્તાસભર શિક્ષણ માટે ૧૯ નવી મળી કુલ ૧૧૭ એકલવ્ય શાળાઓ
- ✓ ૩૨,૯૦૦ વિદ્યાર્થીઓને શિક્ષણની સુવિધાઓ તથા ૨૪ નવી સરકારી આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરવાની મંજૂરી
- ✓ મેડીકલ/એન્જિનિયરીંગ અભ્યાસ માટે આદિજાતિના ૭,૧૧૯ વિદ્યાર્થીઓને ખાસ કોચિંગ
- ✓ ચાલુ વર્ષમાં ૧,૦૩૮ વિદ્યાર્થીઓ મેડીકલ/ એન્જિનિયરીંગ પ્રવેશ માટે પાત્ર
- ✓ આદિજાતિ વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણની તક પુરી પાડવા અને તેને વધારે ગુણવત્તાયુક્ત બનાવવા રાજ્ય સરકાર દ્વારા બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની (રાજપીપળા ખાતે) સ્થાપના કરી છે.
- ✓ આઝાદીની ચળવળમાં મહત્વનો ભાગ લેનાર આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને ઉજાગર કરતું રાષ્ટ્રીયકક્ષાનું ટ્રાયબલ મ્યુઝિયમ ગરૂડેશ્વર, રાજપીપળા ખાતે ૨૫ એકર જમીનમાં કરોડોના ખર્ચે આકાર લેશે.

**સમરસ હોસ્ટેલ**

- ✓ ૦૯ મહાનગરોમાં કોલેજ કક્ષાએ ભણતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ૧૨,૫૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી સમરસ હોસ્ટેલ
- ✓ વન અધિકાર અધિનિયમ હેઠળ વ્યક્તિગત દાવા, સામુહિક દાવા અને માળખાકિય સુવિધા માટે ૧૩ લાખ એકર કરતા વધુ જંગલની જમીનના લાભોની મંજૂરી
- ✓ આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ નિમિત્તે એકલવ્ય મોડલ શાળાઓ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણનો વ્યાપ વધારવા આદિવાસી વિસ્તારમાં ૦૯ શાળાઓ અને ૦૧ સ્પોર્ટસ કોમ્પલેક્ષનું ઈ-લોકાર્પણ/ ઈ–ભૂમિપૂજન
- ✓ આદિવાસી અને વન પર્યાવરણ મંત્રી – શ્રી ગણપતભાઈ વસાવા
- ✓ આદિવાસી રાજ્ય મંત્રી – શ્રી રમણ પાટકર


૭. જન્મ દિન વિશેષ : 9 ઓગસ્ટ

પૂર્વ મુખ્યમંત્રી : હિતેન્દ્ર દેસાઈ

જન્મ – 9 ઓગસ્ટ-1915 અવસાન – 12 સપ્ટેમ્બર-1993

- ✓ આજે તારીખ હિન્દ છોડો આંદોલનનો પ્રારંભ, ગ્રંથપાલ દિન, વિશ્વ આદિવાસી દિન અને ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી

✓ હિતેન્દ્ર દેસાઈ, આધુનિક મરાઠી રંગભૂમિના પ્રણેતા વિષ્ણુદાસનો જન્મદિવસ



✓ ૪૨ના પહેલા શહીદ ઉમાકાંત કડિયા, નટવર્ય અમૃત જાની અને ઇતિહાસકાર હરિપ્રસાદ શાસ્ત્રીની પુણ્યતિથિ.

✓ સ્વાતંત્ર્ય સૈનિક કુટુંબનો વારસો ધરાવતા અને સુરતમાં જન્મેલા હિતેન્દ્ર દેસાઈ વિદ્યાર્થીવસ્થામાં ચર્ચાસભાઓ, રમત ગમતમાં ઉત્સાહથી ભાગ લેતા હતા. સુરત, મુંબઈમાં ભણી વકીલ થયા હતા.

✓ ૧૯૩૦માં દાંડીકુચ દરમિયાન અભ્યાસ પણ છોડ્યો હતો.

✓ હિતેન્દ્ર દેસાઈએ વ્યક્તિગત સત્યાગ્રહ અને ૧૯૪૨ના હિન્દ છોડો આંદોલનમાં ભાગ લઇ જેલવાસ ભોગવ્યો હતો.

✓ આઝાદી પછી તેઓ સુરત મ્યુ.કોર્પોરેશનના વાઈસ ચેરમેન બન્યા હતા.

✓ તેમની રાજકીય પ્રગતિનો ગ્રાફ વધતા ૧૯૫૭મા મુંબઈ ધારાસભાના સભ્યપદ સુધી અને ગુજરાતનું સ્વતંત્ર રાજ્ય બન્યા પછી વિધાનસભાના સભ્ય અને મંત્રીપદ સુધી વિકસ્યો હતો.

✓ <u>હિતેન્દ્ર દેસાઈ ૧૯૬૫ થી ૧૯૭૧ સુધી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે.</u>

✓ તેમના શાસનકાળ દરમિયાન ગુજરાતમાં મોટાપાયે ઔદ્યોગિકીકરણ, નવી યુનિવર્સીટીઓની સ્થાપના, મહાગુજરાતના શહીદોના શહીદ સ્મારકની રચના, <u>રાજધાની ગાંધીનગરનો પાયો</u> અને ૧૯૬૯માં અમદાવાદમાં થયેલા ભયંકર કોમી રમખાણો જેવી સારી નરસી ઘટનાઓ બની હતી.

✓ ગાંધીવાદી સંસ્કારો ધરાવતા અને ગુજરાતના રાજકારણમાં કેટલાક નવા ચીલાઓ પાડનાર હિતેન્દ્રભાઈ દેસાઈનું ૧૨ સપ્ટેમ્બર ૧૯૯૩ના રોજ અવસાન થયું.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૯-૦૮-૨૦૨૦)</u>

1. ઓગસ્ટ-૨૦૨૦માં ભારતીય સંરક્ષણ મંત્રાલયે આત્મનિર્ભર ભારત અંતર્ગત કેટલા શસ્ત્ર અને સરંજામની આયાત પર પ્રતિબંધ મૂક્યો - **<u>૧૦૧</u>**
2. ઓગસ્ટ-૨૦૨૦માં ભારતીય સંરક્ષણ મંત્રાલયે આત્મનિર્ભર ભારત અંતર્ગત ૧૦૧ શસ્ત્ર અને સરંજામની આયાત પર પ્રતિબંધ મૂક્યો તેનો હેતુ જણાવો - **<u>સંરક્ષણ સેકટરમાં આત્મનિર્ભરતા માટે MIIને વધુ વેગ આપવા અને ભારતને આત્મનિર્ભર બનાવવા</u>**
3. ઓગસ્ટ-૨૦૨૦માં ભારતીય સંરક્ષણ મંત્રાલયે આત્મનિર્ભર ભારત અંતર્ગત ૧૦૧ શસ્ત્ર અને સરંજામની આયાત પર કેટલા સમય માટે પ્રતિબંધ લાદયો - **<u>ડિસેમ્બર-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૫</u>**
4. ભારતીય સંરક્ષણ મંત્રાલયે કોની સાથે ચર્ચા ક્યા બાદ ૧૦૧ શસ્ત્ર અને સરંજામની આયાત પર પ્રતિબંધ મૂકવા નેગેટિવ લિસ્ટ તૈયાર કર્યું હતુ - **<u>આર્મી, નેવી, એરફોર્સ, ડીઆરડીઓ, ડિફેન્સ સેક્ટરની જાહેરક્ષેત્રની કંપનીઓ, ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ અને ખાનગી કંપનીઓ</u>**
5. આત્મનિર્ભર ભારત અંતર્ગત સંરક્ષણ મંત્રાલય દ્વારા સેના-વાયુ સેના માટે આશરે કેટલા રૂપિયાની વસ્તુઓ તૈયાર કરાશે – <u>રૂ. 1,30,000 કરોડ</u>
6. આત્મનિર્ભર ભારત અંતર્ગત સંરક્ષણ મંત્રાલય દ્વારા નેવી માટે આશરે કેટલા રૂપિયાની વસ્તુઓ તૈયાર કરાશે – રૂ. 1,40,000 કરોડ
7. આત્મનિર્ભર ભારત અંતર્ગત સંરક્ષણ મંત્રાલય દ્વારા વર્ષ 2020-21માં ઘરેલુ સંરક્ષણ ઉદ્યોગ માટે કેટલા રૂપિયાનું અલગ બજેટ રખાશે - <u>રૂ. 52 હજાર કરોડ</u>
8. ભારતીય સંરક્ષણ મંત્રાલય દ્વારા પ્રતિબંધિત મુખ્ય સંરક્ષણ સાધનો-સામગ્રી આયાતની યાદી જણાવો - <u>7.62 X 51 સ્નાઈપર રાઈફલ, આર્ટિલરી ગન, શોર્ટ રેન્જ જમીનથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ, 155 એમએમ/39 કોલ અલ્ટ્રા હાઈ હોવિત્ઝર તોપ, બુલેટપ્રૂફ જેકેટ, બેલેસ્ટિક હેલમેટ, મિસાઈલ ડિસ્ટ્રોયર, મલ્ટીપર્પઝ વેસલ્સ, વોટર જેટ ફાસ્ટક અટેક એરક્રાફ્ટ, એન્ટી સબમરીન રોકેટ, શિપ બોર્ન મીડિયમ રેન્જ ગન, રોકેટ લોન્ચર, ઈન્ટિગ્રેટેડ શિપ્સ બ્રિજ સિસ્ટમ, લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર, ટ્રાન્સપોર્ટર એરક્રાફ્ટ, જીસેટ-6 સેટેલાઈટ ટર્મિનલ, લો લેવલ ટ્રાન્સપોર્ટેબલ રડાર, પેરાશૂટ ટેક્ટિકલ અસૉલ્ટ, વ્હિલ આર્મ્ડ ફાઈટિંગ વ્હિકલ, લાઈટ મશીન ગન</u>
9. કોના રિપોર્ટ અનુસાર 2005માં ભારતે તેની જરૂરિયાત મુજબના હથિયારોનો 70 ટકા હિસ્સો દેશમાં તૈયાર કરવાનું લક્ષ્ય રાખ્યું હતું - **<u>સ્ટૉકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ</u>**

10. સ્ટૉકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના રિપોર્ટ અનુસાર 2005માં ભારતે તેની જરૂરિયાત મુજબના હથિયારોનો 70 ટકા હિસ્સો દેશમાં તૈયાર કરવાનું લક્ષ્ય હતું તે પૈકી હાલ આશરે કેટલા ટકા હથિયારો બન્યા છે - <u>35 ટકા</u>
11. સ્ટૉકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના રિપોર્ટ અનુસાર વર્ષ 2010થી 2014 દરમિયાન વિશ્વ હથિયાર આયાતમાં ભારતનો હિસ્સો કેટલા ટકા હતો – <u>15</u>
12. સ્ટૉકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના રિપોર્ટ અનુસાર વર્ષ 2010થી 2014 દરમિયાન હથિયાર આયાત મામલે ટોચના ક્રમના દેશનું નામ જણાવો – <u>ભારત</u>
13. સ્ટૉકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના રિપોર્ટ અનુસાર વર્ષ 2010થી 2014 દરમિયાન વિશ્વનો ત્રીજો સૌથી મોટો હથિયાર નિર્યાતક દેશનું નામ જણાવો - <u>ચીન</u>
14. સ્ટૉકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના રિપોર્ટ અનુસાર દુનિયાભરમાં સૈન્ય ખર્ચમાં દર વર્ષે કેટલા ટકાનો વધારો થઈ રહ્યો છે - <u>1.2 ટકા</u>
15. ભારતના વર્તમાન સંરક્ષણ મંત્રીનું નામ જણાવો - <u>રાજનાથસિંહ</u>
16. ઓગસ્ટ-૨૦૨૦માં વડાપ્રધાન મોદીએ કેટલા રૂપિયાના એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડનો પ્રારંભ કરાવ્યો - <u>રૂ. ૧ લાખ કરોડ</u>
17. ઓગસ્ટ-૨૦૨૦માં વડાપ્રધાન મોદીએ રૂ.૧ લાખ કરોડના એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડનો પ્રારંભ કરાવ્યો આ ફંડ કયાં સુધી અમલમાં રહેશે - <u>વર્ષ-૨૦૨૯ સુધી એટલે કે ૧૦ વર્ષ</u>
18. એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ દ્વારા કયા પ્રોજેક્ટમાં રોકાણ કરાશે - <u>પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને કોમ્યુનિટી ફાર્મિંગ એસેટ્સ જેવા ક્ષેત્રો</u>
19. એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ અંતર્ગત કોને લોન અપાશે - <u>પ્રાથમિક કૃષિ ક્રેડિટ સોસાયટીઓ, ખેડૂત સંગઠનો, કૃષિ ઉત્પાદન સંગઠનો, કૃષિ ઉદ્યોગ સાહસિકો, સ્ટાર્ટ અપ, એગ્રિ-ટેક કંપનીઓ</u>
20. એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ અંતર્ગત વિવિધ નાણાં ધિરાણ સંસ્થાઓ સાથે ભાગીદારી કરીને કેટલું ફંડ મંજૂર કરાશે – <u>રૂ. ૧ લાખ કરોડ</u>
21. નવા એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ અંતર્ગત કેટલા ટકાની વ્યાજ સબસિડી અને કેટલા રૂપિયા સુધીની ક્રેડિટ ગેરંટી અપાશે – <u>3 ટકા તથા રૂ. બે કરોડ</u>
22. નવા એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ અંતર્ગત ચાલુ વર્ષમાં કેટલા રૂપિયાને મંજૂરી સાથે ચાર વર્ષ સુધી લોન અપાશે - <u>૧૦,૦૦૦ કરોડ</u>
23. નવા એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ અંતર્ગત આપવામાં આવતી લોનની પુનઃચુકવણી માટે મોરાટોરિયમ લઘુતમ કેટલા મહિનાથી મહત્તમ બે વર્ષ રહેશે – <u>૬ મહિના</u>
24. નવા એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ અંતર્ગત કઈ કઈ લોન આપવામાં આવશે - <u>કોલ્ડ સ્ટોર અને કોલ્ડ સ્ટોરેજ, ચેઇન, વેર હાઉસિંગ, સિલોસ, એસેયિંગ, ગ્રેડિંગ અને પેકેજિંગ યુનિટ, ઇ- માર્કેટિંગ પોઇન્ટ, ઇ-ટ્રેડિંગ પ્લેટફોર્મ, રાઇપનિંગ ચેમ્બર્સ – ક્રોપ એગ્રિગેશન માટે પીપીપી પ્રોજેક્ટ</u>
25. ઓગસ્ટ-૨૦૨૦માં વડા પ્રધાન મોદીએ પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ અંતર્ગત કેટલા ખેડૂત લાભાર્થીઓ માટે કેટલા રૂપિયાનો છઠ્ઠો હપ્તો જારી કર્યો હતો - <u>૮.૫૫ કરોડ તથા રૂ. ૧૭,૧૦૦ કરોડ</u>
26. પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના ક્યા વર્ષમાં શરૂ કરવામાં આવી હતી - <u>વર્ષ-૨૦૧૮</u>
27. કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના અંતર્ગત દર વર્ષે ૧૪ કરોડ ખેડૂતોના બેન્ક ખાતાંમાં કેટલા હપ્તામાં કેટલી આર્થિક સહાય જમા કરાવવામાં આવે છે - <u>3 હપતામાં રૂ. ૬૦૦૦</u>
28. વર્તમાન કેન્દ્રીય કૃષિ મંત્રીનું નામ જણાવો – <u>શ્રી નરેન્દ્રસિંહ તોમર</u>
29. ઓગસ્ટ-૨૦૨૦માં ભારતીય સંરક્ષણ મંત્રાલય દ્વારા ઇઝરાયલ પાસેથી હેરોન ડ્રોનની ખરીદી માટે ક્યા પ્રોજેક્ટનો પ્રારંભ કરાયો - <u>'ચિતા'</u>
30. ભારતીય સંરક્ષણ મંત્રાલય દ્વારા ઇઝરાયલ પાસેથી હેરોન ડ્રોનની ખરીદી માટે શરૂ કરાયેલા ચિતા પ્રોજેક્ટનો ખર્ચ જણાવો – <u>અંદાજે રૂ. ૩૫૦૦ કરોડ</u>
31. ભારતીય સંરક્ષણ મંત્રાલયના ચિતા પ્રોજેક્ટ હેઠળ આર્મી, નેવી અને એરફોર્સ ત્રણે સૈન્યના કેટલા હેરોન ડ્રોનને લેસર ગાઈડેડ બોમ્બ, હવાથી જમીનમાં અને હવામાં પ્રહાર કરી શકતી ટેન્ક મિસાઈલોથી સજ્જ કરી અપગ્રેડ કરાશે - <u>૯૦</u>

32. ઓગસ્ટ-૨૦૨૦માં શ્રીલંકાના વડા પ્રધાન તરીકે કોણે ચોથી વખત શપથ લીધા - **મહીંદા રાજપકશે**

33. શ્રીલંકાના વર્તમાન વડા પ્રધાન મહીંદા રાજપકશેના રાજકીય પક્ષનું નામ જણાવો - **શ્રીલંકા પીપલ્સ પાર્ટી**

34. પ્રતિ વર્ષે કઈ તારીખે રાષ્ટ્રપતિ ભવન ખાતે 'એટ હોમ' કાર્યક્રમ અંતર્ગત દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન કરવામાં આવે છે - **9 ઓગસ્ટ**

35. દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન અંતર્ગત પ્રવર્તમાન કોરોના કાળ દરમિયાન ગુજરાતના કેટલા સ્વતંત્રતા સેનાનીનું કલેકટરશ્રી દ્વારા તેમના ઘરે જઈ સન્માન કરાયું - **આઠ**

36. આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ/ વિશ્વ મૂળ નિવાસી દિવસ કયારે મનાવવામાં આવે છે - **9 ઓગસ્ટ**

37. ગુજરાત સરકારે આદિજાતિ વિકાસ માટે કુલ કેટલા રૂપિયાની ફાળવણી કરી છે - **રૂ.૧,૦૦,૯૫૬ કરોડ**

38. ગુજરાતમાં આદિવાસીઓને ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે તે માટે કુલ કેટલી એકલવ્ય શાળાઓ કાર્યરત છે - **૧૧૭**

39. આદિજાતિ વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણની તક પુરી પાડવા અને તેને વધારે ગુણવત્તાયુક્ત બનાવવા રાજ્ય સરકાર દ્વારા કઈ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે - **બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી**

40. બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી ક્યાં આવેલી છે - **રાજપીપળા (જિ.નર્મદા)**

41. ગુજરાતમાં ક્યાં સ્થળે આઝાદીની ચળવળમાં મહત્વનો ભાગ લેનાર આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને ઉજાગર કરતું ૨૫ એકર જમીનમાં રાષ્ટ્રીયકક્ષાનું ટ્રાયબલ મ્યુઝિયમ બનશે - **ગરૂડેશ્વર, રાજપીપળા ખાતે**

42. ગુજરાતના વર્તમાન આદિવાસી અને વન પર્યાવરણ મંત્રીનું નામ જણાવો – **શ્રી ગણપતભાઈ વસાવા**

43. ગુજરાતના વર્તમાન આદિવાસી રાજ્ય મંત્રીનું નામ જણાવો – **શ્રી રમણ પાટકર**

44. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈનો જન્મ દિવસ જણાવો - **9 ઓગસ્ટ-1915**

45. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈનું અવસાન કયારે થયું હતુ - **12 સપ્ટેમ્બર-1993**

46. ગ્રંથપાલ દિન ક્યારે મનાવવામાં આવે છે – **9 ઓગસ્ટ**

47. ગુજરાતી નટવર્ય અમૃત જાનીની પુણ્યતિથિ જણાવો - **9 ઓગસ્ટ**

48. પૂર્વ મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈ આઝાદી પછી કઈ મહાનગરપાલિકાના વાઈસ ચેરમેન બન્યા હતા – **સુરત**


49. પૂર્વ મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈએ કયા આંદોલનમાં ભાગ લઇ જેલવાસ ભોગવ્યો હતો - **૧૯૪૨ના હિન્દ છોડો આંદોલન**

50. હિતેન્દ્ર દેસાઈ કયા સમયગાળા દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રહ્યા હતા - **૧૯૬૫ થી ૧૯૭૧ સુધી**

51. ક્યા મુખ્યમંત્રીના સમયકાળ દરમિયાન ગુજરાતના વર્તમાન પાટનગર ગાંધીનગરનો પાયો નંખાયો હતો – **હિતેન્દ્ર દેસાઈ**

DATE : 10-08-2020

## ૧. મુખ્યમંત્રી કિસાન સહાય યોજના : ગુજરાત સરકાર (કૃષિ)




**હેતુ :**

✓ ૧૦મી ઓગસ્ટ-૨૦૨૦થી અમલમાં આવનારી આ નવી યોજના દ્વારા ચાલુ વર્ષે ખરીફના બધા જ પાકો આવરી લેવાયા.

✓ જેમાં દુષ્કાળ, અતિવૃષ્ટી કે માવઠાથી નુકશાન થશે તો ખેડૂત ખાતેદારને ચાર હેક્ટરની મર્યાદામાં વધુમાં વધુ એક લાખ સુધીની સહાય મળશે.

**યોજના વિશે :**

✓ રાજ્યના બધા ખેડૂતોને આવરી લેતી યોજના

✓ ખરીફ ઋતુના બધા પાકો માટે આ યોજનાનો લાભ

✓ ખેડૂતોએ કોઈપણ પ્રિમિયમ કે ફી ભરવાની નથી

✓ પારદર્શક, ઝડપી અને સરળ સહાય યોજના

**સહાયના ધોરણો :**

**ખરીફ ઋતુમાં પાક નુકસાન સામે આ રીતે વળતર મળશે**

- ✓ ૩૩ ટકાથી ૬૦ ટકા નુકશાનના કિસ્સામાં પ્રતિ હેક્ટરે રૂ.૨૦,૦૦૦ અર્થાત ૪ હેક્ટર હોય તો રૂ. ૮૦,૦૦૦
- ✓ ૬૦ ટકાથી વધારે નુકશાન થયુ હોય તો પ્રતિ હેક્ટરે રૂ. ૨૫,૦૦૦. અર્થાત ૪ હેક્ટરે એક લાખની સહાય મળશે

**સહાયના ધોરણો**

| પાક નુકશાનની ટકાવારી | સહાય રૂ. પ્રતિ હેક્ટર |
|---|---|
| ૩૩% થી ૬૦% સુધી | રૂ. ૨૦,૦૦૦ |
| ૬૦% થી વધુ | રૂ. ૨૫,૦૦૦ |

**ત્રણ પ્રકારના જોખમોમાં ખેડૂતોને લાભ મળશે**

(૧) અનાવૃષ્ટિ (દુષ્કાળ)

(૨) અતિવૃષ્ટિ, વાદળ ફાટવું

(3) કમોસમી વરસાદ (માવઠું)

(૧) દુષ્કાળ :

- ✓ જે તાલુકામાં સિઝનમાં ૧૦ ઈંચથી ઓછો વરસાદ અથવા ચોમાસુ શરૂ થાય ત્યારથી ૩૧ ઓગસ્ટ વચ્ચે બે વરસાદ વચ્ચે ૪ સપ્તાહ વરસાદ ન પડ્યો હોય તો અનાવૃષ્ટિ અર્થાત દુષ્કાળ ગણાશે.

(૨) અતિવૃષ્ટિ

- ✓ વાદળ ફાટવું.
- ✓ સતત ભારે વરસાદની સ્થિતિમાં દક્ષિણ ગુજરાતમાં ૪૮ કલાકમાં ૩૫ ઈંચ કે તેથી વધુ અને તે સિવાય રાજ્યમાં ૪૮ કલાકમાં ૨૫ ઇંચ કે તેથી વધુ વરસાદ પડે તો પાક નુકશાનનું જોખમ ગણાશે

(3) માવઠું :

- ✓ ૧૫ ઓક્ટોબરથી ૧૫ નવેમ્બર વચ્ચે સળગ ૪૮ કલાકમાં ૫૦ મી.મી. એટલે કે બે ઈંચથી વધુ વરસાદ પડે અને ખેતીના પાકને ખેતરમાં નુકશાન થાય તો કમોસમી વરસાદથી જોખમ ગણાશે

અન્ય બાબત :

- ✓ વધુમાં વધુ ૪ હેકટર સુધી સહાય મળશે.
- ✓ DBT મારફત ખેડૂતોના બેંક એકાઉન્ટમાં સીધી સહાય જમા થશે.
- ✓ અરજી કરવાથી માંડીને પેમેન્ટ સુધીની પ્રક્રિયા ઓનલાઈન થશે.
- ✓ ઈ-ગ્રામ કેન્દ્ર પરથી રાજ્ય સરકારના ખર્ચે અરજી થશે.
- ✓ આ યોજનાની સહાય ઉપરાંત SDRFનો લાભ પણ મળવાપાત્ર રહેશે.
- ✓ આ યોજના ફક્ત ચાલુ ખરીફ ઋતુ માટે જ અમલી

સહાય આપવાની પ્રક્રિયા :

- ✓ સરકાર અલાયદી વેબસાઇટ બનાવશે.
- ✓ જેના પર ખેડૂત વળતર મેળવવા અરજી કરશે.
- ✓ આફતગ્રસ્ત ગામો અને ખેડૂતોની યાદી તૈયાર કરી કલેક્ટર સાત દિવસમાં મહેસૂલ વિભાગને મોકલશે.
- ✓ રાજ્ય સરકાર આ માટે સાત દિવસમાં મંજૂરીના હુકમ કરશે.
- ✓ સંબંધિત જિલ્લા વિકાસ અધિકારી 15 દિવસમાં નુકશાનીનો સર્વે કરાવી સહાય મેળવવા પાત્ર ખેડૂતોની યાદી નુક્સાનની ટકાવારી પ્રમાણે તૈયાર કરી આખરી હુકમ જાહેર કરશે.

**ખાસ :**

- ✓ એક પણ રૂપિયાનું પ્રિમિયમ ભર્યા વિના રાજ્યના તમામ ૫૬ લાખ ખેડૂતોને લાભ મળશે
- ✓ કેન્દ્રના SDRF હેઠળ પાક નુકસાન સહાય ચાલુ રહેશે
- ✓ ગુજરાતના કૃષિ મંત્રી – શ્રી આર.સી. ફળદુ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૨. મોરેશિયસ : વડાપ્રધાન શ્રી પ્રવિન્દ જગન્નાથ દ્વારા પર્યાવરણ બચાવવા માટે કટોકટી જાહેર

**પર્યટન અને દરિયાઈ જીવ ઉપર મોટો ખતરો**

કારણ :

- ✓ તસવીર: મોરેશિયસના દરિયા કિનારે આવેલો બ્લૂ બે મરિન પાર્ક અને જહાજ.
- ✓ અહીં ગત અમુક દિવસોથી ઊભેલા જાપાની જહાજમાંથી ક્રૂડ ઓઈલ લીક થઇ હવે સમુદ્ર કિનારે ફેલાવા લાગ્યું છે.
- ✓ હિન્દ મહાસાગરમાં ફસાયેલા આ ટેન્કરમાં આશરે 4 હજાર ટન ઓઈલ ભરેલું છે જેમાંથી અત્યાર સુધી એક હજાર ટન ઓઈલ લીક થઈ ચૂક્યું છે.
- ✓ એમ.વી. વાકાશિઓ નામનું આ જહાજ 25 જુલાઈથી દરિયામાં ફસાયેલું છે અને ધીમે ધીમે ડૂબતું જઈ રહ્યું છે.
- ✓ સ્થાનિકો અને પર્યાવરણ પ્રેમીઓએ ઓઈલ લીકને રોકવા પ્રયાસ કર્યો હતો પરંતુ ઝડપી પવન અને ખરાબ હવામાનને લીધે તેમને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.
- ✓ જહાજના નીચલા ભાગમાં પણ તિરાડો પડી રહી છે. તે સંપૂર્ણપણે ભાંગી પડી શકે છે.

- ✓ બચાવ અભિયાન માટે હેલિકોપ્ટરનો ઉપયોગ કરાઈ રહ્યો છે.
- ✓ ઈન્ડિયન ઓઈલ (મોરેશિયસ) એ સાઈટ પર એક બાર્જ તહેનાત કરી દીધું છે, જેથી દરેક શક્ય મદદ કરી શકાય.
- ✓ દરિયામાં ફેલાયેલા ક્રૂડ ઓઈલને હટાવવા વોલેન્ટિયર એકઠા થયા છે.
- ✓ ક્ષેત્રની આજુબાજુ ટાપુ પરથી કાચબા અને દુર્લભ સમુદ્રી છોડને સુરક્ષિત બચાવાઈ રહ્યા છે.

### ૩. "ગંદકી મુક્ત ભારત" અભિયાન (સ્વચ્છતા)

- ✓ કેન્દ્ર ભારતના સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) અંતર્ગત "ગંદકી મુક્ત ભારત" અભિયાનની ઉજવણી
- ✓ **સમયગાળો:** તા.૦૮/૦૮/૨૦૨૦ થી તા.૧૫/૦૮/૨૦૨૦.

**ઉજવણી વિશે :**

- ✓ આ સપ્તાહના દરેક દિવસે એક વિશેષ સ્વચ્છતાની પહેલ કરવામાં આવી છે.
- ✓ રાજ્યના તમામ ગામોમાં સ્વચ્છતા કાયમી ધોરણે થાય અને ગામના તમામ ફળિયાગામના પેટા પરા જેવા તમામ વિસ્તારો સ્વચ્છ અને સુંદર બને તે જ ધ્યેય સાથે સ્વચ્છતા ઝુંબેશને કોવીડ-૧૯ હેઠળ જરૂરી સાવચેતી તથા સામાજિક અંતર જાળવીને નિરંતર આગળ વધારવાની દિશામાં જિલ્લાઓ દ્વારા વિવિધ પ્રવૃતિઓ હાથ ધરાશે.
- ✓ આ સપ્તાહની ઉજવણી અંતર્ગત પ્રથમ દિવસે રાજ્યના તમામ જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીઓ દ્વારા સરપંચો સાથે ઈ-રાત્રિસભાનું આયોજન કરાયું હતું.
- ✓ જેમાં ગામને સ્વચ્છ બનાવવા માટે ઘન અને પ્રવાહી કચરાના નિકાલ વ્યવસ્થાપનની કામગીરી સુચારું રૂપે હાથ ધરાય તે માટે સંકલ્પ લેવામાં આવ્યો હતો.
- ✓ આ અભિયાન અંતર્ગત તા.૧૧ ઓગસ્ટના રોજ ગ્રામ્યકક્ષાએ જાહેર સ્થળો અને દીવાલો પર વોલ પેઈન્ટીંગ કરાવવામાં આવશે.
- ✓ તા.૧૨ ઓગસ્ટના રોજ ગ્રામ્યકક્ષાએ મનરેગા યોજનાના કન્વર્જન્સ,સખી મંડળો સહિત સેવાભાવી સંસ્થા, વ્યક્તિઓ, જનભાગીદારીના શ્રમદાન દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવશે.
- ✓ તા.૧૩ઓગસ્ટના રોજ ગંદકીમુક્ત મારૂ ગામની થીમ પર ઓનલાઈન ચિત્ર અને નિબંધ સ્પર્ધા યોજવામાં આવશે.
- ✓ તા.૧૪ઓગસ્ટના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ચોખ્ખાઈ અને સ્વચ્છતા અંગે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવશે.
- ✓ ૧૫ ઓગસ્ટના રોજ સ્વતંત્ર દિનની ઉજવણીના ભાગરૂપે સામાન્ય સભામાં જિલ્લાના મોડેલ ગામને ઓડીએફ પ્લસ જાહેર કરવામાં આવશે.
- ✓ રાજ્યભરમાં તા.૯ ઓગસ્ટના રોજ ગામના સરપંચ દ્વારા શ્રમદાનની પ્રવૃતિથી ગામને પ્લાસ્ટિક મુક્ત બનાવવા કચરાને એકત્રિત કરી એક વાર વપરાશમાં લેવાય તેવા પ્લાસ્ટિકને અલગ પાડી નિકાલ સુધીની વ્યવસ્થા કરવામાં આવી હતી
- ✓ તા.૧૦ ઓગસ્ટના રોજ ગામમાં વિશાળ જનભાગીદારીના શ્રમદાનની પ્રવૃતિઓ દ્વારા જાહેર મકાનોની સાફસફાઇ કરવામાં આવશે અને આઇવીઆર આધારીત ટેકનોલોજીના આધારે ઓડીએફ પ્લસના જ્ઞાન અને જાણકારી મેળવવા માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૮૦૦ ૪૦૪ ઉપર ફોન કરવા સ્વચ્છતાગ્રહીઓને પ્રોત્સાહિત કરવામાં આવશે.

### ૪. આંદામાન અને નિકોબાર : પ્રધાનમંત્રી મોદી દ્વારા આંદામાન અને નિકોબાર સુધી સબમરીન કેબલ કનેક્ટિવિટીનો પ્રારંભ કરાવ્યો

- ✓ નામ: સબમરીન ઓપ્ટિકલ ફાઇબર કેબલ (OFC)
- ✓ લંબાઈ - 2300 કિમી લાંબો
- ✓ પ્રોજેક્ટ : ચેન્નઈ-આંદામાન એન્ડ નિકોબાર આઈસલેન્ડ. (CANI)

**અન્ય વિગતો :**

- ✓ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આંદામાન અને નિકોબારના ટાપુઓને મુખ્ય ભૂપ્રદેશો સાથે જોડતા સબમરીન ઓપ્ટિકલ ફાઇબર કેબલ (OFC)નો વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પ્રારંભ કરીને આ પરિયોજના રાષ્ટ્રને સમર્પિત કરી હતી.
- ✓ અગાઉ 30 ડિસેમ્બર, 2018ના રોજ પોર્ટબ્લેર ખાતે પ્રધાનમંત્રીએ આ પરિયોજનાનો શિલાન્યાસ કર્યો હતો.
- ✓ આંદામાન અને નિકોબાર ટાપુઓને બંદર આધારિત વિકાસના હબ તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે
- ✓ આંદામાન અને નિકોબાર ટાપુઓ આંતરરાષ્ટ્રીય દરિયાઇ વ્યાપાર માટે મુખ્ય બંદર હબ બનશે
- ✓ આ કનેક્ટિવિટી હવે આ ટાપુઓ પર અનંત નવી તકો ઉભી કરશે. 2300 કિમી લાંબો સબમરીન કેબલ નાખવામાં આવ્યો.

**આવરી લેવાયેલા વિસ્તાર :**

- ✓ ચેન્નઇથી પોર્ટબ્લેર, પોર્ટબ્લેરથી લિટલ આંદામાન અને પોર્ટબ્લેરથી સ્વરાજ ટાપુ પર મોટા હિસ્સામાં આજથી સેવાની શરૂઆત થઇ છે.
- ✓ 2300 કિલોમીટર લાંબા દરિયામાં સર્વે, કેબલની ગુણવત્તા એકધારી જાળવી રાખવી અને વિશેષ નૌકાઓનો ઉપયોગ કરીને કેબલ નાંખ્યો

<u>ડિજિટલ ઇન્ડિયા દ્વારા તકોમાં વૃદ્ધિ</u>

- ✓ સબમરીન કેબલ આંદામાન અને નિકોબાર ટાપુઓને સસ્તી અને સારી કનેક્ટિવિટી મેળવવામાં મદદરૂપ થશે અને ખાસ કરીને ઑનલાઇન શિક્ષણ, ટેલિ-મેડિસિન, બેંકિંગ પ્રણાલી, ઑનલાઇન વેપારમાં સુધારો અને પર્યટનને વેગવાન બનાવવા સહિત ડિજિટલ ઇન્ડિયાના તમામ લાભો પ્રાપ્ત થશે.

**<u>ભારતનો સમૃદ્રી વિસ્તાર :</u>**

- ✓ ભારતનો સમુદ્ર હજારો વર્ષોથી ભારતના વેપાર અને વ્યૂહાત્મક શૌર્યનું કેન્દ્ર રહ્યો છે તેમજ આંદામાન અને નિકોબારના ટાપુઓ ભારતના આર્થિક- વ્યૂહાત્મક સહકાર માટે મહત્વપૂર્ણ કેન્દ્ર છે.
- ✓ ભારતના તમામ ટાપુઓ હિન્દ-પ્રશાંત પ્રદેશ માટે ભારતની નવી વેપાર વ્યૂહનીતિ અંતર્ગત મહત્વની ભૂમિકા નિભાવશે.
- ✓ <u>એક્ટ-ઇસ્ટ નીતિ</u> અંતર્ગત, પૂર્વ એશિયાના દેશો અને દરિયાથી જોડાયેલા અન્ય દેશો સાથે ભારતના મજબૂત સંબંધોમાં આંદામાન અને નિકોબારની ભૂમિકા ખૂબ જ ઊંચી છે અને તેમાં હજુ પણ વધારો થવા જઇ રહ્યો છે.
- ✓ <u>ટાપુ વિકાસ એજન્સીની રચના ત્રણ વર્ષ પહેલાં કરવામાં આવી હતી</u> જેથી તેમની ભૂમિકા વધુ મજબૂત કરી શકાય.

<u>આંદમાન-નિકોબારના પ્રગતિ હેઠળના વિકાસ કામો</u>

- ✓ ઉત્તર અને મધ્ય આંદામાનમાં માર્ગ કનેક્ટિવિટી સુધારવા માટે બે મુખ્ય પુલો અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ-4 માટે કામ ચાલુ.
- ✓ પોર્ટબ્લેર હવાઇમથક 1200 મુસાફરોનું સંચાલન કરી શકે તે પ્રકારે તેની ક્ષમતામાં વધારો કરવામાં આવી રહ્યો છે.
- ✓ આ ઉપરાંત, દિગ્લીપુર, કાર નિકોબાર અને કેમ્પબેલ-અખાતમાં પણ હવાઇમથકો પરિચાલન માટે તૈયાર થઇ ગયા છે.
- ✓ આગામી મહિનાઓમાં સ્વરાજ દ્વીપ, શહીદ દ્વીપ અને લોંગ આઇલેન્ડ ફ્લોટિંગ જેટ્ટી જેવા વોટર એરોડ્રામ ઇન્ફ્રાસ્ટ્રક્ચરથી પરિચાલન માટે તૈયાર થઇ જશે.
- ✓ કોચી શીપયાર્ડ ખાતે ચાર જહાજોનું નિર્માણ થઇ રહ્યું છે, જે ટૂંક સમયમાં ટાપુઓ અને મુખ્ય ભૂપ્રદેશ વચ્ચે જળ કનેક્ટિવિટી સુધારવા માટે આપવામાં આવશે.

<u>બંદર આધારિત વિકાસ</u>

- ✓ આંદામાન અને નિકોબારને બંદર આધારિત વિકાસના હબ તરીકે વિકસાવવામાં આવશે કારણ કે, દુનિયાના સંખ્યાબંધ બંદરોથી તે સ્પર્ધાત્મક અંતર ધરાવે છે.
- ✓ જેમની પાસે બંદરો અને તેની કનેક્ટિવિટીનું શ્રેષ્ઠ નેટવર્ક છે તેવા દેશો 21મી સદીમાં વેપારને વેગ આપવા માટે સમર્થ બનશે.

**<u>આંતરરાષ્ટ્રીય દરિયાઇ વ્યાપાર</u>**

- ✓ સરકાર દરિયામાં સરળતાથી વ્યવસાય (ઇઝ ઓફ બિઝનેસ)ને પ્રોત્સાહન અને દરિયાઇ હેરફેરની સુવિધાઓના સરળીકરણ પર ધ્યાન આપી રહી છે.
- ✓ ડીપ ડ્રાફ્ટ ઇનર હાર્બરના ઝડપથી ચાલી રહેલા નિર્માણ કાર્ય અને અંદાજે <u>રૂપિયા 10 હજાર કરોડના ખર્ચે ગ્રેટ નિકોબારમાં ટ્રાન્સ શીપમેન્ટ બંદરનું નિર્માણ કરવાની દરખાસ્ત</u>.
- ✓ **<u>અસરો:</u>** આનાથી અહીં મોટા જહાજો લંગારી શકાશે અને તેનાથી દરિયાઈ વ્યાપારમાં ભારતની હિસ્સેદારી વધશે તેમજ રોજગારની નવી તકોનું પણ સર્જન થશે.
- ✓ આંદામાન અને નિકોબાર ટાપુઓ પર વિકસાવવામાં આવી રહેલા આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરને અનુરૂપ ટાપુઓ પર મત્સ્યપાલન, જળચર સંવર્ધન અને સીવીડ ખેતી જેવા બ્લુ ઇકોનોમીના કાર્યોમાં પણ વેગ આવશે.

## <u>૫. મદ્રાસ ક્રોકોડાઈલ બેંક (જીવસૃષ્ટિ)</u>

<u>દેશની અનોખી મહાકાય મગરમચ્છની બેંક</u>

- ✓ સ્થાન : મહાબલિપુરમ (તામિલનાડુ)

## <u>૬. ઓરિગામી (કલા)</u>

- ✓ કાગળમાંથી જુદાં-જુદાં પ્રકારના રમકડાં બનાવવાની કળા એટલે ઓરિગામી

## <u>૭. દિન વિશેષ : 10 ઓગસ્ટ વિશ્વ સિંહ દિવસ</u>

<u>થીમ-૨૦૨૦ : "**Big Cats-Predators under Threat**"</u>

- ✓ <u>એશિયાઈ સિંહોની રાજધાની સાસણ-ગીર</u>

<u>ઉજવણીનો પ્રથમ પ્રારંભ :</u>

- ✓ વિશ્વમાં ઝડપથી ઘટતા જતા સિંહોને બચાવવા માટે નેશનલ જિઓગ્રાફિક સોસાયટી અને બિગ કેટ રેસ્કયુ સંસ્થાઓએ સાથે મળીને સન 2013 થી તારીખ 10 મી ઓગસ્ટને વિશ્વ સિંહ દિવસ તરીકે ઉજવવાનું શરૂ કર્યું.

ઉજવણી વિશે :

- ✓ સિંહને આંતર રાષ્ટ્રીય સ્તરે સંરક્ષણ આપવાના આ એક આવકારદાયક યોગદાનનું શ્રેય અમેરિકાના ફ્લોરિડા રાજ્યના ટેમ્પા શહેરમાં આવેલ બિગ કેટ રેસ્કયુના સ્થાપક ડેરેક અને બેવરલી જૌબર્ટ યુગલને ફાળે જાય છે.
- ✓ આ પતિ-પત્નીએ આફ્રિકાના જંગલોમાં ફરીને સિંહ સહિતનાં પ્રાણીઓ વિશે ખુબ અભ્યાસ કર્યા બાદ બિલાડી કુળની આ જાતીને બચાવવા એક અભિયાન શરૂ કર્યું.
- ✓ ગુજરાતમાં વર્ષ ૨૦૧૬થી વન વિભાગ દ્વારા વિશ્વ સિંહ દિવસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી

**ગુજરાતમાં વર્ષવાર સિંહોની સંખ્યા**

| વર્ષ | સિંહોની સંખ્યા |
|---|---|
| ૧૯૯૦ | ૨૮૪ |
| ૧૯૯૫ | ૩૦૪ |
| ૨૦૦૧ | ૩૨૭ |
| ૨૦૦૫ | ૩૫૯ |
| ૨૦૧૦ | ૪૧૧ |
| ૨૦૧૫ | ૫૨૩ |
| ૨૦૨૦ | ૬૭૪ |

- ✓ આપણા દેશમાં ધીમે ધીમે સિંહની સંખ્યામાં વધારો થતો જાય છે, જયારે આફ્રિકાના 54 દેશોમાંથી હાલ માત્ર 26 દેશમાં જ સિંહ જોવા મળે છે.
- ✓ હજુ થોડા દાયકા અગાઉ 50,000 થી વધુ આફ્રિકન સિંહ હતા, તે એક અંદાજ મુજબ અત્યારે 20,000 આસપાસ જ છે.
- ✓ જંગલમાં સિંહનું આયુષ્ય 15 વર્ષનું હોય છે. જયારે પ્રાણી સંગ્રહાલયમાં 20 વર્ષથી વધુ હોય શકે છે.

૮. જન્મ દિન વિશેષ : 10 ઓગસ્ટ

સાક્ષરવર્ય : ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ

જન્મ – 10 ઓગસ્ટ-1853 અવસાન – 5 ડિસેમ્બર 1912

- ✓ આજે ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ, સુન્દરજી બેટાઇ, સાહિત્યકાર પીતાંબર પટેલ, લોકસાહિત્યકાર રતિકુમાર વ્યાસ, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ વી.વી.ગીરી, ઇટાલીના એકીકરણનો શિલ્પી કેમિલ્લો કાવુંર અને અર્થશાસ્ત્રી કે.ટી.શાહનો જન્મદિવસ.
- ✓ વિનોદ કિનારીવાલા, કવિ રાવજી પટેલ અને સુરેશ દલાલની પુણ્યતિથિ છે.
- ✓ સુરતમાં જન્મેલા ઈચ્છારામના પૂર્વજોને મુઘલ શાસન દરમિયાન વેરો ઉઘરાવવાની સત્તા મળી હોવાથી તેઓની દેસાઈ અટક પડી હતી.
- ✓ અંગ્રેજી છઠ્ઠા સુધીના અભ્યાસ પછી પિતાનું અવસાન થતાં કમને અભ્યાસ છોડવો પડ્યો હતો.
- ✓ જુદા-જુદા ઠેકાણે નોકરીઓ કરી, સુરતમાં શારદાપૂજક મંડળી સ્થાપનારા ઈચ્છારામની મુખ્ય છબી સાહિત્યકાર અને પત્રકાર તરીકે છે.
- ✓ સ્વતંત્રતા અને ગુજરાતી નામના સામયિકો સફળતાપૂર્વક ચલાવનાર ઈચ્છારામે ગુજરાતી સામયિકોમાં દિવાળી અંકો કાઢવાનું શરૂ કર્યું.
- ✓ 1901માં તેઓએ ગુજરાતી પંચાંગ બહાર પાડ્યું હતું.

**પુસ્તકો :**

- ✓ દાર્શનિક, ટીપૂ સુલતાન હિન્દ અને બ્રિટાનિયા જેવા 46 જેટલા ઈતિહાસ, સાહિત્ય, સંપાદન અને ચરિત્રના પુસ્તકો લખ્યા છે.
- ✓ ભાષાશુદ્ધિના આગ્રહી અને ગુજરાતી પત્રકારત્વમાં સીમાસ્તંભરૂપ યોગદાન આપનારા ઈચ્છારામનું 5 ડિસેમ્બર 1912ના રોજ અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૦-૦૮-૨૦૨૦)

1. ગુજરાત સરકારે ખેડૂતોએ કોઈપણ પ્રકારના પ્રીમિયમ ભર્યા વિના પાક વિમો મળી રહે તે માટે તાજેતરમાં કઈ મહત્વની યોજના લોન્ચ કરી છે - **"મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"**
2. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"ક્યારથી અમલમાં આવશે- **11ઓગસ્ટ 2020**
3. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"કયા પાક સિઝને લાગું પડશે- **ખરીફ**
4. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના" ખરીફના કયા કયા પાકોને લાગું પડશે - **તમામ પાક**

5. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"માં કયા વર્ષે માટે લાગું કરાશે- **વર્ષે 2020**
6. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"માં કયા કયા કુદરતી જોખમ સમાવાયા છે - **દુષ્કાળ-અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ-વાદળ ફાટવું અને માવઠું કે કમોસમી વરસાદ**
7. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"માં 33 ટકાથી 60 ટકા નુકસાનના કિસ્સામાં પ્રતિ હેકટર કેટલી સહાય મળશે- **રૂ. 20,000/- (મહત્તમ રૂ.80,000/-)**
8. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"માં 33 ટકાથી 60 ટકા કે 60 ટકા થી વધુ નુકસાનના કિસ્સામાં મહત્તમ કેટલા હેકટર સુધી સહાય મળશે- **4 હેકટર**
9. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"માં 60 ટકાથી વધુ નુકસાનના કિસ્સામાં પ્રતિ હેકટર કેટલી સહાય મળશે-**રૂ. 25,000/- (મહત્તમ રૂ.1 લાખ)**
10. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"માં ચોમાસામાં જે તે તાલુકામાં કેટલા ઈંચથી આછો વરસાદ થયો હોય તો દુષ્કાળ ગણાશે - **10 ઈંચ**
11. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"માં ચોમાસામાં અતિવૃષ્ટિની વ્યાખ્યામાં શું આવે છે - **સતત ભારે વરસાદની સ્થિતિમાં દક્ષિણ ગુજરાતમાં ૪૮ કલાકમાં ૩૫ ઈંચ કે તેથી વધુ અને તે સિવાય રાજ્યમાં ૪૮ કલાકમાં ૨૫ ઇંચ કે તેથી વધુ વરસાદ પડે તો પાક નુકશાનનું જોખમ ગણાશે**
12. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"માં ચોમાસામાં કમોસમી અથવા માવઠાની વ્યાખ્યામાં શું આવે છે - **૧૫ ઓક્ટોબરથી ૧૫ નવેમ્બર વચ્ચે સળગ ૪૮ કલાકમાં ૫૦ મી.મી. એટલે કે બે ઈંચથી વધુ વરસાદ પડે અને ખેતીના પાકને ખેતરમાં નુકશાન થાય તો કમોસમી વરસાદથી જોખમ ગણાશે**
13. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"માં અંદાજે રાજ્યના કેટલા ખેડૂતોને લાભ મળશે- **તમામ 56 લાખ**
14. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલી "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના"માં સહાય માટે કોના માધ્યમથી અરજી કરી શકાશે- **ઇ-ગ્રામ કેન્દ્ર**
15. તાજેતરમાં એમ.વી.વાકાશિઓ(જાપાન) નામના ક્રૂડ ઓઈલ ભરેલા જહાજમાંથી સમુદ્રમાં ઓઈલ લીકેજ થતા કયા દેશના વડાપ્રધાન દ્વારા હિન્દ સમુદ્રમાં પર્યાવરણીય કટોકટી જાહેર કરી છે - **મોરિશિયસ**
16. મોરિશિયસના ભારતીય મૂળના વડાપ્રધાનનું નામ જણાવો - **પ્રવિન્દ જગન્નાથ**
17. તાજેતરમાં વડાપ્રધાન શ્રી મોદી દ્વારા જાહેર કરાયેલા "ગંદકી મુક્ત ભારત "અભિયાનનો સમયગાળો જણાવો – **તા. 08 થી 15 ઓગસ્ટ-2020**
18. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કયા ટાપુ ઉપર કેબલ નેટવર્ક કનેક્ટિવિટીનો પ્રારંભ કરાવ્યો - **આંદામાન અને નિકોબાર**
19. આંદામાન અને નિકોબાર ઉપર તાજેતરમાં શરૂ કરાયેલ કેબલ નેટવર્કને કયું નામ અપાયું છે - **સબમરીન ઓપ્ટિકલ ફાયબર કેબલ**
20. આંદામાન અને નિકોબાર ટાપુઓને સબમરીન ઓપ્ટિકલ ફાયબર કેબલ દ્વારા કયા શહેર સાથે જોડવામાં આવ્યા- **ચેન્નાઈ**
21. આંદામાન અને નિકોબાર ટાપુઓને કેટલા કિલોમીટરના સબમરીન ઓપ્ટિકલ ફાયબર કેબલ દ્વારા ચેન્નાઈ સાથે જોડવામાં આવ્યા - **2312 કિલોમીટર**
22. તાજેતરમાં ભારત સરકારના કયા પ્રોજેક્ટ અંતર્ગત સબમરીન ઓપ્ટિકલ ફાયબર કેબલનો પ્રારંભ કરવામાં આવ્યો છે - **CANI**
23. CANI પ્રોજેક્ટનું વિસ્તૃત નામ જણાવો - **ચેન્નાઈ-આંદામાન એન્ડ નિકોબાર આઈસલેન્ડ**
24. મદ્રાસ ક્રોકોડાઈલ બેંક કયાં આવેલી છે- **મહાબલિપુરમ (TN)**
25. કાગળમાંથી જુદા જુદા પ્રકારના રમકડાં બનાવાની કળા કયા નામે ઓળખાય છે - **ઓરિગામી**
26. "વિશ્વ સિંહ દિવસ" કયારે ઉજવવામાં આવે છે - **10 ઓગસ્ટ**
27. "વિશ્વ સિંહ દિવસ"-2020ની થીમ જણાવો-**"BIG CATS-PREDATORS UNDER THREAT"**

28. "વિશ્વ સિંહ દિવસ"ની ઉજવણીનો પ્રથમ પ્રારંભ કયારે કરવામાં આવ્યો હતો - **વર્ષે 2013**

29. ગુજરાતમાં 2020ની સ્થિતિએ સિંહોની સંખ્યા કેટલી છે - **674**

30. જંગલમાં સિંહનું આયુષ્ય કેટલું હોય છે - **15 વર્ષે**

31. પ્રાણી સંગ્રહાલયમાં સિંહનું આયુષ્ય કેટલું હોય છે - **20 વર્ષે**

32. સાક્ષરવર્યે ઈચ્છારામ દેસાઈનો જન્મદિવસ જણાવો- **10 ઓગસ્ટ**

33. સાક્ષરવર્યે ઈચ્છારામ દેસાઈનો જન્મ કયા શહેરમાં થયો હતો- **સુરત**

## DATE : 11-08-2020

### ૧."Sputnik"(5) : રશિયા દ્વારા વિશ્વમાં પ્રથમ કોરોના વેક્સિન બનાવી હોવાની જાહેરાત (આરોગ્ય)

- ✓ વેક્સિનનું નામ : "Sputnik"(5)
- ✓ વિશ્વમાં સૌપ્રથમવાર રશિયા દ્વારા વર્ષ-૧૯૫૭માં અવકાશમાં છોડાયેલા પ્રથમ ઉપગ્રહ "સ્પુટનિક" પરથી વેક્સિનનું નામ અપાયું
- ✓ રસી માટે બેઝ : એડેનો વાઈરસ
- ✓ સંસ્થા : ગામલેયા રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ
- ✓ રાષ્ટ્રપતિ : વ્લાદિમીર પુટિન
- ✓ રાજધાની : મૉસ્કો

### ૨. અવસાન : મશહૂર શાયર ડૉ. રાહત ઈન્દોરીનું ૭૦ વર્ષે ઈન્દોરમાં અવસાન





- ✓ જન્મ : ૦૧/૦૧/૧૯૪૯ સ્થળ : ઈન્દોર
- ✓ બોલિવૂડ માટે ગીતકાર તરીકેની ભૂમિકા

### 3. હિન્દુ ઉત્તરાધિકાર (સુધારા) કાયદો-૨૦૦૫ (કાયદો)

**સંપત્તિના અધિકાર અંગે સુપ્રીમ કોર્ટનો મહત્વનો ચૂકાદો :**

- ✓ પુત્રીઓને પણ પૈતૃક સંપત્તિ અને વારસામાં સરખા ભાગનો અધિકાર
- ✓ જસ્ટિસ અરુણ મિશ્રાની અધ્યક્ષતાવાળી ત્રણ જજની બેંચનો મહત્વનો ચૂકાદો




**મહત્વનું નિવેદન :**

- ✓ દિકરો તો માત્ર લગ્ન સુધી જ દિકરો રહે છે જ્યારે દિકરીઓ આજીવન દિકરી રહે છે – જજ અરુણ મિશ્રા.
- ✓ કોર્ટના ચુકાદા મુજબ હિન્દુ ઉત્તરાધિકાર કાયદા, 1956ની ધારા-6માં કરાયેલી જોગવાઈ સુધારા પહેલા કે ત્યાર પછી જન્મેલી પુત્રીઓને પુત્રો જેટલા જ સમાન વારસદારનો દરજ્જો આપે છે.
- ✓ તેમનો અધિકાર અને જવાબદારી પુત્રો જેટલી જ છે.
- ✓ સુધારા પહેલા જન્મેલી પુત્રીઓ પણ પિતાની સંપત્તિ પર દાવો કરી શકે છે. જોકે, આ 2 ડિસેમ્બર, 2004 સુધી થઈ ચુકેલી સંપત્તિની વહેંચણી કે વસિયતનામાના નિકાલને અસામાન્ય નહીં કરે.
- ✓ કોર્ટે કહ્યું કે, સમાન વારસદાર હોવું પુત્રીનો જન્મસિદ્ધ અધિકાર છે. એ જરૂરી નથી કે, સપ્ટેમ્બર, 2005ના રોજ તેમના પિતા જીવતા હોય.

**સંસદે 2005માં પુત્રીઓને સમાન અધિકાર આપવાની જાહેરાત કરેલી**

- ✓ સંસદે 2005માં પુત્રીઓને પૈતૃક સંપત્તિમાં સમાન ભાગીદાર માની હતી. જોકે, અત્યાર સુધી મનાતું રહ્યું હતું કે, 2005 પછી સંપત્તિની વહેંચણીમાં પુત્રીઓને અધિકાર અપાશે, કાયદો પસાર થવાથી પહેલાના કેસોમાં નહીં.
- ✓ જોકે, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કરી દીધું છે કે, આ અગાઉના સમયમાં પણ અમલી મનાશે.
- ✓ વહેંચણીમાં પુત્રીઓને અધિકાર અપાશે, કાયદો પસાર થવાથી પહેલાના કેસોમાં નહીં જોકે , સુપ્રીમે સ્પષ્ટ કર્યું કે અગાઉથી લાગુ પડશે.

**કાયદો અને દિકરીઓના અધિકાર**

(૧) હિન્દુ કાયદા હેઠળ પ્રોપર્ટીના બે પ્રકાર ૧) એક પિતા દ્વારા ખરીદવામાં આવેલી. અને ૨) બીજી પૈતૃક સંપત્તિ. જે છેલ્લી ચાર પેઢીઓથી પુરુષોને મળતી આવી છે.

- ✓ કાયદા મુજબ, દીકરી હોય કે દીકરો આવી પ્રોપર્ટી પર બંનેનો જન્મથી જ સરખો અધિકાર હોય છે.

✓ કાયદો કહે છે કે, પિતા આ પ્રકારની પ્રોપર્ટીને પોતાના મનથી કોઈને ન આપી શકે.

✓ એટલે કે આ મામલામાં તે કોઈ એકના નામે વીલ ન કરી શકે તેનો અર્થ એ થાય છે કે તેઓ દીકરીને તેનો હિસ્સો આપવાથી વંચિત ન રાખી શકે.

✓ જન્મથી દીકરીનો પૈતૃક સંપત્તિ પર અધિકાર હોય છે.

**(૨) પિતાની ખરીદેલી પ્રોપર્ટી અંગે શું કાયદો છે ?**

✓ જો પિતાએ પોતે પ્રોપર્ટી ખરીદી છે એટલે કે પિતાએ પ્લોટ કે ઘર પોતાના પૈસાથી ખરીદ્યું છે તો દીકરીનો પક્ષ નબળો થઈ જાય છે.

✓ આ મામલામાં પિતાની પાસે પ્રોપર્ટીને પોતાની ઈચ્છાથી કોઈને ગિફ્ટ કરવાનો અધિકાર હોય છે. દીકરી તેમાં વાંધો ઉઠાવી શકે નહીં.

**(3) પિતાનું મૃત્યુ થવાની સ્થિતિમાં શું ?**

✓ જો પિતાનું મોત વીલ છોડ્યા વગર થઈ જાય છે તો તમામ ઉત્તરાધિકારીઓને પ્રોપર્ટી પર બરાબરનો અધિકાર હશે.

✓ હિન્દુ ઉત્તરાધિકારી કાયદામાં પુરુષ ઉત્તરાધિકારીઓને ચાર વર્ગોમાં વહેંચવામાં આવ્યા છે.

**૪. ટેલેન્ટ હન્ટ એપ : આત્મનિર્ભર એપ એવોર્ડ (રોજગારી)**

✓ અભિનેતા સુનીલ શેટ્ટી દ્વારા શરૂ કરવામાં આવેલા ટેલન્ટ હન્ટ એપને ભારત સરકાર તરફથી આત્મનિર્ભર એપ એવોર્ડમાં સર્વશ્રેષ્ઠ એપ ઓનલાઇન એજન્સી એવોર્ડથી સમ્માનિત કરવામાં આવ્યા.

**એપ વિશે :**

✓ આ એપના માધ્યમ દ્વારા લોકોને હજી સુધી ૧ લાખ ૨૫ હજાર લોકોને એન્ટરટેઇનમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં નોકરી મળી ગઈ છે.

✓ ફક્ત અભિનય ક્ષેત્રમાં જ નહીં પરંતુ વિવિધ ક્ષેત્રો જેવા કે લેખન, એડિટીંગ વગેરેમાં રોજગારી ઉપલબ્ધ.

**૫. 11 ઓગસ્ટ 1979 : મચ્છુના પૂરે મોરબીને તબાહ કર્યું હતું**

✓ મોરબી-મચ્છુ હોનારતના 41 વર્ષ

✓ 11 ઓગસ્ટ 1979ના દિવસે બપોરના સમયે 3 વાગ્યાને 15 મિનિટે ડેમ તૂટ્યો હતો. ડેમ તૂટવાની 15 મિનિટમાં સમગ્ર શહેર પાણીમાં ગરકાવ થઈ ગયું હતું.



✓ 2 કલાકના સમયમાં તો મકાનો પાણીમાં જળસમાધી લઈ ચૂક્યા હતા. લોકો કંઈ સમજે તે પહેલા કુદરતનો કેર સર્જાઈ ચૂક્યો હતો. લોકોની સાથે હજારો પશુઓની પણ મોત થઈ હતી. ગણતરીની મિનિટમાં એક જીવતુ જાગતું શહેર સ્મશાન બની ગયું હતું.

✓ આજે પણ મચ્છુ હોનારતની વરસીના દિવસે નગરપાલિકા દ્વારા મૌનરેલી કાઢવામાં આવે છે. મૌનરેલી કાઢીને મણિમંદિર પાસેના દિવગંતોના સ્મૃતિ સ્તંભને પુષ્પાંજલિ કરી બે મિનિટ મૌન પાળીને સમગ્ર શહેરીજનોને શ્રદ્ધાંજલી આપે છે. હોનારત સમયે 11 સાયરન વગાડાય છે.

✓ જળહોનારતની ઘટના બાદ મોરબીને બેઠું કરવા એ વખતના ગુજરાતના મુખ્યમંત્રી બાબુભાઇ જસભાઈ પટેલે મોરબીમાં સચિવાલય બનાવીને પૂરગ્રસ્તો માટે અસરકારક કામગીરી કરી હતી.

**મોરબી તબાહીના સતાવાર આંકડા**

✓ સરકારી આંકડા મુજબ

✓ હોનારતમાં 6158 મકાન,

✓ 1800 ઝુપડા નાશ પામ્યા હતા

✓ 3900 જેટલા મકાનને નુક્શાન થયું હતુ.

✓ 1439 માનવ અને 12,849 પશુઓના મોત થયા હતા.

**ડોક્યુમેન્ટરી ફિલ્મ**

✓ મોરબીના પત્રકાર દિલીપ બરાસરા અને અમદાવાદના પત્રકાર દિલીપસિંહ ક્ષત્રિય તથા હર્ષદ ગોહેલએ મચ્છુ પુર દુર્ઘટનાના અસરગ્રસ્તોને મળીને મોરબીની ભાવિ પેઢીને આ ઘટનાની સાચી માહિતી મળે તે માટે મચ્છુ પુર દુર્ઘટના પરની ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવી હતી.

✓ આ ડોક્યુમેન્ટરી ફિલ્મમાં મચ્છુ હોનારતની ભયાનકતાનું સચોટ રીતે નિરૂપણ કરવામાં આવ્યું છે.

**મચ્છુ જળ હોનારત પરનું પુસ્તક**

✓ મૂળ મોરબીનાં વતની અને અમેરિકામાં વસતા યુવાન ઉત્પલ સાડેંસરા અને તેનાં મિત્ર  ટોમ વૂડને સંશોધન કર્યું

✓ જુદા જુદા દસ્તાવેજનો અભ્યાસ કર્યો,અનેક લોકોને મળ્યા બાદ તેમણે 'નો વન હેડ અ ટન્ગ ટૂ સ્પીચ જેનું ગુજરાતી અનુવાદ નીરંજન સાન્ડેસરાએ કર્યું જેનું નામ 'ઝીલો રે મચ્છુંનાં પડકાર'તૈયાર કર્યું.

✓ આ પુસ્તકમાં પૂર આટલું ભયાનક કેમ બન્યુ તેનાં કારણ રજુ કરવામાં આવ્યાં છે.

**મચ્છુ જળ હોનારત પર બની ફિલ્મ**

- ✓ મોરબીમાં સર્જાયેલી મચ્છુ જળ હોનારતની ઝાંખી કરાવતી 'મચ્છુ એક્ટ ઓફ ગોડ' ફિલ્મનું બની, આ ફિલ્મમાં મયુર ચૌહાણે લીડ રોલ કર્યો છે. તેમની સાથે આ ફિલ્મમાં જયેશ મોરે, શ્રદ્ધા ડાંગર અને ગૌરાંગ આનંદ પણ રોલ કર્યો છે.
- ✓ ફિલ્મ જતિન પટેલે પ્રોડ્યુસ કરી છે તથા શૈલેષ લેઉઆ ડિરેક્ટ કરી. શૈલેષ લેઉઆ ઈન્ડસ્ટ્રીમાં લાંબા સમયથી કાર્યરત છે. તથા આ ફિલ્મની પટકથા જય ભટ્ટ તથા શૈલેષ લેઉઆએ લખી છે.

૬. જન્મદિન વિશેષ : 11 ઓગસ્ટ

(૧) થિયોસોફિસ્ટ મેડમ બ્લેવટસ્કી

જન્મ : 11 ઓગસ્ટ 1831 અવસાન : 8 મે 1891

- ✓ ભારતમાં 19મા સૈકાના મેડમ મહત્ત્વપૂર્ણ સાંસ્કૃતિક આંદોલનના પ્રણેતા આ રશિયન મહિલા બ્લેવટસ્કીની 11 વર્ષની ઉંમરે માતાનું અવસાન થયું હતું.
- ✓ 7 સપ્ટેમ્બર 1875ના રોજ કર્નલ ઓલકોટ સાથે થિયોસોફિકલ (ઈશ્વરીય જ્ઞાન) સોસાયટીની સ્થાપના કરી.
- ✓ ફેબ્રુઆરી 1879માં સ્વામી દયાનંદ સરસ્વતીના નિમંત્રણથી ભારત આવ્યાં.
- ✓ ભારતમાં તેમનાં સહાયક તરીકે બાબુલ બુલ્લા નામનો ગુજરાતી કાર્યરત હતો.
- ✓ એક શ્વેતાંગ મહિલાને હિંદુ ધર્મ વિશે અસ્મલિતપણે ભાષણો આપતાં ભારતીય સમાજમાં સુધારા કરવા માંગતા સુધારકો વિરુદ્ધ કામ કરતાં સંરક્ષણવાદી સુધારકોને રક્ષા કવચ પ્રાપ્ત લેવટસ્કી થયું હતું.
- ✓ તેમનાં વિચારોની યુવા વર્ગ પર ગાઢ અસર પડી હતી. શ્રીમતી એની બેસન્ટ તેમાંના એક હતાં.
- ✓ "દિ થિયોસોફિટ" સામયિકનું સંપાદન અને દિ સિક્રેટ ડોકટ્રીન પુસ્તક વગેરે તેઓની લેખન પ્રવૃત્તિઓ હતી.
- ✓ 8મે 1891ના રોજ 59 વર્ષની ઉંમરે મેડમ બ્લવટસ્કીનું લંડનમાં અવસાન થયું હતું.

૭. દિન વિશેષ : 11 ઓગસ્ટ

વીર શહીદ - સ્વાધીનતા સંઘર્ષના મહાનાયક ખુદીરામ બોઝની પુણ્યતિથિ

- ✓ જન્મ: 3 ડિસેમ્બર 1889 અવસાન : 11 ઓગસ્ટ 1908
- ✓ જન્મસ્થાન: હબીબપુર, જિલ્લો - મિદ્રાપોર (તત્કાલીન અવિભાજિત પશ્ચિમ બંગાળ)
- ✓ પિતા : ત્રીલોકનાથબોઝ
- ✓ માતા: લક્ષ્મીપ્રિયાદેવી.
- ✓ ખુદીરામ બોઝને શ્રીમદ્ભગવદ્ગીતા અને પોતાના શિક્ષક સત્યેન્દ્રનાથ બોઝ પાસેથી પ્રેરણા મળી હતી.
- ✓ 30 એપ્રિલ 1908ના રોજ ખુદીરામ બોઝ અને પ્રફુલ્લ ચાકીએ યુરોપિયન ક્લબની બહાર કિંગ્સફોર્ડની બગી પર બોમ્બે ફેંક્યો હતો અને ગોળીઓ ચલાવી હતી. તેમને પછીથી ખબર પડી કે બગીમાં કિંગ ફોર્ડની બેટી અને એક મહિલા હતી, જેમનું મૃત્યુ થયું હતું.
- ✓ બ્રિટિશ સરકારે ખુદીરામ બોઝને પકડવા માટે 1000 રૂપિયાનું ઇનામ રાખ્યું હતું. 1લી મે 1908ના રોજ પોલીસે તેમને હિરાસતમાં લીધા હતા.
- ✓ 21 મે 1908ના રોજ તેમના કેસની સુનાવણી કરવામાં આવી હતી. વિનોદ બિહારી મજુમદાર અને મન્નુક બ્રિટિશ સરકારના ગવાહ હતા જ્યારે ઉપેન્દ્રનાથ સેન, કાલિદાસ બસુ અને ક્ષેત્રનાથ બંદોપાધ્યાય ખુદીરામ બોઝના બચાવમાં લડી રહ્યા હતા.
- ✓ 11 ઓગસ્ટ 1908ના રોજ આ વીર ક્રાંતિકારીને ફાંસી આપવામાં આવી હતી. જ્યારે ખુદીરામ શહીદ થયા ત્યારે તેમની ઉંમર માત્ર 19 વર્ષની હતી.
- ✓ વીસમી સદીની શરૂઆતમાં જ શહીદ થવા વાળા ક્રાંતિકારીઓમા ખુદીરામ બોઝ પહેલા હતા.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૧-૦૮-૨૦૨૦)

1. ઓગસ્ટ-૨૦૨૦માં કયા દેશે વિશ્વમાં પહેલી કોરોના વેક્સિન બનાવી હોવાની જાહેરાત કરી હતી – **રશિયા**
2. ઓગસ્ટ-૨૦૨૦માં રશિયાએ વિશ્વમાં પહેલી કોરોના વેક્સિન બનાવી હોવાની જાહેરાત કરી તેનું નામ જણાવો – **"Sputnik(5)"**
3. રશિયા દ્વારા વિશ્વમાં સૌપ્રથમવાર વર્ષ-૧૯૫૭માં અવકાશમાં છોડેલા પ્રથમ ઉપગ્રહનું નામ જણાવો - **"સ્પુટનિક"**
4. રશિયાની રાજધાની કઈ છે - **મૉસ્કો**
5. રશિયાના વર્તમાન રાષ્ટ્રપતિનું નામ જણાવો - **વ્લાદિમીર પુટિન**
6. રશિયાએ વિશ્વમાં પહેલી કોરોના વેક્સિન બનાવી હોવાની જાહેરાત કરી તે બનાવનાર સંસ્થા કઈ છે - **ગામલેયા રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ**
7. ઓગસ્ટ-૨૦૨૦માં કયા મશહૂર શાયરનું ૭૦ વર્ષે ઈન્દોરમાં અવસાન થયુ હતુ - **ડૉ. રાહત ઈન્દોરી**

8. ઓગસ્ટ-૨૦૨૦માં જેમનુ અવસાન થયુ તે મશહૂર શાયર ડૉ. રાહત ઈન્દોરીનો જન્મદિવસ જણાવો - **૦૧/૦૧/૧૯૪૯**
9. મશહૂર શાયર ડૉ. રાહત ઈન્દોરી કોના માટે ગીતકાર તરીકેની ભૂમિકા ભજવી હતી - **બોલિવૂડ**
10. ઓગસ્ટ-૨૦૨૦માં સુપ્રીમ કોર્ટે કયા હિન્દુ કાયદા અંગે મહત્વનો ચૂકાદો આપ્યો - **હિન્દુ ઉત્તરાધિકાર (સુધારા) કાયદો-૨૦૦૫**
11. ઓગસ્ટ-૨૦૨૦માં સુપ્રીમ કોર્ટે પૈતૃક સંપત્તિ અને વારસામાં પુત્રની સાથે કોને સરખા ભાગનો અધિકાર આપવાનો ચૂકાદો આપ્યો – **પુત્રી**
12. કોની અધ્યક્ષતાવાળી સુપ્રીમ કોર્ટની ત્રણ જજની બેંચએ તાજેતરમાં પુત્રીઓને પણ પૈતૃક સંપત્તિ અને વારસામાં સરખા ભાગનો અધિકાર અંગેનો ચૂકાદો આપ્યો - **જસ્ટિસ અરુણ મિશ્રા**
13. સુપ્રીમ કોર્ટના જજ અરુણ મિશ્રા એ કયા કેસનો ચૂકાદા સંભળાવતી વેળાએ 'દિકરો તો માત્ર લગ્ન સુધી જ દિકરો રહે છે જ્યારે દિકરીઓ આજીવન દિકરી રહે છે' નિવેદન ટાંક્યુ હતુ - **પૈતૃક સંપત્તિ અને વારસામાં પુત્રીને સરખા ભાગનો અધિકાર અંગેના ચૂકાદા વેળાએ**
14. ભારતીય સંસદે ક્યા વર્ષે પુત્રીઓને સમાન અધિકાર આપવાની જાહેરાત કરેલી હતી – **વર્ષ-2005**
15. હિન્દુ કાયદા હેઠળ પ્રોપર્ટીના કેટલા પ્રકાર પડે છે – **બે**
16. હિન્દુ કાયદા હેઠળ પ્રોપર્ટીના કયા બે પ્રકાર પડે છે – **૧). એક પિતા દ્વારા ખરીદવામાં આવેલી અને ૨). પૈતૃક સંપત્તિ**
17. હિન્દુ કાયદા મુજબ છેલ્લી ચાર પેઢીઓથી પુરુષોને મળતી આવતી સંપત્તિને કઈ સંપતિ તરીકે ઓળખવામાં આવે છે - **પૈતૃક સંપત્તિ**
18. ઓગસ્ટ-૨૦૨૦માં ભારત સરકાર તરફથી આત્મનિર્ભર એપ એવોર્ડમાં સર્વશ્રેષ્ઠ એપ ઓનલાઇન એજન્સી એવોર્ડથી કોને સમ્માનિત કરવામાં આવી – **ટેલેન્ટ હન્ટ એપ**
19. ઓગસ્ટ-૨૦૨૦માં ભારત સરકાર તરફથી આત્મનિર્ભર એપ એવોર્ડમાં સર્વશ્રેષ્ઠ એપ ઓનલાઇન એજન્સી એવોર્ડ મેળવનારી ટેલેન્ટ હન્ટ એપ કોના દ્વારા શરૂ કરવામાં આવી હતી – **સુનિલ શેટ્ટી**
20. આત્મનિર્ભર એપ એવોર્ડ વિજેતા ટેલેન્ટ હન્ટ એપના માધ્યમ દ્વારા ઓગસ્ટ-૨૦૨૦ની સ્થિતિએ કેટલા લોકોને એન્ટરટેઇનમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં નોકરી મળી છે – **સવા લાખ**
21. મચ્છુ નદીના કિનારે કયુ શહેર આવેલું છે – **મોરબી**
22. 11 ઓગસ્ટ 1979ના રોજ ગુજરાતમાં કઈ એક દુખદ ઘટના બની હતી – **મચ્છુ હોનારત મોરબી**
23. મોરબીમાં સર્જાયેલી મચ્છુ જળ હોનારત આધારિત બનેલી ફિલ્મનું નામ જણાવો - **'મચ્છુ એક્ટ ઓફ ગોડ'**
24. મચ્છુ જળ હોનારત પર કોણે પુસ્તક લખ્યું છે - **ઊત્પલ સાડેંસરા અને તેનાં મિત્ર ટોમ વૂડ**
25. ઊત્પલ સાડેંસરા અને તેનાં મિત્ર ટોમ વૂડે મચ્છુ જળ હોનારત પર લખેલા પુસ્તકનું નામ જણાવો - **'નો વન હેડ અ ટન્ગ ટૂ સ્પીચ'**
26. મચ્છુ જળ હોનારત પર લખાયેલા પુસ્તક 'નો વન હેડ અ ટન્ગ ટૂ સ્પીચ'નો અનુવાદ કોણે-ક્યા નામે કર્યો છે - **'ઝીલો રે મચ્છુંનાં પડકાર'**
27. ભારતમાં 19મા સૈકાના મેડમ-સાંસ્કૃતિક આંદોલનના પ્રણેતા રશિયન મહિલા બ્લેવટસ્કીનો જન્મ ક્યારે થયો હતો - **11 ઓગસ્ટ 1831**
28. 7 સપ્ટેમ્બર 1875ના રોજ કોના દ્વારા થિયોસોફિકલ (ઈશ્વરીય જ્ઞાન) સોસાયટીની સ્થાપના કરવામાં આવી હતી - **કર્નલ ઓલકોટ અને બ્લેવટસ્કી**
29. મેડમ બ્લવટસ્કી ફેબ્રુઆરી 1879માં કોના નિમંત્રણથી ભારત આવ્યાં હતા - **સ્વામી દયાનંદ સરસ્વતી**
30. સ્વાધીનતા સંઘર્ષના મહાનાયક ખુદીરામ બોઝની પુણ્યતિથિ જણાવો - **11 ઓગસ્ટ 1908**
31. સ્વાધીનતા સંઘર્ષના મહાનાયક ખુદીરામ બોઝનું જન્મસ્થાન જણાવો - **હબીબપુર, જિ. મિદ્નાપોર (તત્કાલીન અવિભાજિત પશ્ચિમ બંગાળ)**
32. 11 ઓગસ્ટ 1908ના રોજ વીર ક્રાંતિકારી ખુદીરામ બોઝને ફાંસી આપવામાં આવી ત્યારે તેમની ઉંમર કેટલી હતી - **માત્ર 19 વર્ષ**

DATE : 12-08-2020

૧. પુરસ્કાર : વિવિધ કેસોના તપાસની શ્રેષ્ઠ કામગીરી માટે કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા ચંદ્રક-2020 એનાયત

✓ વિગત : વર્ષ 2020 માટે વિવિધ કેસોની "તપાસની શ્રેષ્ઠ કામગીરી માટેનું કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા 121 પોલીસ કર્મચારીઓને ચંદ્રક એનાયત કરાયો.

**હેતુ :**


- ✓ ગુનાની તપાસના ઉચ્ચ વ્યાવસાયિક ધોરણોને પ્રોત્સાહન આપવા અને તપાસ અધિકારીઓ દ્વારા તપાસમાં આવી શ્રેષ્ઠ કામગીરીને માન્યતા આપવાના ઉદ્દેશ સાથે આ ચંદ્રક એનાયત કરવાની રચના 2018માં કરવામાં આવી હતી.
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી – શ્રી અમિત શાહ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૨. માઈક્રોબ્લોગિંગ સાઈટ Twitter દ્વારા નવું લિમિટ રિપ્લાય ફીચર લોન્ચ કરાયું (સંચાર-ટેક્નોલોજી)

- ✓ **ફાયદા :** આ ફીચરની મદદથી ઓનલાઈન બુલિંગ જેવી સમસ્યાથી યુઝર્સ બચી શકશે.
- ✓ હવે યુઝરે નક્કી કરેલા અન્ય યુઝર્સ જ તેના ટ્વીટ પર રિપ્લાય આપી શકશે.
- ✓ ટ્વિટરે iOS અને એન્ડ્રોઈડ બંને યુઝર્સ માટે આ ફીચર લોન્ચ કર્યું.
- ✓ તમે રિપ્લાય કાઉન્ટ્સથી જોઈ શકો છો કે તમારા ટ્વીટ પર કેટલા યુઝર્સે રિપ્લાય આપ્યો છે અને તેનો ચોક્કસ આંકડો પણ જાણી શકાય છે.

## ૩. દિન વિશેષ - શ્રાવણ વદ ૮ : જન્માષ્ટમી


**ભગવાન શ્રીકૃષ્ણનો જન્મદિવસ એટલે જન્માષ્ટમી**



- ✓ આ દિવસ કૃષ્ણજન્મોત્સવ તરીકે પણ ઓળખાય છે.
- ✓ શ્રીકૃષ્ણ માતા દેવકી અને વાસુદેવના પુત્ર હતા.
- ✓ તેમનો જન્મ મથુરામાં રાત્રે 12 વાગ્યે કારાગૃહમાં થયો હતો.
- ✓ કૃષ્ણ માતા દેવકીની આઠમી સંતાન હતા જેમને તેમનાં મામા કંસ મારી નાખવાના હતા એ ડરથી વાસુદેવ શ્રીકૃષ્ણને યમુના નદી પાર કરીને કૃષ્ણને બાબા નંદરાય અને યશોદા પાસે મૂકી આવ્યા હતા.
- ✓ શ્રી કૃષ્ણ ભગવાન વિષ્ણુના આઠમાં અવતાર હતા વળી તિથિ પણ શ્રાવણ વદ આઠમ, આથી આ દિવસ જન્માષ્ટમી તરીકે પવિત્ર ગણાય છે.
- ✓ જન્માષ્ટમીના દિવસે કરવામાં આવેલું વ્રત દશાફલ વ્રત (શ્રાવણ વદ આઠમ) કહેવાય

## ૪. દિન વિશેષ : 12 ઓગસ્ટ

### (૧) વિશ્વ હાથી દિવસ : World Elephant Day




**ઉજવણીનો પ્રારંભ :** 12 ઓગસ્ટ-2012થી.

**ઉદ્દેશ :**

- ✓ એશિયન અને આફ્રિકન હાથીની સુરક્ષા અને સંવર્ધન કરવાની સાથે તેમનો શિકાર ઉપરાંત હાથી દાંતની ચોરી અટકાવવી.

**હાથી સંરક્ષણ અંગે ભારત સરકારના પ્રયાસો :**

- ✓ તાજેતરમાં કેન્દ્રીય પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકર દ્વારા "સુરક્ષા" (SURAKSHA) પોર્ટલ લોન્ચ કરાયું.

**ભારતમાં હાથીઓની સ્થિતિ:**

- ✓ ભારતમાં વર્ષ 1992માં હાથી પરિયોજના અંતર્ગત અત્યાર સુધીમાં 13 રાજ્યોમાં 23 હાથી સંરક્ષિત સ્થળોનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- ✓ ભારતમાં વર્ષ 2005 મુજબ હાથીઓની સંખ્યા 21,200 હતી. જે વિશ્વના કુલ હાથીઓની સંખ્યાઓની સંખ્યાના 50% છે.
- ✓ ભારત સરકારે ભારતીય હાથીને વર્ષ 2010માં રાષ્ટ્રીય વિરાસત પ્રાણી (National Heritage Animal) તરીકે જાહેર કર્યું.

**અન્ય બાબતો :**

- ✓ થાઈલેન્ડનું રાષ્ટ્રીય પ્રાણી - હાથી
- ✓ હાથીની મુખ્ય બે જાતિ : એશિયન અને આફ્રિકન.

### (૨) વીસમો આંતરરાષ્ટ્રીય યુવા દિવસ

International Youth Day

- ✓ થીમ-૨૦૨૦ : **"Youth Engagement for Global Action"**

**આંતરરાષ્ટ્રીય યુવા દિવસ વિશે :**

- ✓ સંયુકત રાષ્ટ્ર (UN)ની સામાન્ય સભા દ્વારા 17 ડિસેમ્બર-1999ના રોજ યુવા વિશ્વ સંમેલનમાં 12 ઓગસ્ટને વર્ષ 2000થી પ્રતિ વર્ષે આંતરરાષ્ટ્રીય યુવા દિવસ ઉજવવાનું નક્કી કરાયું.

**ઉદ્દેશ :** સ્થાનિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક કક્ષાએ યુવા વર્ગ સાંસ્કૃતિક, સામાજિક અને કાયદાકીય બાબતો પ્રત્યે જાગૃત

કરવાનો તેમજ ગરીબી નિવારણ અને સતત વિકાસના લક્ષ્યો પ્રાપ્ત કરવા યુવા વર્ગને નેતૃત્વ સોંપવાનો છે. ભારત યુવાઓના દેશ તરીકે જાણીતો છે.

**ભારતમાં યુવાઓની વસતી :**

- ✓ ભારતમાં કુલ વસતીમાંથી 25 વર્ષથી ઓછી ઉંમરના લગભગ 50% અને 55 વર્ષથી ઓછી ઉંમરના લગભગ 65% વ્યકિતઓ નોંધાયેલા છે.

**અન્ય વિગત :**


- ✓ સંયુકત રાષ્ટ્ર (UN)ની સામાન્ય સભા દ્વારા વર્ષ 1985ને આંતરરાષ્ટ્રીય યુવા વર્ષ (International Youth Year) જાહેર કરાયુ હતું.
- ✓ ભારત સરકાર દ્વારા વર્ષ 1984થી સ્વામી વિવેકાનંદના જન્મદિવસ 12 જાન્યુઆરીને રાષ્ટ્રીય (National Youth Day) તરીકે ઉજવવામાં આવે છે.

## ૫. જન્મ દિન વિશેષ : 12 ઓગસ્ટ

### ભારતીય અંતરીક્ષ વિજ્ઞાનના જનક :

### ડૉ. વિક્રમભાઈ સારાભાઈ

**જન્મ – 12 ઓગસ્ટ-1919 અવસાન – 30 ડિસેમ્બર-1971**




- ✓ ડૉ. વિક્રમ સારાભાઇએ 15મી ઓગસ્ટ-1969ના રોજ ઈસરો (ઈન્ડિયન સ્પેશ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન)ની સ્થાપના કરી
- ✓ ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના સ્પેસ પ્રોગ્રામના પિતામહ ડૉ. વિક્રમ સારાભાઈનો જન્મ 12મી ઓગસ્ટ, 1919ના રોજ અમદાવાદના ઉદ્યોગપતિ પરિવારમાં થયો હતો.
- ✓ વિક્રમ સારાભાઈને નાનપણથી જ મશીનોમાં રસ પડતો. કિશોરવયે જ તેમણે ટોય ટ્રેન કિટ પરથી પ્રેરણા લઈને ટ્રેક સાથેની આગગાડી બનાવી હતી, જે આજેય અમદાવાદ સ્થિત કોમ્યુનિટી સાયન્સ સેન્ટરમાં જોવા મળે છે.

**માતાએ મોન્ટેસરી પદ્ધતિથી ઘરમાં જ શિક્ષણ આપ્યું**

- ✓ ભારતના માન્ચેસ્ટર ગણાતા અમદાવાદના ધનાઢ્ય ઉદ્યોગપતિ અંબાલાલ સારાભાઈ અને ગોદાવરી બાના પરિવારમાં વિક્રમભાઈનો જન્મ. તેમના પિતાને વારસામાં જ વિશાળ વેપાર મળ્યો હતો.
- ✓ માતાપિતા મહાત્મા ગાંધીના પણ ચુસ્ત સમર્થક. એ જમાનામાં ગોદાવરી બાએ બ્રિટીશ શિક્ષણવિદ્ મેડમ મોન્ટેસરીથી પ્રભાવિત થઈને બાળકોને પણ ઘરમાં જ શિક્ષણ આપ્યું.
- ✓ ઘરમાં ઉદ્યોગપતિઓની સાથે ટાગોર, જે. કૃષ્ણમૂર્તિ, મોતીલાલ નહેરૂ, જવાહરલાલ નહેરૂ, સરોજિની નાયડુ, મૌલાના આઝાદ અને સી. વી. રમન જેવા જુદા જુદા ક્ષેત્રોના ધુરંધરોની આવનજાવન, જેની નાનકડા વિક્રમ પર ઘેરી અસર થઈ.

**ડૉ. રમનના માર્ગદર્શનમાં Ph.D**

- ✓ ગુજરાત કોલેજમાં સ્નાતકની પદવી લઈને ઉચ્ચ શિક્ષણ માટે બ્રિટનની પ્રતિષ્ઠિત કેમ્બ્રિજયુનિવર્સિટીમાં પ્રવેશ લીધો.
- ✓ બીજું વિશ્વ યુદ્ધ ફાટી નીકળતા તેઓ ભારત પરત ફર્યા, અને દેશમાં જ પી.એચડી. કર્યું.
- ✓ તેમણે 'કોસ્મિક રે ઈન્વેસ્ટિગેશન્સ ઈન ટ્રોપિકલ લેટિટ્યુડ્સ' વિષયમાં થીસિસ લખ્યો અને તેમના ગાઈડ હતા, નોબલ વિજેતા વિજ્ઞાની ડૉ. સી.વી. રમન.

**મોડર્ન ભારત માટેનું વિઝન**

- ✓ વિક્રમ સારાભાઈનું 30 ડિસેમ્બર, 1971ના રોજ 52 વર્ષની વયે અવસાન થયું, એ પહેલાં તેમણે ભારતનો પહેલો ઉપગ્રહ આર્યભટ્ટ લૉન્ચ કરવાની તૈયારી કરી હતી.
- ✓ આજે આપણને કેબલ ટેલિવિઝનની લક્ઝરી મળી છે, એ માટે પણ તેમનો આભાર માનવો પડે કારણ કે, 1975માં તેમણે નાસા સાથે મળીને સેટેલાઈટ ઈન્સ્ટ્રક્શન ટેલિવિઝન એક્સપિરિમેન્ટ (એસઆઈટીઈ)ની સ્થાપના કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.
- ✓ ટેક્સ્ટાઈલ રિસર્ચ કરતી સંસ્થા અટીરા, સેન્ટર ફોર એન્વાયર્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેક્નોલોજી (સેપ્ટ) જેવી સંસ્થાઓ થકી દેશના ખરા વિકાસનો પાયો નાંખ્યો.
- ✓ તેઓ આઈઆઈએમના સ્થાપક સભ્યોમાંના પણ એક હતા.
- ✓ થુમ્બાના ચર્ચને સ્પેસ સેન્ટરમાં પરિવર્તિત કરીને પહેલું રોકેટ લૉન્ચ કર્યું
- ✓ 21 નવેમ્બર, 1963ના રોજ તેમણે થિરુવનંતપુરમના થુમ્બા ગામના એક ચર્ચની જગ્યાએથી સ્પેસમાં એક નાનકડું રોકેટ મોકલવાનું નક્કી કર્યું, એ સ્થળે થુમ્બા ઈક્વેટોરિયલ રોકેટ લૉન્ચ સ્થાપિત કરાયું, જે આજે વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર તરીકે ઓળખાય છે.

✓ ડૉ. વિક્રમ સારાભાઈના શિષ્ય એટલે ડૉ. અબ્દૂલ કલામ.

✓ વિક્રમ સારાભાઈએ યુવાન અબ્દુલ કલામનો ઈન્ટરવ્યૂ લઈ પોતાની ટીમમાં સામેલ કર્યા હતા. કલામની વિજ્ઞાની તરીકેની શરૂઆતની કારકિર્દીમાં પણ તેમની ભૂમિકા મહત્ત્વની છે.

✓ કલામે નોંધ્યું છે કે, મને વિક્રમ સારાભાઈએ ઓળખી લીધો હતો. જોકે, તેનું કારણ હું બહુ ભણેલો હતો એ નહીં, પરંતુ હું ખૂબ મહેનત કરતો હતો, એ હતું. ત્યાર પછી તેમણે મને પૂર્ણ રીતે વિકસિત થવાનું કહ્યું હતું.

**અમદાવાદના ઘરમાં શરૂ થયો ઈન્ડિયન સ્પેસ પ્રોગ્રામ**

✓ દેશ આઝાદ થતાં જ, 1947માં, ડૉ. વિક્રમ સારાભાઈએ રાત-દિવસ કામ કરીને ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીની સ્થાપના કરી.

✓ અમદાવાદના શાહીબાગમાં આવેલા ‘રિટ્રીટ’ બંગલોના એક રૂમને વિક્રમ સારાભાઈએ ઓફિસમાં ફેરવી દીધો. ત્યાં તેમણે પીઆરએલનું કામ શરૂ કર્યું.

✓ આજેય આ સંસ્થા સ્પેસ અને એલાઈડ સાયન્સની અગ્રણી સંસ્થા ગણાય છે. જેનાથી દેશને અનેક મહાન વિજ્ઞાનીઓ મળ્યા છે.

✓ વિજ્ઞાન જાગૃતિ માટે 1968માં અમદાવાદમાં કોમ્યુનિટી સાયન્સ સેન્ટરની સ્થાપના કરી

મૃણાલિની સારાભાઈ સાથે લગ્ન

✓ 1942માં ક્લાસિકલ ડાન્સર મૃણાલિની સારાભાઈ સાથે લગ્ન કર્યા, જેના થકી તેમને મલ્લિકા અને કાર્તિકેય એમ બે સંતાન છે.

સન્માન

✓ 1966માં પદ્મ ભૂષણ, 1972માં પદ્મ વિભૂષણ (મરણોપરાંત)

✓ 1972માં સરકારે તેમના માનમાં એક ટપાલ ટિકિટ પણ જારી કરી.

✓ ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયને 1973માં ચંદ્ર પર પડેલા ‘બેસલ એ’ નામના ક્રેટર (ખાડો)ને તેમની યાદમાં ‘સારાભાઈ ક્રેટર’ નામ આપ્યું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૨-૦૮-૨૦૨૦)

1. વિવિધ તપાસ કેસોમાં તપાસની શ્રેષ્ઠ કામગીરી માટે કેન્દ્રના ગૃહમંત્રી દ્વારા વર્ષે 2020માં કેટલા પોલીસ કર્મયોગીઓને ચંદ્રકથી સન્માનિત કરાયા - 121
2. વિવિધ તપાસ કેસોમાં તપાસની શ્રેષ્ઠ કામગીરી માટે કેન્દ્રના ગૃહમંત્રી દ્વારા કયા વર્ષેથી પોલીસ કર્મયોગીઓને ચંદ્રકથી સન્માનિત કરવામાં આવે છે - 2018
3. વર્તમાન કેન્દ્રીય ગૃહમંત્રીનું નામ જણાવો - **શ્રી અમિત શાહ**
4. તાજેતરમાં ટિવટર દ્વારા કયું નવું ફીચર એડ કરાયું- લિમિટ રિપ્લાય ફીચર
5. શ્રાવણ વદ આઠમ એટલે- **કૃષ્ણનો જન્મ-જન્માષ્ટમી**
6. શ્રી કૃષ્ણ ભગવાન વિષ્ણુના કેટલામાં અવતાર હતા- **આઠમા**
7. "વિશ્વ હાથી દિવસ" કયારે ઉજવવામાં આવે છે - **12 ઓગસ્ટ**
8. -"વિશ્વ હાથી દિવસ"ઉજવવાનો સૌપ્રથમ પ્રારંભ કયારે કરવામાં આવ્યો હતો - **12 ઓગસ્ટ 2012**
9. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા હાથીઓની સુરક્ષા માટે કયું પોર્ટલ લોન્ચ કરાયું - **સુરક્ષા**
10. ભારત સરકારે કયા વર્ષે હાથીને "રાષ્ટ્રીય વિરાસત પ્રાણી" જાહેર કર્યું છે - **2010**
11. થાઈલેન્ડનું રાષ્ટ્રીય પ્રાણી જણાવો - **હાથી**
12. આંતરરાષ્ટ્રીય યુવા દિવસ કયારે મનાવવામાં આવે છે - **12 ઓગસ્ટ**
13. આંતરરાષ્ટ્રીય યુવા દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **“Youth Engagement for Global Action”**
14. "આંતરરાષ્ટ્રીય યુવા દિવસ" કઈ સંસ્થા દ્વારા ઉજવવામાં આવે છે - **UNO**
15. "આંતરરાષ્ટ્રીય યુવા દિવસ" કયા વર્ષેથી ઉજવવામાં આવે છે - **2000**
16. UNO દ્વારા કયા વર્ષને "આંતરરાષ્ટ્રીય યુવા વર્ષ" તરીકે ઉજવવામાં આવ્યું - **1985**
17. ભારતના સ્પેસ પ્રોગ્રામના પિતામહ તરીકે કોણ ઓળખાય છે - **ડો. વિક્રમ સારાભાઇ**
18. પ્રખ્યાત વૈજ્ઞાનિક ડો. વિક્રમ સારાભાઇનો જન્મ દિવસ જણાવો - 12 ઓગસ્ટ-1919
19. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન(ઈસરો)ની સ્થાપના કોણે અને કયારે કરી હતી - **ડો.વિક્રમ સારાભાઇ અને ૧૫મી ઓગષ્ટ-૧૯૬૯**
20. ડૉ. વિક્રમ સારાભાઈનો જન્મ કયા થયો હતો - **અમદાવાદ**

21. વર્ષ-1975માં ડૉ. વિક્રમ સારાભાઈએ નાસા સાથે મળીને શેની સ્થાપના કરવામાં મહત્વની ભૂમિકા ભજવી - <u>સેટેલાઈટ ઈન્સ્ટ્રક્શન ટેલિવિઝન એક્સપિરિમેન્ટ (એસઆઈટીઈ)</u>

22. ડૉ. વિક્રમ સારાભાઈને ભારત સરકાર દ્વારા 1966 અને 1972માં કયા કયા એવોર્ડથી સન્માનિત કરાયા - <u>પદ્મ ભૂષણ, અને પદ્મ વિભૂષણ (મરણોપરાંત)</u>


23. ડૉ. વિક્રમ સારાભાઈના માનમાં ભારત સરકારે કયા વર્ષમાં ટપાલ ટિકિટ જારી કરી – <u>1972</u>

24. કઈ સંસ્થાએ 1973માં ચંદ્ર પર પડેલા 'બેસલ'એ નામના ક્રેટર (ખાડો)ને તેમની યાદમાં 'સારાભાઈ ક્રેટર' નામ આપ્યું હતું - <u>ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયન</u>

**DATE : 13-08-2020**

<u>૧. 'પારદર્શક કરવ્યવસ્થા-પ્રમાણિકોનું સન્માન' નવી આવક વેરા વ્યવસ્થાનો ભારતમાં પ્રારંભ (કરવેરા)</u>

<u>**વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ નવી આવક વ્યવસ્થા તા.૧૩મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ દેશને સમર્પિત કરાઈ**</u>




- ✓ <u>નવીન પ્લેટફોર્મ : 'ટ્રાન્સપરન્ટ ટેક્સેસન : ઓનરિંગ ધ ઓનેસ્ટ.</u>

<u>**મુખ્ય હેતુ અને ફાયદા :**</u>

- ✓ આ વ્યવસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય નિર્બાધ, પીડારહિત અને ઓળખવિહીન કરવ્યવસ્થા
- ✓ નવી વ્યવસ્થા વર્તમાન કરવ્યવસ્થાને ફેસલેસ બનાવશે. દેશના નાગરિકોના જીવનમાં સરકારી હસ્તક્ષેપ ઘટાડવાની દિશામાં આ મોટું પગલું છે.
- ✓ <u>નવી વ્યવસ્થામાં ફેસલેસ એસેસમેન્ટ, ફેસલેસ અપીલ અને ટેક્સપેયર્સ ચાર્ટર જેવા મોટા સુધારા સામેલ</u> કરાયાં છે.
- ✓ ફેસલેસ એસેસમેન્ટ અને ટેક્સપેયર્સ ચાર્ટર તા.૧૩મી ઓગસ્ટ-૨૦૨૦થી અમલમાં જ્યારે ફેસલેસ અપીલનો તા. ૨૫મી સપ્ટેમ્બર-૨૦૨૦થી અમલ થશે.
- ✓ આ ફેસલેસ સિસ્ટમ કરદાતાઓને પારદર્શકતા અને ભયમુક્તતાનો ભરોસો અપાવશે.

<u>**શું છે નવી પારદર્શક કર વ્યવસ્થા :**</u>

<u>**ત્રણ મહત્વના સુધારા :**</u>

<u>**(૧) ફેસલેસ એસેસમેન્ટ: એક કેસનું એસેસમેન્ટ ત્રણ શહેરોની અલગ-અલગ ટીમ કરશે**</u>

- ✓ જ્યાં રિટર્ન ફાઈલ થઇ રહ્યું છે તે શહેરના અધિકારી કેસને નહીં જુએ. કમ્પ્યૂટરથી દેશના કોઇ પણ અધિકારી પાસે કેસ એલૉટ થશે.
- ✓ એક એસેસમેન્ટ ત્રણ શહેરની ટીમ કરશે. પ્રથમ ટીમ ડ્રાફ્ટ એસેસમેન્ટ કરશે. બીજાં શહેરની ટીમ રિવ્યૂ, ત્રીજાં શહેરની ટીમ તેને ફાઈનલ કરશે.

<u>**ફાયદો શું થશે?**</u>

- ✓ એસેસમેન્ટ કરનાર અધિકારી અને કરદાતા ક્યારેય આમનેસામને નહીં આવે, કરદાતાને હેરાન કરી શકાશે નહીં. અધિકારી અને કરદાતા વચ્ચે મિલીભગત નહીં થઈ શકે.

<u>**ફેરફાર કેમ કર્યા**</u>

- ✓ સરકારને આવકવેરા દ્વારા વેપારીઓને હેરાન કરવાની ફરિયાદ મળતી રહેતી હતી.
- ✓ સીએ ઘણા સમયથી તેની માગ કરી રહ્યા હતા. અત્યાર સુધી દેશનાં 13 શહેરોમાં જ તેની વ્યવસ્થા હતી.

<u>**(૨) ક્સપેયર ચાર્ટર**</u>

- ✓ રેટ્રોસ્પેક્ટિવ ટેક્સ નહીં લાગે: કરદાતા પાસેથી પાછલી તારીખનો ટેક્સ વસૂલ કરી શકાશે નહીં
- ✓ ટેક્સપેયર ચાર્ટરમાં જ કરદાતાઓને અધિકાર અપાશે કે કાયદામાં થનારા ફેરફારને લીધે તેમના પર રેટ્રોસ્પેક્ટિવ એટલે કે ગત તારીખથી ટેક્સ નહીં લગાવાય. ટેક્સના કાયદામાં જે પણ ફેરફાર થશે તે વર્તમાન વર્ષ અને આગળનાં વર્ષો પર જ લાગુ થશે.

<u>**ફાયદો શું થશે**</u>

- ✓ મોટા બિઝનેસમેન અને વિદેશીઓને ફાયદો થશે. જો કાયદામાં ફેરફાર થયા પછી કોઈ નવો ટેક્સ લાગુ કરવામાં આવે તો પણ પાછલી તારીખથી નવા દરે ટેક્સ ભરવો પડશે નહીં.

<u>**ફેરફાર કેમ કર્યા**</u>

✓ યુપીએ શાસનમાં વોડાફોન પર 22 હજાર કરોડ અને કેયર્ન પર 11 હજાર કરોડનો પાછલી તારીખથી ટેક્સ લગાવાયો હતો. તેનાથી વિદેશી રોકાણકારોનું ભારત પ્રત્યે આકર્ષણ ઘટી ગયું હતું.

**(૩) સરવેનો અધિકાર મર્યાદિત : ચીફ કમિશનર સહિત માત્ર ત્રણ અધિકારી સરવે કરાવી શકશે**

✓ આઈટી એક્ટ 1961ની કલમ 133એમાં સુધારો કરી હવે સરવેના અધિકાર મર્યાદિત કરાયા છે. ટીડીએસના મામલે હવે ફક્ત ચીફ કમિશનર કે પ્રિન્સિપાલ ચીફ કમિશનર અને સામાન્ય બાબતોમાં ફક્ત ડીજીઆઈટી પાસે જ સરવેનો આદેશ આપવાનો અધિકાર રહેશે.

**ફાયદો શું થશે**

✓ ધંધાદારીઓને હેરાનગતિ કરવા માટે કરાતા સરવેમાં ઘટાડો થશે. ધંધાદારીઓના મનમાં આઈટી અધિકારીઓનો ભય ઓછો થશે. આઈટી વિભાગમાં થનારા સંસ્થાગત ભ્રષ્ટાચારમાં ઘટાડો થશે.

**ફેરફાર કેમ કર્યા**

✓ અનેકવાર રેન્જના આઈટી અધિકારી બિઝનેસમેનો પર દબાણ બનાવવા માટે સરવેનો સહારો લેતા હતા. સરવેની ધમકી અપાતી હતી. સરવે માટે ટાર્ગેટ પણ નક્કી કરાતો.

**ફરિયાદનો અધિકાર**

✓ ટેક્સ ઓફિસર કે અધિકારીના મેનેજરને ફરિયાદ કરી શકાશે. આસિસ્ટન્ટ ડાયરેક્ટર કસ્ટમરકેરને પણ ફરિયાદ આપી શકાશે.

**ફરિયાદ અહીં પણ થઈ શકશે**

✓ ઈમેલ info.mfin@gov.mt

✓ ફોન 25998285/25998000

✓ પોર્ટલ http://www.finance.gov.mt

✓ કસ્ટમરકેર કે નાણાંમંત્રાલયની વેબસાઈટ દ્વારા લોકપાલને પણ ફરિયાદ કરી શકાશે. ગંભીર ગુનાહિત આરોપ હશે તો પોલીસમાં પણ ફરિયાદ થઈ શકશે.

✓ જે શહેરમાં રિટર્ન દાખલ થશે એ શહેરના અધિકારી કેસ તપાસશે નહીં, સેન્ટ્રલાઈઝ્ડ કમ્પ્યુટર સિસ્ટમથી દેશના કોઈ બીજા શહેરમાં એસેસમેન્ટ થશે.

**કર આધાર વધારવા વધુ નિયમ પાલન અને પારદર્શકતા**

✓ નવા ટ્રાઝેકશન પર ટેક્સનું ડિડક્શન અને કલેક્શન (ટીડીએસ અને ટીસીએસ)

✓ રૂપિયા ૧ કરોડથી વધુની રોકડ ઉપાડ પર ટીડીએસ (રિટર્ન ન ભરનાર માટે રૂપિયા ૨૦ લાખ)

✓ મોટર વ્હિકલ પર ટીસીએસ રૂપિયા ૧૦ લાખ

✓ રૂપિયા ૭.૫ લાખ કરતાં વધુના ફોરેન રેમિટન્સ અથવા વિદેશ પ્રવાસ પેકેજ પર ટીસીએસ રૂપિયા ૫૦ લાખ કરતા વધુના સામાનની ખરીદી પર ટીસીએસ અને ઇ-કોમર્સ સપ્લાયર્સ પર ટીડીએસ

**એસટીએફનું વિસ્તરણ**

✓ કરન્ટ એકાઉન્ટમાં રૂ. ૫૦ લાખ કે તેથી વધુની કેશ ડિપોઝિટ અથવા ઉપાડ

✓ નોન-કરન્ટ એકાઉન્ટમાં રૂ.૧૦ લાખ કે તેથી વધુની કેશ ડિપોઝિટ ૧૦ લાખ કરતાં વધુના વિદેશી ચલણનું વેચાણ

**ફરજિયાત આવકવેરા રિટર્ન ભરવું પડશે**

✓ કરન્ટ એકાઉન્ટમાં રૂપિયા એક કરોડ કે તેથી વધુની ડિપોઝિટ

✓ વિદેશ પ્રવાસ પર રૂ. બે લાખ કે તેથી વધુનો ખર્ચ

✓ રૂપિયા એક લાખ કરતા વધુ વીજળી વપરાશ

**વિવાદ સે વિશ્વાસ એક્ટ ૨૦૨૦**

✓ ઝડપથી ટેક્સ વિવાદોનો અંત લાવવાની વ્યવસ્થા આપતી પ્રક્રિયા માટે કાયદો

✓ ડિપાર્ટમેન્ટલ અપીલ ફાઇલ કરવા માટેની નાણા મર્યાદામાં વધારો

✓ ITAT સમક્ષ અપીલની મર્યાદા રૂ. ૨૦ લાખથી વધારી ૫૦ લાખ

✓ હાઇકોર્ટ સમક્ષ અપીલની મર્યાદા રૂ.૫૦ લાખથી વધારી ૧ કરોડ

✓ સુપ્રીમ કોર્ટ સમક્ષ અપીલની મર્યાદા રૂપિયા ૧ કરોડથી વધારી બે કરોડ

**કોરોના મહામારીના પગલે રાહતના પગલાં**

✓ ભારતની મુલાકાતે આવેલી વ્યક્તિનું ભારતમાં રોકાણ લબાઇ ગયું હોય તો લંબાયેલા રોકાણનો સમય ગણતરીમાં લેવાશે નહીં

✓ વિવાદ સે વિશ્વાસ એક્ટ ૨૦૨૦ અંતર્ગત ચૂકવવાનો થતા ડાયરેક્ટ ટેક્સની મુદત ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી લંબાવાઇ

✓ ૨૦૧૯-૨૦ના આઇટી રિટર્ન જમા કરાવવાની મુદત ૩૦ નવેમ્બર ૨૦૨૦ સુધી લબાવાઇ

✓ આવકવેરાની ચુકવણીમાં વિલંબ માટેના વ્યાજનો દર ઘટાડીને પ્રતિ વર્ષ ૯ ટકા કરાયો પીએમ કેર્સ ફંડમાં આપેલા દાનને સંપૂર્ણ કરમુક્તિ

**<u>સ્કોપ ઓફ રિપોર્ટિંગ ઓફ ટ્રાઝેશનનું વિસ્તરણ</u>**

✓ <u>પ્રતિ વર્ષ રૂપિયા એક લાખથી વધુની એજ્યુકેશન ફી અથવા ડોનેશનની ચુક્વણી</u>

✓ પ્રતિ વર્ષ રૂપિયા એક લાખથી વધુનો <u>વીજવપરાશ</u>

✓ ડોમેસ્ટિક બિઝનેસ ક્લાસ <u>એર ટ્રાવેલ અને વિદેશ પ્રવાસ</u>

✓ રૂપિયા ૨૦,૦૦૦ કરતાં વધુનાં <u>હોટેલ બિલ</u>

✓ રૂપિયા એક લાખ કરતાં વધુની <u>જ્વેલરી, વ્હાઇટ ગુડસ માર્બલ</u> વગેરેની ખરીદી

✓ કરન્ટ એકાઉન્ટમાં રૂપિયા ૫૦ લાખ કરતાં વધુની <u>ડિપોઝિટ-ક્રેડિટ</u>

✓ નોન કરન્ટ એકાઉન્ટમાં રૂપિયા ૨૫ લાખ કરતાં વધુની ડિપોઝિટ ક્રેડિટ

✓ પ્રતિ વર્ષ રૂપિયા ૨૦,૦૦૦ કરતાં વધુનો <u>પ્રોપર્ટી ટેક્સ</u>

✓ રૂપિયા ૫૦,૦૦૦ કરતાં વધુ <u>જીવન વીમાનું પ્રીમિયમ</u>

✓ રૂપિયા ૨૦,૦૦૦ કરતા વધુ <u>આરોગ્ય વીમાનું પ્રીમિયમ</u>

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## <u>૨. ઓવરબ્રિજ-અમદાવાદ (માળખાકીય સુવિધા)</u>

**<u>AMC દ્વારા પાંચ નવા ઓવર બ્રિજને વિવિધ નામકરણ</u>**

| બ્રિજ | નામકરણ | ખર્ચ |
|---|---|---|
| દિનેશ ચેમ્બર, બાપુનગર | મહારાણા પ્રતાપ | 40 કરોડ |
| હાટકેશ્વર ચાર રસ્તા | છત્રપતિ શિવાજી મહારાજ | 34.5 કરોડ |
| રાણીપ રેલવે ઓવરબ્રિજ | આત્મનિર્ભર ગુજરાત | 59 કરોડ |
| ઇનકમટેક્સ ફ્લાયઓવર | સ્વ. અરૂણ જેટલી | 58 કરોડ |
| અંજલિ ફ્લાયઓવર | સ્વ. સુષ્મા સ્વરાજ | 88 કરોડ |

1. દિનેશ ચેમ્બર જંકશન ઓવરબ્રિજ- મહારાણા પ્રતાપ ઓવરબ્રિજ
2. હાટકેશ્વર જંકશન ઓવરબ્રિજ-છત્રપતિ શિવાજી મહારાજ ફ્લાયઓવર બ્રિજ
3. રાણીપ રેલવે ઓવરબ્રિજ-આત્મનિર્ભર ગુજરાત, ફ્લાયઓવર બ્રિજ
4. ઇન્કમટેક્ષ ફ્લાયઓવર બ્રિજ-સ્વ અરુણ જેટલી ફ્લાયઓવર બ્રિજ
5. અંજલિ ફ્લાયઓવર બ્રિજ-સ્વ.સુષ્મા સ્વરાજ ફ્લાયઓવર બ્રિજ

## <u>3. ઈઝરાયેલ-UAE વચ્ચે પ્રથમવાર શાંતિ કરાર (વૈશ્વિક સંબંધો)</u>

**<u>કરારમાં કઈ બાબતોનો સમાવેશ</u>**

✓ કરારના પગલે ઇઝરાયલે વેસ્ટ બેન્ક વિસ્તાર પર કબજાનો વિચાર પડતો મૂક્યો

✓ ઇઝરાયલ અને યુએઇના પ્રતિનિધિમંડળ આવનારા દિવસોમાં રોકાણ, પર્યટન, તેલ અવીવ-અબુધાબી વચ્ચે ડાયરેક્ટ ફ્લાઇટ, સુરક્ષા, ટેલિકોમ સહિતના મુદ્દે દ્વિપક્ષી સમજૂતીઓ પર સહી-સિક્કા કરશે.

✓ ટૂંક સમયમાં રાજદૂતો અને દૂતાવાસોના આદાન-પ્રદાનની પણ આશા રખાઇ રહી છે. ઇઝરાયલ અને યુએઇ કોરોનાની રસી માટે પણ સાથે મળીને કામ કરશે.

**<u>શાંતિકરારની શું અસર થશે?</u>**

✓ આ ઐતિહાસિક શાંતિકરારથી દુનિયાભરના મુસ્લિમ દેશોમાં ઇઝરાયલની સ્વીકાર્યતા વધવા ઉપરાંત તેની સુરક્ષા અને સ્થિરતાને પણ લાભ થશે.


✓ ઇઝરાયલ મધ્ય-પૂર્વના દેશો સાથે સંબંધો સુધારવા લાંબા સમયથી કાર્યરત હતું.

✓ આ કરારથી ઇરાન, ચીન અને પાક.ને મોટો ઝાટકો લાગશે, કેમ કે ઇરાન અને પાક.એ ઇઝરાયલને માન્યતા આપી નથી અને તેની સાથે રાજદ્વારી સંબંધો પણ નથી રાખ્યા જ્યારે ચીનની મધ્ય-પૂર્વના દેશોમાં મજબૂત થઇ રહેલી પકડને મોટો ફટકો પડ્યો છે.

**<u>ઇઝરાયલના વડાપ્રધાન:બેન્જામિન નેતન્યાહૂ</u>**

**<u>UAE-ક્રાઉન પ્રિન્સ શેખ મોહમ્મદ બિન ઝાયેદ</u>**

## <u>૪. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી (રાજકારણ) સૌથી લાંબો સમય સત્તામાં રહેનાર શ્રી મોદી ભારતના ચોથા વડાપ્રધાન</u>



**અન્ય બાબતો :**

- ✓ શ્રી નરેન્દ્ર મોદી બિન-કોંગ્રેસી વડાપ્રધાન તરીકે સૌથી લાંબો સમય દેશનું સુકાન સંભાળનારા દેશના પ્રથમ વડાપ્રધાન બન્યા.
- ✓ અત્યાર સુધી આ રેકોર્ડ અટલ બિહારી વાજપેયીના નામે હતો.
- ✓ વાજપેયી તેમના ત્રણ કાર્યકાળમાં કુલ 2,272 દિવસ સત્તામાં રહ્યા હતા, જ્યારે મોદીનો વડાપ્રધાન તરીકે તા.13મી ઓગસ્ટ-2020ના રોજ 2,272મો દિવસ હતો.
- ✓ મોદી છ વર્ષ, બે મહિના અને 19 દિવસથી વડાપ્રધાન છે.

**પીએમ તરીકે પાંચ વર્ષનો કાર્યકાળ પૂરો નહીં કરી શકનાર બિન-કોંગ્રેસી વડાપ્રધાન**

| | |
|---|---|
| મોરારજી દેસાઈ | 24 માર્ચ 1977 થી 28 જુલાઈ 1979 |
| ચરણ સિંઘ | 28 જુલાઈ,1979 થી 14 જાન્યુઆરી,1980 |
| વી.પી.સિંઘ | 2 ડિસેમ્બર, 1989 થી 10 નવેમ્બર, 1990 |
| ચંદ્રશેખર | 10 નવેમ્બર, 1990 થી 21 જૂન, 1991 |
| એચ.ડી.દેવગૌડા | 1 જૂન, 1996 થી 21 એપ્રિલ, 1997 |
| આઈ.કે. ગુજરાલ | 21 એપ્રિલ, 1997 થી 19 માર્ચ, 1998 |

**સૌથી લાંબો સમય વડાપ્રધાન તરીકે રહેનાર કોંગ્રેસી PM**

(૧) જવાહરલાલ નહેરુ : વડાપ્રધાન તરીકે સતત 17 વર્ષનો સૌથી લાંબો કાર્યકાળ

(૨) ઈન્દિરા ગાંધી : આશરે 15 વર્ષ

(૩) મનમોહન સિંહ : દસ વર્ષ

## ૫. દિન વિશેષ : 13 ઓગસ્ટ ઈન્ટરનેશનલ લેફ્ટહેન્ડર્સ ડે

- ✓ હેતુ : ડાબા હાથે કંઈક પ્રદાન કરતા લોકોને બિરદાવવા માટે ઉજવણી

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૩-૦૮-૨૦૨૦)

1. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતમાં કઈ નવી આવક વેરા વ્યવસ્થાનો પ્રારંભ કરાવ્યો હતો - **'પારદર્શક કરવ્યવસ્થા-પ્રમાણિકોનું સન્માન'**
2. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતમાં નવી આવક વેરા વ્યવસ્થા 'પારદર્શક કરવ્યવસ્થા-પ્રમાણિકોનું સન્માન'નો પ્રારંભ ક્યારે કરાવ્યો હતો - **તા.૧૩મી ઓગસ્ટ-૨૦૨૦**
3. નવી આવક વેરા વ્યવસ્થા 'પારદર્શક કરવ્યવસ્થા-પ્રમાણિકોનું સન્માન'નો મુખ્ય ઉદ્દેશ્ય જણાવો - **નિર્બાધ, પીડારહિત અને ઓળખવિહીન કરવ્યવસ્થા**
4. નવી આવક વેરા વ્યવસ્થા અંતર્ગત ફેસલેસ એસેસમેન્ટ અને ટેક્સપેયર્સ ચાર્ટર ક્યારથી અમલમાં આવશે - **તા.૧૩મી ઓગસ્ટ-૨૦૨૦**
5. નવી આવક વેરા વ્યવસ્થા અંતર્ગત ફેસલેસ અપીલ ક્યારથી અમલ થશે - **તા. ૨૫મી સપ્ટેમ્બર-૨૦૨૦**
6. નવી આવક વેરા વ્યવસ્થા 'પારદર્શક કરવ્યવસ્થા-પ્રમાણિકોનું સન્માન' અંતર્ગત કયા ત્રણ મહત્વના સુધારા કરાયા - **(૧) ફેસલેસ એસેસમેન્ટ (૨) ફેસલેસ અપીલ અને (૩) અપીલટેક્સ પેયર ચાર્ટર**
7. નવી આવક વેરા વ્યવસ્થા અંતર્ગત એક કેસનું એસેસમેન્ટ કેટલા શહેરોની અલગ-અલગ ટીમ કરશે - **ત્રણ**
8. રેટ્રોસ્પેક્ટિવ ટેક્સ એટલે શું - **ગત તારીખથી લગાવવામાં આવતો ટેક્સ**
9. નવી આવક વેરા વ્યવસ્થા અંતર્ગત ચીફ કમિશનર સહિત કેટલા અધિકારી સરવે કરાવી શકશે - **ત્રણ**
10. નવી આવક વેરા વ્યવસ્થા અંતર્ગત આઈટી એક્ટ-1961ની કઈ કલમમાં સુધારો કરી હવે સરવેના અધિકાર મર્યાદિત કરાયા છે - **133એ**
11. નવી આવક વેરા વ્યવસ્થા 'પારદર્શક કરવ્યવસ્થા-પ્રમાણિકોનું સન્માન' અંતર્ગત કોને-કોને ફરિયાદ કરી શકાશે - **ટેક્સ ઓફિસર કે અધિકારીના મેનેજર, આસિસ્ટન્ટ ડાયરેક્ટર કસ્ટમરકેર, ઈમેલ info.mfin@gov.mt, ફોન 25998285/25998000, પોર્ટલ http://www.finance.gov.mt, કસ્ટમરકેર કે નાણાંમંત્રાલયની વેબસાઈટ દ્વારા લોકપાલને ફરિયાદ કરી શકાશે, ગંભીર ગુનાહિત આરોપસર પોલીસમાં ફરિયાદ થઈ શકશે**
12. કેટલા રૂપિયાથી વધુની રોકડ ઉપાડ પર ટીડીએસ કપાશે – **રૂ.૧ કરોડ(રિટર્ન ન ભરનાર માટે રૂ.૨૦ લાખ)**
13. 'પારદર્શક કરવ્યવસ્થા-પ્રમાણિકોનું સન્માન' વ્યવસ્થા અંતર્ગત શેના પર ટીસીએસ રૂપિયા ૧૦ લાખ થશે - **મોટર વ્હિકલ**

14. કેટલા રૂપિયાના ફોરેન રેમિટન્સ અથવા વિદેશ પ્રવાસ પેકેજ પર ટીસીએસ – **રૂ. ૭.૫ લાખ કરતાં વધુ**
15. કેટલા રૂપિયાના સામાનની ખરીદી પર ટીસીએસ અને ઇ-કોમર્સ સપ્લાયર્સ પર ટીડીએસ કપાશે – **રૂ. ૫૦ લાખ કરતા વધુ**
16. 'પારદર્શક કરવ્યવસ્થા-પ્રમાણિકોનું સન્માન' વ્યવસ્થા અંતર્ગત કરન્ટ એકાઉન્ટમાં કેટલા રૂપિયા કે તેથી વધુની કેશ ડિપોઝિટ અથવા ઉપાડ કરી શકાશે - **રૂ. ૫૦ લાખ**
17. 'પારદર્શક કરવ્યવસ્થા-પ્રમાણિકોનું સન્માન' વ્યવસ્થા અંતર્ગત નોન-કરન્ટ એકાઉન્ટમાં કેટલા રૂપિયા કે તેથી વધુની કેશ ડિપોઝિટ થઈ શકશે - **રૂ.૧૦ લાખ**
18. ભારતમાં ઝડપથી ટેક્સ વિવાદોનો અંત લાવવાની વ્યવસ્થા આપતી પ્રક્રિયા માટે કયો કાયદો અમલી છે - **વિવાદ સે વિશ્વાસ એક્ટ ૨૦૨૦**
19. નવી કર વ્યવસ્થામાં વિવાદ સે વિશ્વાસ એક્ટ ૨૦૨૦ અંતર્ગત ITAT સમક્ષ અપીલની મર્યાદા વધારી કેટલી કરવામાં આવી - **રૂ. ૨૦ લાખથી વધારી ૫૦ લાખ**
20. નવી કર વ્યવસ્થામાં વિવાદ સે વિશ્વાસ એક્ટ ૨૦૨૦ અંતર્ગત હાઇકોર્ટ તથા સુપ્રીમ કોર્ટ સમક્ષ અપીલની મર્યાદા કેટલી કરાઈ - **રૂ.૫૦ લાખથી વધારી ૧ કરોડ તથા રૂ. ૧ કરોડથી વધારી બે કરોડ**
21. વિવાદ સે વિશ્વાસ એક્ટ ૨૦૨૦ અંતર્ગત ચૂકવવાનો થતા ડાયરેક્ટી ટેક્સની મુદત કયા સુધી લંબાવાઇ – **તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૦**
22. વર્ષ ૨૦૧૯-૨૦ના આઇટી રિટર્ન જમા કરાવવાની મુદત કયાં સુધી લબાવાઇ – **તા. ૩૦ નવેમ્બર ૨૦૨૦**
23. આવકવેરાની ચુક્વણીમાં વિલંબ માટેના વ્યાજનો દર ઘટાડીને પ્રતિ વર્ષ કેટલા ટકા કરાયો - **૯**
24. કયા ફંડમાં આપેલા દાનને સંપુર્ણ કરમુક્તિ આપવામાં આવી છે - **પીએમ કેર્સ ફંડ**
25. બિન-કોંગ્રેસી વડાપ્રધાન તરીકે સૌથી લાંબો સમય દેશનું સુકાન સંભાળનારા દેશના પ્રથમ વડાપ્રધાનનું નામ જણાવો - **નરેન્દ્ર મોદી**
26. તા.13મી ઓગસ્ટ-2020ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સૌથી લાંબો સમય સત્તામાં રહેનાર ભારતીય વડાપ્રધાનની યાદીમાં કેટલામુ સ્થાન પ્રાપ્ત કર્યું - **ચોથા વડાપ્રધાન**
27. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી તેમના ત્રણ કાર્યકાળમાં કુલ કેટલા દિવસ વડાપ્રધાન તરીકે સેવા આપી - **2,272**
28. સૌથી લાંબો સમય વડાપ્રધાન તરીકે રહેનાર કોંગ્રેસી PMનું નામ જણાવો - **જવાહરલાલ નહેરૂ**
29. પૂર્વ PM જવાહરલાલ નહેરુએ વડાપ્રધાન તરીકે સતત કેટલા વર્ષનો સૌથી લાંબો કાર્યકાળ ધરાવે છે - **17**
30. ઈન્દિરા ગાંધી કુલ કેટલા વર્ષ વડાપ્રધાન પદે રહ્યાં હતા- **આશરે 15 વર્ષ**
31. મનમોહન સિંહ કુલ કેટલા વર્ષ વડાપ્રધાન પદે રહ્યાં હતા - **10 વર્ષ**
32. AMCનું વિસ્તૃત નામ જણાવો – **અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
33. AMC દ્વારા ઓગસ્ટ-૨૦૨૦માં કેટલા નવા ઓવર બ્રિજનું વિવિધ નામકરણ કરાયુ - **પાંચ**
34. ઓગસ્ટ-૨૦૨૦માં AMC દ્વારા રૂ. 40 કરોડના ખર્ચે બનેલા બાપુનગર સ્થિત દિનેશ ચેમ્બર બ્રિજને ક્યું નામ અપાયુ - **મહારાણા પ્રતાપ**
35. ઓગસ્ટ-૨૦૨૦માં AMC દ્વારા રૂ. 34.5 કરોડના ખર્ચે બનેલા હાટકેશ્વર ચાર રસ્તા સ્થિત બ્રિજને કયુ નામ અપાયું - **છત્રપતિ શિવાજી મહારાજ**
36. ઓગસ્ટ-૨૦૨૦માં AMC દ્વારા રૂ. 59 કરોડના ખર્ચે નિર્માણ પામેલા રાણીપ રેલવે ઓવરબ્રિજને કયુ નામ અપાયું – **આત્મનિર્ભર ગુજરાત**
37. ઓગસ્ટ-૨૦૨૦માં AMC દ્વારા રૂ. 58 કરોડના ખર્ચે નિર્માણ પામેલા ઇનકમટેક્સ ફ્લાયઓવર બ્રિજને કયુ નામ અપાયું – **સ્વ. અરૂણ જેટલી**
38. ઓગસ્ટ-૨૦૨૦માં AMC દ્વારા રૂ. 88 કરોડ કરોડના ખર્ચે નિર્માણ પામેલા અંજલિ ફ્લાયઓવર બ્રિજને કયુ નામ અપાયું – **સ્વ. સુષ્મા સ્વરાજ**
39. ઓગસ્ટ-૨૦૨૦માં ક્યા બે દેશ વચ્ચે પ્રથમવાર ઐતિહાસિક શાંતિ કરાર થયો – **ઈઝરાયેલ અને UAE વચ્ચે**
40. ઓગસ્ટ-૨૦૨૦માં ઈઝરાયેલ-UAE વચ્ચે થયેલા શાંતિ કરારના પગલે ઇઝરાયલે કયા વિસ્તાર પર કબજાનો વિચાર પડતો મૂક્યો - **વેસ્ટ બેન્ક**
41. ઓગસ્ટ-૨૦૨૦માં ઈઝરાયેલ-UAE વચ્ચે થયેલા શાંતિ કરારથી ઈઝરાયેલને શો ફાયદો થશે - **વિશ્વના મુસ્લિમ**

**દેશોમાં ઇઝરાયલની સ્વીકાર્યતા વધવા ઉપરાંત તેની સુરક્ષા અને સ્થિરતાને પણ લાભ થશે**

42. ઇઝરાયલ દેશના વર્તમાન વડાપ્રધાનનું નામ જણાવો - **બેન્જામિન નેતન્યાહૂ**
43. UAEના ક્રાઉન પ્રિન્સનું નામ જણાવો - **શેખ મોહમ્મદ બિન ઝાયેદ**
44. ઈન્ટરનેશનલ લેફ્ટહેન્ડર્સ ડે ક્યારે મનાવવામાં આવે છે - **13 ઓગસ્ટ**
45. કયા હેતુસર પ્રતિ વર્ષ 13 ઓગસ્ટના રોજ ઈન્ટરનેશનલ લેફ્ટહેન્ડર્સ ડેની ઉજવણી કરવામાં આવે છે - **ડાબા હાથે કંઈક પ્રદાન કરતા લોકોને બિરદાવવા માટે**

**DATE : 14-08-2020**

## ૧.RBI : RBI દ્વારા કેન્દ્ર સરકારને ડિવિડન્ડ પેટે રૂ.૫૭,૧૨૮ કરોડની ચૂકવણીની મંજૂરી

✓ RBI બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ના હિસાબી વર્ષ માટે કેન્દ્ર સરકારને આ રકમ સરપ્લસ તરીકે ટ્રાન્સફર કરાશે

**અન્ય વિગતો :**

✓ ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષમાં આરબીઆઇએ સરકારને ૧,૭૬,૦૫૧ કરોડ આપ્યા હતા.

✓ ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષમાં રિઝર્વ બેન્કે કેન્દ્ર સરકારને સરપ્લસ તરીકે રૂપિયા ૧,૨૩,૪૧૪ કરોડની ચૂકવણી કરી હતી.

✓ બિમલ જાલાન સમિતિની ભલામણને પગલે વધારાની જોગવાઇઓ માટે અનામત રખાયેલા રૂપિયા ૫૨,૬૩૭ કરોડ પણ કેન્દ્ર સરકારને સોંપી દેવાયા.

✓ આ નાણાકિય વર્ષ દરમિયાન આરબીઆઇએ સરકારને રૂપિયા ૧,૭૬,૦૫૧ કરોડની ચૂકવણી કરી હતી.

**આરબીઆઇ દ્વારા કેન્દ્રને ચુકવણી**

✓ વર્ષ 2018-19 : રૂ. 65,896 કરોડ

✓ વર્ષ 2017-18 : રૂ. 50,000 કરોડ

✓ વર્ષ 2016-17 : રૂ. 30,659 કરોડ

**શું છે સરપ્લસ અથવા ડિવિડન્ડ**

✓ આરબીઆઇ એક્ટ ૧૯૩૪ અનુસાર રિઝર્વ બેન્કને થતો નફો કેન્દ્ર સરકારને સોંપી દેવામાં આવે છે.

✓ રિઝર્વ બેન્ક સામાન્ય રીતે સરકારી સિક્યુરિટિઝના ખરીદ-વેચાણ, બેન્કોને કરાતા ધીરાણના વ્યાજ, બોન્ડ પર મળતા વ્યાજમાંથી કમાણી કરતી રહે છે.

✓ ખર્ચા બાદ કરીને આરબીઆઇનો નફો નક્કી કરાય છે જે સરપ્લસ ગણાય છે.

✓ આરબીઆઇ દ્વારા આ ડિવિડન્ડ કેન્દ્ર સરકારને ચૂકવવામાં આવે છે.

✓ આરબીઆઇનું નાણાકીય વર્ષ જૂનથી જુલાઇ સુધી ગણાય છે.

✓ RBI ગવર્નર : શક્તિકાન્તા દાસ

## ૨. સન્માન : મેડલ ફોર એક્સલેન્સ ઈન ઈન્વેસ્ટિગેશન-૨૦૨૦ (ગૃહ મંત્રાલય)

✓ ગુજરાતના પાંચ પોલીસ કર્મયોગીઓનું કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા સન્માન

✓ કામગીરી : ગુનાઓ ઉકેલવા બદલ

## ૩. અશોકચક્ર

**ભારતીય તિરંગામાં ૨૪ આંકાવાળુ(ચક્ર) અશોકચક્ર ભગવાન બુદ્ધે આપેલાં ૨૪ જીવન મૂલ્યોનું પ્રતિનિધિત્વ કરે છે**




**૨૪ પ્રતિક : જીવન મૂલ્યો**

| | | |
|---|---|---|
| સંયમ | આરોગ્ય | સેવા |
| ક્ષમા | બંધુત્વ | સંગઠન |
| કલ્યાણ | સહકાર્ય | સમૃદ્ધિ |
| શીલ | ઉદ્યોગ | બુદ્ધિમત્તા |
| નિયમ | ત્યાગ | સમાનતા |
| ન્યાય | કર્તવ્ય | અધિકાર |
| મૈત્રી | અર્થ | નીતિ |
| સુરક્ષા | શાંતિ | પ્રેમ |

## ૪. ચંદ્રયાન-૨ (અવકાશ વિજ્ઞાન)

**સારાભાઈ ક્રેટર : ચંદ્રયાન-૨ દ્વારા મોકલાયેલ તસવીરને ઈસરો દ્વારા સારાભાઈ ક્રેટર નામ અપાયું**

- ✓ ચંદ્રયાન-2 દ્વારા ચંદ્રના ઉત્તર પૂર્વના એક મોટા ખાડાની સ્પષ્ટ તસવીર મોકલવામાં આવી છે.




- ✓ ઇસરોએ ડૉ.વિક્રમ સારાભાઈના નામ પર તેને સારાભાઈ ક્રેટર નામ આપ્યું છે.
- ✓ આ ક્રેટરથી માત્ર 250-300 કિમી પૂર્વ તરફ એપોલો 17 અને લૂના 21 મિશનની લેન્ડિંગ સાઈટ છે.
- ✓ આ ખાડો 10 કિમી વ્યાસ ધરાવે છે અને લગભગ 1.7 કિલોમીટર જેટલો ઊંડો છે.

## ૫. રાષ્ટ્રપતિ ચંદ્રક : ગુજરાત પોલીસ

- ✓ ૭૪માં સ્વતંત્રતા દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિએ જાહેર કરેલા વિશિષ્ટ સેવા અને પ્રશંસનીય સેવા માટે ગુજરાતના કુલ 19 પોલીસ અધિકારી-જવાનોની પસંદગી કરાઈ.

**વિશિષ્ટ સેવા મેડલ**

- ✓ ડો.નિરજા ગોટરૂ, DIG
- ✓ એન.વી.વધાસિયા, PSI




**પ્રશંસનીય સેવા મેડલ -** DySP

- ✓ એસ.કે.ત્રિવેદી     વી.એમ.જાડેજા
- ✓ જે.એસ.ચાવડા     એસ.એલ.ચૌધરી
- ✓ આશુતોષ પરમાર     એલ.ડી.રાઠોડ
- ✓ આર.એલ.ડાખરા     પી.આર.સંઘાણી

**પ્રશંસનીય સેવા મેડલ - PSI**

- ✓ સંજય કોનોજિયા, દિપસિંહ પટેલ

**પ્રશંસનીય સેવા મેડલ - હેડ કોન્સ્ટેબલ**

- ✓ ભાનુભાઈ ભરવાડ, ભરત મુંગરા, સુરેશકુમાર નાયર, ધીરજકુમાર પરમાર, સુરેશ પટેલ, સુરેશ વણઝારા, રવિન્દ્ર ઘોડે.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૪-૦૮-૨૦૨૦)

1. તાજેતર ઓગસ્ટ 2020માં RBI દ્વારા કેન્દ્ર સરકારને ડિવિડન્ડ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી છે -**રૂ.57,128 કરોડ**
2. RBI દ્વારા કેન્દ્ર સરકારને કયા હિસાબી વર્ષે માટે આ રકમ સરપ્લસ તરીકે ચૂકવાઈ - **2019-20**
3. વર્ષે 2019-20ના નાણાકીય વર્ષેમાં RBI દ્વારા કેન્દ્ર સરકારને સરપ્લસ તરીકે કુલ કેટલી રકમ ચૂકવાઈ- **રૂ. 1,23,414**
4. RBIનું નાણાકીય વર્ષે જણાવો - **જૂનથી જુલાઈ**
5. RBIના વર્તમાન ગવર્નરનું નામ જણાવો - **શકિતકાન્ત દાસ**
6. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા તાજેતરમાં ગુજરાતમાં ગુનાઓ ઉકેલવા બદલ પાંચ પોલીસને કયા એવોર્ડથી સન્માન નીતિ કરાયા - **મેડલ ફોર એક્સલેન્સ ઈન ઈન્વેસ્ટિગેશન-2020**
7. ભારતીય ત્રિરંગામાં કુલ 24 ચક્ર કોને આપેલા જીવન મૂલ્યોને પ્રકાશિત કરે છે - **ભગવાન બુદ્ધ**
8. ત્રિરંગામાં આવેલા 24 જીવન મૂલ્યો જણાવો – **સંયમ, આરોગ્ય,સેવા, ક્ષમા, બંધુત્વ, સંગઠન, કલ્યાણ, સહકાર્ય, સમૃદ્ધિ, શીલ, ઉદ્યોગ, બુદ્ધિમત્તા, નિયમ, ત્યાગ, સમાનતા, ન્યાય, કર્તવ્ય, અધિકાર, મૈત્રી, અર્થ, નીતિ, સુરક્ષા, શાંતિ, પ્રેમ**
9. તાજેતરમાં ISROના ચંદ્રયાન-2 દ્વારા મોકલવામાં આવેલી ખાડાની તસ્વીરને કયું નામ અપાયું છે - **સારાભાઇ ક્રેટર**
10. 74માં સ્વાતંત્ર્ય પર્વે નિમિત્તે ગુજરાતમાંથી કેટલા પોલીસ અધિકારી-કર્મેયોગીઓને વિશિષ્ટ સેવા મેડલ અને પ્રશંસનીય સેવા મેડલ અપાયા - **02 અને 17**
11. 74માં સ્વાતંત્ર્ય પર્વે નિમિત્તે ગુજરાતમાંથી કયા કયા પોલીસ અધિકારીઓને વિશિષ્ટ સેવા મેડલ અપાયા- **ડૉ.નિરજા ગોટરૂ DIG અને એન.વી.વઘાસીયા PSI**

## ૧. ૭૪મું સ્વાતંત્ર્ય પર્વ : તા. ૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ (ગુજરાત સરકાર)




**ગુજરાતમાં ૭૪માં સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી ગાંધીનગર ખાતે યોજાઈ**

- ✓ સ્થાન : સ્વર્ણિમ પાર્ક-ગાંધીનગર
- ✓ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ધ્વજવંદન કરાયું
- ✓ સ્વાતંત્ર્ય પર્વ નિમિતે રાજ્યભરના ૫૭ કોરોના વૉરિયર્સ તબીબોનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માન કરાયું

## ૨. ૭૪મું સ્વાતંત્ર્ય પર્વ : નવી દિલ્હી

**વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સતત ૭માં વર્ષે નવી દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી ધ્વજવંદન**






**વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા નવી દિલ્હીથી કરેલી નવી ઘોષણાઓ**

**૧. નેશનલ ડિજિટલ હેલ્થ મિશન**

- ✓ દેશના દરેક નાગરિકને યુનિક હેલ્થ આઇડેન્ટિડેન્ટિટી કાર્ડ અપાશે
- ✓ આઇડી કાર્ડમાં નાગરિકના આરોગ્યની તમામ માહિતીનો સંગ્રહ કરાશે
- ✓ નવજાત બાળકના રસીકરણ અને અન્ય સારવારની તમામ માહિતી રખાશે
- ✓ હોસ્પિટલ અને ડૉકટર ઈલાજના નામે વધારે નાણા વસૂલી શકશે નહીં
- ✓ બિનજરૂરી એન્ટિબાયોટિક લખનારા ડૉકટરની જવાબદારી નક્કી કરાશે

2. દેશમાં સાઇબર ક્રાઇમ અટકાવવા માટે નવી સાઇબર સુરક્ષા નીતિનો અમલ કરાશે
3. નેશનલ કેડેટ કોર્પ્સનું વિસ્તરણ, ૧ લાખ નવા કેડેટને સેના દ્વારા તાલીમ અપાશે
4. આગામી ૧૦૦૦ દિવસમાં લક્ષદ્વીપને સબમરિન ઓપ્ટિકલ ફાઇબર કેબલથી જોડી દેવાશે
5. દેશના દરેક ગામને ઓપ્ટિકલ ફાઇબર કેબલથી જોડી દેવાશે
6. જંગલો અને વનસૃષ્ટિનાં સંરક્ષણ માટે પ્રોજેક્ટ લાયન એન્ડ ડોલ્ફિનની જાહેરાત
7. સમગ્ર દેશને રૂપિયા ૧૦૦ લાખ કરોડના ખર્ચે મોડેલ કનેક્ટિવિટી ઇન્ફ્રાસ્ટ્રક્ચરથી જોડાશે
8. મોડેલ કનેક્ટિવિટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે અલગ અલગ સેક્ટરમાં ૭૦૦૦ પ્રોજેક્ટ ક્રાંતિ લાવશે
9. જમ્મુ-કાશ્મીરમાં ઝડપથી ચૂંટણીઓનું આયોજન કરાશે

## 3. કેન્દ્ર સરકાર : NCCના વિસ્તરણનો નિર્ણય (સંરક્ષણ)

**૧૭૩ સરહદીય જિલ્લામાં એનસીસી કેડેટ્સને મંજૂરી : ૧ લાખ યુવાનોની ભરતી થશે**

- ✓ દેશના ૧૭૩ સરહદીય તથા તટીય જિલ્લામાં નેશનલ કેડેટ કોર્પસ (એનસીસી)ના વિસ્તરણ સંબંધિત દરખાસ્તને મંજૂરી આપી.
- ✓ તમામ જિલ્લાઓમાંથી એક લાખ નવા કેડેટ્સની ભરતી કરવામાં આવશે.
- ✓ વડાપ્રધાન મોદી દ્વારા સ્વતંત્રતા દિવસે એનસીસી વિસ્તરણની જાહેરાત કરી હતી.
- ✓ સરહદીય અને દરિયાકિનારાના વિસ્તારોમાં એનસીસીને વિસ્તારિત કરવામાં આવશે.
- ✓ બોર્ડર અને કોસ્ટલ જિલ્લામાં ૧૦૦૦ કરતાં પણ વધારે શાળાઓ તથા કોલેજોની પસંદગી કરી લેવામાં આવી છે અને તેમાં ૧ લાખ નવા કેડેટ્સની ભરતી કરાશે.

✓ વિસ્તરણ પ્લાનના ભાગરૂપે જ કુલ ૮૩ એનસીસી યુનિટને સમાવવામાં આવશે.

✓ કેન્દ્રીય સંરક્ષણમંત્રી-શ્રી રાજનાથસિંહ

## ૪. ખેલકૂદ : ૩૯ વર્ષના મહેન્દ્રસિંહ ધોનીની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ





✓ ઉપનામ : મિસ્ટર કૂલ/માહી

**આંતરરાષ્ટ્રીય કારકિર્દી**

✓ ડેબ્યુ : ૨૩ ડિસેમ્બર-૨૦૦૪

✓ સંન્યાસ : ૧૫ ઓગસ્ટ-૨૦૨૦




**ધોનીની ઉપલબ્ધિ :**

**દેશનો સૌથી વધુ સફળ કેપ્ટન :**

✓ 3 ICC ટ્રોફી અપાવી, વન-ડે અને T-20માં ૧૫૧ વાર જીત અપાવી.

✓ આ બંને મામલામાં રીકિ પોન્ટિંગ (૧૭૨ જીત) જ ધોનીથી આગળ

**વિશ્વનો સૌથી મોટા મેચ ફિનિશર**

✓ 47 વાર અણનમ રહ્યો, તેમાં 45 મેચ જીત્યો

✓ 9 વાર વન-ડે મેચમાં છગ્ગો ફટકારી જીત અપાવી

**વિકેટકીપર તરીકે સૌથી વધુ છગ્ગા**

✓ ધોની-359, ગિલક્રિસ્ટ-259, મેક્કુલમ-208

**દેશનો સર્વશ્રેષ્ઠ વિકેટકીપર**

✓ 829 શિકાર કર્યા, મોંગિયા (261) બીજા સ્થાને. દુનિયામાં બાઉચર (998) અને ગિલક્રિસ્ટ (905) જ ધોનીથી આગળ. વન-ડેમાં 123 સ્ટમ્પિંગનો વર્લ્ડરેકોર્ડ. ટી-20 ઈન્ટરનેશનલમાં 91 શિકાર. 34 સ્ટમ્પિંગ. આ પણ વર્લ્ડ રેકોર્ડ.

**ડીઆરએસ એક્સપર્ટ :** ધોનીને ડીઆરએસ પસંદ નહોતું. પરંતુ જ્યારે ડીઆરએસ લાગુ થયું તો ધોની તેમાં એટલા માહેર થઈ ગયા કે તેને ડિસિઝન રિવ્યૂ સિસ્ટમના સ્થાને ધોની રિવ્યૂ સિસ્ટમ કહેવા માંડ્યા.

**નાના શહેરનો મોટો ખેલાડી**

✓ ધોની રાંચીથી આવતો હતો. રાંચી ઝારખંડનું પણ ક્રિકેટ સેન્ટર નહોતું. ધોની પછી અન્ય ઘણા નાના શહેરોમાંથી ખેલાડીઓ ટીમ ઈન્ડિયાનો હિસ્સો બન્યો.

**કેપ્ટનના પણ 'કેપ્ટન'**

✓ કોહલી તમામ મોટા નિર્ણય ધોનીની સલાહથી લેતો હતો. બોલિંગમાં ફેરફાર, ફિલ્ડ પ્લેસમેન્ટ અને DRS લેતા પહેલા વિરાટ ધોની સાથે વાત કરતો હતો.

**સ્પિનરોનો સલાહકાર**

✓ રવિન્દ્ર જાડેજા, અશ્વિનની કેરિયર બનાવવામાં ધોનીની મોટી ભૂમિકા છે. યજુવેન્દ્ર ચહલ અને કુલદીપ યાદવને તે સ્ટમ્પ પાછળથી ગાઈડ કરીને સફળતા અપાવી.

**બોલર તરીકે એક વિકેટ પણ લીધી**

✓ 2009માં વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ વિકેટ લીધી.

**રેકોર્ડની પરવાહ નહીં**

✓ માત્ર 574 વધુ રન ફટકાર્યા હોત તો વિશ્વના શ્રેષ્ઠ વિકેટકીપર બેટ્સમેન બન્યા હોત. તેના 17,266 રન છે. તેનાથી વધુ સંગાકારાના 17,840 રન છે.

**આંકડાકીય સિદ્ધિ :**




✓ ટી-શર્ટ નંબર : 7

**એવોર્ડ :**

✓ માનદ લેફ્ટનન્ટ કર્નલ-ભારતીય સેના (નવેમ્બર-૨૦૧૧)

✓ રાજીવ ગાંધી ખેલરત્ન : ૨૦૦૭-૦૮

✓ પદ્મશ્રી એવોર્ડ : ૨૦૦૯

✓ પદ્મભૂષણ એવોર્ડ : ૨૦૧૮

✓ ICC વન-ડે પ્લેયર ઓફ ધ યર: ૨૦૦૮-૦૯

## ૫. ખેલકૂદ : ક્રિકેટર સુરેશ રૈનાની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ




- ✓ ડાબોડી બેટ્સમેન
- ✓ ડેબ્યુ : વર્ષ-૨૦૦૫

<u>કારકિર્દી :</u>

- ✓ 2005માં ડેબ્યુ કરનારા ડાબા હાથના બેટ્સમેન રૈનાએ 2008માં ઈંગ્લેન્ડ સામે અંતિમ મેચ રમી હતી.
- ✓ તેણે 2011 વર્લ્ડ કપની ક્વાર્ટર ફાઈનલ અને સેમિફાઈનલમાં 34 અને 36 રનની નાની પરંતુ મહત્ત્વપૂર્ણ ઈનિંગ્સ રમી હતી.
- ✓ રૈના ઈન્ટરનેશનલ ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારનારો ભારતનો પ્રથમ બેટ્સમેન પણ છે.
- ✓ ભારત માટે રમેલી 322 મેચમાં 7 સદી અને 48 અડધી સદીની મદદથી તેણે 7988 રન બનાવ્યા છે.
- ✓ રૈનાએ 12 વન ડે અને 3 ટી 20માં ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ કરી છે.
- ✓ <u>સૌથી નાની વયે ટી 20 ટીમની કેપ્ટનશીપ કરવાનો રેકોર્ડ પણ રૈના નામે છે.</u>

<u>૬. અવસાન : પૂર્વ ક્રિકેટર અને ઉત્તરપ્રદેશના મંત્રી ચેતન ચૌહાણનું અવસાન</u>

- ✓ એવોર્ડ : અર્જુન એવોર્ડ
- ✓ સાંસદ : વર્ષ-૧૯૯૧ થી વર્ષ-૧૯૯૮


<u>૭. જન્મ દિન વિશેષ : 15 ઓગસ્ટ</u>

<u>મહર્ષિ : શ્રી અરવિંદ</u>

<u>જન્મ – 15 ઓગસ્ટ-1872</u>

<u>અવસાન – 5 ડિસેમ્બર 1950</u>

- ✓ આજે અધ્યાત્મ પુરુષ અરવિંદ ઘોષ, કુશાભાઉ ઠાકરે, ઐતિહાસિક નવલકથાઓના જનક વોલ્ટર સ્કોટ અને જિન્હાપુત્રી દીના વાડિયાનો જન્મદિવસ




- ✓ <u>આજે રામકૃષ્ણ પરમહંસ, મહાદેવ દેસાઈ, ભૂતપૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરી અને ઝુઝારૂ બાંગ્લા નેતા શેખ મુઝીબુર રહેમાનની પુણ્યતિથિ.</u>
- ✓ <u>કોલકાતામાં જન્મેલા અરવિંદના</u> ડોક્ટર પિતા તેમને આઈસીએસ બનાવવા માંગતા હતા તે માટે દાર્જિલિંગ અને પછીથી બ્રિટન ભણવા મૂક્યા હતા.
- ✓ <u>1893માં ભારત પરત ફર્યા અને વડોદરામાં રાજકીય વિદ્યાલયમાં ઉપાચાર્યના હોદ્દે બિરાજ્યા હતા, જ્યાં તેઓ ઇતિહાસ ભણાવતા હતા.</u>
- ✓ અરવિંદ ઘોષનું સ્મરણ 'વંદે માતરમ્'ના સંપાદક તરીકે પણ થાય છે.
- ✓ રાષ્ટ્રવાદી વિચારો અને અલીપુર બોમ્બ કેસમાં અરવિંદે જેલવાસ પણ વેઠ્યો હતો.
- ✓ <u>1909માં જેલમાંથી છૂટ્યા અને માર્ચ 1910માં પોંડેચેરીમાં સ્થાયી થયા અને અરવિંદ ઘોષમાંથી શ્રી અરવિંદ બન્યા.</u>
- ✓ ટાગોરે તો અરવિંદને 'સ્વદેશની આત્મવાણી' રૂપે બિરદાવી લખ્યું છે કે "અરવિંદ! રવિન્દ્રર લોહો નમસ્કાર, હે બંધુ! હે દેશબંધુ, સ્વદેશ આમાર વાણી મૂર્તિ તુમિ'.
- ✓ ભારતીય રાષ્ટ્રવાદના અગ્રદૂત સમા અરવિંદ ઘોષ - <u>શ્રી અરવિંદનું 5 ડિસેમ્બર 1950ના રોજ 78 વર્ષની વયે અવસાન થયું હતું.</u>

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૫-૦૮-૨૦૨૦)</u>

1. તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ દેશમાં કેટલામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી - **<u>૭૪માં</u>**
2. ગુજરાતમાં ૭૪માં સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી કયાં યોજાઈ હતી - **<u>સ્વર્ણિમ પાર્ક ગાંધીનગર-</u>**
3. તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ ગુજરાતમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિતે કોનું સન્માન કરાયું - **<u>રાજ્યના ૫૭ કોરોના વૉરિયર્સ તબીબોનું પ્રમાણપત્ર આપી સન્માન</u>**
4. તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ PM મોદી દ્વારા નવી દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી સતત કેટલામી વખત ધ્વજવંદન કરાયું - **<u>૭માં</u>**
5. NDHMનું વિસ્તૃત નામ આપો - **<u>નેશનલ ડિજિટલ હેલ્થ મિશન</u>**
6. PM મોદીએ તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ સ્વાતંત્ર્ય પર્વ નિમિતે આરોગ્યને લગતી કઈ મહત્વની યોજના/મિશનની જાહેરાત કરી - **<u>નેશનલ ડિજિટલ હેલ્થ મિશન</u>**

7. નેશનલ ડિજિટલ હેલ્થ મિશન અંતર્ગત દેશના દરેક નાગરિકને કયુ કાર્ડ અપાશે - **યુનિક હેલ્થ આઇડેન્ટિડેન્ટિટી**
8. નેશનલ ડિજિટલ હેલ્થ મિશન અંતર્ગત દરેક નાગરિકને આપવામાં આવનાર યુનિક હેલ્થ આઇડેન્ટિડેન્ટિટીમાં કઈ બાબતોનો સંગ્રહ થશે - **આરોગ્યની તમામ માહિતી**
9. તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ PM મોદી દ્વારા નવી દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી દેશવાસીઓને સંબોધન કરતાં દેશમાં સાઇબર ક્રાઇમ અટકાવવા માટે કઈ નીતિનો અમલ કરવાની જાહેરાત કરી - **નવી સાઇબર સુરક્ષા નીતિ**
10. તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ PM મોદી દ્વારા નવી દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી દેશવાસીઓને સંબોધન કરતાં નેશનલ કેડેટ કોર્પ્સનું વિસ્તરણ કરી કેટલા નવા કેડેટને સેના દ્વારા તાલીમ આપવાની જાહેરાત કરી - **૧ લાખ**
11. તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ PM મોદી દ્વારા નવી દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી દેશવાસીઓને સંબોધન કરતાં આગામી ૧૦૦૦ દિવસમાં કયા પ્રદેશને સબમરિન ઓપ્ટિકલ ફાઇબર કેબલથી જોડવાની જાહેરાત કરી - **લક્ષદ્વીપ**
12. તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ PM મોદી દ્વારા નવી દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી દેશવાસીઓને સંબોધન કરતાં દેશના દરેક ગામને શાનાથી જોડવાની જાહેરાત કરી - **ઓપ્ટિકલ ફાઇબર કેબલ**
13. તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ PM મોદી દ્વારા નવી દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી દેશવાસીઓને સંબોધન કરતાં જંગલો અને વનસૃષ્ટિનાં સંરક્ષણ માટે કયા પ્રોજેક્ટની જાહેરાત કરી - **લાયન એન્ડ ડોલ્ફિન**
14. તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ PM મોદી દ્વારા નવી દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી દેશવાસીઓને સંબોધન કરતાં સમગ્ર દેશને કેટલા રૂપિયાના ખર્ચે મોડેલ કનેક્ટિવિટી ઇન્ફ્રાસ્ટ્રક્ચરથી જોડવાની જાહેરાત કરી – **રૂ. ૧૦૦ લાખ કરોડ**
15. ભારતમાં મોડેલ કનેક્ટિવિટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે અલગ અલગ સેક્ટરમાં કેટલા પ્રોજેક્ટ ક્રાંતિ લાવશે - **૭૦૦૦**
16. તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ PM મોદી દ્વારા નવી દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી દેશવાસીઓને સંબોધન કરતાં કયા રાજ્યમાં ઝડપથી ચૂંટણીના આયોજનની જાહેરાત કરી – **જમ્મુ-કાશ્મીર**
17. NCCનું વિસ્તૃત નામ આપો – **નેશનલ કેડેટ કોર્પ્સ**
18. દેશના કેટલા સરહદીય તથા તટીય જિલ્લામાં NCCના વિસ્તરણ સંબંધિત દરખાસ્તને મંજૂરી આપવામાં આવી - **૧૭૩**
19. વર્તમાન કેન્દ્રીય સંરક્ષણમંત્રીનું નામ જણાવો - **શ્રી રાજનાથસિંહ**
20. ૧૫ ઓગસ્ટ-૨૦૨૦ના રોજ ક્યા ભારતીય ક્રિકેટ વિકેટકિપર કેપ્ટને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી - **મહેન્દ્રસિંહ ધોની**
21. ભારતીય ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીનું ઉપનામ જણાવો - **મિસ્ટર કૂલ/માહી**
22. ભારતીય ક્રિકેટ ટીમના સૌથી વધુ સફળ કેપ્ટનનું નામ જણાવો - **મહેન્દ્રસિંહ ધોની**
23. ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ ICCની કેટલી ટ્રોફીમાં કેપ્ટનશીપ કરી દેશને જીત અપાવી છે – **ત્રણ**
24. પૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ કેટલા વન-ડે અને T-20માં જીત અપાવી છે - **૧૫૧ વાર**
25. ક્રિકેટમાં વિકેટકીપર તરીકે સૌથી વધુ છગ્ગા ફટકારનાર ખેલાડીનું નામ જણાવો - **મહેન્દ્રસિંહ ધોની**
26. પૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ બોલર તરીકે કેટલી વિકેટ લીધી - **એક વિકેટ (2009માં વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ)**
27. પૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીનો ટી-શર્ટ નંબર જણાવો - **7**
28. ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીને ભારતીય સેના દ્વારા ક્યારે માનદ લેફ્ટનન્ટ કર્નલની પદવી અપાઈ - **નવેમ્બર-૨૦૧૧**
29. ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીને કયા વર્ષમાં રાજીવ ગાંધી ખેલરત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા - **વર્ષ: ૨૦૦૭-૦૮**
30. ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીને કયા વર્ષમાં પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા – **વર્ષ : ૨૦૦૯**
31. ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીને કયા વર્ષમાં પદ્મભૂષણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા – **વર્ષ:૨૦૧૮**
32. ICC દ્વારા ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીને કયા વર્ષે વન-ડે પ્લેયર ઓફ ધ યરથી સન્માનિત કરવામાં આવ્યા હતા - **વર્ષ : ૨૦૦૮-૦૯**

33. ૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોની સાથે ક્યા અન્ય એક ક્રિકેટરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી - **સુરેશ રૈના**

34. ક્રિકેટ બેટ્સમેન સુરેશ રૈનાએ કયા વર્ષમાં ડેબ્યુ કર્યું તથા ક્યા વર્ષમાં ઈંગ્લેન્ડ સામે અંતિમ મેચ રમી હતી. – **વર્ષ 2005માં ડેબ્યુ તથા વર્ષ 2008માં અંતિમ મેચ**

35. આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારનારો ભારતનો પ્રથમ બેટ્સમેન કયો છે – **સુરેશ રૈના**

36. ઓગસ્ટ-૨૦૨૦માં કયા પૂર્વ ભારતીય ક્રિકેટરનું અવસાન થયુ હતુ – **ચેતન ચૌહાણ**

37. પૂર્વ ભારતીય ક્રિકેટર ચેતન ચૌહાણ કયા રાજ્યના મંત્રી હતા – **ઉત્તરપ્રદેશ**

38. મહર્ષિ શ્રી અરવિંદનો જન્મ દિવસ જણાવો - **15 ઓગસ્ટ-1872**

39. રામકૃષ્ણ પરમહંસ, મહાદેવ દેસાઈ, ભૂતપૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરી અને બાંગ્લા નેતા શેખ મુઝીબુર રહેમાનની પુણ્યતિથિ જણાવો – **૧૫મી ઓગસ્ટ**

40. મહર્ષિ શ્રી અરવિંદનો જન્મ ક્યાં થયો હતો – **કોલકાતા(પશ્ચિમ બંગાળ)**

41. મહર્ષિ શ્રી અરવિંદ ક્યા વર્ષમાં બ્રિટનથી ભારત પરત ફર્યા અને વડોદરામાં રાજકીય વિદ્યાલયમાં ઉપાચાર્યના હોદ્દે બિરાજ્યા હતા, જ્યાં તેઓ ઇતિહાસ ભણાવતા હતા – **વર્ષ : 1893**

42. 'વંદે માતરમ્'ના સંપાદકનું નામ જણાવો - **અરવિંદ ઘોષ**

43. મહર્ષિ અરવિંદ માર્ચ 1910માં કઈ જગ્યાએ સ્થાયી થયા અને અરવિંદ ઘોષમાંથી શ્રી અરવિંદ બન્યા - **પોંડેચેરી**

44. રવિન્દ્રનાથ ટાગોરે મહર્ષિ અરવિંદને કયા નામે બિરદાવ્યા હતા - **'સ્વદેશની આત્મવાણી'**

**DATE : 16-08-2020**

## ૧. નવતર સુવિધા : ગુજરાત હાઈકોર્ટ : ભારતમાં પ્રથમવાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઈ-મેઈલથી કેસની વિગતો મોકલવા ઈ-સેવાનો પ્રારંભ (કાયદો-ટેકનોલોજી)

- ✓ ઈ-સેવાનું નામ: ઈ-મેઈલ માય કેસ સ્ટેટસ
- ✓ તા.૧૫મી ઓગસ્ટ-૨૦૨૦થી ઈ-સેવાનો પ્રારંભ
- ✓ કોરોના મહામારીના કારણે હાઇકોર્ટમાં રૂબરૂ આવીને કેસની માહિતી નહીં મેળવી શકતા પક્ષકારો અને વકીલો માટે ચીફ જસ્ટિસ વિક્રમનાથે એક નવતર સુવિધા શરૂ કરી.
- ✓ આ સુવિધા અંતર્ગત જે વ્યક્તિને કેસની માહિતી મેળવવી હશે તે ઈ-મેઇલ દ્વારા માહિતી જાણી શકશે.
- ✓ એક એસએમએસ કરીને કેસ નંબર મોકલીને રજિસ્ટર કરવાથી કેસની તમામ માહિતી અને તેના ચુકાદાની પીડીએફ ફાઇલ ઇમેઇલ દ્વારા મોકલવામાં આવશે. –

**હેતુ :**

- ✓ ઇ-મેઇલ માય કેસ સ્ટેટસ નામની સુવિધા શરૂ થવાને લીધે કોવિડ જેવા સંજોગોમાં પણ પક્ષકારો, સરકારી અધિકારીઓ અને વકીલો કેસની માહિતી ઇ-મેઇલ પરથી ઘર-બેઠાં જાણી શકશે.
- ✓ કોર્ટ સુધી સામાન્ય માણસ પણ સરળતાથી પહોંચી શકે તેવા ઉદેશથી દેશમાં સૌપ્રથમ વખત આ સેવાનો પ્રારંભ કરાવ્યો છે.

**મોબાઈલ પર માહિતી ઉપલબ્ધ**

- ✓ આ સુવિધા અંતર્ગત એક એસએમએસ કરીને કેસ નંબર મોકલીને રજિસ્ટર કરવાથી કેસની તમામ માહિતી મળશે.
- ✓ રજિસ્ટર કરેલો નંબર પર ૯૯ કેસની માહિતી મેળવી શકાશે.
- ✓ દરેક કેસના CNR નંબર આપવાથી કેસના ચુકાદા સહિતની માહિતી મેઈલ પર મોકલી દેવામાં આવશે.
- ✓ 16 અક્ષરોના યુનિક નંબર પર તમામ વિગતો મળશે.
- ✓ ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ : શ્રી વિક્રમનાથ

## ૨. શતમ્ આયુર્વેદિક કોવિડ કેર સેન્ટર : ભારતના પ્રથમ આયુર્વેદિક કોવિડ કેર સેન્ટરનો રાજકોટમાં પ્રારંભ (આરોગ્ય)

- ✓ નામ : સતમ્ આયુર્વેદિક કોવિડ કેર સેન્ટર
- ✓ ટ્રસ્ટ : શ્રી અરવિંદ મણિયાર જનકલ્યાણ ટ્રસ્ટ, રાજકોટ
- ✓ સેન્ટર વિશે : આ સેન્ટરમાં કોરોના સંક્રમિત દર્દીઓને માઈલ્ડથી લઈ મોડરેટ સારવાર આપવામાં આવશે
- ✓ પૌરાણીક આયુર્વેદિક ઉપચાર પદ્ધતિથી શરીરની રોગ પ્રતિકાર શક્તિ વધે તેવી સારવાર કરાશે

## 3. 2022માં આઝાદીની 75મી વર્ષગાંઠ : ભારત વિવિધ ક્ષેત્રે કઈ-કઈ સિદ્ધિ પ્રાપ્ત કરશે



**અર્થતંત્ર: 27 કરોડ ગરીબીમાંથી નીકળ્યા, 2 વર્ષમાં ગરીબી દૂર કરવાનું લક્ષ્ય**

- ✓ 2022 સુધી દેશના દરેક નાગરિક પાસે બેન્ક ખાતું હશે. સરકારની જનધન યોજના અંતર્ગત અત્યાર સુધી 40 કરોડ બેન્ક ખાતા ખૂલી ચૂક્યા છે. તેમણે જીવન વીમા-દુર્ઘટના વીમા આપવાનું લક્ષ્ય છે.
- ✓ સ્ટેટિસ્ટા અનુસાર, 2022 સુધી 13 કરોડ પરિવારની આવક 3.5 લાખથી 7.5 લાખ વાર્ષિક થવાનું અનુમાન. 2019માં આ આવકનું સ્તર 9.2 કરોડ પરિવાર જ હતા.
- ✓ 5.5% રહી શકે છે, ભારતનો આર્થિક વૃદ્ધિ દર 2022-23માં. તાજેતરમાં જ ગ્લોબલ ઈકોનોમિક આઉટલૂકમાં ફિચ રેટિંગ્સે આ અનુમાન લગાવાયું છે. અનુમાન છે કે, કોરોના છતાં ભારત ઝડપથી બહાર આવશે.
- ✓ 27.3 કરોડ ભારતીય UN અનુસાર 2005થી 2015માં ગરીબીમાંથી બહાર નીકળ્યા. ભારતે 2022 સુધી ગરીબીમાંથી મુક્ત થવાનું લક્ષ્ય રાખ્યું છે.

**ઈન્ફ્રાસ્ટ્રક્ચર: ભારતમાલા અને સાગરમાલા વધારશે દેશની આર્થિક ગતિ**

- ✓ 2022 સુધી 16 રાજ્યોને જોડનારી 35,000 કિમી હાઈવે નિર્માણની ભારતમાલા યોજના 2022 સુધી પૂરી થવાની છે. જેમાં 9000 કિમીના ઈકોનોમિક કોરિડોર બનવાનો છે. આ ઉપરાંત સાગરમાલા પ્રોજેક્ટ પણ પૂરો થશે. આ પ્રોજેક્ટ 75 હજાર કિમીમાં સમુદ્રી કિનારા, 12 મહત્ત્વનાં પોર્ટ, 185 નાના પોર્ટનું આધુનિકીકરણ થશે. આ જ રીતે સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત 2022 સુધી દેશમાં 20 સ્માર્ટ સિટીનું નિર્માણ લગભગ પુરું થઈ જશે. સાથે જ 99 સ્માર્ટ સિટીમાં રૂ. 2.01 કરોડના વિકાસ કાર્ય પણ ત્યાર પછી લગભગ 2થી 3 વર્ષમાં પૂરા થઈ જશે.
- ✓ 2.95 કરોડ ઘર બની જવાનું અનુમાન છે, હાઉસિંગ ફોર ઓલ યોજના અંતર્ગત. આ યોજનામાં 2022 સુધી દેશના દરેક પરિવારને ઘર આપવાની યોજના છે.

**દુનિયાનો સૌથી ઊંચો રેલવે બ્રિજ તૈયાર થશે**

- ✓ જમ્મુ-કાશ્મીરમાં ચિનાબ નદી પર બની રહેલો દુનિયાનો સૌથી ઊંચો રેલવે બ્રિજ આવતા વર્ષે બનીને તૈયાર થઈ જશે. 2022માં તેના પર ટ્રાફિક શરૂ કરવાનું લક્ષ્ય છે. બ્રિજ ભારતીય રેલવેના ઉધમપુર-શ્રીનગર-બારામુલા રેલવે લિન્કનો ભાગ છે.
- ✓ બ્રિજ નદીના તળિયાથી 359 મીટર ઊંચો.
- ✓ ફ્રાન્સના એફિલ ટાવરથી 35 મીટર ઊંચો.

**ટેક્નોલોજી: દરેક ગામમાં બ્રોડબેન્ડ ઈન્ટરનેટ હશે, 7 લાખ કરોડનો ખર્ચ થશે**

- ✓ નેશનલ બ્રોડબેન્ડ મિશન અંતર્ગત 2022 સુધી દરેક ગામમાં બ્રોડબેન્ડ ઈન્ટરનેટ પહોંચી જશે. તેના માટે રૂ.7 લાખ કરોડનું રોકાણ થશે. જેના અંતર્ગત 30 લાખ કિમી રૂટ ઓપ્ટિકલ ફાઈબર પાથરવામાં આવશે.
- ✓ 83 કરોડ સ્માર્ટફોન યુઝર્સ થઈ જશે. ઈન્ડિયન સેલ્યુલર એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એસોસિયેશન અનુસાર દેશમાં 2022 સુધી. અત્યારે આ સંખ્યા 50 કરોડ છે.
- ✓ એન્ટરપ્રેન્યોરશિપ અને સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા 60 ઈન્ક્યુબેશન સેન્ટર બની ચૂક્યા છે. તેમની સંખ્યા વધારીને 100 કરવાની યોજના છે. 1000થી વધુ 'અટલ ટિંકરિંગ લેબ્સ' બની છે બે વર્ષમાં તેની સંખ્યા 10 હજાર સુધી થઈ જશે. ટિંકરિંગ લેબ્સનો ઉદ્દેશ્ય સ્કૂલના વિદ્યાર્થીઓમાં સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ, મેથ્સમાં જિજ્ઞાસા વધારવાનો છે.

**સંરક્ષણ: પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજથી આપણી શક્તિ વધશે**

- ✓ અગાઉ સ્વદેશી વિમાનવાહક જહાજ વિક્રાંતનું નિર્માણ ત્રીજા તબક્કામાં છે. 40 હજાર ટનના જહાજ 2021માં જલાવતરણની સંભાવના છે. 2022 સુધી જહાજ ભારતીય નોકાદળમાં સામેલ થઈ શકે છે. વિક્રાંતમાં 30 ફાઈટર જેટ અને 10 હેલિકોપ્ટર તૈનાત થશે.
- ✓ 2022 સુધી નવું તેજસ: ભારતને વધુ રાફેલ તો મળશે જ, સ્વદેશી તેજસનું નવું સ્વરૂપ એમકે 1 એ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ પણ પ્રથમ ઉડ્ડયન ભરશે. તેની ડિઝાઈન તૈયાર છે.
- ✓ <u>5 થિયેટર કમાન્ડ:</u> યુદ્ધના સમયે ત્રણેય સેનાઓ વચ્ચે તાલમેલ માટે થિયેટર કમાન્ડ બનાવાઈ છે. 2022 સુધી 5 થિયેટર કમાન્ડ હશે. ભારતની શક્તિ વધશે.

**કૃષિ: કૃષિ નિકાસ અને ખેડૂતોની આવક બમણી કરવાનું લક્ષ્ય**

- ✓ 4.5 લાખ કરોડ રૂપિયા કૃષિ નિકાસનું લક્ષ્ય 2022 સુધી, અત્યારે રૂ. 2.7 લાખ કરોડની નજીક છે.
- ✓ રોજગાર સર્જનની આગામી લહેર કૃષિ ક્ષેત્રથી આવી શકે છે. કૃષિ ક્ષેત્રમાં કુલ ખાનગી રોકાણ 2015-16માં રૂ.61 હજાર કરોડ હતું, જે 2022-23 સુધી 1.39 લાખ કરોડ રૂપિયા થવાની આશા છે.

- ✓ ભારતનું ખાદ્યાન્ન ઉત્પાદન અત્યારે વિક્રમી 296 મિલિયન ટન પર છે. અનાજનો સરેરાશ સ્ટોક અગાઉથી 2.2% વધુ છે. આગામી વર્ષોમાં ભારતનું ગ્રામીણ અર્થતંત્ર સમગ્ર વિકાસમાં એક મજબુત યોગદાન આપશે.
- ✓ સંકટ સમયે 2020-21માં કૃષિ ક્ષેત્ર અર્થતંત્રને મંદીથી બચાવી શકે. 2022માં ખેડૂતોની આવક બમણી કરવાનું લક્ષ્ય છે.

**<u>આરોગ્ય/ શિક્ષણ: આરોગ્ય અને શિક્ષણનો દાયરો હવે દરેક બાળક-ગામ સુધી</u>**

- ✓ 2022 માં શિક્ષણમાં સુધારા માટે નવી વ્યવસ્થા લાગુ થશે. શિક્ષણનો અધિકાર વધારવા જઈ રહ્યો છે. RTIમાં 3થી 18 સુધી બાળકો આવશે. અત્યાર સુધી 6થી 14 વર્ષ હતી.
- ✓ દેશના દરેક ગામમાં આરોગ્ય સેવાઓ પહોંચાડવા માટે 2022 સુધી 1.5 લાખ આયુષ્માન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખોલાશે. અત્યારે આવા 28,005 સેન્ટર છે. આયુષ્યમાન ભારત સ્કીમથી 1.20 લાખ કમ્યુનિટી આરોગ્ય અધિકારીઓને રોજગાર મળશે.
- ✓ ભારતે 2025 સુધી ટીબી બીમારીને મૂળમાંથી દૂર કરવાનું લક્ષ્ય રાખ્યું છે. કેરળ-2020, હિમાચલ પ્રદેશ-2021, સિક્કિમ અને લક્ષ્મદ્વીપ-2022 સુધી તેનાથી મુક્ત થઈ જશે.

**<u>અંતરિક્ષ: અંતરિક્ષમાં માનવ મોકલનારો ચોથો દેશ બનશે ભારત</u>**


- ✓ સ્વતંત્રતાના 75મા વર્ષમાં ભારત માટે સૌથી મોટી ઉપલબ્ધિ અંતરિક્ષમાં માનવ મોકલશે. ઈસરો ગગનયાન અભિયાન અંતર્ગત ત્રણ ભારતીય અંતરિક્ષમાં મોકલશે.
- ✓ ઈસરો ચંદ્રયાન-3નું લોન્ચિંગ પણ આવતા વર્ષે કરવા જઈ રહ્યું છે. જે ચંદ્રના દક્ષિણ પોલર ક્ષેત્રમાં લેન્ડિંગ કરશે.
- ✓ 2021ની શરૂઆતમાં ભારત પોતાના પ્રથમ સોલર મિશનની શરૂઆત કરશે.
- ✓ 36 મિશન પૂરા કરશે ઈસરો. નાસાની સાથે મળીને ઈસરો એનઆઈએસએઆર સેટેલાઈટ પર પણ કામ કરી રહ્યું છે, જે ભૂકંપ, ચક્રવાતના અનુમાન માટે અધ્યયન કરશે.

**<u>મનોરંજન: દુનિયાના ટોપ-10માં હશે ભારતનું ઓટીટી બજાર</u>**

- ✓ 2.4 લાખ કરોડ રૂપિયાનું થશે 2022 સુધી મીડિયા-એન્ટરટેઈનમેન્ટ સેક્ટર
- ✓ 14 કરોડ લોકો સુધી સ્માર્ટ ટીવી ઉપયોગ કરવાની આશા. આ આંકડો અત્યારે 40 લાખ છે.
- ✓ અર્નેસ્ટ એન્ડ યંગના રિપોર્ટ અનુસાર, 2021 -22 સુધી મનોરંજનના ડિજિટલ માધ્યમ, પારંપરિક માધ્યમો (ટીવી-રેડિયો)થી આગળ નીકળી જશે.
- ✓ એસોચેમ અને પીડબલ્યુસીના અભ્યાસ મુજબ 2022 સુધી ભારતનું વીડિયો ઓટીટી (નેટફ્લિક્સ, પ્રાઈમ વીડિયો, યુટ્યુબ વગેરે) બજાર દુનિયાના ટોપ-10 બજારમાં હશે. તે રૂ.5,363 કરોડનું બજાર બની જશે. સ્ટેટિસ્ટા અનુસાર ઓટીટી વીડિયો પ્લેટફોર્મ્સની રેવેન્યુ 2022 સુધી રૂ.4800 કરોડ સુધીની થઈ જશે.

<u>૪. દિન વિશેષ : 16 ઓગસ્ટ: પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીની બીજી પૂણ્યતિથિ</u>

- ✓ અવસાન : 16-08-2018 (નવી દિલ્હી)




<u>૫. દિન વિશેષ : 16 ઓગસ્ટ</u>

<u>પારસીઓના નવા વર્ષ-પતેતી</u>

<u>નવરોઝ મુબારક ધર્મસ્થાન : અગિયારી</u>




<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૬-૦૮-૨૦૨૦)</u>

1. ભારતમાં સૌપ્રથમવાર કઈ હાઈકોર્ટમાં "ઈ-મેઈલ માય કેસ સ્ટેટસ" સેવાનો પ્રારંભ થયો - **<u>ગુજરાત હાઈકોર્ટે</u>**
2. ગુજરાત હાઈકોર્ટમાં "ઈ-મેઈલ માય કેસ સ્ટેટસ" સેવાનો પ્રારંભ થયો કયારથી થયો - <u>15.08.2020</u>
3. ગુજરાત હાઈકોર્ટમાં "ઈ-મેઈલ માય કેસ સ્ટેટસ" સેવા શરૂ કરવાનો મુખ્ય હેતુ જણાવો - **<u>અરજદાર-વકીલ ઘરે બેઠા કેસના હુકમ-સ્ટેટસ જાણી શકશે</u>**
4. ગુજરાત હાઈકોર્ટના વર્તમાન મુખ્ય ન્યાયમૂર્તિનું નામ જણાવો - **<u>જજ શ્રી વિક્રમનાથ</u>**

5. તાજેતરમાં ગુજરાતના પ્રથમ "સતમ આયુર્વેદિક કોવિડ કેર સેન્ટર"નો પ્રારંભ કયા શહેરમાં થયો - **રાજકોટ**
6. 16 ઓગસ્ટ 2020ના રોજ કયા મહાનુભાવની બીજી પુણ્યતિથિ હતી - **અટલ બિહારી વાજપેયી**
7. અટલ બિહારી વાજપેયીનું અવસાન કયારે થયું હતું - **16.08.2018**
8. પારસીઓનું નવુ વર્ષ કયા નામથી ઉજવાય છે - **પતેતી**
9. પારસીઓનું ધર્મસ્થાન કયા નામે ઓળખાય છે - **અગિયારી**
10. "નવરોઝ મુબારક" શબ્દ પ્રયોગ કયારે કરવામાં આવે છે - **પારસીઓના નવા વર્ષની શુભેચ્છાઓ માટે**

DATE : 17-08-2020

**૧.અવસાન : પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર અને ગાયક પંડિત જસરાજનું USના ન્યૂજર્સી ખાતે ૯૦ વર્ષે અવસાન**




- ✓ જન્મસ્થળ : પીપીમંદોરી (હરિયાણા)
- ✓ જન્મ : તા.૨૮-૦૧-૧૯૩૦
- ✓ અવસાન : ૧૭મી ઓગસ્ટ-૨૦૨૦
- ✓ ઓળખ : મેવાતી ઘરાના

**એવોર્ડ :**

- ✓ પદ્મશ્રી : વર્ષ-૧૯૭૫ પદ્મભૂષણ : વર્ષ-૧૯૯૦
- ✓ પદ્મવિભૂષણ : વર્ષ-૨૦૦૦ સંગીત નાટક એકેડેમી એવોર્ડ,
- ✓ મહારાષ્ટ્ર ગૌરવ પુરસ્કાર,
- ✓ હરિયાણા રાજ્ય સરકાર પુરસ્કાર,
- ✓ હૈદરાબાદ પુત્ર એવોર્ડ, કલા ગુર્જરી એવોર્ડ,
- ✓ કાંચી કામકોટિ શંકરાચાર્ય તરફથી સંગીત રત્ન એવોર્ડ
- ✓ ઉપરાંત તેમને વિદેશોમાં સન્માન મળ્યાં હતાં. અમેરિકાના બે શહેરોની કેલિફોર્નિયા અને ન્યૂયોર્કની ચાવી મેયર દ્વારા તેમને અર્પણ કરાઇ હતી.
- ✓ **સૂર્યમંડળના એક ગ્રહનું નામ : પં. જસરાજ**

**૨. નિમણૂક: ગુજરાત હાઈકોર્ટમાં નવા ત્રણ જજ તરીકે સુપ્રીમ કોર્ટની મંજૂરી (કાયદો)**

1. શ્રી વૈભવી દેવાંગ નાણાવટી
2. શ્રી નિર્ઝર દેસાઈ
3. શ્રી નિખિલ કારિયલ

- ✓ ગુજરાત હાઈકોર્ટ હવે ૨૮+03 = ૩૧ જજ (કુલ મહેકમ : ૫૨)

**૩. નિમણૂક : BSFના નવા DG તરીકે IPS રાકેશ અસ્થાનાની નિમણૂક**

- ✓ બેંચ : ૧૯૮૪, ગુજરાત કેડર
- ✓ કાર્યકાળ : ૩૧મી જુલાઈ-૨૦૨૧ સુધી
- ✓ BSF : બોર્ડ સિક્યુરિટી ફોર્સ

**૪. સિક્રેટ યુનિટ : “61398” (વૈશ્વિક સાઈબર ક્રાઈમ)**

**ચીની સૈન્યનું સિક્રેટ યુનિટ “61398”**

- ✓ ભારત ઉપર સાઈબર હુમલા કરવા સક્રીય થયુ : ભારતમાં એલર્ટ

**સિક્રેટ યુનિટની ભૂમિકા :**

- ✓ ચીનના આ સિક્રેટ યુનિટમાં ખતરનાક હેકર્સ અને સાઇબર એક્સપર્ટ કાર્યરત છે.
- ✓ ચીને અચાનક પોતાની સેનાના એક સિક્રેટ યુનિટને સક્રિય કરી દીધું છે.
- ✓ વિશ્વભરમાં બદનામ આ યુનિટ સામે આવીને શત્રુ સાથે હથિયારોથી નથી લડતું પરંતુ ચુપકીદીથી નિશાન સાધે છે.
- ✓ ચીન હવે ડિજિટલ વૉરના માધ્યમથી ભારતને નુકસાન પહોંચાડવા પ્રયાસ કરી રહ્યું છે.
- ✓ ચોરીછૂપીથી સાઇબર હુમલા કરવા માટે આ યુનિટ વિશ્વભરમાં બદનામ છે.
- ✓ વિશ્વના અનેક દિગ્ગજો ચીની સૈન્યના આ સિક્રેટ યુનિટથી ડરે છે.
- ✓ સુરક્ષા એજન્સીઓને મળેલી જાણકારી મુજબ કેટલાક મહિનાથી ડેટા ચોરીની ઘટનાઓ વધી રહી છે.

**૫. ગુજરાત સરકાર : મુખ્ય સચિવ પદે શ્રી અનિલ મુકીમને આગામી છ માસ માટે એક્સટેન્શન અપાયું (વહીવટ)**

- ✓ નવો કાર્યકાળ : ૨૮ ફેબ્રુઆરી-૨૦૨૧ સુધી

**૬. ઈનોવેશન ચેલેન્જ ફંડ (આરોગ્ય)**

**કોરોના વાઈરસ સામે લડવા માટે બ્રિટને ભારતને રૂ.૨૯ કરોડનું ઈનોવેશન ચેલેન્જ ફંડ આપ્યું**

હેતુ :

✓ ભારતીય વૈજ્ઞાનિકો અને સંશોધકો ફંડનો લાભ લઈને કોરોના વાઈરસ અંગે સંશોધન કરશે

✓ કોરોના સામે લડવા બ્રિટન-ભારતના સંયુક્ત પ્રયાસો

## ૭. INTERNET : (સંચાર)

### ભારતમાં તા.૧૫-૦૮-૧૯૯૫થી ઈન્ટરનેટ સેવાનો પ્રારંભ




✓ સંસ્થા:VSNL-વિદેશ સંચાર નિગમ લિમિટેડ

✓ ભારતમાં ઈન્ટરનેટનું આગમન સૌપ્રથમ ૧૯૮૬માં થયું હતું, પણ ત્યારે કનેક્શન કેટલીક શૈક્ષણિક અને સંશોધન કરતી સંસ્થાઓને જ મળ્યું હતું.

✓ જાહેર જનતા માટે ઈન્ટરનેટની શરૂઆત બીએસએનએલની વિદેશી પાંખ વિદેશ સંચાર નિગમ લિમિટેડ (વીએસએનએલ) દ્વારા ૧૫ ઑગસ્ટ, ૧૯૯૫ના દિવસે થઈ હતી.

### નેટ સ્પિડ એટલે શું

✓ ઈન્ટરનેશનલ ધારાધોરણો પ્રમાણે ૪ એમબીપીએસ કરતાં વધારે ઝડપ હોય તો તેને **બ્રોડબેન્ડ** કહેવાય. ભારતમાં એવા ઈન્ટરનેટ કનેક્શન ૯.૯ ટકા છે.

✓ ૧૦ એમબીપીએસ કરતાં વધુ ડેટા મળતો હોય તો એ થયું **હાઈ-સ્પીડ ઈન્ટરનેટ,** ભારતમાં એવા કનેક્શન તો માત્ર ૧.૮ ટકા જ છે.

✓ ટેલિકોમ રેગ્યુલારિટી ઓથોરિટી ઓફ ઈન્ડિયાની વ્યાખ્યા પ્રમાણે ભારતમાં ૫૧૨ કિલોબાઈટ પ્રતિ સેકન્ડ (કેબીપીએસ)ની ઝડપને બ્રોડબેન્ડ ગણવામાં આવે છે.

✓ ભારતમાં વડાપ્રધાન ઓફિસની ઈન્ટરનેટ સ્પીડ ૩૪ એમબીપીએસ છે. એ ભારતના સૌથી ઝડપી નેટ કનેક્શન પૈકીનું એક છે.

✓ સ્પીડ ટેસ્ટ નામની વેબસાઈટ પ્રમાણે મોબાઈલ નેટની સ્પીડમાં ભારત જગતમાં ૧૨૯માં ક્રમે છે, ફિક્સ બ્રોડબેન્ડમાં ૭૫માં ક્રમે.

### નેટ ક્યાંથી આવે છે

✓ ભારતમાં ઈન્ટરનેટ દરિયાઈ કેબલ દ્વારા પહોંચે છે.

✓ આખા જગતમાં ઈન્ટરનેટ પહોંચાડવા માટેનો સૌથી સરળ રસ્તો અન્ડર સી (અથવા સબમરિન) કેબલ છે.

✓ નવ કેબલ દ્વારા ભારતના પાંચ મહત્વના પોઈન્ટ પર નેટ પહોંચે છે, જે વિવિધ કંપનીઓને મળે અને કંપનીઓ પોતાના ગ્રાહકો સુધી વિતરણ કરે.

✓ ઉપરાંત પૂર્વોત્તરના શહેર અગરતલામાં રોડની સાઈડમાં બિછાવેલા કેબલ દ્વારા (ઓવરલેન્ડ ઈન્ટરનેટ કનેક્શન) પણ નેટ આવે છે.

✓ આખા જગતના સમુદ્ર તળિયે લગભગ ૩૮૦ કેબલ બિછાવેલા છે, જેની કુલ લંબાઈ ૧૨ લાખ કિલોમીટર જેટલી છે.

### અરૂણાચલમાં હવે ટુ-જી

✓ પર્વતીય વિસ્તારને કારણે ૨૦૨૦ની ચોથી ઓગસ્ટે અરૂણાચલ પ્રદેશના વિજયનગર શહેરમાં પહેલી વખતબીએસએનએલ દ્વારા ટુ-જી ઈન્ટરનેટ સેવાની શરૂઆત થઈ.

## ૮. ખેલકૂદ : ક્રિકેટર સુરેશ રૈના-નિવૃત્તિ




✓ ક્રિકેટમાં જર્સીનો નંબર-3

✓ ક્રિકેટમાં જય-વિરૂની જોડી

✓ ધોનીની ટી-શર્ટનો નં-૭ અને રૈનાનો-3 એટલે ભારતના આઝાદીના ૭૩ વર્ષ પૂર્ણ થયા તે સંજોગ હતા.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૭-૦૮-૨૦૨૦)

1. તાજેતરમાં ભારતના પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર અને ગાયક પંડિત જસરાજજીનું કયાં અવસાન થયું - **ન્યૂજર્સી USA**
2. તાજેતરમાં પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર અને ગાયક પંડિત જસરાજજીનું ક્યારે અવસાન થયું - **17.08.2020**
3. પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર અને ગાયક પંડિત જસરાજજીનું જન્મ સ્થળ જણાવો - **પીપીમંદોરી (હરિયાણા)**
4. પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર અને ગાયક પંડિત જસરાજજીનો જન્મ ક્યારે થયો હતો - **28.01.1930**
5. પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર અને ગાયક પંડિત જસરાજજી કયા ઘરાનાના હતા - **મેવાતી ઘરાના**
6. પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર અને ગાયક પંડિત જસરાજજીને કયા વર્ષે પદ્મશ્રી અને પદ્મભૂષણ અપાયો - **1975 અને 1990**

7. પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર અને ગાયક પંડિત જસરાજજીને કયા વર્ષે પદ્મવિભૂષણ અપાયો - 2000
8. ભારતમાં સૌપ્રથમ કયા ગ્રહને "પંડિત જસરાજ" નામ અપાયું - સૂર્ય મંડળના ગ્રહને નામ અપાયું
9. ગુજરાત હાઈકોર્ટમાં સુપ્રીમ કોર્ટ દ્વારા કયા ત્રણ જજને મંજૂરી અપાઈ - વૈભવી નાણાવટી, નિર્ઝર દેસાઇ અને નિખિલ કારિયાલ
10. તાજેતરમાં BSFના નવા DGP તરીકે કયા IPS અધિકારીની નિમણૂક કરાઈ - રાકેશ આસ્થાના
11. IPS અધિકારી રાકેશ આસ્થાનાની બેંચ અને કેડર જણાવો - 1984 અને ગુજરાત
12. BSFના નવા DGP રાકેશ આસ્થાનાનો સમયગાળો જણાવો - 31 જુલાઈ 2021
13. સિક્રેટ યુનિટ -"61398" કયા દેશનું છે - ચીન
14. ચીની સિક્રેટ યુનિટ-"61398"નું કાર્ય જણાવો - સાઈબર એટેક
15. ગુજરાતના વર્તમાન CSની મુદત કેટલી વધારવામાં આવી - 6 માસ
16. ગુજરાતના વર્તમાન CSનું નામ જણાવો - શ્રી અનિલ મૂકીમ
17. તાજેતરમાં કોરોના વાયરસ સામે લડવા બ્રિટને ભારત કેટલું ફંડ આપવાની જાહેરાત કરી છે - રૂ. 29 કરોડ
18. તાજેતરમાં કોરોના વાયરસ સામે લડવા બ્રિટને ભારત ફંડ આપવાની જાહેરાત કરી છે તે કયા નામે ઓળખાય છે - ઈનોવેશન ચેલેન્જ ફંડ
19. ભારતમાં સૌપ્રથમ ઇન્ટરનેટ સેવાનો પ્રારંભ કયા વર્ષે થયો હતો - 15.08.1995
20. ભારતમાં ઇન્ટરનેટ સેવાના પ્રારંભને કેટલા વર્ષ પૂર્ણ થયા - 25 વર્ષે
21. તાજેતરમાં 4 ઓગસ્ટ 2020ના રોજ કયા રાજયમાં સૌપ્રથમવાર ઈન્ટરનેટ સેવાનો પ્રારંભ થયો - અરુણાચલ પ્રદેશ
22. તાજેતરમાં નિવૃત્તિ લેનાર ક્રિકેટર સુરેશ રૈનાના ટી શર્ટનો નંબર જણાવો - 3

**DATE : 18-08-2020**

### ૧. નિર્ણય : ગુજરાત સરકાર

**ગુજરાતના પાંચ મુખ્ય શહેરોમાં 70 માળની ગગનચુંબી ઇમારતોના બાંધકામને મંજૂરી (શહેરી વિકાસ)**

✓ પાંચ શહેરો : અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ગાંધીનગર

વિગત :

✓ ગુજરાત સરકારે રાજ્યના પાંચ મુખ્ય શહેરોમાં સિંગાપોર-દુબઈની માફક ગગનચુંબી ઇમારતોને બાંધકામ પરમિશન આપવાનો માર્ગ મોકળો કર્યો છે.

✓ અત્યાર સુધી 22-23 માળ માટે મંજૂરી અપાતી હતી, હવે 70થી વધુ માળની ઇમારતોને, આઇકોનિક સ્ટ્રક્ચર્સને પરમિશન અપાશે.

✓ અત્યાર સુધી E1, E2 કમર્શિયલ ઝોન વગેરેમાં બેઈઝ એફએસઆઈ 1.2 મળતી હતી અને આ ઉપરાંત ઝોનવાર અમુક ચાર્જેબલ એફએસઆઈ મળતી હતી, હવે બેઇઝ એફએસઆઈ ઉપરાંત 4.2 એફએસઆઈ ચાર્જેબલ મળશે, એટલે કે બિલ્ડરો કુલ 5.4 એફએસઆઈનો લાભ લઈ શકશે.

✓ આ એફએસઆઇનો લાભ 30 મીટરથી વધુ પહોળા ટીપી-ડીપી- રસ્તા ઉપર મળશે. આ ચાર્જેબલ એફએસઆઇ જંત્રીદરના 50 ટકા રેટથી મળશે.

**હાઈરાઈઝ બિલ્ડીંગના નવા નિયમો :**

✓ 100 મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા અને આસ્પેક્ટ રેશિયો 1: 9 ના પ્રમાણમાં હશે તેવા મકાનને જ બહુમજલી ઇમારત બનાવવા માટેના નિયમોનો લાભ આપવામાં આવશે

✓ ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરામાં નિર્માણ થનારા મકાનોને માટે જ આ નિયમ લાગુ કરાશે. સીજીડીસીઆર પ્રમાણે જેનો પાયોનો એફએસઆઈ 1.2 કે તેનાથી વધારે હશે તેમને જ આ જોગવાઈઓને લાભ આપવામાં આવશે.

✓ 70 મજલાની ઇમારત માટે મહત્તમ 5.4ની એફએસઆઈ આપવામાં આવશે. જે તે ઝોનની બેઈઝ એફએસઆઇ ઉપરાંત ફ્રી એફએસઆઈ તરીકે કે વધારાની એફએસઆઈ પ્રીમિયમ લઈને આપવામાં આવશે. પ્રીમિયમ એફએસઆઈનો ચાર્જ જંત્રીના દરના 50 ટકા અથવા

ખુલ્લા બિનખેતીના પ્લોટના જંત્રીના દર પ્રમાણે ગણવામાં આવશે.

- ✓ 70 મજલાના બિલ્ડિંગોની ચકાસણી કરવા સ્પેશિયલ ટેકનિકલ કમિટીની રચના કરવામાં આવશે. સ્પેશિયલ ટેકનિકલ કમિટી ચકાસણી કરીને પછી મંજૂરી આપશે કે ભલામણ કરશે.
- ✓ ઇમારતમાં રહેણાક ઉપરાંત મનોરંજન કે પછી વાણિજ્યિક હેતુ માટેના એકમો બનાવી શકાશે.
- ✓ 30 મીટર કે તેનાથી વધુ પહોળાઈ ધરાવતા રસ્તાઓ પર જ છૂટ આપવામાં આવશે.
- ✓ 100થી 150 મીટર ઊંચાઈ માટે ઓછામાં ઓછો 2500 ચોરસ મીટરનો પ્લોટ હોવો જરૂરી છે.
- ✓ 150 મીટરથી વધુ ઊંચાઈ માટે પ્લોટ ઓછામાં ઓછો 3500 ચોરસ મીટરનો હોવો જરૂરી છે.
- ✓ પાર્કિંગમાં ઇલેક્ટ્રિક ચાર્જિંગની સુવિધા હવે ફરજિયાત કરવી પડશે. વિન્ડ ટનલ બનાવવી પણ ફરજિયાત કરવામાં આવી છે.તદ્દુપરાંત ડિઝાસ્ટર મૅનેજમેન્ટ પ્લાન પણ તૈયાર કરવાનો રહેશે.

## ૨. અટલ રેન્કિંગ ઓફ ઇન્સ્ટિટ્યૂશન ઓન ઈનોવેશન એચિવમેન્ટ્સ એવોર્ડ-2020 (ARIIA)

- ✓ ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વૈંકૈયા નાયડુ દ્વારા ARIIA-2020નું રેન્કિંગ જાહેર
- ✓ ARIIA: અટલ રેન્કિંગ ઓફ ઇન્સ્ટિટ્યૂશન ઓન ઈનોવેશન એચિવમેન્ટ્સ

**હેતુ :**

- ✓ એમએચઆરડી(શિક્ષણ)ના ઈનોવેશન સેલ દ્વારા સ્ટાર્ટઅપ, ઈનોવેશન, એન્ટરપ્રિન્યોરશિપ અને આઈપીઆર જેવી વિવિધ પ્રવૃત્તિને વેગ મળે તે હેતુથી વર્ષ-2019થી અટલ રેન્કિંગ ઓફ ઇન્સ્ટિટ્યૂશન ઓન ઈનોવેશન એચિવમેન્ટ્સ એવોર્ડ ‘એરિયા’ આપવાની શરૂઆત.

**ગુજરાતની સંસ્થાઓનું રેન્કિંગ અને કેટેગરી :**

**યુનિવર્સિટી કેટેગરી**

- ✓ આણંદ એગ્રિકલ્ચર યુનિવર્સિટી : ચોથો ક્રમ
- ✓ જીટીયુ : પાંચમો ક્રમ
- ✓ ગુજરાત યુનિવર્સિટી : સાતમો ક્રમ

**IIT કેટેગરી**

- ✓ IIT ગાંધીનગર : નવમો ક્રમ

- ✓ મંત્રાલય : શિક્ષણ

**દેશની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ રેન્કિંગ અને રાજ્ય**

**PRIVATE OR SELF-FINANCED COLLEGE/INSTITUTES (HEIS IN TOP 5 RANK)**

| Srno | Institute Name | Rank | State |
|---|---|---|---|
| 1 | S R ENGINEERING COLLEGE | 1 | Telangana |
| 2 | G. H. Raisoni College of Engineering, Nagpur | 2 | Maharashtra |
| 3 | SRI KRISHNA COLLEGE OF ENGINEERING AND TECHNOLOGY | 2 | Tamil Nadu |
| 4 | NITTE MEENAKSHI INSTITUTE OF TECHNOLOGY | 3 | Karnataka |
| 5 | Sri Krishna College of Technology | 4 | Tamil Nadu |
| 6 | CMR College of Engineering & Technology | 5 | Telangana |

**HIGHER EDUCATIONAL INSTITUTIONS EXCLUSIVELY FOR WOMEN ( ONLY FROM GOVT. AND GOVT. AIDED CATEGORY) (HEIS IN TOP 2 RANK)**

| Srno | Institute Name | Rank | State |
|---|---|---|---|
| 1 | AVINASHILINGAM INSTITUTE FOR HOME SCIENCE AND HIGHER EDUCATION FOR WOMEN | 1 | Tamil Nadu |
| 2 | INDIRA GANDHI DELHI TECHNICAL UNIVERSITY FOR WOMEN | 2 | Delhi |

**GOVT. AND GOVT. AIDED UNIVERSITIES (HEIS IN TOP 5 RANK)**

| Srno | Institute Name | Rank | State |
|---|---|---|---|
| 1 | Institute of Chemical Technology | 1 | Maharashtra |
| 2 | Panjab University | 2 | Chandigarh |
| 3 | Chaudhary Charan Singh Haryana Agricultural University | 3 | Haryana |
| 4 | Anand Agricultural University | 4 | Gujarat |
| 5 | Periyar University | 4 | Tamil Nadu |
| 6 | Netaji Subhas Institute of Technology | 5 | Delhi |
| 7 | Graduate School of Engineering and Technology, Gujarat Technological University | 5 | Gujarat |

**GOVT. AND GOVT. AIDED COLLEGE/INSTITUTES (HEIS IN TOP 5 RANK)**

| Srno | Institute Name | Rank | State |
|---|---|---|---|
| 1 | COLLEGE OF ENGINEERING PUNE | 1 | Maharashtra |
| 2 | PES College of Engineering | 2 | Karnataka |
| 3 | COIMBATORE INSTITUTE OF TECHNOLOGY | 3 | Tamil Nadu |
| 4 | SHRI GURU GOBIND SINGHJI INSTITUTE OF ENGINEERING AND TECHNOLOGY | 4 | Maharashtra |
| 5 | PSGR Krishnammal College for Women | 5 | Tamil Nadu |
| 6 | VEERMATA JIJABAI TECHNOLOGICAL INSTITUTE | 5 | Maharashtra |

| PRIVATE OR SELF-FINANCED UNIVERSITIES (HEIS IN TOP 5 RANK) | | | |
|---|---|---|---|
| Srno | Institute Name | Rank | State |
| 1 | KALINGA INSTITUTE OF INDUSTRIAL TECHNOLOGY KHORDHA | 1 | Odisha |
| 2 | S.R.M. Institute of Science and Technology | 2 | Tamil Nadu |
| 3 | Vellore Institute of Technology | 3 | Tamil Nadu |
| 4 | Amrita Vishwa Vidyapeetham | 4 | Tamil Nadu |
| 5 | Sathyabama Institute of Science and Technology | 5 | Tamil Nadu |

| INSTITUTE OF NATIONAL IMPORTANCE, CENTRAL UNIVERSITIES & CFTIS (HEIS IN TOP 10 RANK) | | | |
|---|---|---|---|
| Srno | Institute Name | Rank | State |
| 1 | Indian Institute of Technology Madras | 1 | Chennai |
| 2 | Indian Institute of Technology Bombay | 2 | Mumbai |
| 3 | Indian Institute of Technology Delhi | 3 | New Delhi |
| 4 | Indian Institute of Science | 4 | Bangalore |
| 5 | Indian Institute of Technology Kharagpur | 5 | Kharagpur |

## ૩. નિમણૂક : મેઘાલયના નવા રાજયપાલ તરીકે એસ.પી. મલિકની નિમણૂક



✓ મલિક અગાઉ ગોવાના રાજ્યપાલ હતા

## ૪. સાયન્સ જર્નલ 'નેચર'નો અહેવાલ પ્રસિદ્ધ (ક્લાઈમેટ ચેન્જ)

✓ **મહત્વનું તારણ :** ઉત્તર ધ્રુવનો અબજો ટન બરફ માત્ર ૧૫ જ વર્ષમાં સંપૂર્ણ પીગળી જશે : સવા લાખ વર્ષના વાતાવરણના અભ્યાસ બાદ તારણ રજૂ કરાયું




✓ પૃથ્વીના બન્ને છેડા ઉત્તર ધ્રુવ (આર્કટિક) અને દક્ષિણ ધ્રુવ (એન્ટાર્કટિક) ત્યાં છવાયેલા બર્ફસ્તાન માટે જાણીતા છે. તેમની એ ઓળખ જ ન રહે એવા સંજોગો આવી રહ્યા છે. એ બરફથી ઢંકાવવો જોઈએ ત્યાં આ વખતે બરફ જામ્યો ન હતો. ૧૯૭૯ પછી પ્રથમવાર આવું બન્યું.

✓ આર્કટિપ્રદેશ આસપાસ આર્કટિક સમુદ્ર આવેલ છે. દર શિયાળામાં આર્કટિક સમુદ્રની ૧૪ લાખ ચોરસ કિલોમીટર જેટલી સપાટી જાણીતી વાત છે કે ગ્લોબલ વૉર્મિંગના પ્રતાપે બને ધ્રુવનો બરફ પીગળી રહ્યો છે. પરંતુ કેટલી ઝડપથી એ અંગેનું લેટેસ્ટ સંશોધન આખા જગત માટે ચિંતાજનક છે.

✓ સાયન્સ જર્નલ 'નેચર'માં પ્રગટ થયેલા અહેવાલ મુજબ ઉત્તર ધ્રુવનો બરફ વર્ષ-૨૦૩૫ સુધીમાં જ સંપૂર્ણ પીગળી જાય એવી શક્યતા છે.

✓ સંશોધકોએ આ અંદાજ રજૂ કરતાં પહેલા ધરતીના ૧.૨૭ લાખ વર્ષના આવરણનો અભ્યાસ કર્યો છે.

**દસ હજાર કિલોમીટર દૂર ગુજરાતને શું અસર થશે :**

✓ ગુજરાતથી સીધી લીટીનું અંતર ગણીએ તો આર્કટિક પ્રદેશ આપણાથી દસેક હજાર કિલોમીટર દૂર છે. ત્યાં બરફ પીગળે તો આપણને શું ફરક પડે ?

✓ પહેલી નજરે કદાચ એવું લાગે કે કંઈ ફરક ન પડે, પણ એવા ભ્રમમાં રહેવા જેવું નથી.

✓ બરફ પીગળવાની સીધી અસર સમુદ્ર સપાટી પર થાય.

✓ પાણી વધવાથી સમુદ્ર સપાટી વધે અને કાંઠાળા વિસ્તારો એક પછી એક ડૂબમાં જવા માંડે.

✓ ગુજરાતના કાંઠે ઘણા એવા ગામો છે, જ્યાં દર વર્ષે સમુદ્રનું પાણી થોડું થોડું અંદર આવતું જાય છે અને ગામે પીછેહટ કરવી પડે છે.

✓ કેટલાક ગામોએ પાળા બનાવાનો રસ્તો પણ અપનાવ્યો છે. પણ લાંબે ગાળે એ ઉપાયો કામ લાગવાના નથી. કેમ કે બધો બરફ પીગળે એટલે ગુજરાતના કાંઠે સમુદ્ર સપાટી બે એક મિટર વધી જાય.

✓ કાંઠાનો વિસ્તાર તો ધોવાઈ જાય પણ કચ્છ જિલ્લો જે લાખો વર્ષો પહેલા સમુદ્રી દ્વિપ હતો એ ફરીથી સમુદ્રી દ્વિપ બની જાય.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૮-૦૮-૨૦૨૦)

1. તાજેતરમાં મુખ્ય પાંચ શહેરોમાં ગુજરાત સરકાર દ્વારા કેટલા માળની ગગનચુંબી ઇમારતો બનાવવાની મંજૂરી અપાઈ - 70 માળ


2. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા કયા મુખ્ય પાંચ શહેરોમાં ગગનચુંબી ઇમારતો બનાવવાની મંજૂરી અપાઈ - **<u>અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત અને રાજકોટ</u>**
3. ગુજરાતમાં 70 માળની ઇમારતો બનાવવાની મંજૂરી કેટલા મીટરથી વધુ પહોળા રોડ હશે એવા વિસ્તારોમાં જ અપાશે - <u>30 મીટર</u>
4. ગુજરાતમાં અત્યાર સુધી કેટલા માળ સુધી ઇમારત બનાવવાની મંજૂરી આપવામાં આવતી હતી - <u>22-23 માળ</u>
5. ભારતની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓ સહિત વિવિધ સંસ્થાઓને પ્રોત્સાહન આપવા ભારતના શિક્ષણ મંત્રાલય દ્વારા કયું રેન્કિંગ-એવૉર્ડ જાહેર કરવામાં આવ્યા છે - <u>ARIIA</u>
6. ARIIAનું વિસ્તૃત નામ જણાવો - **<u>અટલ રેન્કિંગ ઑફ ઈન્સ્ટિટ્યૂટશન ઑન ઈનોવેશન અચિવમેન્ટસ્</u>**
7. તાજેતર ઓગસ્ટ 2020માં કોના દ્વારા "ARIIA-2020" રેન્કિંગ જાહેર કરાયું - **<u>ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુ</u>**
8. ARIIAનો સૌપ્રથમ પ્રારંભ કયા વર્ષે કરવામાં આવ્યો હતો - <u>વર્ષ 2019</u>
9. "ARIIA-2020" રેન્કિંગ કયા વિભાગ દ્વારા જાહેર કરવામાં આવે છે - **<u>શિક્ષણ મંત્રાલય</u>**
10. "ARIIA-2020" રેન્કિંગમાં યુનિવર્સિટી કેટેગરીમાં ગુજરાતની કઈ સંસ્થાએ ચોથો ક્રમ પ્રાપ્ત કર્યો છે - **<u>આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી</u>**
11. "ARIIA-2020" રેન્કિંગમાં યુનિવર્સિટી કેટેગરીમાં GTUને કયો ક્રમ અપાયો - **<u>પાંચમો</u>**
12. "ARIIA-2020" રેન્કિંગમાં ગુજરાત યુનિવર્સિટીને કયો ક્રમ પ્રાપ્ત થયો છે - <u>7</u>
13. "ARIIA-2020" રેન્કિંગમાં IIT ગાંધીનગરને કયો ક્રમ પ્રાપ્ત થયો - <u>09</u>
14. -"ARIIA-2020"રેન્કિંગમાં પ્રથમ આવનાર યુનિવર્સિટી અને રાજ્ય જણાવો - **<u>ઇન્સ્ટિટયૂટ ઓફ કેમિકલ ટેકનોલોજી, મહારાષ્ટ્ર</u>**
15. "ARIIA-2020" રેન્કિંગમાં પ્રથમ આવનાર એન્જિનિયરિંગ કોલેજ અને રાજ્ય જણાવો - **<u>કોલેજ ઓફ એન્જિનિયરિંગ-પુણે, મહારાષ્ટ્ર</u>**
16. "ARIIA-2020" રેન્કિંગમાં પ્રથમ આવનાર IIT અને રાજ્ય જણાવો - **<u>IIT ચેન્નાઈ, તમિલનાડુ</u>**
17. મેઘાલયના નવા રાજ્યપાલનું નામ જણાવો - **<u>એસ. પી. મલિક</u>**
18. તાજેતરમાં કયા મેગેઝિનના અહેવાલ મુજબ ઉત્તર ધ્રુવનો બરફ આગામી 15 વર્ષમાં ઓગળી જશે - **<u>સાયન્સ જર્નલ "નેચર"</u>**

**DATE : 19-08-2020**

<u>૧.કેન્દ્રીય કેબિનેટ : ભારત સરકાર (વહીવટ)</u>

**<u>ચાર મહત્વના નિર્ણયો-મંજૂરીઓ :</u>**

<u>(૧)નેશનલ રિક્રુટમેન્ટ એજન્સી(NRA)ની રચના કરાશે</u>




<u>હેતુ :</u>

<u>ભારતમાં નોન ગેઝેટેડ સરકારી નોકરીઓ માટે એક જ કોમન એલિજિબિલીટી ટેસ્ટ (CET)</u>

- ✓ એક દેશ એક પરીક્ષા
- ✓ ગ્રુપ બી અને સી માટે એક જ પરીક્ષા
- ✓ વિવિધ ૧૨ ભાષામાં પરીક્ષા આપી શકાશે

<u>NRA અંતર્ગત બદલાવ</u>

- ✓ કેન્દ્ર સરકાર અને સરકારી બેન્કોમાં નોન-ગેઝેટેડ પોસ્ટ પર ભરતી માટે એક જ ઓનલાઇન કોમન એલિજિબિલિટી ટેસ્ટ લેવાશે
- ✓ <u>સીઇટીમાં મેળવેલા માર્ક પરિણામ જાહેર થયાના 3 વર્ષ માટે માન્ય ગણાશે</u>
- ✓ દરેક <u>ઉમેદવારને તેમના સ્કોર સુધારવા માટે બે વધારાની તક</u> આપવામાં આવશે. ઉમેદવારના <u>3 માંથી જે ઉચ્ચ સ્કોર હશે તેને ભરતી પ્રક્રિયામાં ગણતરીમાં</u> લેવાશે
- ✓ એનઆરએ દ્વારા તૈયાર કરાયેલ મેરિટ લિસ્ટનો ઉપયોગ રાજ્ય સરકારોની નોકરીઓમાં ભરતી માટે પણ કરી શકાશે

<u>હાલ આ ભરતી પરીક્ષાઓ માટે સીઇટી શરૂ કરાશે</u>

1. બેન્કિંગ પર્સનલ સિલેશન એજન્સી

2. રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ

3. સ્ટાફ સિલેક્શન કમિશન (એસએસબી)

- ✓ <u>આ એજન્સી ગ્રૂપ બી અને સીની તમામ નોન-ટેક્નિકલ પોસ્ટ માટે ઉમેદવારોના સ્ક્રીનિંગ માટે કોમન એલિજિબિલિટી ટેસ્ટ (સીઇટી) લેશે.</u>
- ✓ આ એક પરીક્ષા આપનારા ઉમેદવારોને ઘણાં પદ માટે સ્પર્ધામાં રહેવાની તક મળી શકશે.
- ✓ પ્રારંભિક પરીક્ષામાં ક્વોલિફાય થનારા વેકેન્સી પ્રમાણે આગામી પરીક્ષા આપી શકશે.
- ✓ આ નિર્ણયથી દર વર્ષે સરકારી નોકરીઓની પરીક્ષા આપતા 3 કરોડ યુવાઓને મોટી રાહત મળશે.
- ✓ તેમણે જુદી-જુદી અરજીની ફી નહીં ચૂકવવી પડે તેમ જ પરીક્ષા આપવા દૂર પણ નહીં જવું પડે.
- ✓ <u>કુલ ૧૦૦૦ પરીક્ષા કેન્દ્ર</u>
- ✓ દરેક જિલ્લામાં સંભવિત ઓછામાં ઓછું એક પરીક્ષા કેન્દ્ર હશે




<u>NRA વિશે સ્પષ્ટતાઓ</u>

- ✓ <u>સવાલ:</u> નેશનલ એજન્સી કઇ-કઇ પરીક્ષાઓ લેશે?
- ✓ <u>જવાબ:</u> સ્ટાફ સિલેક્શન કમિશન, તમામ રેલવે ભરતી બોર્ડ તથા ઇન્સ્ટિટ્યૂટ ઓફ બેન્કિંગ સર્વિસ પર્સોનલ (IBPS) દ્વારા નોન-ટેક્નિકલ પોસ્ટ્સ માટે લેવાતી તમામ પરીક્ષાઓ હવે આ એજન્સી જ લેશે. ભવિષ્યમાં લગભગ તમામ એજન્સીઓ તેની સાથે જોડાઇ જશે.
- ✓ <u>સવાલ:</u> શું રાજ્યોની એજન્સીઓ તેમાં સામેલ નથી?
- ✓ <u>જવાબ:</u> હાલ સીઇટીના સ્કોરનો ઉપયોગ ઉપરોક્ત 3 મુખ્ય એજન્સી જ કરશે. થોડા સમય બાદ કેન્દ્રની અન્ય ભરતી એજન્સીઓ પણ તેને અપનાવી લેશે. સીઇટીનો સ્કોર કેન્દ્ર, રાજ્યો તથા ખાનગી ક્ષેત્રની ભરતી એજન્સીઓ સાથે પણ શેર થશે.
- ✓ <u>સવાલ:</u> શું એનઆરએ દ્વારા સંચાલિત સીઈટી ક્વૉલિફાઈ કરતા જ નોકરી પાક્કી થઈ જશે?
- ✓ <u>જવાબ:</u> હાલ એવું નહીં થાય પણ ભવિષ્યમાં એવું શક્ય છે. સીઈટી હાલ ફક્ત ટિયર-1 પરીક્ષા છે. એટલે કે ફક્ત સ્ક્રીનિંગ/શોર્ટલિસ્ટિંગ માટે છે. સીઈટીમાં સામેલ કોઈ પણ પરીક્ષાર્થી વેકેન્સી મુજબ આગામી ઉચ્ચ સ્તરીય પરીક્ષા માટે તમામ એજન્સીઓ પાસે અરજી કરી શકશે. સીઈટી સ્કોરના આધારે આ એજન્સીઓ અલગથી ટિયર-2 અને ટિયર-3ની સ્પેશિયાલાઈઝ્ડ પરીક્ષા આયોજિત કરશે. જોકે અમુક સરકારી વિભાગોએ ભરતી માટે બીજા તબક્કાની પરીક્ષા રદ કરવા અને ફક્ત સીઈટી સ્કોરના આધારે ઉમેદવારોની ફિજિકલ અને મેડિકલ તપાસ કરી નિમણૂક કરવાના સંકેત આપ્યા છે.
- ✓ <u>સવાલ:</u> 12મુ પાસ કે ગ્રેજ્યુએટ માટે ભરતી પરીક્ષા અલગ યોજાય છે. એવામાં સીઇટીમાં કઈ વ્યવસ્થા હશે?
- ✓ <u>જવાબ:</u> અભ્યાસના સ્તરના આધારે એનઆરએ પણ ત્રણ સ્તરે સીએટી સંચાલિત કરશે. બિનટેક્નિકલ પદ માટે ગ્રેજ્યુએટ, હાયર સેકન્ડરી(12મુ) અને મેટ્રિક(10મુ) પાસ ઉમેદવારો માટે અલગ અલગ પરીક્ષાઓ યોજાશે. પણ અભ્યાસક્રમ એક જ રહેશે. હવે દરેક પરીક્ષા માટે અલગ અલગ અભ્યાસક્રમ નહીં હોય.
- ✓ <u>સવાલ:</u> સીઈટીનો સ્કોર કેટલાં વર્ષ સુધી માન્ય ગણાશે? આ પરીક્ષા કેટલી વખત આપી શકાશે?
- ✓ <u>જવાબ:</u> સ્કોર પરિણામ જાહેર થવાની તારીખથી 3 વર્ષ સુધી માન્ય રહેશે. ઉમેદવાર સ્કોર વધારવા માટે વારંવાર પરીક્ષા આપી શકશે. સીઈટીમાં મહત્તમ વયમર્યાદા વર્તમાન નિયમો અનુસાર રહેશે. વર્તમાન નીતિ અનુસાર જ એસસી, એસટી, ઓબીસી અને અન્ય કેટેગરીના ઉમેદવારોને વયમર્યાદામાં છૂટ અપાશે.
- ✓ <u>સવાલ:</u> સીઈટી માટે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા કઈ હશે? પરીક્ષા કેન્દ્ર કઈ રીતે નક્કી કરાશે?
- ✓ <u>જવાબ:</u> ઉમેદવારોને પોર્ટલના માધ્યમથી રજિસ્ટ્રેશન કરાવવું પડશે. આ દરમિયાન પરીક્ષા કેન્દ્ર માટે તમારી પસંદગી પણ જણાવવી પડશે. ઉપલબ્ધતાના આધારે જ તેમને પરીક્ષા કેન્દ્રો ફાળવાશે. સરકારે દેશભરમાં એક હજાર પરીક્ષા કેન્દ્ર બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે.
- ✓ <u>સવાલ:</u> નવી વ્યવસ્થાનો ફાયદો શું થશે?

✓ <u>જવાબ:</u> ઉમેદવારોને નોકરી માટે પરીક્ષામાં ભાગ લેવા અને તૈયારીમાં લાગતો મહત્ત્વપૂર્ણ સમય, નાણાં બચશે તથા મુશ્કેલી મહદઅંશે ઘટશે. સીઈટીથી ભરતી પ્રક્રિયાનો સમયગાળો પણ ઓછો રહેશે. દરેક જિલ્લામાં પરીક્ષા કેન્દ્ર હોવાથી દૂર-દૂરના વિસ્તારોમાં રહેતા ઉમેદવારો સુધી પહોંચમાં સરળતા રહેશે. સીઈટી 12 ભાષાઓમાં આયોજિત કરાશે. પરીક્ષા ફી ઉપરાંત ઉમેદવારોએ મુસાફરી ખર્ચ, રોકાણ, વગેરે પર થતો વધારાનો ખર્ચ કરવો પડે છે. સીઈટી જેવી એકલી પરીક્ષાથી મહદઅંશે ઉમેદવારોનો નાણાકીય બોજો ઘટશે.

<u>(૨) એરપોર્ટ : જયપુર – ગુવાહાટી, થીરૂવનંતપુરમ એરપોર્ટને જાહેર-ખાનગી ભાગીદારીથી ચલાવવા મંજૂરી (PPP)</u>

<u>(૩) શેરડીના ભાવમાં વધારો</u>

✓ સરકારે શેરડીનો યોગ્ય અને લાભદાયી <u>ભાવ (ફેર એન્ડ રેમ્યુનેરેટિવ પ્રાઇસ) રૂ.૧૦ થી વધારીને રૂ. ૨૮૫ પ્રતિ ક્વિન્ટલ કરવાની મંજૂરી આપી</u> દીધી છે.

✓ આ ભાવ શેરડીના ઓક્ટોબર, ૨૦૨૦ થી શરૂ થનારા નવા માર્કેટિંગ વર્ષથી અમલમાં આવશે.

✓ આ નિર્ણય કમિશન ઓફ એગ્રીકલ્ચરલ કોસ્ટ એન્ડ પ્રાઇસ (સીએસીપી)ની ભલામણોને આધારે લેવામાં આવ્યો છે.

✓ એફઆરપી શેરડીનો એ લઘુતમ ભાવ છે જે ખાંડની મિલોને શેરડીના ખેડુતોને ચૂકવવાનો હોય.

<u>(૪) વિજળી વિતરણ કંપની (ડિસકોમ)</u>

✓ ડિસ્કોમ (વીજળી વિતરણ કંપનીઓ)ને તેમની વર્કિંગ કેપિટલથી વધારે લોન આપવા પાવર ફાઇનાન્સ કંપની અને રૂરલ ઈલેક્ટ્રિફિકેશન કોર્પોરેશનને મંજૂરી આપવામાં આવી છે.

✓ હવે <u>વર્કિંગ કેપિટલના ૨૫ ટકાથી પણ વધારે લોન આપવામાં આવશે.</u>

✓ આ નિર્ણયને કારણે વીજળી વિતરણ કંપનીઓની નાણાકીય પ્રવાહિતા વધશે.

✓ ૯૦,૦૦૦ કરોડ રૂપિયાની નાણાકીય પ્રવાહિતા ઠાલવવા માટેની યોજના હેઠળ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

✓ ઉજ્વલ ડિસ્કોમ એસ્યુરન્સ યોજના (યુડીએવય) હેઠળ આ લાભ આપવામાં આવશે.

<u>૨.માદરે વતન યોજના(ગુજરાત સરકાર)</u>

<u>ગામમાં સુવિધાઓ ઉભી થાય તે માટે યોજનાનો પ્રારંભ</u>




<u>હેતુ :</u>

✓ દેશ દુનિયામાં વસતા ગુજરાતીઓ પોતાના ગામ માટે કંઇ કરવાની ઇચ્છા પુરી કરી શકે અને તેમના દાન મારફતે ગામમાં સુવિધાઓ ઉભી થાય તે માટે રાજ્ય સરકારે બજેટમાં જાહેર કરેલી માદરે વતન યોજનાનો અમલ શરૂ કરાયો છે.

<u>વિકાસ કામોની યાદી જાહેર</u>


✓ આ યોજના હેઠળ 25 કામોની યાદી પણ જાહેર કરવામાં આવી છે. દાતાઓ કામના <u>કુલ ખર્ચના 50 ટકા રકમ આપશે તો તેમની તકતી મૂકાશે. બાકીની રકમ રાજ્ય સરકાર ઉઠાવશે.</u>

✓ આ યોજના હેઠળ ગામમાં પાકા રોડ, ચોરો, પંચાયત ઘર, સ્કૂલ, સ્કૂલના ઓરડા, સ્માર્ટ ક્લાસ, પીવાના પાણીની સુવિધા, એસટી પીકઅપ સ્ટેન્ડ, સ્મશાન ગૃહ કે કબ્રસ્તાન, આરોગ્ય કેન્દ્ર, કોમ્યુનિટી હોલ, આંગણવાડી, સ્ટ્રીટ લાઇટ, કચરા નિકાલની વ્યવસ્થા, લાયબ્રેરી, ગામનું પ્રવેશ દ્વારા વગેરે જેવા કામોનો સમાવેશ કરાયો છે.

<u>૩. પુસ્તક વિમોચન :</u>

✓ નામ : અવર ઓન્લી હોમ અ ક્લાયમેટ અપીલ ટુ ધ વર્લ્ડ

✓ લેખક : બુદ્ધ ધર્મગુરૂ-દલાઈલામા (તિબેટ)




<u>૪. માર્ગ અકસ્માત લક્ષ્યાંક : કેન્દ્ર સરકાર (સુરક્ષા)</u>


✓ ભારત સરકારનો આગામી વર્ષ-૨૦૩૦ સુધીમાં ઝીરો રોડ અકસ્માતનો લક્ષ્યાંક

<u>૫. દિન વિશેષ : 13 ઓગસ્ટ     વિશ્વ અંગદાન દિવસ</u>



૬. દિન વિશેષ : 19 ઓગસ્ટ (૧) વર્લ્ડ ફોટોગ્રાફી ડે

**દર વર્ષે 19 ઓગષ્ટના રોજ સમગ્ર વિશ્વમાં 'વર્લ્ડ ફોટોગ્રાફી ડે' મનાવવામાં આવે છે.**




- ✓ આ દિવસ એવા લોકોને સમર્પિત હોય છે, જેમણે ખાસ ક્ષણોને તસવીરોમાં કેદ કરીને તેમને હંમેશા હંમેશા માટે યાદગાર બનાવી દીધી છે.

**'ફોટોગ્રાફી ડે'નું મહત્વ**

- ✓ વિશ્વ ફોટોગ્રાફી દિવસનું મહત્વ જાગરૂકતા પેદા કરવાનું, અને પોતાના વિચારોને એક તસવીર મારફતે શેર કરવાનું અને ફોટોગ્રાફીના વિસ્તારમાં પોતાનું કરિયર વિકસાવવા માટે લોકોને પ્રોત્સાહિત કરવાનું છે.
- ✓ આ દિવસ ન માત્ર તે વ્યક્તિની યાદ અપાવે છે જેમણે ફોટોગ્રાફીમાં વિશેષ યોગદાન આપ્યું છે પરંતુ ભવિષ્યની પેઢીને પણ પોતાની ફોટોગ્રાફીની કુશળતા રજૂ કરવા માટે પ્રેરિત કરે છે.

**'ફોટોગ્રાફી ડે' ઉજવવાનો ઈતિહાસ**

- ✓ આજથી લગભગ 181 વર્ષ પહેલા બનેલી એક ઘટના બાદથી જ આ દિવસ મનાવવામાં આવે છે.
- ✓ તેની શરૂઆત ફ્રાન્સમાં 9 જાન્યુઆરી, 1839થી શરૂ થઇ હતી. તે સમયે ડૉગોરોટાઇપ પ્રક્રિયા જાહેર કરવામાં આવી હતી, જેને વિશ્વની પ્રથમ ફોટોગ્રાફી પ્રક્રિયા માનવામાં આવે છે.
- ✓ આ પ્રક્રિયાનો આવિષ્કાર ફ્રાન્સના જોસેફ નાઇસફોર અને લુઇસ ડૉગેરે કરી હતી.
- ✓ 19 ઑગષ્ટ, 1839ના રોજ ફ્રાન્સની સરકારે આ આવિષ્કાર વિશે જાહેર કર્યુ હતુ અને તેનું પેટેન્ટ પોતાના નામે કરાવ્યું હતું.
- ✓ આ દિવસની યાદમાં જ 'વર્લ્ડ ફોટોગ્રાફી ડે' એટલે કે 'વિશ્વ ફોટોગ્રાફી દિવસ' મનાવવામાં આવે છે.

**વર્ષ 1839માં વિશ્વની પ્રથમ સેલ્ફી લેવાઈ**

- ✓ અમેરિકાના ફોટો પ્રેમી રૉબર્ટ કોર્નેલિયસ એવા વ્યક્તિ હતા, જેમણે વિશ્વની પ્રથમ સેલ્ફી ક્લિક કરી હતી. તેમણે વર્ષ 1839માં આ સેલ્ફી લીધી હતી.

**પ્રથમ વૈશ્વિક ઑનલાઇન ગેલેરી**

- ✓ 19 ઓગષ્ટ, 2010ના રોજ પ્રથમ વૈશ્વિક ઓનલાઇન ગેલરીની યજમાની કરવામાં આવી હતી.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૯-૦૮-૨૦૨૦)

1. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા"એક દેશ એક પરીક્ષા" માટે કઈ એજન્સીને મંજૂરી આપી છે - **નેશનલ રિક્રુટમેન્ટ એજન્સી (NRA)**
2. ભારતમાં નોન-ગેઝેટેડ સરકારી નોકરીઓ માટે કઈ એક જ કોમન પરીક્ષા લેવાશે - **કોમન એલિજિબિલિટી ટેસ્ટ (CET)**
3. નેશનલ રિક્રુટમેન્ટ એજન્સી(NRA) દ્વારા કયા ગ્રુપની પરીક્ષાઓ લેવામાં આવશે - **B અને C**
4. કોમન એલિજિબિલિટી ટેસ્ટ(CET) ભારતની કેટલી ભાષાઓમાં યોજાશે - **12**
5. કોમન એલિજિબિલિટી ટેસ્ટ(CET)માં મેળવેલ ગુણ કેટલા વર્ષ સુધી માન્ય રહેશે - **03**
6. નેશનલ રિક્રુટમેન્ટ એજન્સી(NRA) દ્વારા દરેક ઉમેદવારને ટીમનો સ્કોર સુધારવા માટે કેટલી વધારાની તક આપવામાં આવશે - **02**
7. નેશનલ રિક્રુટમેન્ટ એજન્સી(NRA) દ્વારા આગામી સમયમાં કેટલા નવા પરીક્ષા કેન્દ્રો શરૂ કરવામાં આવશે - **1,000**
8. નેશનલ રિક્રુટમેન્ટ એજન્સી(NRA) દ્વારા આગામી સમયમાં દરેક જિલ્લામાં ઓછામાં ઓછા કેટલા નવા પરીક્ષા કેન્દ્રો શરૂ કરવામાં આવશે - **01**
9. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા કયા ત્રણ એરપોર્ટને જાહેર ખાનગી ભાગીદારી-PPP થી ચલાવવા મંજૂરી અપાઈ - **જયપુર, ગુવાહાટી, થિરુવનંતપુરમ્**
10. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા શેરડીના FRPમાં રૂ.10થી વધારીને પ્રતિ ક્વિન્ટલ કેટલો કરાયો- **રૂ.285/-**
11. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા વીજળી વિતરણ કંપનીઓને તેમની વર્કિંગ કેપિટલના કેટલા ટકાથી વધારે લોન આપવાની મંજૂરી અપાઈ - **25%**
12. ગુજરાત સરકાર દ્વારા માદરે વતન યોજના-2020 અંતર્ગત તાજેતરમાં કેટલા વિકાસ કામોની યાદી જાહેર કરી - **25**
13. માદરે વતન યોજના-2020 અંતર્ગત કોઈ દાતા ગામમાં વિકાસ કામ માટે કુલ ખર્ચના કેટલા ટકા રકમ આપે તો તેના નામની તકતી મુકવામાં આવશે - **50%**

14. તાજેતરમાં પ્રકાશિત થયેલ "અવર ઓન્લી હોમ અ ક્લાઇમેટ અપીલ ટુ ધ વર્લ્ડ" પુસ્તકના લેખક જણાવો - **દલાઈ લામા**

15. ભારત સરકારે દેશમાંથી કયા વર્ષ સુધીમાં ઝીરો રોડ અકસ્માતનો નક્કી કર્યો છે - **વર્ષ 2030**

16. સમગ્ર વિશ્વમાં 13 ઓગસ્ટ કયા દિવસ તરીકે ઉજવાય છે - **વિશ્વ અંગદાન દિવસ**

17. વર્લ્ડ ફોટોગ્રાફી ડે ક્યારે ઉજવાય છે - **19 ઓગસ્ટ**

18. વિશ્વમાં સૌપ્રથમ વાર "વર્લ્ડ ફોટોગ્રાફી ડે" ઉજવવાનો પ્રારંભ કયા દેશમાં થયો - **ફ્રાંસ**

**DATE : 20-08-2020**

## ૧. સ્વચ્છ સર્વેક્ષણ-2020 : વડાપ્રધાન શ્રી મોદી દ્વારા વાર્ષિક સર્વે સ્વચ્છ સર્વેક્ષણ-2020ના પરિણામ જાહેર

- ✓ મધ્યપ્રદેશનું ઈન્દોર શહેર સતત ચોથીવાર દેશનું સૌથી વધુ સ્વચ્છ શહેર : ગુજરાતનું સુરત શહેર બીજા ક્રમે
- ✓ પ્રથમવાર ગુજરાતના ચાર શહેરો સુરત(૨), અમદાવાદ (૫) રાજકોટ (૬) અને વડોદરા (૧૦)ને વિવિધ કેટેગરીમાં પ્રથમ ૧૦માં સ્થાન
- ✓ મેગાસિટીની કેટેગરીમાં ગુજરાતનું અમદાવાદ સૌથી સ્વચ્છ શહેર

### વિવિધ કેટેગરી, શહેર રેન્કિંગ અને રાજ્ય

**૧ લાખથી વધુ વસતી:શહેર અને સ્વચ્છતા ક્રમ**

| ક્રમ | શહેર-રાજ્ય |
|---|---|
| ૧ | ઈન્દોર- મધ્યપ્રદેશ |
| ૨ | સુરત-ગુજરાત |
| ૩ | નવી મુંબઈ – મહારાષ્ટ્ર |
| ૪ | અંબિકાપુર – છત્તીસગઢ |
| ૫ | મૈસુર – કર્ણાટક |
| ૭ | અમદાવાદ – ગુજરાત |

**૧૦ લાખથી વધુ વસતી:શહેર અને સ્વચ્છતા ક્રમ**

| ક્રમ | શહેર-રાજ્ય |
|---|---|
| ૧ | ઈન્દોર- મધ્યપ્રદેશ |
| ૨ | સુરત-ગુજરાત |
| ૩ | નવી મુંબઈ – મહારાષ્ટ્ર |
| ૪ | વિજયવાડા – આંધ્રપ્રદેશ |
| ૫ | અમદાવાદ – ગુજરાત |
| ૬ | રાજકોટ – ગુજરાત |
| ૯ | વિશાખાપટ્નમ – આંધ્રપ્રદેશ |
| ૧૦ | વડોદરા – ગુજરાત |

**સૌથી ગંદા શહેર (10 લાખથી વધુ વસતી)**

| | |
|---|---|
| ૧ | પટના (બિહાર) |
| ૨ | પૂર્વ દિલ્હી (EDMC) |
| ૩ | ચેન્નાઇ (તમિલનાડુ) |
| ૪ | કોટા (રાજસ્થાન) |
| ૫ | ઉત્તર દિલ્હી |
| ૬ | મદુરાઇ (તમિલનાડુ) |
| ૭ | મેરઠ (ઉત્તર પ્રદેશ) |
| ૮ | કોઇમ્બતુર (તમિલનાડુ) |
| ૯ | અમૃતસર (પંજાબ) |
| ૧૦ | ફરીદાબાદ (હરિયાણા) |

**10 લાખથી ઓછી વસતીવાળી સૌથી ગંદા શહેર**

| | |
|---|---|
| ૧ | ગયા (બિહાર) |
| ૨ | બક્સર (બિહાર) |
| ૩ | અબોહર (પંજાબ) |
| ૪ | ભાગલપુર (બિહાર) |
| ૫ | પારસા બજાર (બિહાર) |
| ૬ | શિલ્લોંગ (મેઘાલય) |
| ૭ | ઇટાનગર (અરુણાચલ પ્રદેશ) |
| ૮ | દિમાપુર એમસી (નાગાલેન્ડ) |
| ૯ | બિહારશરીફ (બિહાર) |
| ૧૦ | સહરસા (બિહાર) |

**દેશના 10 સૌથી ગંદા શહેર**

(10 લાખથી વધુ વસ્તીવાળા 47 શહેરોમાંથી)



| રેન્ક | શહેર | સ્કોર | રેન્ક | શહેર | સ્કોર |
|---|---|---|---|---|---|
| 1 | પટના | 1552.11 | 6 | મદુરાઈ | 2255.81 |
| 2 | પૂર્વ દિલ્હી | 1962.31 | 7 | મેરઠ | 2314.59 |
| 3 | ચેન્નાઈ | 2010.93 | 8 | કોઈમ્બતુર | 2337.12 |
| 4 | કોટા | 2051.88 | 9 | અમૃતસર | 2459.31 |
| 5 | ઉત્તર દિલ્હી | 2169.25 | 10 | ફરીદાબાદ | 2646.69 |

**દેશના 10 સૌથી સ્વચ્છ શહેર**

(10 લાખથી વધુ વસ્તીવાળા 47 શહેરોમાંથી)



| રેન્ક | શહેર | સ્કોર | રેન્ક | શહેર | સ્કોર |
|---|---|---|---|---|---|
| 1 | ઈન્દોર | 5647.56 | 6 | રાજકોટ | 5157.36 |
| 2 | સુરત | 5519.59 | 7 | ભોપાલ | 5066.31 |
| 3 | નવી મુંબઈ | 5467.89 | 8 | ચંદીગઢ | 4970.07 |
| 4 | વિજયવાડા | 5270.32 | 9 | વિશાખાપટ્ટનમ | 4918.44 |
| 5 | અમદાવાદ | 5207.13 | 10 | વડોદરા | 4870.34 |

## ગુજરાતના ચાર શહેરોનો લાંબો કૂદકો




| શહેર | સ્કોર | ૨૦૨૦ રેન્ક | ૨૦૧૯ રેન્ક |
|---|---|---|---|
| સુરત | ૫૫૧૯ | ૨ | ૧૪ |
| અમદાવાદ | ૫૨૦૭ | ૫ | ૬ |
| રાજકોટ | ૫૧૫૭ | ૬ | ૯ |
| વડોદરા | ૪૮૭૦ | ૧૦ | ૭૯ |

**સ્વચ્છ સર્વેક્ષણ-2020 એટ એ ગ્લાન્સ**

- ✓ ૧૦૦ કરતાં વધુ શહેર ધરાવતું સૌથી સ્વચ્છ રાજ્ય- છત્તીસગઢ
- ✓ ૧૦૦ કરતાં ઓછાં શહેર ધરાવતું સૌથી સ્વચ્છ રાજ્ય - ઝારખંડ
- ✓ ગંગા કિનારે આવેલું સૌથી સ્વચ્છ શહેર - વારાણસી
- ✓ શહેરની સ્વચ્છતામાં મહત્તમ નાગરિક ભાગીદારી - શાહજહાંપુર
- ✓ ૪૦ લાખથી વધુ વસતી ધરાવતું સૌથી સ્વચ્છ મેગાસિટી - અમદાવાદ
- ✓ સ્વચ્છતાના મામલે ઝડપી પ્રગતિ કરનાર શહેર - જોધપુર
- ✓ ૧૦ લાખથી વધુ વસતી ધરાવતું સ્વચ્છતા મામલે આત્મનિર્ભર શહેર - રાજકોટ
- ✓ ૧૦ લાખથી ઓછી વસતી ધરાવતું સ્વચ્છતા મામલે આત્મનિર્ભર શહેર-મૈસુર
- ✓ સૌથી સ્વચ્છ નાના શહેર અંબિકાપુર અને બુરહાનપુર
- ✓ ૧ થી ૩ લાખની વસતી ધરાવતું સૌથી સ્વચ્છ શહેર - તિરૂપતિ
- ✓ સૌથી સ્વચ્છ રાજધાની- નવી દિલ્હી
- ✓ સૌથી ઝડપથી સ્વચ્છ બનતી રાજધાની - લખનઉ
- ✓ સૌથી સ્વચ્છ કેન્ટોનમેન્ટ એરિયા- જલંધર, દિલ્હી અને મેરઠ
- ✓ ૨૫,૦૦૦ની વસ્તી ધરાવતા શહેરોની કેટેગરીમાં પાટણ દેશનું ત્રીજુ સૌથી સ્વચ્છ શહેર
- ✓ દેશના કુલ ૪૨૪૨ શહેરોનો સર્વે કરાયો

**રાજધાની ગાંધીનગરની સ્થિતિ**

- ✓ ઇનોવેશન અને બેસ્ટ પ્રેક્ટિસમાં ગાંધીનગર સમગ્ર દેશમાં પ્રથમ
- ✓ સ્વચ્છતા સર્વેક્ષણ-2020માં દેશના ટોપ -૨૫ સિટીમાં ગાંધીનગર ૧૫માં ક્રમે
- ✓ ૧૦ લાખથી ઓછી વસ્તીવાળા શહેરોના નેશનલ રેન્કીંગમાં ૮મો નંબર આવ્યો.
- ✓ સફાઈ મુદે ઈનોવેશન અને બેસ્ટ પ્રેક્ટીસ કેટેગરીમાં ગાંધીનગરને બેસ્ટ સ્ટેટ કેપિટલનો રાષ્ટ્રીય એવોર્ડ.
- ✓ કુલ ૬૦૦૦ માર્કસમાંથી ગાંધીનગરને ૫૦૫૬.૭૨ માર્ક્સ મળ્યા.
- ✓ આ માર્કસ સર્ટિફિકેશન, સર્વિસ લેવલ પ્રોગ્રેસ, ડાયરેક્ટ ઓબ્ઝર્વેશન, સિટીઝન ફિડબેકના આધારે આપવામાં આવ્યાં.
- ✓ વર્ષ-૨૦૧૧ની વસ્તી પ્રમાણે ૨,૦૨,૭૭૬ની વસ્તી સામે ૯૭૫૬ લોકોએ ઓનલાઇન સિટીઝન ફીડબેક આપ્યો હતો.

**સર્વેના માપદંડો :**

- ✓ સર્વેક્ષણમાં ડોર ટુ ડોર ઘનકચરાનું એકત્રિકરણ, કચરાનો કરાતો નિકાલ, કચરાનું પ્રોસેસ, સાયન્ટિફીક લેન્ડફીલ સાઈટ, પબ્લિક અવેરનેસ, આઈસીટી બેઈઝ કેમ્પઈનીંગ, પબ્લિક ફીડબેક, શૌચાલયની સ્વચ્છતા સહિતની બાબતોની ચકાસણી કરવામાં આવી હતી.
- ✓ વર્ષ-૨૦૨૦માં વિવિધ કેટેગરીમાં ૧૨૯ એવોર્ડ અપાયા
- ✓ કેન્દ્રીય હાઉસિંગ અને શહેરી બાબતોના મંત્રી – શ્રી હરદિપસિંહ પુરી
- ✓ સ્વચ્છ સર્વેક્ષણ રેન્કિંગનો સૌપ્રથમ પ્રારંભ બીજી ઓક્ટોબર- ૨૦૧૬થી (રેન્કિંગની જાહેરાત વર્ષ-૨૦૧૭થી)
- ✓ મંત્રાલય : મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ

## ૨. ગુજરાત સરકાર : ગણોત કાયદામાં બે મહત્વના સુધારા (મહેસૂલ-વહીવટ)

સુધારો :

**(૧) રાજ્યમાં ઔદ્યોગિક હેતુ માટેની જમીન હવે ૨૫ થી ૧૦૦ ટકા જંત્રી કિંમત સરકારને ચુકવી વેચી શકાશે**



✓ બોનાફાઇડ ઇન્ડસ્ટ્રિયલ હેતુ માટે જમીન ખરીદાયેલી હોય પણ ઔદ્યોગિક હેતુનો ઉપયોગ શક્ય ના હોય તો તેવા કિસ્સામાં જીડીસીઆરની જોગવાઈઓ મુજબ ઉદ્યોગ સિવાયના અન્ય હેતુ માટે જમીન વેચી પણ શકાશે.

✓ આવા કિસ્સામાં પ્રમાણપત્ર મેળવ્યા પછી જો ૩ થી ૫ વર્ષ થયા હશે તો ૧૦૦ ટકા, પથી ૭ વર્ષ થયા હશે તો ૬૦ ટકા, ૭ થી ૧૦ વર્ષ થયા હશે તો ૩૦ ટકા અને ૧૦ થી વધુ વર્ષ થયા હશે તો ૨૫ ટકા પ્રવર્તમાન જંત્રીની કિંમત સરકારને ચૂકવી જમીનનું વેચાણ થઈ શકશે.

**(૨) શૈક્ષણિક હેતુ માટે કલેકટરની મંજૂરી વિના જમીન ખરીદી શકાશે**

✓ રાજ્યમાં કૃષિ-પશુપાલન યુનિવર્સિટી, મેડિકલ કે ઇજનેરી કોલેજ કે અન્ય શૈક્ષણિક હેતુસર જમીન ખરીદવા માટે જિલ્લા કલેક્ટરની પૂર્વ મંજૂરી લેવી નહીં પડે.

✓ આવી જમીન ખરીદ કર્યા બાદ એક મહિનામાં જિલ્લા કલેક્ટરને જાણ કરી બોનાફાઇડ ઇન્ડસ્ટ્રિયલ પરપઝની જેમ જ જરૂરી પ્રમાણપત્રો મેળવી નિયત સમયમાં પ્રોજેક્ટની કામગીરી શરૂ કરી શકાશે.

**અગાઉની જોગવાઈ :**

✓ અત્યાર સુધી આવી જમીન ખરીદવા માટે જિલ્લા કલેક્ટર પાસેથી પરવાનગી મેળવવાની બાબત પૂર્વશરત હોઈ ટાઇટલ ક્લિયરન્સ, ઇન્સ્પેક્શન સહિત પ્રોજેક્ટ શરૂ કરવામાં લાંબો સમય જતો હતો, હવે શૈક્ષણિક પરપઝમાં આવો કોઈ વિલંબ નહીં થાય.

**૩. નેશનલ સ્પોર્ટ્સ એવોર્ડ (ખેલ કૂદ)**

**કેન્દ્રીય ખેલ મંત્રાલય દ્વારા એવોર્ડ પ્રાઈઝ મનીમાં વધારો કરાયો**




| એવોર્ડ | જૂની રકમ | નવી રકમ |
|---|---|---|
| રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ | રૂ. ૭.૫ લાખ | રૂ. ૨૫ લાખ |
| અર્જુન એવોર્ડ | રૂ. ૫ લાખ | રૂ. ૧૫ લાખ |
| ધ્યાનચંદ લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ | રૂ. ૫ લાખ | રૂ. ૧૫ લાખ |
| દ્રોણાચાર્ય એવોર્ડ | રૂ. ૫ લાખ | રૂ. ૧૦ લાખ |

✓ અમલ : ૨૯ ઓગસ્ટ-૨૦૨૦થી

**૪. ગૌરવ : વૈનુ બપ્પુ મેમોરિયલ એવોર્ડ (વિજ્ઞાન)**

**આ એવોર્ડ માટે પ્રથમવાર ગુજરાતી ડો. પંકજ જોશીની પસંદગી**



✓ વર્ષ-૧૯૮૫નો પ્રથમ એવોર્ડ નોબેલ પ્રાઇઝ વિજેતા અમેરિકન એસ્ટ્રોફિઝિસિસ્ટ પ્રો.એસ.ચંદ્રશેખરને એનાયત કરાયો હતો

**ગૌરવ :**

✓ સાયન્સ ક્ષેત્રના ખ્યાતનામ અને આંતરરાષ્ટ્રીય સ્તરના એવા ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડમીના વૈનુ બપ્પુ મેમોરિયલ એવોર્ડ માટે આ વર્ષે ગુજરાતના ડૉ.પંકજ જોશીની પસંદગી.

✓ પ્રથમવાર ગુજરાતને ફાળે આ એવોર્ડ

**ડો. પંકજ જોશીનો પરિચય :**

✓ ચારુસેટ યુનિ.ના પ્રોવોસ્ટ ડૉ.પંકજ જોશીનું બ્લેક હોલ ફિઝિકસ, ગ્રેવિટેશન એન્ડ કોસ્મોલોજી સંશોધનમાં પાયાનું યોગદાન રહેલું છે, જેઓના નામે ૨૦૦ જેટલા પબ્લિકેશન્સ ઈન્ટરનેશનલ જર્નલ્સ અને બુક્સમાં છે.

✓ ડૉ.પંકજ જોશી તેમની ટીમ સાથે વર્ષ-૧૯૮૯થી આપણી મિલ્કી વે ગેલેક્સીમાં 'બ્લેકહૉલ છે કે સિંગ્યુલારિટી ?' તેના પર સંશોધન કરી રહ્યા છે.

✓ સિંગ્યુલારિટીને 'ક્વૉન્ટમ સ્ટાર' પણ કહી શકાય. આજે વિશ્વના વિજ્ઞાનીઓ સિંગ્યુલારિટીનો એટલે કે 'ક્વૉન્ટમ સ્ટાર'નો ઘણો અભ્યાસ કરી રહ્યા છે.

**એવોર્ડ વિશે :**

✓ આ એવોર્ડ આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતી પ્રાપ્ત એસ્ટ્રોનોમર્સ અને એસ્ટ્રોફિઝિસિસ્ટને આપવામાં આવે છે.

✓ આ એવોર્ડની શરૂઆત વર્ષ-૧૯૮૫થી થઈ છે અને દર ત્રણ વર્ષે એવોર્ડ આપવામાં આવે છે.

✓ આ એવોર્ડ ખ્યાતનામ એસ્ટ્રોનોમર ડૉ. મનાલી વૈનુ બપ્પુની સ્મૃતિમાં શરૂ કરવામાં આવ્યો છે.

**૫. દિન વિશેષ : 20 ઓગસ્ટ  વર્લ્ડ મોસ્કીટો ડે**



<u>હેતુ :</u>

- ✓ મચ્છરજન્ય રોગો સામે લડાઈ-જન જાગૃતિ માટે
- ✓ મચ્છરજન્ય રોગોના શોધક-મૂળ બ્રિટીસર આર્મી ઓફિસર ડૉ. સર રોનાલ્ડ રોસનો જન્મ ૧૮૫૭માં ભારતમાં અલ્મોરા ખાતે થયો હતો.
- ✓ તેમને ૨૦ ઓગષ્ટ-૧૮૯૭માં મચ્છરના સંક્રમણથી ફેલાતા મેલેરિયા જેવા રોગ ઉપર સંશોધન કર્યું હતુ.

## <u>૬. જન્મ દિન વિશેષ : 20 ઓગસ્ટ</u>

## <u>બક્ષીનામા : ચંદ્રકાંત બક્ષી</u>




<u>જન્મ – 20 ઓગસ્ટ-1932      અવસાન – 25 માર્ચ-2006</u>

- ✓ આજે સંશોધક રસિકલાલ પરીખ, નારાયણ ગુરૂ, <u>રાજીવ ગાંધી અને ચંદ્રકાંત બક્ષીનો જન્મદિવસ.</u>
- ✓ લોકસંગીતજ્ઞ હેમુ ગઢવી, અવિનાશ વ્યાસ, રાજનેતા સનત મહેતા અને રશિયન સામ્યવાદી નેતા લિયોન ટ્રોટસ્કીની પુણ્યતિથિ.
- ✓ <u>ચંદ્રકાંત બક્ષીનો જન્મ પાલનપુરમાં અને અભ્યાસ એમ.એ, એલ.એલ.બી સુધી.</u>
- ✓ બક્ષી મુંબઈમાં ઈતિહાસ અને રાજનીતિ શાસ્ત્રના અધ્યાપક, આચાર્ય અને પત્રકાર પણ રહ્યા હતા.
- ✓ તેઓની વિશેષ ઓળખ સાહિત્યકાર અને કટાર લેખક તરીકેની હતી.
- ✓ સાહિત્ય સર્જન ક્ષેત્રે ચંદ્રકાંત બક્ષીએ પડઘા ડૂબી ગયા, રોમાં, એકલતાના કિનારા, આકાર, અતીતવન, પેરેલિસિસ, એક સાંજની મુલાકાત, હું કોનાર્ક શાહ, બક્ષીની શ્રેષ્ઠ વાર્તાઓ, ચંદ્રકાંત બક્ષીના શ્રેષ્ઠ નિબંધો, તવારીખ, વાતાયન જેવાં નવલકથા, વાર્તા, ઈતિહાસ અને રાજકારણ જેવાં અનેક વિષયો પર 180થી વધુ પુસ્તકો લખ્યાં છે.




- ✓ <u>આત્મકથા - બક્ષીનામા.</u>
- ✓ ગુજરાતી સાહિત્યમાં લેખનનો નવાચારી અભિગમ શરૂ કરનાર બક્ષી સર્જનમાં ઘટનાના બેતાજ બાદશાહ ગણાતા હતાં.
- ✓ ચંદ્રકાંત બક્ષી મુંબઈના શેરીફ પણ રહ્યાં.
- ✓ તેમનું 25 માર્ચ 2006ના રોજ 73 વર્ષની વયે અમદાવાદમાં અવસાન થયું હતું.
- ✓ વિશાળ ચાહક વર્ગ ધરાવતા બક્ષી દિવ્ય ભાસ્કરના કટાર લેખક હતા.

### <u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૦-૦૮-૨૦૨૦)</u>

1. ભારત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા વાર્ષિક સ્વચ્છ સર્વેક્ષણ-2020 રેન્કિંગમાં કયા શહેરને પુનઃ સૌથી સ્વચ્છ શહેરોમાં પ્રથમ ક્રમ અપાયો- **<u>ઇન્દોર</u>**
2. તાજેતરમાં જાહેર કરાયેલા વાર્ષિક સ્વચ્છ સર્વેક્ષણ-2020 રેન્કિંગમાં મધ્યપ્રદેશના ઈન્દોર શહેરને પુનઃ સતત કેટલીવાર સૌથી સ્વચ્છ શહેરોમાં પ્રથમ ક્રમ અપાયો - **<u>ચોથીવાર</u>**
3. તાજેતરમાં જાહેર કરાયેલા વાર્ષિક સ્વચ્છ સર્વેક્ષણ-2020 રેન્કિંગમાં પ્રથમવાર ગુજરાતના કયા કયા શહેરોને સ્થાન મળ્યું છે - **<u>સુરત,અમદાવાદ, રાજકોટ અને વડોદરા</u>**
4. તાજેતરમાં જાહેર કરાયેલા વાર્ષિક સ્વચ્છ સર્વેક્ષણ-2020 રેન્કિંગમાં એક લાખથી વધુ વસ્તીવાળા શહેરમાં બીજા ક્રમે કયું શહેર છે - **<u>સુરત</u>**
5. તાજેતરમાં જાહેર કરાયેલા વાર્ષિક સ્વચ્છ સર્વેક્ષણ-2020 રેન્કિંગમાં 10 લાખથી વધુ વસ્તીવાળા શહેરોમાં 1 થી 10 ક્રમના શહેરો અને રાજ્ય જણાવો – **<u>૧.ઈન્દોર-મધ્યપ્રદેશ, ૨.સુરત-ગુજરાત, ૩.નવી મુંબઈ–મહારાષ્ટ્ર, ૪.વિજયવાડા–આંધ્રપ્રદેશ, ૫.અમદાવાદ–ગુજરાત, ૬.રાજકોટ–ગુજરાત, ૭.ભોપાલ-મધ્યપ્રદેશ ૮.ચંદીગઢ, ૯.વિશાખાપટ્ટનમ-આંધ્રપ્રદેશ ૧૦. વડોદરા–ગુજરાત</u>**
6. તાજેતરમાં જાહેર કરાયેલા વાર્ષિક સ્વચ્છ સર્વેક્ષણ-2020 રેન્કિંગમાં 1 લાખથી વધુ વસ્તીવાળા શહેરોમાં 1 થી 07 ક્રમના શહેરો અને રાજ્ય જણાવો - **<u>૧.ઈન્દોર- મધ્યપ્રદેશ, ૨.સુરત-ગુજરાત, ૩.નવી મુંબઈ– મહારાષ્ટ્ર, ૪.અંબિકાપુર–છત્તીસગઢ, ૫.મૈસુર–કર્ણાટક, ૭.અમદાવાદ–ગુજરાત</u>**
7. તાજેતરમાં જાહેર કરાયેલા વાર્ષિક સ્વચ્છ સર્વેક્ષણ-2020 રેન્કિંગમાં 10 લાખથી વધુ વસ્તી ધરાવતા 1 થી 5 ક્રમના સૌથી ગંદા શહેરો અને રાજ્ય જણાવો – **<u>૧.પટના(બિહાર),</u>**

**૨.પૂર્વ દિલ્હી, ૩.ચેન્નાઇ (તમિલનાડુ), ૪.કોટા (રાજસ્થાન) અને ૫.ઉત્તર દિલ્હી**

8. તાજેતરમાં જાહેર કરાયેલા વાર્ષિક સ્વચ્છ સર્વેક્ષણ-2020 રેન્કિંગમાં 10 લાખથી ઓછી વસ્તી ધરાવતા 1 થી 5 ક્રમના સૌથી ગંદા શહેરો અને રાજ્ય જણાવો – **૧.ગયા(બિહાર), ૨.બક્સર(બિહાર), ૩.અબોહર(પંજાબ), ૪. ભાગલપુર(બિહાર) અને ૫.પારસા બજાર(બિહાર)**
9. તાજેતરમાં જાહેર કરાયેલા વાર્ષિક સ્વચ્છ સર્વેક્ષણ-2020 રેન્કિંગમાં ઈન્દોર, સુરત,અમદાવાદ, રાજકોટ અને વડોદરાનો સ્કોર જણાવો - **અનુક્રમે 5647, 5519, 5207, 5157 અને 4870**
10. તાજેતરમાં જાહેર કરાયેલા વાર્ષિક સ્વચ્છ સર્વેક્ષણ-2020 રેન્કિંગમાં ઈનોવેશન અને બેસ્ટ પ્રેક્ટિસમાં પ્રથમ ક્રમે આવનાર શહેર જણાવો - **ગાંધીનગર**
11. તાજેતરમાં જાહેર કરાયેલા વાર્ષિક સ્વચ્છ સર્વેક્ષણ-2020 રેન્કિંગમાં વિવિધ કેટેગરીમાં કુલ કેટલા એવોર્ડ અપાયા- **129**
12. તાજેતરમાં જાહેર કરાયેલા વાર્ષિક સ્વચ્છ સર્વેક્ષણ-2020 રેન્કિંગ કયા મંત્રાલય દ્વારા જાહેર કરાયું - **કેન્દ્રીય હાઉસિંગ અને શહેરી બાબતો**
13. કેન્દ્રીય હાઉસિંગ અને શહેરી બાબતોના મંત્રીનું નામ જણાવો - **શ્રી હરદિપસિંહ પુરી**
14. સ્વચ્છ સર્વેક્ષણ રેન્કિંગનો સૌપ્રથમ કયા વર્ષેથી પ્રારંભ થયો - **2 ઓકટોબર 2017**
15. તાજેતરમાં જાહેર કરાયેલ સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ના રેન્કિંગ મુજબ ૧૦૦ કરતાં વધુ શહેર ધરાવતું સૌથી સ્વચ્છ રાજ્ય - **છત્તીસગઢ**
16. તાજેતરમાં જાહેર કરાયેલ સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ના રેન્કિંગ મુજબ ગંગા કિનારે આવેલું સૌથી સ્વચ્છ શહેર - **વારાણસી**
17. તાજેતરમાં જાહેર કરાયેલ સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ના રેન્કિંગ મુજબ ૧૦૦ કરતાં ઓછાં શહેર ધરાવતું સૌથી સ્વચ્છ રાજ્ય - **ઝારખંડ**
18. તાજેતરમાં જાહેર કરાયેલ સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ના રેન્કિંગ મુજબ શહેરની સ્વચ્છતામાં મહત્તમ નાગરિક ભાગીદારી - **શાહજહાંપુર**
19. તાજેતરમાં જાહેર કરાયેલ સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ના રેન્કિંગ મુજબ ૪૦ લાખથી વધુ વસતી ધરાવતું સૌથી સ્વચ્છ મેગાસિટી - **અમદાવાદ**
20. તાજેતરમાં જાહેર કરાયેલ સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ના રેન્કિંગ મુજબ સ્વચ્છતાના મામલે ઝડપી પ્રગતિ કરનાર શહેર - **જોધપુર**
21. તાજેતરમાં જાહેર કરાયેલ સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ના રેન્કિંગ મુજબ ૧૦ લાખથી વધુ વસતી ધરાવતું સ્વચ્છતા મામલે આત્મનિર્ભર શહેર - **રાજકોટ**
22. તાજેતરમાં જાહેર કરાયેલ સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ના રેન્કિંગ મુજબ ૧૦ લાખથી ઓછી વસતી ધરાવતું સ્વચ્છતા મામલે આત્મનિર્ભર શહેર - **મૈસુર**
23. તાજેતરમાં જાહેર કરાયેલ સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ના રેન્કિંગ મુજબ સૌથી સ્વચ્છ નાના શહેર - **અંબિકાપુર અને બુરહાનપુર**
24. તાજેતરમાં જાહેર કરાયેલ સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ના રેન્કિંગ મુજબ ૧ થી ૩ લાખની વસતી ધરાવતું સૌથી સ્વચ્છ શહેર - **તિરુપતિ**
25. તાજેતરમાં જાહેર કરાયેલ સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ના રેન્કિંગ મુજબ સૌથી સ્વચ્છ રાજધાની- **નવી દિલ્હી**
26. સૌથી ઝડપથી સ્વચ્છ બનતી રાજધાની - **લખનઉ**
27. તાજેતરમાં જાહેર કરાયેલ સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ના રેન્કિંગ મુજબ સૌથી સ્વચ્છ કેન્ટોનમેન્ટ એરિયા - **જલંધર, દિલ્હી અને મેરઠ**
28. તાજેતરમાં જાહેર કરાયેલ સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ના રેન્કિંગ મુજબ ૨૫,૦૦૦ની વસ્તી ધરાવતા શહેરોની કેટેગરીમાં દેશનું ત્રીજુ સૌથી સ્વચ્છ શહેર - **પાટણ**
29. તાજેતરમાં જાહેર કરાયેલ સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ના રેન્કિંગ અંતર્ગત દેશના કુલ કેટલા શહેરોનો સર્વે કરાયો હતો – **૪૨૪૨**
30. ગુજરાત સરકારે તાજેતરમાં ગણોત કાયદામાં કેટલા મહત્વના સુધારા કર્યો - **02**
31. ગુજરાત સરકારે તાજેતરમાં ગણોત કાયદામાં ઔદ્યોગિક હેતુ માટેની જમીનમાં કયો મહત્વનો સુધારા કર્યો-**રાજ્યમાં ઔદ્યોગિક હેતુ માટેની જમીન હવે ૨૫થી ૧૦૦ ટકા જંત્રી કિંમત સરકારને ચુકવી વેચી શકાશે**
32. ગુજરાત સરકારે તાજેતરમાં ગણોત કાયદામાં શૈક્ષણિક હેતુ માટેની જમીન ખરીદમાં કયો મહત્વના સુધારા કર્યો -

રાજ્યમાં કૃષિ-પશુપાલન યુનિવર્સિટી, મેડિકલ કે ઇજનેરી કોલેજ કે અન્ય શૈક્ષણિક હેતુસર જમીન ખરીદવા માટે જિલ્લા કલેક્ટરની પૂર્વ મંજૂરી લેવી નહીં પડે

33. તાજેતરમાં ખેલ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ કયા કયા એવૉર્ડની રકમમાં વધારો કર્યો છે – રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ, અર્જુન એવોર્ડ, ધ્યાનચંદ લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ અને દ્રોણાચાર્ય એવોર્ડ
34. તાજેતરમાં ખેલ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ રાજીવ ગાંધી ખેલરત્ન એવૉર્ડની રકમ વધારીને કેટલી કરાઈ - રૂ. 25 લાખ
35. તાજેતરમાં ખેલ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ અર્જુન એવૉર્ડની રકમ વધારીને કેટલી કરાઈ- રૂ.15 લાખ
36. તાજેતરમાં ખેલ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ મેજર ધ્યાનચંદ એવૉર્ડની રકમ વધારીને કેટલી કરાઈ - રૂ.15 લાખ
37. તાજેતરમાં ખેલ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ દ્રોણાચાર્ય એવૉર્ડની રકમ વધારીને કેટલી કરાઈ- રૂ.10 લાખ
38. ગુજરાતમાં પ્રથમવાર "વૈનુ બપ્પુ મેમોરિયલ એવૉર્ડ" માટે કોની પસંદગી કરાઈ છે - ડૉ. પંકજ જોશી
39. "વૈનુ બપ્પુ મેમોરિયલ એવૉર્ડ" કઈ સંસ્થા દ્વારા આપવામાં આવે છે-ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડમી
40. "વૈનુ બપ્પુ મેમોરિયલ એવૉર્ડ"આપવાની શરૂઆત કયા વર્ષેમાં થઈ - 1985
41. "વૈનુ બપ્પુ મેમોરિયલ એવૉર્ડ" કેટલા વર્ષે આપવામાં આવે છે - 03
42. "વૈનુ બપ્પુ મેમોરિયલ એવૉર્ડ"કયા ક્ષેત્રેના વૈજ્ઞાનિકોને આપવામાં આવે છે -એસ્ટ્રોનોમસૅ અને એસ્ટ્રોફિઝિક્સ
43. "વૈનુ બપ્પુ મેમોરિયલ એવૉર્ડ"કોની યાદમાં આપવામાં આવે છે - પ્રસિદ્ધ એસ્ટ્રોનોમર ડૉ.મનાલી વૈનુ બપ્પુ
44. વર્લ્ડ મોસ્કીટો ડે કયારે મનાવવામાં આવે છે-20 ઓગસ્ટ
45. કયા હેતુસર પ્રતિ વર્ષ વર્લ્ડ મોસ્કીટો ડે મનાવવામાં આવે છે-મચ્છરજન્ય રોગો સામે લડાઈ-જન જાગૃતિ માટે
46. મચ્છરજન્ય રોગોના શોધકનું નામ જણાવો - આર્મી ઓફિસર ડૉ. સર રોનાલ્ડ રોસ(મૂળ બ્રિટીશર)
47. મચ્છરજન્ય રોગોના શોધક ડૉ. સર રોનાલ્ડ રોસનો જન્મ કયારે-ક્યા થયો હતો – વર્ષ-૧૮૫૭ તથા અલ્મોરા (ભારત)
48. ડૉ. સર રોનાલ્ડ રોસ એ મચ્છરના સંક્રમણથી ફેલાતા મેલેરિયા જેવા રોગ ઉપર કયારે સંશોધન કર્યું હતુ - ૨૦ ઓગષ્ટ-૧૮૯૭
49. ગુજરાતી સાહિત્યકાર ચંદ્રકાંત બક્ષીનો જન્મ કયારે થયો હતો - 20 ઓગસ્ટ-1932
50. ગુજરાતી સાહિત્યકાર ચંદ્રકાંત બક્ષીનું જન્મ સ્થાન જણાવો – પાલનપુર
51. ગુજરાતી સાહિત્યકાર ચંદ્રકાંત બક્ષીનું ક્યા-કયારે અવસાન થયુ હતુ – અમદાવાદ તથા 25 માર્ચ-2006
52. ગુજરાતી સાહિત્યકાર ચંદ્રકાંત બક્ષીની આત્મકથાનું નામ જણાવો - બક્ષીનામા
53. સંશોધક રસિકલાલ પરીખ, નારાયણ ગુરુ અને રાજીવ ગાંધીનો જન્મ દિવસ જણાવો - 20 ઓગસ્ટ
54. ગુજરાતી સાહિત્યકાર ચંદ્રકાંત બક્ષીના મહત્વના પુસ્તકોના નામ જણાવો - પડઘા ડૂબી ગયા, રોમાં, એકલતાના કિનારા, આકાર, અતીતવન, પેરેલિસિસ, એક સાંજની મુલાકાત, હું કોનાર્ક શાહ, બક્ષીની શ્રેષ્ઠ વાર્તાઓ, ચંદ્રકાંત બક્ષીના શ્રેષ્ઠ નિબંધો, તવારીખ, વાતાયન
55. કયા વિવેચકે ગુજરાતી સાહિત્યમાં ચંદ્રકાંત બક્ષીને લેખનના મામલે ઘટનાના બેતાજ બાદશાહ ગણાવ્યા હતા – ડૉ. સુમન શાહ
56. **ગુજરાતી સાહિત્યના જાણીતા લેખક ચંદ્રકાંત બક્ષી કયા વર્તમાનપત્રમાં કટાર લખતા હતા** - દિવ્ય ભાસ્કર

DATE : 21-08-2020

## ૧. કેન્દ્રીય ચૂંટણી પંચ (બંધારણ)

**કોરોના મહામારી દરમિયાન સામાન્ય અને પેટાચૂંટણી યોજવા ચૂંટણીપંચની નવી ગાઇડલાઇન**

**નવી ગાઇડલાઇન :**

✓ દિવ્યાંગ, ૮૦ વર્ષથી વધુ ઉંમર, ઈમરજન્સી કર્મચારી, હોમ કોરનટાઈન, કોરોના સંક્રમિતઓને પોસ્ટલ બેલેટની સુવિધા

✓ ડોર ટુ ડોર ચૂંટણી પ્રચાર માટે ઉમેદવાર સહિત પાંચ વ્યક્તિને છૂટ

જનરલ ગાઇડલાઇન

1. ચૂંટણીલક્ષી પ્રવૃત્તિઓમાં દરેક વ્યક્તિ માટે ફેસમાસ્ક ફરજિયાત રહેશે.
2. મતદાન મથક પર દરેક વ્યક્તિનું થર્મલ સ્ક્રીનિંગ કરાશે, સેનિટાઇઝર, સાબુ અને પાણીની વ્યવસ્થા કરાશે
3. કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા જારી કરાયેલી ગાઇડલાઇન પ્રમાણે સોશિયલ ડિસ્ટન્સિગ
4. મતદાન માટે સોશિયલ ડિસ્ટન્સિગ જાળવવા બને ત્યાં સુધી મોટા હોલની વ્યવસ્થા કરાશે
5. ચૂંટણી કર્મચારીઓ, સુરક્ષા જવાનોની હેરફેર માટે પૂરતી સંખ્યામાં વાહનોની વ્યવસ્થા

મતદાન મથક અને મતદારો

1. મતદાન મથક ખાતે મતદાન માટે ૧૫૦૦ના સ્થાને હવે ૧૦૦૦ મતદારોને જ બોલાવવામાં આવશે
2. એક દિવસ પહેલા મતદાન મથકને સેનિટાઇઝ કરવામાં આવે
3. દરેક મતદાન મથક પર થર્મલ સ્કેનર, દરેક મતદારનું ચેકિંગ કરાય
4. મતદારનું તાપમાન ઉચું આવે તો તને મતદાનના અંતિમ કલાકમાં મતદાન માટે બોલાવવો
5. મતદારોને રજિસ્ટરમાં હસ્તાક્ષર કરવા અને ઇવીએમમાં મત આપવા માટે હેન્ડ ગ્લોવ્ઝ આપવા

ઇવીએમ-વીવીપેટ મશીન

1. ઇવીએમ અને વીવીપેટ મશીનો વિશાળ હોલમાં ગોઠવવાનાં રહેશે
2. પૂરતા પ્રમાણમાં સેનિટાઇઝર ઉપલબ્ધ કરાવવાનાં રહેશે
3. ઇવીએમ-વીવીપેટ સંભાળતા દરેક અધિકારી માટે ગ્લોવ્ઝ ફરજિયાત

ઉમેદવારીની પ્રક્રિયા

1. ઉમેદવારી પત્ર ઓનલાઇન ઉપલબ્ધ રહેશે, ઉમેદવાર ઓનલાઇન ફોર્મ ભરી તેની પ્રિન્ટ રિટર્નિંગ ઓફિસરને રજૂ કરી શકે છે.
2. ઉમેદવાર સોગંદનામું ઓનલાઇન ભરી શકશે, તેની પ્રિન્ટ નોટરી કરાવીને આરઓને રજૂ કરવાની રહેશે
3. ઉમેદવાર સિક્યુરિટી ડિપોઝિટનાં નાણાં ઓનલાઇન ડિપોઝિટ કરાવી શકશે
4. ઉમેદવાર તેના પ્રમાણપત્રની માગ ઓનલાઇન કરી શકશે
5. ઉમેદવારી પત્ર ભરતી વખતે ફક્ત બે વ્યક્તિ હાજર રહી શકશે
6. ઉમેદવારી પત્ર ભરવા જતી વખતે ફક્ત બે વાહન લઇ જઇ શકાશે
7. ઉમેદવારી પત્ર ભરવાનું સ્થળ વિશાળ રાખવું પડશે
8. ઉમેદવારી માટે રિટર્નિંગ ઓફિસર અગાઉથી સમય આપે તે હિતાવહ ગણાશે

૨. ભારતીય વાયુ સેના (સંરક્ષણ)

**કચ્છના નલીયા અને રાજસ્થાનના ફલૌદી એરબેઝમાં સ્વદેશી એરક્રાફ્ટ તેજસની પ્રથમ સ્ક્વોડ્રન બનશે**



- ✓ એરફોર્સ HAL પાસેથી માર્ક-૧ તેજસ વિમાન ખરીદશે
- ✓ ગુજરાતના નલિયા અને રાજસ્થાનના ફલૌદી એરબેઝ પર વિશ્વના સૌથી હળવા ફાઇટર જેટ તેજસની સ્ક્વોડ્રન તહેનાત કરાશે.
- ✓ આ બન્ને સરહદો પાકિસ્તાન સીમાની નજીક આવેલી છે.
- ✓ દેશની પશ્ચિમી સરહદે તેજસ વિમાનોની પ્રથમ ક્વોડ્રન નલિયામાં બનશે.
- ✓ એક સ્ક્વોડ્રનમાં ઓછામાં ઓછા 18 વિમાન હોય છે. એટલે કે નલિયા એરબેઝમાં 18 કે તેથી વધુ તેજસ ફાઇટર પ્લેન તહેનાત કરાશે.
- ✓ એચએએલ પાસેથી એરફોર્સ માર્ક-૧એ તેજસ વિમાન ખરીદશે. જેમાંથી નવી સ્ક્વોડ્રન બનશે.
- ✓ નલિયા અને ફલૌદી વ્યુહાત્મક દૃષ્ટિએ અત્યંત મહત્વના એરબેઝ છે.
- ✓ તમિલનાડુના સુલૂર એરબેઝમાંથી તેજસ વિમાન અનેકવાર અહીં આવી ચૂક્યાં છે તથા પશ્ચિમી સરહદે ઉડાન ભરી ચૂક્યા છે.
- ✓ નલિયા અને જેસલમેરમાં અત્યાર સુધીમાં 6-7 તેજસ વિમાનોનું ટ્રાયલ થઈ ચૂક્યું છે.
- ✓ જૂનમાં ફલૌદી એરબેઝ પર પણ ટ્રાયલ કરવામાં આવ્યું હતુ.

તેજસની વિમાનોની ખાસિયત :

- ✓ **સ્પીડ :** 1.6 મેક (અવાજની ગતિ કરતા દોઢ ગણી વધુ ઝડપ) 2200 કિમી પ્રતિ કલાક
- ✓ **વજન:** 6560 કિલો. વિશ્વનું સૌથી હળવું ફાઇટર જેટ
- ✓ **ક્ષમતા:** 2458 કિલો સુધીનું ફ્યુઅલ લઈને ઊડી શકે છે.
- ✓ **ટેકઑફ:** 460 મીટરના રનવે પછી ઊડી શકે છે.
- ✓ **અપ્રોચ:** 2800 કિમી સુધી સતત ઊડી શકે
- ✓ **હાઇટ:** 50 હજાર ફૂટ સુધી ઊડવાની ક્ષમતા
- ✓ **હથિયાર:** લેઝર ગાઈડ઼ડ મિસાઇલ, ઈઝરાયેલી આયુધો

## 3. નિમણૂક : દેશના નવા ચૂંટણી કમિશનર પદે રાજીવ કુમારની નિમણૂક (બંધારણ)



- ✓ દેશના નવા ચૂંટણી કમિશનર પદે પૂર્વ નાણા સચિવ રાજીવ કુમારને નિમવામાં આવ્યા.
- ✓ અત્યાર સુધી આ પદ પર અશોક લવાસા હતા.
- ✓ નવા નિમાયેલા રાજીવ કુમાર આગામી ૩૧મી ઓગસ્ટ-૨૦૨૦ના રોજ ચૂંટણી કમિશનરનું પદ સંભાળશે.

**રાજીવ કુમાર પરિચય :**

- ✓ તેઓ ૧૯૮૪ની બેંચના નિવૃત આઇએએસ અધિકારી છે.
- ✓ રાજીવ કુમાર આ પહેલા નાણા સચિવ હતા.
- ✓ નાણા મંત્રાલયના તેમના કાર્યકાળ દરમિયાન બેન્કિંગ ક્ષેત્રે મોટા સુધારાઓ લાવ્યા હતા અને બ્યૂરોક્રસીમાં પણ મોટા ફેરફારો કર્યા હતા.
- ✓ જાહેર ક્ષેત્રની 10 મોટી બેંકોને ચાર બેંકોમાં ભેળવી દેવા પાછળ તેમનો મહત્વનો ફાળો રહ્યો છે.
- ✓ નરેન્દ્રભાઈ મોદીની મહત્વકાંક્ષી પ્રધાનમંત્રી જનધન યોજના, મુદ્રા લોન સ્કીમ સહિતની યોજનાઓના અમલમાં તેમનો કેન્દ્રીય ફાળો રહ્યો છે.
- ✓ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે રાજીવ કુમારને દેશના નવા ચૂંટણી કમિશનર નિમ્યા છે.

## ૪.નેશનલ સ્પોર્ટ્સ એવોર્ડ-2020 નામની જાહેરાત (ખેલકૂદ)

**પાંચ ખેલાડીને રાજીવ ગાંધી ખેલરત્ન, ૨૭ને અર્જુન તથા ૮ ખેલાડીઓને દ્રોણાચાર્ય એવોર્ડ અપાશે.**




**(૧) રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ વિજેતા-રમત**

1. ક્રિકેટર રોહિત શર્મા – ક્રિકેટ
2. વિનેશ ફોગાટ - મહિલા રેસલર
3. મનિકા બત્રા - ટેબલ ટેનિસ ખેલાડી
4. મરિયપ્પન થંગવેલુ - પેરા એથ્લીટ
5. રાની રામપાલ - મહિલા હોકી કેપ્ટન

- ✓ સચિન, ધોની અને વિરાટ પછી રોહિત શર્મા ખેલરત્ન એવોર્ડ મેળવનારો ચોથો ક્રિકેટર
- ✓ 1998માં સચિનને ખેલરત્ન એવોર્ડ મળ્યો હતો. ત્યાર બાદ 2007માં મહેન્દ્ર સિંહ ધોની અને 2018માં વિરાટ કોહલીને ખેલરત્ન એવોર્ડથી સન્માનિત કરાયા હતા

**(૨) અર્જુન એવોર્ડ મેળવનારા વિજેતા ખેલાડી-રમત**

1. અતનુદાસ(તિરંદાજી)
2. દુતી ચંદ (એથલેટિક્સ)
3. સાત્વિક સાઇરાજ (બેડમિન્ટન)
4. ચિરાટ શેઠ્ઠી (બેડમિન્ટન)
5. વિશેષ (બાસ્કેટબોલ)
6. સૂબેદાર માનિક કૌશિક (બોક્સિંગ)
7. લવલીના (બોક્સિંગ)
8. ઇશાંત શર્મા (ક્રિકેટ)
9. દીપ્તિ શર્મા (મહિલા ક્રિકેટ)
10. સાવંત અજય (ઇક્વિસ્ટ્રીયન)
11. સંદેશ ઝિંગન (ફૂટબોલ)
12. અદિતિ અશોક (ગોલ્ફ)
13. આકાશદીપ સિંહ (હોકી)
14. દીપિકા (હોકી)
15. દીપક (કબડ્ડી)
16. સારિકા સુધાકર (ખો-ખો)
17. દત્તૂ બબન (રોઇંગ)
18. મનુ ભાકર (શૂટિંગ)
19. સૌરભ ચૌધરી (શૂટિંગ)
20. મધુરિકા સુહાસ (ટેબલ ટેનિસ)
21. દિવિજ સરન (ટેનિસ)
22. શિવા કેશવન (વિન્ટર સ્પોર્ટ્સ)
23. દિવ્યા કાકરન (કેસલિંગ)
24. રાહુલ અવારે (રેસલિંગ)
25. સુયશ નારાયણ જાધવ (પેરા સ્વીમિંગ)

26.સંદીપ (પેરા એથલેટિક્સ)

27.મનીષ નરવાલ (પેરા શૂટિંગ).

(3) દ્રોણાચાર્ય એવોર્ડ (શ્રેષ્ઠ કોચ માટે) મેળવનારા ખેલાડી-રમત

A.લાઈફ ટાઈમ કેટેગરી (આઠ)

1. ધર્મેન્દ્ર તિવારી (આર્ચરી)
2. પુરુષોત્તમ રાય ( એથલેટ્રિક્સ)
3. શિવ સિંહ (બોક્સિંગ)
4. કૃષ્ણકુમાર હૂડા (કબડ્ડી)
5. રમેશ પઠાનિયા (હોકી)
6. નરેશકુમાર (ટેનિસ)
7. વિજય ભાલચંદ્ર મુનિવર(પેરા પાવર લિફ્ટિંગ)
8. ઓમપ્રકાર દાહિયા (રેસલિંગ)

B.રેગ્યુલર કેટેગરી (પાંચ ખેલાડી)

| | |
|---|---|
| Shri Jude Felix Sebastian | Hockey |
| Shri Yogesh Malviya | Mallakhamb |
| Shri Jaspal Rana | Shooting |
| Shri Kuldeep Kumar Handoo | Wushu |
| Shri Gaurav Khanna | Para Badminton |

(૪) મેજર ધ્યાનચંદ એવોર્ડ કુલ-૧૫

| | | |
|---|---|---|
| 1. | Shri Kuldip Singh Bhullar | Athletics |
| 2. | Ms. Jincy Philips | Athletics |
| 3. | Shri Pradeep Shrikrishna Gandhe | Badminton |
| 4. | Ms. Trupti Murgunde | Badminton |
| 5. | Ms. N. Usha | Boxing |
| 6. | Shri Lakha Singh | Boxing |
| 7. | Shri Sukhvinder Singh Sandhu | Football |
| 8. | Shri Ajit Singh | Hockey |
| 9. | Shri Manpreet Singh | Kabaddi |
| 10. | Shri J. Ranjith Kumar Para | Athletics |
| 11. | Shri Satyaprakash Tiwari | Para Badminton |
| 12. | Shri Manjeet Singh | Rowing |
| 13. | Late Shri Sachin Nag | Swimming |
| 14. | Shri Nandan P Bal | Tennis |
| 15. | Shri Netarpal Hooda | Wrestling |

(૫) તેનજિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર એવોર્ડ-૨૦૧૯

| | | |
|---|---|---|
| 1. | Ms. Anita Devi | Land Adventure |
| 2. | Col. Sarfraz Singh | Land Adventure |
| 3. | Shri Taka Tamut | Land Adventure |
| 4. | Shri Narender Singh | Land Adventure |
| 5. | Shri Keval Hiren Kakka | Land Adventure |
| 6. | Shri Satendra Singh | Water Adventure |
| 7. | Shri Gajanand Yadava | Air Adventure |
| | Late Shri Magan Bissa | Life Time Achievement |

(૬) મૌલાના અબૂલ કલામ આઝાદ ટ્રોફી(MAKA)

પંજાબ યુનિવર્સિટી ચંદીગઢ

(૭) રાષ્ટ્રીય ખેલ પ્રોત્સાહન પુરસ્કાર

| Category Entity | recommended for Rashtriya Khel Protsahan Puruskar, 2020 |
|---|---|
| Identification and Nurturing of Budding and Young Talent - | 1. Lakshya Institute<br>2. Army Sports Institute |
| Encouragement to sports through Corporate Social Responsibility | Oil and Natural Gas Corporation (ONGC) Ltd. |
| Employment of sportspersons and sports welfare measures | Air Force Sports Control Board |
| Sports for Development | International Institute of Sports Management (IISM) |

✓ ૨૯મી ઓગસ્ટ-રાષ્ટ્રીય રમત દિવસે એવોર્ડ અપાશે

✓ કોરોના મહામારીના કારણે ફિઝિકલ નહીં પરંતુ ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમથી એવોર્ડ અપાશે

## ૫. કેન્દ્ર સરકાર : સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિતે ઓનલાઈન શોર્ટ ફિલ્મ સ્પર્ધાનું આયોજન :

આયોજક :

✓ રાષ્ટ્રીય ફિલ્મ વિકાસ નિગમ (એનએફડીસી) અને માહિતી અને પ્રસારણ મંત્રાલય

આયોજન :

✓ આ સ્પર્ધા 14મી જુલાઈ, 2020ના રોજ માયગોવ પોર્ટલ પર ઓનલાઈન મુકવામાં આવી હતી અને 7મી ઓગસ્ટ, 2020ના રોજ સમાપ્ત થઈ હતી. નામાંકન માટે www.MyGov.in વેબસાઇટ પર આ સ્પર્ધા હોસ્ટ કરવામાં આવી હતી.

સ્પર્ધાના વિજેતા-ફિલ્મ

| ક્રમ | નામ | શોર્ટ ફિલ્મનું શીર્ષક |
|---|---|---|
| 1. | અભિજીત પોલ | એમ આઈ? |
| 2. | દેબોજો સંજીવ | અબ ઇન્ડિયા બનેગા ભારત |
| 3. | યુવરાજ ગોકુલ | 10 રૂપીઝ |

## ૬. દિન વિશેષ : 21 ઓગસ્ટ

## વિશ્વ વરિષ્ઠ નાગરિક દિવસ (વર્લ્ડ સિનિયર સિટીઝન્સ ડે)




**હેતુ :**

- ✓ વરિષ્ઠ નાગરિકોની પરિસ્થિતિઓ વિશે જાગૃતિ લાવવા અને તેમને મદદ કરવાનો
- ✓ વરિષ્ઠ નાગરિકો અને તેમની સામાજિક સ્થિતિને અસર કરતા પરિબળોને જાગૃત કરવામાં આવે છે.
- ✓ આ દિવસ દ્વારા, સમાજમાં વૃદ્ધ નાગરિકોના યોગદાન બદલ તેમનો આભાર માનવામાં આવે છે.
- ✓ આ દિવસની શરૂઆત અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ રોનાલ્ડ રેગને કરી હતી.
- ✓ શ્રી રેગને 19 ઓગસ્ટ 1988ના રોજ ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કરીને 21 ઓગસ્ટને અમેરિકામાં રાષ્ટ્રીય વરિષ્ઠ નાગરિક દિવસ ઘોષિત કર્યો હતો.
- ✓ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 14 ડિસેમ્બર 1990ના રોજ 21 ઓગસ્ટને વિશ્વ વરિષ્ઠ નાગરિક રૂપના મનાવવાની ઘોષણા કરી.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૧-૦૮-૨૦૨૦)

1. કોરોના મહામારી દરમિયાન સામાન્ય અને પેટાચૂંટણી યોજવા માટે તાજેતરમાં કોના દ્વારા નવી માર્ગદર્શિકા જાહેર કરાઈ - **ભારતીય ચૂંટણી પંચ**
2. કોરોના મહામારી દરમિયાન સામાન્ય અને પેટાચૂંટણી યોજવા માટે તાજેતરમાં નવી માર્ગદર્શિકા જાહેર કરાઈ તેમાં કોને કોને પોસ્ટલ બેલેટ પેપર દ્વારા મતદાનની મંજૂરી અપાઈ - **દિવ્યાંગ,80 વર્ષથી વધુ વય,કોરોના સંક્રમિત, ઈમરજન્સી સેવાના કર્મયોગીઓને, હોમ કોરોન્ટાઈન**
3. કોરોના મહામારી દરમિયાન સામાન્ય અને પેટાચૂંટણી યોજવા માટે તાજેતરમાં નવી માર્ગદર્શિકા જાહેર કરાઈ જેમાં ઉમેદવાર સાથે કેટલા લોકો ડૉર ટુ ડૉર પ્રચાર કરી શકશે - **5**
4. કોરોના મહામારી દરમિયાન સામાન્ય અને પેટાચૂંટણી યોજવા માટે તાજેતરમાં નવી માર્ગદર્શિકા જાહેર કરાઈ જેમાં નવા સુધારા મુજબ મતદાન મથકે એકસાથે કેટલા મતદાર બોલાવી શકાશે - **1000**
5. કોરોના મહામારી દરમિયાન સામાન્ય અને પેટાચૂંટણી યોજવા માટે તાજેતરમાં નવી માર્ગદર્શિકા જાહેર કરાઈ જેમાં ઉમેદવારી પત્ર ભરતી વખતે કેટલા લોકો હાજર રહી શકશે - **02**
6. ભારતીય વાયુ સેના દ્વારા તાજેતરમાં કયા કયા એરબેઝ ઉપર સ્વદેશી યુદ્ધ વિમાન તેજસ સ્કવૉડ્રન તહેનાત કરાશે - **નલિયા અને ફલૌદી**
7. નલિયા અને ફલૌદી ઍરબેઝ કયા રાજ્યમાં આવેલા છે - **ગુજરાત અને રાજસ્થાન**
8. ઈન્ડિયન એરફોર્સ કોની પાસેથી માર્ક-૧ તેજસ વિમાન ખરીદશે - **HAL**
9. વિશ્વના સૌથી હળવા ફાઇટર જેટ તેજસની સ્ક્વોડ્રન કયા એરબેઝ પર તહેનાત કરાશે - **ગુજરાતના નલિયા અને રાજસ્થાનના ફલૌદી**
10. નલિયા એરબેઝમાં કેટલા તેજસ ફાઇટર પ્લેન તહેનાત કરાશે - **18 કે તેથી વધુ**
11. તેજસ વિમાનની સ્પીડ જણાવો - **1.6 મેક (અવાજની ગતિ કરતા દોઢ ગણી વધુ ઝડપ) 2200 કિમી પ્રતિ કલાક**
12. તેજસ વિમાનનું વજન જણાવો - 6560 કિલો
13. તેજસ વિમાનની ફ્યુઅલ ક્ષમતા જણાવો - **2458 કિલો સુધીનું ફ્યુઅલ લઈને ઊડી શકે**
14. તેજસ વિમાન કેટલા કિમી સુધી સતત ઊડવાની ક્ષમતા ધરાવે છે - **2800**
15. ઓગસ્ટ-૨૦૨૦માં દેશના નવા ચૂંટણી કમિશનર પદે કોની નિમણૂક કરવામાં આવી - **રાજીવ કુમાર**
16. ઓગસ્ટ-૨૦૨૦માં રાજીવ કુમારે દેશના નવા ચૂંટણી કમિશનર પદે કોની જગ્યાએ નિમણૂક કરાઈ - **અશોક લવાસા**
17. ઓગસ્ટ-૨૦૨૦માં દેશના નવા ચૂંટણી કમિશનર પદે નિમણૂક મેળવનારા રાજીવ કુમાર કઈ બેંચના નિવૃત આઇએએસ અધિકારી છે – **વર્ષ-૧૯૮૪**
18. દેશના નવા ચૂંટણી કમિશનરની નિમણૂક કોના દ્વારા કરવામાં આવે છે - **રાષ્ટ્રપતિ**
19. ખેલ મંત્રાલય દ્વારા નેશનલ સ્પોર્ટ્સ એવોર્ડ-૨૦૨૦ અંતર્ગત કેટલા ખેલાડીઓને રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ અપાશે – **પાંચ ખેલાડી**

20. ખેલ મંત્રાલય દ્વારા નેશનલ સ્પોર્ટ્સ એવોર્ડ-૨૦૨૦ અંતર્ગત જે પાંચ ખેલાડીઓને રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ આપવામાં આવશે તેના નામ તથા રમત જણાવો - 1.ક્રિકેટર રોહિત શર્મા – ક્રિકેટ, 2.વિનેશ ફોગાટ-મહિલા રેસલર, 3.મનિકા બત્રા-ટેબલ ટેનિસ ખેલાડી, 4.મરિયપ્પન થંગવેલુ-પેરા એથ્લીટ અને 5.રાની રામપાલ-મહિલા હોકી કેપ્ટન
21. અત્યાર સુધીમાં ક્રિકેટમાં કુલ કેટલા ખેલાડીને રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ આપી સન્માનિત કરાયા છે – ત્રણ
22. અત્યાર સુધીમાં ક્રિકેટમાં કયા ખેલાડીને રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ આપી સન્માનિત કરાયા છે - સચિન તેંદુલકર, મહેન્દ્રસિંહ ધોની અને વિરાટ કોહલી
23. ક્રિકેટર સચિન તેંદુલકરને ક્યા વર્ષે રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ આપી સન્માનિત કરાયા છે - વર્ષ-૧૯૯૮
24. ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીને ક્યા વર્ષે રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ આપી સન્માનિત કરાયા છે – વર્ષ-૨૦૦૭
25. ક્રિકેટર વિરાટ કોહલીને ક્યા વર્ષે રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ આપી સન્માનિત કરાયા છે – વર્ષ-૨૦૧૮
26. ખેલ મંત્રાલય દ્વારા નેશનલ સ્પોર્ટ્સ એવોર્ડ-૨૦૨૦ અંતર્ગત કેટલા ખેલાડીઓને અર્જુન એવોર્ડ અપાશે - ૨૭ ખેલાડી
27. ખેલ મંત્રાલય દ્વારા નેશનલ સ્પોર્ટ્સ એવોર્ડ-૨૦૨૦ અંતર્ગત કેટલા ખેલાડીઓને દ્રોણાચાર્ય એવોર્ડ અપાશે – લાઈફ ટાઈમ કેટેગરીમાં ૮ ખેલાડી તથા રેગ્યુલર કેટેગરીમાં પાંચ ખેલાડી
28. ખેલ મંત્રાલય દ્વારા નેશનલ સ્પોર્ટ્સ એવોર્ડ-૨૦૨૦ અંતર્ગત કેટલા ખેલાડીઓને મેજર ધ્યાનચંદ એવોર્ડ અપાશે – ૧૫ ખેલાડી
29. ખેલ મંત્રાલય દ્વારા નેશનલ સ્પોર્ટ્સ એવોર્ડ અંતર્ગત કેટલા ખેલાડીઓને તેનજિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર એવોર્ડ-૨૦૧૯ અપાશે – સાત ખેલાડી તથા એક ખેલાડીને લાઈફ ટાઈમ અચિવમેન્ટ
30. મૌલાના અબૂલ કલામ આઝાદ ટ્રોફી(MAKA) -૨૦૨૦ કોને આપવામાં આવશે - પંજાબ યુનિવર્સિટી ચંદીગઢ
31. કેન્દ્ર સરકાર દ્વારા કયા દિવસની ઉજવણી નિમિતે ઓનલાઈન શોર્ટ ફિલ્મ સ્પર્ધાનું આયોજન કરાયું હતુ – સ્વતંત્રતા દિવસ
32. મનોરંજન ક્ષેત્ર સંદર્ભે NFDCનું વિસ્તૃત નામ જણાવો - રાષ્ટ્રીય ફિલ્મ વિકાસ નિગમ
33. ઓગસ્ટ-૨૦૨૦માં કોના દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિતે ઓનલાઈન શોર્ટ ફિલ્મ સ્પર્ધાનું આયોજન કરાયું હતુ - રાષ્ટ્રીય ફિલ્મ વિકાસ નિગમ (એનએફડીસી) અને માહિતી અને પ્રસારણ મંત્રાલય
34. કેન્દ્ર સરકાર દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિતે ઓનલાઈન શોર્ટ ફિલ્મ સ્પર્ધાને ક્યારથી ઓનલાઈન મુકવામાં આવી હતી - 14મી જુલાઈ, 2020
35. કેન્દ્ર સરકાર દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિતે ઓનલાઈન શોર્ટ ફિલ્મ સ્પર્ધાને કયા પોર્ટલ પર ઓનલાઈન મુકવામાં આવી હતી - MyGov
36. ઓગસ્ટ-૨૦૨૦માં કેન્દ્ર સરકાર દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિતે આયોજિત ઓનલાઈન શોર્ટ ફિલ્મ સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતા-ફિલ્મનું નામ જણાવો – ૧. અભિજીત પોલ-એમ આઈ?, ૨. દેબોજો સંજીવ-અબ ઇન્ડિયા બનેગા ભારત તથા ૩. યુવરાજ ગોકુલ-10 રૂપીઝ
37. પ્રતિ વર્ષ વિશ્વ વરિષ્ઠ નાગરિક દિવસ કયારે મનાવવામાં આવે છે - 21 ઓગસ્ટ
38. કયા હેતુસર પ્રતિ વર્ષ 21 ઓગસ્ટે વિશ્વ વરિષ્ઠ નાગરિક દિવસ મનાવવામાં આવે છે - વરિષ્ઠ નાગરિકોની પરિસ્થિતિઓ-તેમની સામાજિક સ્થિતિને અસર કરતા પરિબળો વિશે જાગૃતિ લાવવા અને તેમને મદદ કરવા
39. વિશ્વ વરિષ્ઠ નાગરિક દિવસ મનાવવાની શરૂઆત કોણે-કયારે કરી હતી - અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ રોનાલ્ડ રેગને 19 ઓગસ્ટ 1988ના રોજ
40. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ કયા દિવસે 21 ઓગસ્ટને વિશ્વ વરિષ્ઠ નાગરિક રૂપના મનાવવાની ઘોષણા કરી હતી – તા.14 ડિસેમ્બર 1990

DATE : 22-08-2020

૧. FATF : પાકિસ્તાને વૈશ્વિક કક્ષાએ FATFમાં બ્લેક લિસ્ટમાંથી બચવા ૮૮ આતંકવાદી સંગઠનો પર વધુ કડક નાણાકીય પ્રતિબંધો મૂક્યા (વૈશ્વિક આતંકવાદ)

✓ ભારતનો મોસ્ટ વોન્ટેડ આતંકવાદી દાઉદ ઈબ્રાહીમ પણ પાકિસ્તાનના કરાંચીમાં હોવાની કબૂલાત

- ✓ ફાઇનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સની યાદીમાંથી બહાર આવવા પાકિસ્તાને હવે દાઉદ ઇબ્રાહીમ, હાફિઝ સઇદ અને મસૂદ અઝહર સહિતના ૮૮ પ્રતિબંધિત ત્રાસવાદીઓ, સંગઠનો, સંગઠનોના આતંકી સરગણા અને સભ્યો પર વધુ કડક નાણાકીય પ્રતિબંધો.
- ✓ પાકિસ્તાન સરકારે હવે આ આતંકી સરગણા અને તેમના સંગઠનોની તમામ મિલકતો જપ્ત કરવા અને બેન્ક ખાતા પર ટાંચ મૂકવાના આદેશ કર્યા.
- ✓ પાકિસ્તાન દ્વારા થયેલી કાર્યવાહીમાં ૧૯૯૩ના મુંબઇ બોમ્બ બ્લાસ્ટ કેસમાં ભારત દ્વારા વોન્ટેડ દાઉદ ઇબ્રાહીમનું નામ પહેલી જ વાર પ્રકાશમાં આવ્યું.
- ✓ આ કાર્યવાહી એ હકીકતનો એકરાર છે કે દાઉદ ઈબ્રાહીમ પાકિસ્તાનમાં છે. પાકિસ્તાની દસ્તાવેજોમાં દાઉદના ઘરના ત્રણ સરનામાં અને ૧૪ પાસપોર્ટનો પણ ઉલ્લેખ.

**FATF દ્વારા પાકિસ્તાન ઉપર કાર્યવાહી**

- ✓ ફ્રાંસના પેરિસ ખાતેના સંગઠન FATF દ્વારા પાકિસ્તાનને જૂન ૨૦૧૮માં ગ્રે યાદીમાં મૂકવામાં આવ્યું હતું.
- ✓ સંગઠને પાકિસ્તાનને ડિમાન્ડ લેટર આપીને તેણે સૂચવેલા પગલાં વર્ષ ૨૦૧૯ સુધીમાં પૂરેપૂરા લેવા મહેતલ આપી હતી. જોકે કોવિડ-૧૯ને પગલે મુદતને વધારીને સપ્ટેમ્બર ૨૦૨૦ સુધીની કરવામાં આવી હતી.
- ✓ FATFની આગામી સમીક્ષા બેઠક ઓક્ટોબરમાં મળવાની છે.
- ✓ આ બેઠકમાં પાકિસ્તાન FATFની ગ્રે યાદીમાં યથાવત રહેશે કે પછી જો તેને કાળી યાદીમાં મૂક્વામાં આવશે તો પછી તેને આઇએમએફ સહિતના સંગઠનો પાસેથી ધિરાણ નહીં મળી શકે.

**UNSC દ્વારા યાદી :**

- ✓ પાકિસ્તાનની સરકારે હવે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ દ્વારા તાજેતરમાં જારી થયેલી યાદી મુજબ ૮૮ જેટલા આતંકી સંગઠનો સામે પગલાં લેવાની જાહેરાત.
- ✓ **મુખ્ય આતંકી સંગઠન :** જમાત ઉદ દાવા, જૈશ-એ-મહંમદ, તાલિબાન, દાએશ, હક્કાની જૂથ અને અલ-કાયદા સહિતના ત્રાસવાદી જૂથોના આગળ પડતા ત્રાસવાદીઓ પર વધુ કડક આર્થિક પ્રતિબંધો.

**કાર્યવાહી :** આ સંગઠનો અને તેના ત્રાસવાદીઓની તમામ સ્થાવર અને જંગમ મિલકતો જપ્ત કરવા અને બેન્ક ખાતા પર ટાંચ મૂકવાના આદેશ કર્યા.

- ✓ તેમના પર નાણાકીય સંસ્થાઓ દ્વારા નાણાંની ટ્રાન્સફર, શસ્ત્રો ખરીદવા સામે તેમ જ વિદેશ પ્રવાસ ખેડવા સામે પણ પ્રતિબંધો લાદવામાં આવ્યા.
- ✓ FATF : ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ
- ✓ મુખ્ય મથક : પેરીસ(ફ્રાંસ)

## ૨. મહાત્મા ગાંધી : બ્રિટનમાં યોજાયેલી હરાજીમાં માત્ર છ મિનીટમાં મહાત્મા ગાંધીજીનાં ગોલ્ડન ફ્રેમ ચશ્મા રૂ. 2.5 કરોડમાં વેચાયા (ઇતિહાસ)

- ✓ ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં આ ચશ્માં પહેરતા હતા
- ✓ મહાત્મા ગાંધીને સોનાનો ઢોળ ચડાવેલા આ ચશ્મા વર્ષ-૧૯૦૦માં ભેટમાં અપાયો હતાં.
- ✓ રૂપિયા અઢી કરોડ(૨,૬૦,૦૦૦ બ્રિટિશ પાઉન્ડ)માં વેચાણે બ્રિટનના નિલામી ઘરના તમામ રેકોર્ડ તોડી નાખ્યાં.
- ✓ 'બ્રિટનના એક લેટર બોક્સમાં લાવારિસ પડેલા મહાત્મા ગાંધીના ચશ્માની બ્રિટનમાં હરાજી થઈ ગઈ
- ✓ હરાજી ગૃહના કર્મચારીને ગયા મહિને લેટર બોકસમાં પડેલા એક કવરમાંથી આ ચશ્માં મળ્યા હતા
- ✓ કંપની : ઈસ્ટ બ્રિસ્ટલ ઓકશન હાઉસ

## ૩. મંજૂરી : ગુજરાત સરકાર

## જામનગરના સચાણામાં ગુજરાતનું બીજું નવું શિપ બ્રેકિંગ યાર્ડ કાર્યરત થશે (બંદરો)




- ✓ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા મંજૂરી

**અન્ય વિગત :**

- ✓ સૌરાષ્ટ્રમાં વિશ્વ વિખ્યાત ભાવનગરમાં આવેલા અલંગ શિપ બ્રેકિંગ યાર્ડ પછી જામનગરનું સચાણા શિપ બ્રેકિંગ માટેનું નવું નજરાણું બનશે.
- ✓ હવે જામનગર જિલ્લામાં આંતરરાષ્ટ્રીય ધારાધોરણો મુજબનું નવું અલંગ આકાર પામશે.

**વિશેષતા :**

- ✓ સચાણા ખાતે નાના અને મધ્યમકક્ષાના જહાજો બ્રેકિંગ માટે આવશે

- ✓ ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા વર્ષ-1977થી આ જહાજવાડો કાર્યરત

**૪. દિન વિશેષ : ભાદરવા સુદ ચોથ ગણેશ ચતુર્થી**




**૫. દિન વિશેષ : સંવત્સરી**

**પાવન પર્વ નિમિત્તે સૌને મિચ્છામી દુકડમ**




**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૨-૦૮-૨૦૨૦)**

1. તાજેતરમાં પાકિસ્તાન દ્વારા FATFના બ્લેક લિસ્ટથી બચવા કેટલા આંતકવાદીઓ-સંગઠનો ઉપર પ્રતિબંધ મુક્યો છે - <u>88</u>
2. તાજેતરમાં પાકિસ્તાન દ્વારા પ્રતિબંધિત કરાયેલ 88 આંતકવાદીઓ-સંગઠનોની યાદી કોને જાહેર કરી હતી - <u>UNSC</u>
3. UNSCનું વિસ્તૃત નામ જણાવો - <u>યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ</u>
4. તાજેતરમાં પાકિસ્તાન દ્વારા FATFના બ્લેક લિસ્ટથી બચવા કયા કયા મુખ્ય આંતકવાદીઓ-સંગઠનો ઉપર પ્રતિબંધ મુક્યો છે - <u>જમાત ઉદ દાવા, જૈશ-એ-મહંમદ, તાલિબાન, દાએશ,હક્કાની જૂથ અને અલ કાયદા</u>
5. FATFનું વિસ્તૃત નામ જણાવો -<u>ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ</u>
6. FATF દ્વારા પાકિસ્તાનને કયા વર્ષે ગ્રે યાદીમાં મુકવામાં આવ્યું હતું - <u>જૂન 2018</u>
7. 1993માં મુંબઈ સિરિયલ બ્લાસ્ટનો કયો મુખ્ય આરોપી કરાંચીમાં હોવાનું તાજેતરમાં પાકિસ્તાને સ્વીકાર્યું છે - <u>દાઉદ ઈબ્રાહીમ</u>
8. FATFનું વડું મથક કયાં આવેલું છે - <u>પેરિસ</u>
9. તાજેતરમાં મહાત્મા ગાંધીજીના ગોલ્ડન ફ્રેમ ચશ્માં હરાજીમાં કેટલી કિંમતમાં વેચાયા - <u>રૂ.2.50 કરોડ (2.60 લાખ પાઉન્ડ)</u>
10. તાજેતરમાં મહાત્મા ગાંધીજીના ગોલ્ડન ફ્રેમ ચશ્માંની હરાજીમાં કયા દેશમાં થઈ જે રૂ.2.50 કરોડમાં વેચાયા - <u>બ્રિટેન</u>
11. તાજેતરમાં ગુજરાત સરકારે કયા નવા શિપ બ્રેકિંગ યાડને મંજૂરી આપી - <u>સચાણા</u>
12. સચાણા શિપ બ્રેકિંગ યાડમાં કેવા પ્રકારના જહાજને તોડવાની મંજૂરી અપાઈ - <u>નાના અને મધ્યમ કદના</u>
13. સચાણા શિપ બ્રેકિંગ યાડ કયા વર્ષેથી કાર્યરત હતું - <u>1977</u>
14. સચાણા શિપ બ્રેકિંગ યાડ કયા જિલ્લામાં આવેલું છે - <u>જામનગર</u>
15. ગુજરાતનું પ્રથમ શિપ બ્રેકિંગ યાડ જણાવો - <u>અલંગ, ભાવનગર</u>
16. સચાણા શિપ બ્રેકિંગ યાડનું સંચાલન કોના દ્વારા કરાશે - <u>ગુજરાત મેરીટાઈમ બોર્ડ</u>
17. ગણેશ ચતુર્થી કયારે આવે છે - <u>ભાદરવા સુદ ચોથ</u>
18. "સંવત્સરી" કયા ધર્મ સાથે જોડાયેલ તહેવાર છે - <u>જૈન</u>

**DATE : 23-08-2020**

**૧. IRDA - નવો નિયમ : તમામ વાહનોની વીમા પોલીસી રિન્યૂઅલ માટે PUC ફરજિયાત (વાહનવ્યવહાર)**

irdai
भारतीय बीमा विनियामक और विकास प्राधिकरण
INSURANCE REGULATORY AND DEVELOPMENT AUTHORITY OF INDIA

**મહત્વની જોગવાઈ :**

- ✓ તમામ પ્રકારનાં વાહનોની વીમા પોલિસી રિન્યૂ કરાવતી વખતે હવે પોલ્યુશન અન્ડર કન્ટ્રોલ (PUC)ઈરડા દ્વારા ફરજિયાત કરાયું

**નવી જોગવાઈ**

- ✓ જો અકસ્માત વખતે વાહનનાં PUC સર્ટિફિકેટની વેલિડિટી પૂરી થઈ ગઈ હશે તો વિમા કંપનીઓ દ્વારા કોઈ નુકસાની વળતર ચૂકવવામાં આવશે નહીં.
- ✓ તમામ પ્રકારના અકસ્માત દાવાઓ માટે પોલ્યુશન લાયસન્સને પણ ફરજિયાત બનાવવામાં આવ્યું છે.
- ✓ PUC : પોલ્યુશન અન્ડર કંટ્રોલ
- ✓ IRDAI : વિમા નિયમનકારી સત્તામંડળ

### ૨. ખનીજ ભંડાર : દેશનું 40 ટકા ખનીજ માત્ર ઝારખંડમાં ઉપલબ્ધ




**અહેવાલના મહત્વના તારણો :**

- ✓ કોલસાના ભંડારમાં ઝારખંડ દેશમાં પ્રથમ સ્થાને છે, જયારે લોખંડમાં બીજા તથા તાંબામાં ત્રીજા સ્થાને છે.
- ✓ દેશમાં ખનિજ પર સૌથી વધુ ઝારખંડ પર નિર્ભર છે. કારણ કે અહીં ખનિજનો 40 ટકા ભંડાર છે.
- ✓ ઝારખંડમાં કોલસાનો ભંડાર 50 વર્ષ સુધી ચાલશે. કારણકે દેશનો 40 ટકા કોલસો ઝારખંડમાં છે.
- ✓ યુરેનિયમ 20 વર્ષ સુધી અને કોપર 25 વર્ષ સુધી ઝારખંડમાંથી મળતું રહેશે. સોનાની નવી ખાણ પણ મળી છે.
- ✓ ઝારખંડમાં 50 વર્ષ સુધી ખનિજની કોઈ ઘટ પડશે નહીં. તેમ છતાં ઝારખંડની જીડીપી દેશમાં 19માં ક્રમે છે.
- ✓ ખાણકામમાં ઝારખંડથી પાછળ મધ્યપ્રદેશ 9માં, રાજસ્થાન 10માં અને છત્તીસગઢ 18માં ક્રમે છે.
- ✓ અભ્યાસ: આઈઆઈટી, આઈએસએમ ધનબાદ

### 3. ભારતીય રેલવે : નવીન પહેલ

**ટ્રેન ક્યાં પહોંચી એની જાણકારી પેસેન્જર હવે ISROના સેટેલાઈટના મદદથી જાણી શકાશે**

- ✓ નામ : રિયલ ટાઈમ ઈન્ફરમેશન સિસ્ટમ
- ✓ 3800 ડિઝલ એન્જિન GPSથી સજ્જ કરાશે
- ✓ હાલમાં પ્રથમ તબક્કામાં 2700 ઈલેકટ્રિક એન્જિનમાં GPS લગાવાશે
- ✓ વર્ષ-2021 સુધીમાં રેલવેના તમામ પ્રકારના એન્જિનમાં આ નવા GPS લગાવાશે

### ૪. e-અટકચાળા (સાયબર ટેકનોલોજી)

ટેકનિકલ ભાષામાં PRANKથી ઓળખાય છે

**શું છે e-અટકચાળા :**

- ✓ આપણને જે પણ વ્યક્તિનો મોબાઈલ નંબર અથવા ઈ-મેલ એડ્રેસ ખ્યાલ હોય, તો એ વ્યક્તિને કોઈ ચોક્કસ સમયે હેરાન તેમજ પરેશાન કરવા માટે અને સાથે જ એના મોબાઈલમાં મેસેજનું ઈન-બોક્સ અને ઈમેલ ઈન-બોક્સ પૂરેપૂરું ભરી દેવા માટે, વ્યક્તિનો મોબાઈલ ટેગ કરવા માટે, સતત અને સતત એક ચોક્કસ પ્રકારની API (એપ્લિકેશન પ્રોગ્રામિંગ ઇન્ટરફેસ) દ્વારા અગણિત સંદેશાઓ અને ઈ-મેલ મોકલવાની પદ્ધતિને ઈ-અટકચાળા કહેવામાં આવે છે.

**e- અટકચાળાને સ્પામ કહી શકાય ?**

- ✓ સ્પામ એ કોઈપણ પ્રકારની અનિચ્છનીય, અવાંછિત ડિજિટલ કમ્યુનિકેશન છે, ઘણીવાર એ એક ઇમેઇલ સ્વરૂપે બલ્કમાં મોકલવામાં આવે છે.
- ✓ ટૂંકમાં સ્પામ એટલે અનિચ્છિત ટેસ્ટ સંદેશાઓ, ઈ-અટકચાળાને ટેકનિકલ ભાષામાં PRANKના નામથી પણ ઓળખવામાં આવે છે.
- ✓ આજકાલ યુટ્યુબર દ્વારા PRANKને લગતા વિડિઓ વધુ અપલોડ કરવામાં આવે છે.
- ✓ અત્યારના સમયમાં મોટાભાગના લોકો ઓનલાઇન વધારે સમય વિતાવે છે. પરિણામે ચોક્કસ પ્રકારની માનસિક્તા ધરાવતા લોકો જે આવા PRANK વીડિયો જોઈ લે તો, તેઓ દ્વારા આવી PRANK પ્રવૃત્તિ સૌથી પહેલાં મજાક સ્વરૂપે શરૂ થઈને ત્યારબાદ તે PRANK પ્રવૃત્તિ લોકોને હેરાન કરવામાં ઉપયોગમાં લેવાઈ.

**હુમલાખોર દ્વારા કેવા પ્રકારની વિગત મોકલવામાં આવે છે ?**

- ✓ ઈ-અટકચાળામાં હુમલાખોર દ્વારા મુખ્યત્વે OTP મોકલવામાં આવે છે. એ પણ એવા પ્રકારના OTP વ્યક્તિને મોકલવામાં આવે જે એપ્લિકેશન વ્યક્તિ દ્વારા ક્યારેય ઇનસ્ટોલ કરવામાં આવી જ ન હોય, તેમજ એક ચોક્કસ મેસેજ જે એક જ પ્રકારના SMS ગેટવેનો ઉપયોગ કરીને મોકલવામાં આવતા હોય છે.
- ✓ અમુકવાર બદલો લેવા માટે હુમલાખોર દ્વારા માલવેર પણ લિંકના માધ્યમથી મોકલવામાં આવે છે.

✓ જયારે માલવેર એકવાર ડિવાઇસમાં દાખલા થઈ જાય ત્યારબાદ તે ડિવાઇસમાં રહેલી પર્સનલ માહિતી ચોરવાનું કાર્ય કરે.

✓ જેમાં ખાસ કરીને બેન્ક ડિટેઈલ્સ, પાસવર્ડ જેવી વિગત જ ચોરવામાં આવે છે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૩-૦૮-૨૦૨૦)

1. તાજેતરમાં IRDAના નવા નિયમ મુજબ હવે વાહનોની વીમા પોલીસી રિન્યુઅલ વખતે કયું પ્રમાણપત્ર ફરજિયાત કરાયું - **PUC**
2. PUCનું વિસ્તૃત નામ જણાવો - **પોલ્યુશન અંડર કંટ્રોલ**
3. IRDAનું વિસ્તૃત નામ જણાવો - **ઈન્સ્યુરિયન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા**
4. ભારતનું 40 ટકા ખનિજ ભંડારમાં ધરાવતું એકમાત્ર રાજ્ય જણાવો - **ઝારખંડ**
5. ભારતમાં કોલસાના ભંડારમાં પ્રથમ રાજય જણાવો - **ઝારખંડ**
6. ભારતમાં લોખંડના ઉત્પાદનમાં બીજું સ્થાન ધરાવતું રાજય જણાવો - **ઝારખંડ**
7. ભારતમાં તાંબાના ઉત્પાદનમાં ત્રીજું સ્થાન ધરાવતું રાજય જણાવો - **ઝારખંડ**
8. IIT ધનબાદના અહેવાલ મુજબ ઝારખંડમાં યુરેપિયન અને કોપરનો જથ્થો કેટલા વર્ષે સુધી મળતો રહેશે - **20 અને 25 વર્ષે**
9. IIT ધનબાદના અહેવાલ મુજબ ઝારખંડમાં કેટલા વર્ષે સુધી ખનિજ મેળવી શકાશે - **50**
10. પેસેન્જરોને ટ્રેન કયાં પહોંચી તેનું લોકેશનની જાણકારી માટે ISRO દ્વારા કઈ નવી સિસ્ટમ શરૂ કરાઈ - **રિયલ ટાઈમ ઈન્ફરમેશન સિસ્ટમ**
11. આગામી કયા વર્ષે સુધીમાં ભારતની તમામ ટ્રેનમાં GPS સુવિધાનો અમલ કરાશે - **વર્ષે 2021**
12. સાયબર ટેકનોલોજીમાં નવીન શબ્દ e-અટકચાળાને ટેકનિકલ ભાષામાં શું કહેવાય છે - **PRANK**
13. કોઇ વ્યક્તિને મોબાઈલ અથવા ઈમેલમાં મેસેજ દ્વારા હેરાન-પરેશાન કરવાની વૃત્તિને કયા નામથી ઓળખવામાં આવે છે - **e-અટકચાળા**
14. ટૂંકમાં e-અટકચાળાને અન્ય કયા નામથી ઓળખી શકાય – **સ્પામ**

DATE : 24-08-2020

## ૧.વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (લોજિસ્ટિક-વેપાર)




**પ્રોજેક્ટ વિશે**

✓ વેસ્ટર્ન કોરિડોરમાં અત્યારે બે રેલવે લાઈન પૈકી એક ઉપર પેસેન્જર ટ્રેનો તથા બીજી ઉપર ગુડ્ઝ ટ્રેનો દોડે છે.

✓ બે રેલવે લાઇન ધરાવતો નવો વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર વર્ષ ૨૦૧૫થી બની રહ્યો છે, જે તૈયાર થઈ ગયા બાદ હાલ બે પૈકી જે રેલલાઈન ઉપર ગુડ્ઝ ટ્રેનો દોડે છે તે ટ્રેક પેસેન્જર ટ્રાફિક માટે ફાળવાઈ જશે.

✓ મુંબઈના જવાહરલાલ નહેરૂ પોર્ટ ટર્મિનલથી હરિયાણાના દાદરી સુધીના કુલ ૧,૫૦૪ કિલોમીટર લંબાઈના તૈયાર થઈ રહેલા વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરમાં ૫૬૫ કિલોમીટરનો કોરિડોર એટલે કુલ પ્રોજેક્ટના ૩૭.૬ ટકા હિસ્સો ગુજરાતમાંથી પસાર થશે.

## ૨. ઉન્નત યુદ્ધ જહાજ : પાકિસ્તાન માટે ચીને તૈયાર કરેલું યુદ્ધ જહાજ 'ઉન્નત' લોન્ચ કરાયું (વૈશ્વિક બાબતો)



✓ ચીને પાકિસ્તાન માટે પ્રથમ ઉન્નત યુદ્ધજહાજ ટાઈપ-054 લોન્ચ કર્યુ.

✓ આ પ્રકારનાં ચાર યુદ્ધજહાજ પાકિસ્તાન માટે ચીન તૈયાર કરશે.

✓ શાંઘાઈમાં હૂડોંગ ઝોંધુઆ શિપયાર્ડમાં એક કાર્યક્રમમાં તેનું લોન્ચિંગ કરાયું.

✓ આ યુદ્ધજહાજમાં એન્ટિએર વેપન્સ અને સેન્સર સહિત અત્યાધુનિક ઉપકરણો લગાવેલાં છે.

## 3. ભારતનો સૌથી લાંબો રિવર રોપ-વેનો બ્રહ્મપુત્રા નદી ઉપર પ્રારંભ

✓ સ્થાન : ગુવાહાટી (આસામ)





**રોપ-વે એટ એ ગ્લાન્સ :**

✓ લંબાઈ : ૧.૮ કિ.મી.

✓ કલાકનો પ્રવાસ 8 મિનિટમાં પૂરો થશે

✓ 11 વર્ષમાં પૂરો થયો રોપ-વે - **ક્ષમતા** : 30 લોકોની

✓ **ખર્ચ** : રૂ.56 કરોડ - **પ્રતિ વ્યક્તિ ભાડું** : રૂ. 60

✓ આસામના ગુવાહાટીમાં બ્રહ્મપુત્ર નદી ઉપર ભારતનો સૌથી લાંબો રોપ-વે શરૂ થયો.

✓ આ રોપ-વે લોકોને ગુવાહાટી કચેરીઘાટથી ઉત્તર ગુવાહાટી સુધી માત્ર 8 મિનિટમાં પહોંચાડશે.

✓ સડક માર્ગે જવામાં 24.4 કિ.મી.નું અંતર થાય છે અને 1 કલાકનો સમય લાગે છે.

✓ આ રોપ-વેને કારણે સ્થાનિક લોકો આરામથી હેરફેર કરી શકશે.

✓ લોકોને નિયમિત જવા માટે દૈનિક, સાપ્તાહિક અને માસિક પાસની પણ સુવિધા ઊભી કરાઈ છે.

✓ રોપ-વેનો સવારે 8 થી સાંજે 6 સુધી ઉપયોગ કરી શકાશે.

**૪. DRDO : આત્મનિર્ભર ભારત હેઠળ DRDO કુલ 108 સૈન્ય સિસ્ટમનું ભારતમાં નિર્માણ કરશે (સંરક્ષણ)**

✓ ડીઆરડીઓના લક્ષ્યાંક મુજબ આગામી વર્ષથી આ વસ્તુઓનું ભારતમાં ઉત્પાદન શરૂ કરી દેવામાં આવશે.

✓ બે સપ્તાહ પહેલા સંરક્ષણ પ્રધાને ૧૦૧ સૈન્ય સિસ્ટમ અને શસ્ત્રોની આયાત પર પ્રતિબંધની જાહેરાત કરી હતી.

✓ જેમાં ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ, લાઇટ કોમ્બેટ હેલિકોપ્ટર, કન્વેનશનલ સબમરીન અને ક્રૂઝ મિસાઇલનો સમાવેશ થાય છે.

✓ વર્ષ ૨૦૨૪ સુધીમાં તબક્કાવાર રીતે આ સિસ્ટમ અને શસ્ત્રોનું ઉત્પાદન ભારતમાં કરવામાં આવશે.

**લક્ષ્યાંક :**

✓ સંરક્ષણ મંત્રાલયે નક્કી કરેલા લક્ષ્યાંક મુજબ આગામી પાંચ વર્ષમાં દેશમાં ૧.૭૫ લાખ કરોડ રૂપિયાનું ડિફેન્સ મેન્યુફેકચરિંગ કરવામાં આવશે.

✓ રૂ. ૩૫,૦૦૦ કરોડની નિકાસ કરવાનો પણ લક્ષ્યાંક નક્કી કરાયો.

✓ સંરક્ષણ પ્રધાન : રાજનાથ સિંહ

✓ DRDO : ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન

**૫. સિદ્ધિ : સ્પેસ બ્રિક્સ**

**ચંદ્રની માટીનો ઉપયોગ કરીને ચંદ્ર પર કામ આપે તેવી ખાસ પ્રકારની સ્પેસ ઈંટો તૈયાર કરાઈ (અવકાશ વિજ્ઞાન)**

**ISRO અને IISCના વિજ્ઞાનીઓ દ્વારા સર્જન કરાયું**

✓ ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઇસરો) અને ધ ઇન્ડિયન ઇન્સ્ટિટયુટ ઓફ સાયન્સ (આઈ.આઈ.સી.એસ.) બંને બેંગલુરૂ)ના વિજ્ઞાનીઓએ સહિયારા પ્રયાસમાં ભવિષ્યમાં ચંદ્ર પર માનવ વસાહત બનાવવા માટે વિશિષ્ટ પ્રકારની સ્પેસ બ્રિક્સ-ચંદ્ર પર-અંતરીક્ષમાં માનવ વસાહત બનાવવા માટેની ખાસ પ્રકારની ઈંટ તૈયાર કરી છે.

**મિશ્રણ :**

✓ આવી વિશિષ્ટ પ્રકારની સ્પેસ બ્રિક્સ બનાવવામાં યુરિયા (માનવ મૂત્રમાં હોય છે), બેક્ટરિયા, ગુવાર ગમ અને ચંદ્રની માટી વગેરે સામગ્રીનો ઉપયોગ કર્યો.

✓ ગુવાર ગમનો ઉપયોગ સિમેન્ટ તરીકે થશે કે જેથી તેની મજબૂતી વધશે (ગુવાર શાકભાજીનો અર્ક)

**ઉપયોગ :**

✓ ભારતના અવકાશયાત્રીઓ ભવિષ્યમાં ચંદ્રની યાત્રાએ જશે ત્યારે તેઓ આવી સ્પેસ બ્રીક્સ એટલે કે ઈંટો ચંદ્રમાની ધરતી પર જ તૈયાર કરશે.

✓ તેના ઉપયોગ દ્વારા ત્યાં માનવ વસાહત પણ તૈયાર કરી શકશે. ચંદ્રની ધરતી પર પોતાનું ઘર બનાવી શકશે.

✓ ગુવાર ગમનો ઉપયોગ સિમેન્ટ તરીકે, બેકટેરિયાનો ઉપયોગ કેલ્શિયમ કાર્બોનેટ ક્રિસ્ટલ તરીકે કરવામાં આવ્યો છે.

✓ હાલ ફક્ત એક પાઉન્ડ જેટલા વજનની કોઇપણ વસ્તુ કે સામગ્રી ચંદ્ર પર મોકલવાનો ખર્ચ સાડા સાત લાખ રૂપિયા થાય છે.

✓ ભવિષ્યમાં ભારતના અવકાશયાત્રીઓ ચંદ્રની ધરતી પર જશે ત્યારે તેઓ આ બધી સામગ્રીની મદદથી ત્યાં જ ઈંટ બનાવીને પોતાનું ખાસ પ્રકારનું ઘર બનાવી શકશે.

**૬. દિન વિશેષ : 24 ઓગસ્ટ**

## વિશ્વ ગુજરાતી દિવસ




- ✓ **વિશેષતા:** ગુજરાતી અસ્મિતાના પ્રતિક એવા વીર નર્મદના જન્મ દિવસ 24 ઓગસ્ટ વિશ્વ ગુજરાતી દિવસ તરીકે ઓળખાય છે.

## ૭. જન્મ દિન વિશેષ : 24 ઓગસ્ટ

### (૧) યા હોમ કરીને પડો : નર્મદ

**જન્મ : 24 ઓગસ્ટ 1833 અવસાન : 26-ફેબ્રુઆરી-1886**

- ✓ "સૌ ચાલો જીતવા જંગ બ્યુગલો વાગે, યા હોમ કરીને પડો ફતેહ છે આગે" અને "છતરિયો હમે કા ના હોડિયે, પગરખાં હમે કા પહેરિયે, રાંડેલીનાં લગ્ન કા નહીં ?" આવી રાષ્ટ્રવાદી અને સમાજ પરિવર્તનને પ્રોત્સાહક કાવ્યપંક્તિઓનાં સર્જક, સુધારાના કડખેદ અને જેનાં મૂલ્યાંકન માટે વિશેષણો ટાંચા પડે અને અનેક રીતે અભૂતપૂર્વ એવા નર્મદા શંકર લાલશંકર દવે ઉર્ફે કવિ નર્મદનો આજે જન્મદિવસ.



- ✓ સુરતમાં જન્મેલા નર્મદ સુરત અને મુંબઇમાં ભણ્યા અને સુરત ઉપરાંત ગુજરાતમાં સમાજસુધારણાના આગેવાન બન્યા.
- ✓ નર્મ કવિતા, નર્મકોશ, નર્મગદ્ય, મારી હકીકત (આત્મકથા), દશમસ્કંધ (સંપા), ડાંડિયો (સાપ્તાહિક), કાઠીયાવાડ સર્વસંગ્રહ, ગુજરાત સર્વસંગ્રહ (અનું.), રાજ્યરંગ જેવા અનેક સર્જનો કર્યા છે.
- ✓ કવિ, નિબંધકાર નર્મદનું 26 ફેબ્રુઆરી-1886ના રોજ 53 વર્ષની ઉંમરે મુંબઇમાં અવસાન થયું.

### (૨) શિવરામ હરી રાજગુરૂ




**જન્મ – 24 ઓગસ્ટ 1908 અવસાન – 23-માર્ચ-1931**

- ✓ શિવરામ હરિ રાજગુરૂ ક્રાંતિકારી હતા. તેઓ મહારાષ્ટ્રનાં વતની હતા અને દેશષ્થ બ્રાહ્મણ પરિવારમાં જન્મ્યા હતા.
- ✓ તેમનો જન્મ પુના નજીક ખેડ નામનાં ગામમાં થયો હતો, આ ગામ હવે તેમનાં માનમાં "રાજગુરુનગર" થી ઓળખાય છે.
- ✓ લાલા લજપતરાય પર અંગ્રેજી સિપાહીઓએ લાઠીઓ વરસાવી અને તે ઇજાઓથી તેમનું મૃત્યુ થયું, તેમનો બદલો લેવા માટે રાજગુરુએ ભગત સિંહ અને સુખદેવ સાથે મળી લાહોરમાં અંગ્રેજ અમલદાર જે.પી.સૌંડર્સની હત્યા કરી.
- ✓ આ ઐતિહાસિક કેસમાં તેમને અંગ્રેજો દ્વારા ફાંસીની સજા કરવામાં આવી હતી અને માર્ચ ૨૩, ૧૯૩૧ના રોજ આ ત્રણે વીર ક્રાંતિકારીઓને ફાંસી આપવામાં આવી.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૪-૦૮-૨૦૨૦)

1. ભારતીય રેલવેનો મહત્વનો"વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર"કયા શહેરો વચ્ચે આકાર લઈ રહ્યો છે - **જવાહરલાલ નહેરૂ પોર્ટ, મુંબઈ અને દાદરી, હરિયાણા**
2. "વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર"ની કુલ લંબાઈ જણાવો - **1,504 કિ.મી.**
3. "વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર"પ્રોજેક્ટ ગુજરાતનો કેટલા કિલોમીટરનો હિસ્સો છે - **565 કિ.મી. એટલે 37.6 %**
4. "વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર" કેટલી રેલવે લાઈન ટ્રેક ધરાવે છે - **બે**
5. તાજેતરમાં ઉન્નત યુદ્ધ જહાજ કયા નૌકાદળમાં સામેલ કરાયું - **પાકિસ્તાન નેવી**
6. તાજેતરમાં તૈયાર કરાયેલ ઉન્નત યુદ્ધ જહાજ કયા દેશ દ્વારા બનાવાયું છે - **ચીન**
7. તાજેતરમાં ભારતનો સૌથી લાંબો રિવર રોપ-વે કઈ નદી ઉપર ખુલ્લો મુકાયો - **બ્રહ્મપુત્રા**
8. તાજેતરમાં શરૂ થયેલા ભારતના સૌથી લાંબો રિવર રોપ-વેની લંબાઈ જણાવો - **1.8 કિ.મી.**
9. તાજેતરમાં ભારતનો સૌથી લાંબો રિવર રોપ-વે કયા સ્થળે તૈયાર કરાયો - **ગુવાહાટી(આસામ)**
10. આત્મનિર્ભર ભારત હેઠળ DRDO કેટલી સૈન્ય સિસ્ટમનું ભારતમાં નિમાર્ણ કરશે - **108**
11. આત્મનિર્ભર ભારત હેઠળ DRDO દ્વારા કયા વર્ષે સુધીમાં આ સિસ્ટમ અને શસ્ત્રોનું ઉત્પાદન કરશે - **વર્ષે 2024**

12. ભારતીય સંરક્ષણ મંત્રાલયના લક્ષ્યાંક મુજબ આગામી 5 વર્ષમાં ભારતમાં કેટલા કરોડના શસ્ત્રોનું ઉત્પાદન કરાશે - રૂ.1.75 લાખ કરોડ
13. DRDOનું વિસ્તૃત નામ જણાવો - <u>ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન</u>
14. કંઈ સંસ્થાના વૈજ્ઞાનિકો દ્વારા ચંદ્રની માટીનો ઉપયોગ કરીને ચંદ્ર પર કામ આપે તેવી ખાસ પ્રકારની સ્પેસ ઈંટો તૈયાર કરવામાં આવી - **<u>ISRO અને IISC</u>**
15. ભારતીય અવકાશ વિજ્ઞાન સંસ્થા ISROનું વિસ્તૃત નામ જણાવો - <u>ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન</u>
16. IISCનું વિસ્તૃત નામ જણાવો - <u>ધ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ</u>
17. અવકાશ વિજ્ઞાન સંસ્થા ISRO અને IISC ક્યાં આવેલી છે – <u>બેંગલુરૂ</u>
18. ISRO અને IISCના વૈજ્ઞાનિકો દ્વારા ચંદ્ર પર-અંતરીક્ષમાં માનવ વસાહત બનાવવા માટેની ખાસ પ્રકારની ઈંટો તૈયાર કરવામાં આવી તેને ક્યા નામે ઓળખવામાં આવે છે - <u>સ્પેસ બ્રિક્સ</u>
19. ISRO અને IISCના વૈજ્ઞાનિકો દ્વારા કઈ સામગ્રીના મિશ્રણથી અંતરીક્ષમાં માનવ વસાહત બનાવવા માટેની ખાસ પ્રકારની ઈંટો તૈયાર કરવામાં આવી - <u>યુરિયા, બેક્ટરિયા, ગુવાર ગમ અને ચંદ્રની માટી</u>
20. વર્તમાન સમયમાં એક પાઉન્ડ જેટલા વજનની કોઇપણ વસ્તુ કે સામગ્રી ચંદ્ર પર મોકલવાનો અંદાજિત ખર્ચ કેટલો થાય છે - <u>સાડા સાત લાખ રૂપિયા</u>
21. વિશ્વ ગુજરાતી દિવસ ક્યારે મનાવવામાં આવે છે – **<u>24 ઓગસ્ટ</u>**
22. 24 ઓગસ્ટના રોજ કયા ગુજરાતી સાહિત્યકારના જન્મદિવસ નિમિતે વિશ્વ ગુજરાતી દિવસ મનાવવામાં આવે છે – **<u>નર્મદ</u>**
23. ગુજરાતી અસ્મિતાના પ્રતિક સમા વીર નર્મદનો જન્મ દિવસ જણાવો - <u>24 ઓગસ્ટ 1833</u>
24. ગુજરાતી સાહિત્યની જાણીતી પંક્તિ "સૌ ચાલો જીતવા જંગ બ્યુગલો વાગે, યા હોમ કરીને પડો ફતેહ છે આગે" કયા સાહિત્યકારની રચના છે - <u>નર્મદ</u>
25. ગુજરાતી સાહિત્યકાર નર્મદની આત્મકથાનું નામ જણાવો - <u>મારી હકીકત</u>
26. નર્મ કવિતા, નર્મકોશ, નર્મગદ્યના રચયિતાનું નામ જણાવો – <u>નર્મદ</u>
27. ગુજરાતી સાહિત્યના ડાંડિયો સાપ્તાહિકના સંપાદકનું નામ જણાવો – <u>નર્મદ</u>
28. ગુજરાતી સાહિત્યકાર નર્મદનું ક્યાં-ક્યારે અવસાન થયું હતુ – <u>મુંબઈ તથા 26 ફેબ્રુઆરી-1886</u>
29. ક્રાંતિકારી શિવરામ હરી રાજગુરુનો જન્મ દિવસ જણાવો – <u>24 ઓગસ્ટ 1908</u>
30. અંગ્રેજો દ્વારા ક્રાંતિકારી શિવરામ રાજગુરુને ક્યારે ફાંસી આપવામાં આવી હતી – **<u>23 માર્ચ 1931</u>**

**DATE : 25-08-2020**

<u>૧. NIA દ્વારા પુલવામા આતંકવાદી હુમલાની ચાર્જશીટ રજૂ (આતંકવાદ)</u>

✓ હુમલામાં દુ:ખદ-CRPFના 40 જવાનો શહીદ થયા હતા
✓ NIA દ્વારા આતંકવાદી સંગઠન જૈશ એ મોહમ્મદનો વડો મૌલાના મસૂદ અઝહર સહિત 19 આતંકવાદી સામે જમ્મુની કોર્ટમાં 13,500 પાનાની ચાર્જશીટ દાખલ

<u>ચાર્જશીટની ટૂંકી વિગત :</u>

✓ ચાર્જશીટમાં પાકિસ્તાનની ધરતી પરથી કાશ્મીરમાં આતંકવાદ ફેલાવી રહેલા આતંકવાદી સંગઠન જૈશ એ મોહમ્મદ, તેના આતંકી સરગણા મૌલાના મસૂદ અઝહર, મસૂદના ભાઇ રઉફ અસગર, પિતરાઇ મોહમ્મદ અમાર, રઉફના બોડીગાર્ડ મોહમ્મદ ઇસ્માઇલ પર આરોપ ઘડવામાં આવ્યા.
✓ ચાર્જશીટમાં દર્શાવાયેલા ૧૯ આરોપી પૈકીના ૭ની ધરપકડ થઇ ચૂકી છે, જ્યારે બે આરોપી ફરાર છે અને મસૂદ અઝહરના ભત્રીજા મોહમ્મદ ઉમર ફારુક સહિતના ૬ આતંકવાદીને ઠાર મરાયા છે.

<u>પુલવામા હુમલાની ટૂંકી વિગત :</u>

<u>હુમલો : ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯</u>

✓ ૧૦ મહિનાથી આતંકવાદી હુમલાનું પ્લાનિંગ ચાલી રહ્યું હતું,
✓ ઓક્ટોબર ૨૦૧૮થી વિસ્ફોટકોની ખરીદીનો પ્રારંભ કરાયો
✓ ૩૫ કિલો આરડીએક્સ ઉપયોગમાં લેવાયું

✓ ૧૬૦ કિલો અને ૪૦ કિલો વજનના બે આઇઇડી બનાવાયાં હતાં

✓ ૬ ફેબ્રુઆરીએ પ્લાન નિષ્ફળ જતાં ૧૪ ફેબ્રુઆરીએ ભારતના જવાનોને નિશાન બનાવી હુમલો કરાયો હતો.

**૨. ઔદ્યોગિક સુરક્ષા ઝુંબેશ**

**તા.17 ઓગસ્ટથી તા.17 સપ્ટેમ્બર-2020**

✓ હેતુ : રાજ્યમાં ઔદ્યોગિક દુર્ઘટનાઓમાં ઘટાડો કરવા અને કામદારોની સુરક્ષા માટે DISH દ્વારા ઉજવણી

✓ DISH : ધ ડિરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ

✓ વિભાગ : શ્રમ અને રોજગાર

**3. ખેલકૂદ – સિદ્ધિ :**

**ઈંગ્લેન્ડનો બોલર જેમ્સ એન્ડરસન ટેસ્ટ ક્રિકેટમાં 600 વિકેટ પૂરી કરનાર વિશ્વનો પ્રથમ પેસ બોલર (ઝડપી બોલર)**





| વિકેટ નંબર | બોલર | વર્ષ | દેશ |
|---|---|---|---|
| 100 | ચાર્લી ટર્નર | 1895 | ઓસ્ટ્રેલિયા |
| 200 | એલેક બેડસર | 1953 | ઈંગ્લેન્ડ |
| 300 | ફ્રેડ ટ્રુમેન | 1964 | ઈંગ્લેન્ડ |
| 400 | રિચાર્ડ હેડલી | 1990 | ન્યૂઝીલેન્ડ |
| 500 | કર્ટની વૉલ્શ | 2001 | વેસ્ટ ઈન્ડીઝ |
| 600 | જેમ્સ એન્ડરસન | 2020 | ઈંગ્લેન્ડ |

✓ ટેસ્ટ ક્રિકેટમાં ઓવરઓલ વિશ્વનો ચોથો બોલર

✓ કુલ-156 ટેસ્ટમાં 600 વિકેટની સિદ્ધિ

**૪. ગુજરાત સરકાર : મહેસૂલ વિભાગનો iORA પોર્ટલથી જમીન માપણી અંગેનો મહત્વનો નિર્ણય (મહેસૂલ)**




✓ ગામ નમુના નં. 7 અને 8-અ રજૂ કરવામાંથી મુક્તિ

**નવી જોગવાઈ :**

✓ જમીન માપણી માટે હવેથી નાગરિકોએ જિલ્લા જમીન દફતર નિરીક્ષક- DILRની કચેરીએ રૂબરૂમાં અરજી કરવા જવું નહીં પડે.

✓ ૨૧ જેટલી મહેસૂલી સેવાઓની જેમ માપણીની અરજી પણ iORA પોર્ટલથી ઓનલાઈન કરી શકાશે.

✓ માપણીની અરજીની સાથે અરજદારને ગામ નમૂના નંબર ૭ અને ૮-અના કાગળો રજૂ કરવામાંથી મુક્તિ આપ્યાનું જાહેર કર્યું હતું.

**નવી સુવિધા :**

✓ અગાઉ માપણી ફી ચલણથી બેંકમાં ભરીને કચેરીમાં રજૂ કરવાની થતી હતી. આ નિર્ણયથી iORA પોર્ટલ ઉપર જ ઓનલાઈન અરજી થતા સિસ્ટમ દ્વારા જ માપણી ફીની આપોઆપ ગણતરી થશે.

✓ એક રીતે ફી પણ ઓનલાઈન ભરી શકાશે. આ નિર્ણયથી અરજદારોને કચેરીઓમાં ધક્કા ખાવા નહી પડે.

✓ ગ્રામ્ય વિસ્તારોમાં પંચાયત કચેરીઓ અને VCA દ્વારા પહેલાથી જ ઓનલાઈન સેવાઓ ઉપલબ્ધ છે. જેથી અરજદારોના સમય પણ બચશે અને કામગીરીમાં ઝડપ આવશે.

✓ હદ માપણી, હિસ્સા માપણી અને પૈકી માપણી પ્રકારની માપણી અરજીઓ કોઈપણ ખૂણેથી થઈ શકશે. એ અરજી સર્વેયરને ફાળવવાની પ્રક્રિયા પણ સિસ્ટમ દ્વારા સ્વયંસંચાલિત થઈ રહી છે.

✓ માપણીની તારીખ, તબક્કાવાર કામગીરીની જાણ પણ અરજી કરનારને SMS, E-mail દ્વારા થશે.

✓ અરજીની પ્રગતિ iORA પોર્ટલથી ટ્રેક કરી શકાશે. કાર્યવાહી પૂર્ણ થયા પછી માપણી શીપ પણ ઈmailથી મોકલી આપવામાં આવશે.

✓ ઉપરાંત હિસ્સા માપણીના કિસ્સાઓમાં તેમની હિસ્સા માપણી મુજબની ફેરફાર નોંધ પણ ઓનલાઈન થશે.

✓ એક રીતે જમીન માપણી માટે એક પણ વખત અરજદારને કચેરીમાં આવવું નહીં પડે. આ પ્રક્રિયામાં સરકારી રેકોર્ડ જેવા કે ગામ નમૂના નંબર ૮ અને ૮-અ ઓનલાઈન જ મેળવી લેવામાં આવશે.

✓ મહેસૂલ મંત્રી – શ્રી કૌશિકભાઈ પટેલ

✓ iORA : ઈન્ટિગ્રેટેડ ઓનલાઈન રેવન્યુ એપલિકેશન

**૫. જન્મ દિન વિશેષ : 25 ઓગસ્ટ**

**(૧) રાષ્ટ્રવાદી પત્રકાર : અમૃતલાલ શેઠ**

**જન્મ – 25 ઓગસ્ટ 1891 અવસાન – 30 જુલાઈ 1954**

✓ કવિ-પત્રકાર સમાજ પરિવર્તન અને ક્રાંતિનું મસ્તિષ્ક છે.

✓ ગુલામ ભારતમાં ગુજરાત અને ખાસ તો કાઠીયાવાડને જગાડવાનું યુગ પરિવર્તનકારી કાર્ય અનેક પત્રકારોએ કર્યું

તેમાંનું એક ગૌરવશાળી નામ અમૃતલાલ દલપતરામ શેઠનું છે.

- ✓ જન્મભૂમિ લીંબડી અને કર્મભૂમિ રાણપુર.
- ✓ બચપણથી લાલ, બાલ, પાલની રાષ્ટ્રવાદી ત્રિપુટીથી ગાઢ રીતે પ્રભાવિત થઇ તેમની છબીઓ ઘરમાં ટીંગાડી હતી, છબીઓ ઉતારવા આવેલા પોલીસોને તે ઉતારવા દીધી ન હતી.
- ✓ આવી દેશદાઝથી કાર્યરત અમૃતલાલની મુખ્ય ઓળખ રાષ્ટ્રવાદી પત્રકાર તરીકે છે.
- ✓ અમૃતલાલે "બોમ્બે ક્રોનિકલ"માં કાઠીયાવાડ લેટર લખવાથી પોતાનું પત્રકારત્વ શરૂ કર્યું હતું પણ તેમનું મન તો અમુક અપવાદોને બાદ કરતાં લગભગ અંધેર વહીવટ અને અમલદારશાહીમાં સબડતા સૌરાષ્ટ્રની વેદનાને વાચા આપવા તડપતુ હતું.
- ✓ ૨ ઓકટો.૧૯૨૧ના રોજ ગાંધી જયંતિના રોજ રાણપુરથી "સૌરાષ્ટ્ર"સાપ્તાહિક શરુ કર્યું.
- ✓ જાનના જોખમે પણ રજવાડી ગુજરાતની કમજોરીઓ સૌરાષ્ટ્રના પાને પ્રગટાવતા મેઘાણી જેવા અનેક સર્જકો તેમની નિશ્રામાં પાંગર્યા હતા.
- ✓ ૧૯૩૧માં સૌરાષ્ટ્ર ઉપર પ્રતિબંધ મુકાયો હતો.
- ✓ અમૃતલાલ શેઠ ૧૯૩૪માં રાણપુર છોડી મુંબઈમાં સ્થાયી થયા તે પહેલા ધોલેરા મીઠા સત્યાગ્રહમાં સ્થાનિક પ્રજાને કુશળ નેતૃત્વ પૂરું પાડી ચુક્યા હતા.
- ✓ મુંબઈથી તેમણે "જન્મભૂમિ" (૧૯૩૪), "ડેઈલી સન" (૧૯૩૪), "નુતન ગુજરાત" (૧૯૪૨) જેવા પત્રો શરૂ કર્યા હતા તો ૧૯૩૫માં મરાઠી દૈનિક "લોકમાન્ય" પણ ખરીદી લીધું હતું.
- ✓ કાઠીયાવાડ રાજકીય પરિષદ, આરઝી હકુમત જેવી સંસ્થાકીય પ્રવુંતિઓ અને શિક્ષણની અનેક સંસ્થાઓમાં પણ અમૃતલાલ શેઠનું બહુમુલ્ય યોગદાન હતું.
- ✓ રાષ્ટ્રવાદી પત્રકાર અને ઉમદા સ્વત્રતંતા સૈનિક અમૃતલાલ શેઠનું ૩૦ જુલાઈ ૧૯૫૪ના રોજ મુંબઈમાં અવસાન થયું હતું

(૨) વીરચંદ રાઘવજી ગાંધીનો 157મો જન્મદિવસ :

જન્મ – 25 ઓગસ્ટ 1864 અવસાન – 7 ઓગસ્ટ 1901

- ✓ વીરચંદ ગાંધીનો જન્મ ગુજરાતના ભાવનગર નજીક મહુવામાં નગરશેઠ રાઘવજી તેજપાલજી ગાંધીને ત્યાં થયો.
- ✓ વર્ષ-૧૮૯૩માં શિકાગોમાં પ્રથમ ધર્મ સંસદમાં સ્વામી વિવેકાનંદે હિંદુ ધર્મ તેમજ વીરચંદ ગાંધીએ જૈન ધર્મનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
- ✓ તેમણે ૧૮૯૯માં આંતરરાષ્ટ્રીય વાણિજ્ય સંમેલનમાં એશિયાનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
- ✓ તેમણે પાલીતાણા અને શિખરજી વચ્ચેના કર વિવાદોનું સમાધાન કર્યું હતું

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૫-૦૮-૨૦૨૦)

1. ફેબ્રુઆરી ૨૦૧૯માં જમ્મુ-કાશ્મીરના પુલવામા ખાતે CRPFના કાફલા પર થયેલ આત્મઘાતી હુમલામાં CRPFના કેટલા જવાનો શહીદ થયા હતા - **40**
2. ફેબ્રુઆરી ૨૦૧૯માં જમ્મુ-કાશ્મીરના પુલવામા ખાતે CRPFના કાફલા પર થયેલ આત્મઘાતી હુમલાના કેસમાં જમ્મુની કોર્ટમાં કઈ એજન્સીએ 13,500 પાનાંની ચાર્જશીટ દાખલ કરી હતી – **NIA**
3. તાજેતરમાં પુલવામા હુમલાના કેસમાં NIAએ જમ્મુની કોર્ટમાં દાખલ કરેલી ચાર્જશીટમાં મુખ્યત્વે કોના પર આરોપ ઘડવામાં આવ્યા છે - **આતંકવાદી સંગઠન જૈશ એ મોહમ્મદના વડા મૌલાના મસૂદ અઝહર સહિત 19 પાક. આતંકવાદી સામે**
4. પાક. સમર્થક આતંકવાદીઓ દ્વારા જમ્મુ-કાશ્મીરના પુલવામા ખાતે CRPFના કાફલા પર કયારે આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો – **14 ફેબ્રુઆરી 2019**
5. NIAનું વિસ્તૃત નામ જણાવો – **નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી**
6. ગુજરાત સરકાર દ્વારા કયા સમયગાળા દરમિયાન ઔદ્યોગિક સુરક્ષા ઝુંબેશનું આયોજન કરાયું - **તા. 17 ઓગસ્ટથી તા. 17 સપ્ટેમ્બર-2020**
7. કયા હેતુસર ગુજરાત સરકાર દ્વારા તા.17 ઓગસ્ટથી તા.17 સપ્ટેમ્બર-2020 દરમિયાન ઔદ્યોગિક સુરક્ષા ઝુંબેશનું આયોજન કરાયું - **રાજ્યમાં ઔદ્યોગિક દુર્ઘટનાઓમાં ઘટાડો કરવા અને કામદારોની સુરક્ષા માટે**
8. DISHનું વિસ્તૃત નામ જણાવો - **ધ ડિરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ**
9. ગુજરાત સરકારના કયા વિભાગ દ્વારા તા. 17 ઓગસ્ટથી તા. 17 સપ્ટેમ્બર દરમિયાન ઔદ્યોગિક સુરક્ષા ઝુંબેશનું આયોજન કરાયું - **શ્રમ અને રોજગાર**

10. ટેસ્ટ ક્રિકેટમાં 600 વિકેટ પૂરી કરનારો વિશ્વનો પ્રથમ પેસ બોલરનું નામ જણાવો - **જેમ્સ એન્ડરસન**
11. ટેસ્ટ ક્રિકેટમાં 600 વિકેટ પૂરી કરનારો વિશ્વનો પ્રથમ પેસ બોલર જેમ્સ એન્ડરસન કયા દેશ વતી ક્રિકેટ રમે છે – **ઈંગ્લેન્ડ**
12. ક્રિકેટર જેમ્સ એન્ડરસન ટેસ્ટ ક્રિકેટમાં 600 વિકેટ પૂરી કરનારો વિશ્વનો કેટલામો બોલર બન્યો - **ચોથો**
13. ક્રિકેટર જેમ્સ એન્ડરસન કુલ કેટલી ટેસ્ટમાં 600 વિકેટ પૂરી કરી - **156 ટેસ્ટ**
14. iORAનું વિસ્તૃત નામ જણાવો - **ઈન્ટિગ્રેટેડ ઓનલાઈન રેવન્યુ એપલિકેશન**
15. ઓગસ્ટ-૨૦૨૦માં ગુજરાત સરકારે જમીન માપણી અંગે કયો મહત્વનો નિર્ણય કર્યો - **iORA પોર્ટલથી જમીન માપણી**
16. ગુજરાત સરકાર દ્વારા iORA પોર્ટલથી જમીન માપણી કરવાના નિર્ણયને કારણે હવેથી નાગરિકોએ કઈ કચેરીએ રૂબરૂમાં અરજી કરવા જવું નહીં પડે - **જિલ્લા જમીન દફતર નિરીક્ષક- DILR**
17. ગુજરાતમાં iORA પોર્ટલથી કેટલી મહેસૂલી સેવાઓની ઓનલાઈન અરજી થાય છે – **૨૧ જેટલી**
18. ગુજરાતના વર્તમાન મહેસૂલ મંત્રીનું નામ જણાવો – **શ્રી કૌશિકભાઈ પટેલ**
19. ગુજરાતના જાણીતા પત્રકાર અમૃતલાલ શેઠનો જન્મ દિવસ જણાવો - **25 ઓગસ્ટ 1891**
20. ગુજરાતના જાણીતા પત્રકાર અમૃતલાલ શેઠનું અવસાન કયારે થયુ હતુ – **30 જુલાઈ 1954**
21. ગુજરાતી પત્રકાર અમૃતલાલ શેઠની જન્મભૂમિ અને કર્મભૂમિ જણાવો - **લીંબડી અને રાણપુર**
22. અમૃતલાલ શેઠ એ કયા પત્રમાં કાઠીયાવાડ લેટર લખવાથી પોતાનું પત્રકારત્વ શરૂ કર્યું હતું - **"બોમ્બે ક્રોનિકલ"**
23. અમૃતલાલ શેઠ એ કયાંથી-કયુ સાપ્તાહિક શરૂ કર્યું હતુ – **રાણપુરથી "સૌરાષ્ટ્ર"સાપ્તાહિક**
24. અમૃતલાલ શેઠ એ કઈ તારીખથી રાણપુરથી "સૌરાષ્ટ્ર"સાપ્તાહિક શરૂ કર્યું હતુ – **તા. ૨ ઓકટો.૧૯૨૧**
25. અમૃતલાલ શેઠ એ કયા વર્ષમાં મુંબઈથી "જન્મભૂમિ" સાપ્તાહિક શરૂ કર્યું – વર્ષ ૧૯૩૪
26. 25 ઓગસ્ટ-2020ના રોજ વીરચંદ રાઘવજી ગાંધીનો કેટલામો જન્મદિવસ ઉજવવામાં આવ્યો - **157મો**
27. વીરચંદ ગાંધીનો જન્મ કયાં થયો હતો - **ભાવનગર નજીક મહુવામાં**
28. વર્ષ-1893માં શિકાગોમાં મળેલી પ્રથમ ધર્મ સંસદમાં ભારતવતી હિંદુ ધર્મનું પ્રતિનિધિત્વ કોણે કર્યું હતુ - **સ્વામી વિવેકાનંદ**
29. કયા વર્ષમાં શિકાગોમાં પ્રથમ ધર્મ સંસદ મળી હતી – **વર્ષ-1893**
30. વર્ષ-1893માં શિકાગોમાં મળેલી પ્રથમ ધર્મ સંસદમાં ભારતવતી જૈન ધર્મનું પ્રતિનિધિત્વ કોણે કર્યું હતુ - **વીરચંદ ગાંધી**
31. વર્ષ-1899માં યોજાયેલા આંતરરાષ્ટ્રીય વાણિજ્ય સંમેલનમાં એશિયાનું પ્રતિનિધિત્વ કોણે કર્યું હતુ - **વીરચંદ ગાંધી**

DATE : 26-08-2020

## ૧. સિદ્ધિ : એક્સપોર્ટ પ્રીપેડનેસ ઈન્ડેક્સ (નિકાસ તત્પરતા સૂચકાંક-2020) (નિકાસ)




**ગુજરાતની સિદ્ધિઓ :**

- ✓ કેન્દ્રીય નીતિ આયોગ દ્વારા પ્રથમવાર જાહેર કરાયેલા એક્સપોર્ટ પ્રીપેડનેસ ઈન્ડેક્સમાં ઓલ ઓવર રેન્કિંગમાં 75.19ના સ્કોર સાથે ગુજરાત પ્રથમ ક્રમે
- ✓ ગુજરાત બિઝનેસ ઈકોસિસ્ટમ પિલરમાં 90.61 સ્કોર સાથે પ્રથમ ક્રમે.
- ✓ દેશની કુલ નિકાસમાં ગુજરાતનો હિસ્સો 20 ટકા
- ✓ નીતિ આયોગના આ રિપોર્ટ પ્રમાણે સમગ્ર દેશની કુલ નિકાસનો 70 ટકા હિસ્સો મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક, તામિલનાડુ અને તેલંગાણા જેવા દરિયાકિનારો અને બંદરો ધરાવતાં રાજ્યોને આભારી છે.
- ✓ એકલાં ગુજરાતનું તેમાં પ્રમાણ વીસ ટકા જેટલું છે.

- ✓ ગુજરાતમાંથી 180થી વધુ દેશોમાં માલની નિકાસ થાય છે.
- ✓ માલસામાનના પરિવહન માટે ઊભી કરાયેલી માળખાકીય સુવિધા સંદર્ભે મળેલા રેન્કિંગ પ્રમાણે પણ ગુજરાત સૌથી આગળ રહ્યું છે.
- ✓ ગુજરાતે સતત બે વર્ષ 2018 અને 2019માં લોજિસ્ટિક્સ ઇઝ અક્રોસ ડીફરન્ટ સ્ટેટસ LEADS ઇન્ડેક્ષમાં પ્રથમ સ્થાન મેળવેલું છે.

**નિકાસમાં અન્ય રાજ્યો :**

- ✓ બીજા ક્રમે મહારાષ્ટ્ર ત્રીજા ક્રમે તામિલનાડુ
- ✓ દેશની કુલ કાર્ગો વહન ક્ષમતાના 40% ગુજરાત વહન કરે છે
- ✓ ભારતનું સૌથી મોટું કોમર્શિયલ પોર્ટ મૂન્દ્રા પણ ગુજરાતમાં આવેલું છે અને તેણે વિશાળકાય કન્ટેઇનર જહાજોના આવા-ગમનથી ગુજરાતને કાર્ગો વહન કેપેસિટીમાં અગ્રીમતા અપાવેલી છે. વિશ્વની 500 ફોર્ચ્યુન કંપનીઝમાંથી 60 જેટલી કંપનીઓએ પોતાના રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કારોબાર માટે ગુજરાત પર પસંદગી ઉતારી પોતાના એકમો કાર્યરત કર્યા છે.

**ગુજરાતના અન્ય રેન્કિંગ**

- ✓ ગુજરાતે એક્સપોર્ટ ઈકોસિસ્ટમમાં ૪૭.૩૫નો સ્કોરે કરી નવમો નંબર, એક્સપોર્ટ પરફોર્મન્સ પિલરમાં ૬૧.૭૧ના સ્કોર સાથે બીજો નંબર તેમજ પોલિસી પિલરમાં ૮૫.૭૦ના સ્કોર સાથે બીજો નંબર હાંસલ કર્યો છે.

**કુલ રાજ્ય, UT અને 50 માપદંડ :**

- ✓ નીતિ આયોગે દેશના ૨૮ રાજ્યો તથા ૮ કેન્દ્રશાસિત પ્રદેશોને સમાવતો આ એક્સપોર્ટ પ્રીપેર્ડનેસ ઇન્ડેક્સ રિપોર્ટ ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસના આધાર ઉપર પ્રથમવાર બનાવ્યો છે.
- ✓ જેમાં બિઝનેસ ઇકોસિસ્ટમને સૌથી વધુ ૪૦ ટકા વેઈટેજ અપાયું છે.

## ૨. ગુજરાતની જીવાદોરી : સરદાર સરોવર યોજના (જળ વ્યવસ્થાપન)




**વિશ્વની સૌથી લાંબી પાકી સિંચાઈ માટેની નર્મદા કેનાલની વિશેષતા :**

- ✓ નર્મદા મુખ્ય કેનાલની લંબાઇ : 458 કિલોમીટર
- ✓ કેનાલમાં કુલ સંગ્રહિત ક્ષમતા : 22,000 કરોડ લિટર
- ✓ કેનાલમાં અત્યારે પાણીનો જથ્થો : 17,100 કરોડ લિટર
- ✓ નર્મદાનું પાણી પીવા માટે મેળવે છે : 10,000 ગામ-175 શહેર
- ✓ સિંચાઇ માટે મળે છે લાભ : 18 લાખ હેક્ટર જમીનને
- ✓ નર્મદાની કેનાલ દ્વારા ભરાયા છે : 25 ડેમ, 750 તળાવો
- ✓ કેનાલમાં એટલું પાણી છે કે અમદાવાદની આખા વર્ષની તરસ અને ન્યૂયોર્ક શહેરની બે મહિનાની તરસ છીપાવી શકે છે.
- ✓ નર્મદા આધારિત રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડથી રાજ્યની 75 ટકા વસ્તીને પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે.
- ✓ નર્મદા કેનાલ દ્વારા રાજ્યના ખૂણે-ખૂણે પહોંચતા પાણીથી 18 લાખ હેક્ટર એટલે કે કુલ ખેતીલાયક વિસ્તારના 15 ટકા જમીનમાં સિંચાઇનો લાભ મળે છે.

## 3. ઉડાન-4 યોજના (ઉડ્ડયન)

**નવી મંજૂરીઓ :**

- ✓ આરસીએસ-ઉડાન-4 યોજના હેઠળ નાગરિક ઉડ્ડયન મંત્રાલયે નવા 78 રૂટ મંજૂર કર્યા છે. જેમાં
- ✓ ગુજરાત: સુરત-દીવ અને વડોદરા-દીવના રૂટનો પણ સમાવેશ થાય છે.
- ✓ નવા રૂટ્સમાં મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, હરિયાણા, હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડનાં શહેરો પણ સામેલ છે.
- ✓ યુપીની 5 ધાર્મિક નગરી માટે 10 રૂટ છે, જેમાં કાનપુરથી ચિત્રકૂટ, ચિત્રકૂટથી પ્રયાગરાજ, શ્રાવસ્તીથી વારાણસી, શ્રાવસ્તીથી પ્રયાગરાજ અને શ્રાવસ્તીથી કાનપુર સામેલ.
- ✓ કાનપુરથી મુરાદાબાદ અને બરેલીથી દિલ્હી માટે સસ્તી સેવા ઉપલબ્ધ હશે.



## ૪.ભારત-શ્રીલંકા સંબંધો (વૈશ્વિક સંબંધો)

**સુરક્ષાના સંદર્ભે શ્રીલંકા દ્વારા 'ઇન્ડિયા ફર્સ્ટ નીતિ' અપનાવાશે**



શ્રીલંકાના વિદેશ સચિવ શ્રી જયનાથ કોલંબગેનું નિવેદન :

- ✓ શ્રીલંકા પોતાની વિદેશ નીતિ તટસ્થ રાખવા માગે છે પરંતુ પોતાની ઇન્ડિયા ફર્સ્ટ નીતિ છોડશે નહીં.
- ✓ રણનીતિક સુરક્ષાના મુદ્દે અમે ઇન્ડિયા ફર્સ્ટની નીતિ અપનાવીશું.
- ✓ અમે ભારત માટે સુરક્ષાનો ખતરો ન બની શકીએ અને અમારે ખતરો બનવાનું પણ નથી.
- ✓ અમારે ભારત પાસેથી ફાયદો લેવાનો છે.
- ✓ ચીનને હંબનટોટા બંદર ૯૯ વર્ષની લીઝ પર આપવું શ્રીલંકાની એક ભૂલ હતી.
- ✓ ઇન્ડિયા અમારી પહેલી પ્રાથમિકતા છે પરંતુ અમારે આર્થિક સંપન્નતા માટે બીજા સાથે ડીલ કરવાની છે.
- ✓ તટસ્થ વિદેશ નીતિ અપનાવાની સાથે શ્રીલંકા ભારતના રણનીતિક હિતોની રક્ષા કરશે.

**ચીન સાથેના શ્રીલંકાના સંબંધો**

- ✓ ચીને બીઆરઆઈ યોજનામાં શ્રીલંકાને સામેલ કર્યો છે.
- ✓ શ્રીલંકાએ ચીનનું દેવું ન ચૂકવી શકવા બદલ હંબનટોટા બંદર ચીનની મરચન્ટ પોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ કંપનીને ૧.૧૨ અબજ ડોલરમાં ૯૯ વર્ષના ભાડા પેટે આપ્યું છે.
- ✓ શ્રીલંકાના રાષ્ટ્રપતિ : ગોટબાયા રાજપક્ષે
- ✓ રાજધાની : કોલંબો

## ૫. જન્મ દિન વિશેષ : 26 ઓગસ્ટ

**મધર ટેરેસા**

જન્મ : 26 ઓગસ્ટ 1910 અવસાન : 5 સપ્ટેમ્બર 1997

- ✓ આજે બ્રિટનના પહેલાં પ્રધાનમંત્રી રોબર્ટ વોલ પોલે અને મધર ટેરેસાનો જન્મદિવસ.



- ✓ મધર ટેરેસાનું મૂળનામ ઇગ્નેશ ગોનએકસહે બોજાક્ષહિયું
- ✓ પ્રજાસત્તાક મેસેડોનિયાની રાજધાની ઉસ્કુલમાં જન્મ થયો હતો
- ✓ તેઓનાં નામમાં ગોનએકસહેનો મતલબ "ગુલાબની કળી" થાય છે.
- ✓ ૧૮ વર્ષની ઉંમરે લોરેટોની સિસ્ટરો સાથે જોડાવા અને મિશનરી બનવા માટે ઘર છોડ્યું. ૧૯૨૯માં ભારત આવ્યાં, દીક્ષાર્થી તરીકેનો અજમાયશી સમય દાર્જીલિંગમાં વીતાવ્યો, ૨૪ મે ૧૯૩૧નાં રોજ નન તરીકે ધાર્મિક શપથ લીધા અને પોતાનું નામ ટેરેસા રાખ્યું.
- ✓ મધર ટેરેસાની સેવા પ્રવુતિઓનું પદ્મશ્રી ભારત રત્ન અને શાંતિનાં નોબેલ પારિતોષિક જેવાં પુરસ્કારોથી સન્માનિત થઈ છે.
- ✓ નોબેલ પારિતોષિક વખતે તેમની સલાહ માંગતા કોઈએ પૂછ્યું કે વિશ્વ શાંતિ માટે અમે શું કરી શકીએ ? મધર ટેરેસાએ જવાબ આપ્યો : ઘરે જાઓ અને તમારા પરિવારને પ્રેમ કરો.
- ✓ મધર ટેરેસાનું ૫ સપ્ટે.૧૯૯૭ નાં રોજ ૮૭ વર્ષની વયે અવસાન થયું હતું.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૬-૦૮-૨૦૨૦)

1. તાજેતરમાં કેન્દ્ર સરકારની કઈ સંસ્થા દ્વારા પ્રથમવાર દેશમાં "એક્સપૉર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020 જાહેર કરાયો - **નીતિ આયોગ**
2. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જાહેર કરેલા "એક્સપૉર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020માં ઑવર ઑલ રેન્કિંગમાં પ્રથમ રાજ્ય જણાવો - **ગુજરાત**
3. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જાહેર કરેલા "એક્સપૉર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020માં પ્રથમ આવનાર ગુજરાતનો સ્કોર જણાવો - **75.19**
4. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જાહેર કરેલા "એક્સપૉર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020માં બિઝનેસ ઈકોસિસ્ટમ પિલરમાં પ્રથમ આવનાર રાજ્ય અને સ્કોર જણાવો- **ગુજરાત અને 90.61**
5. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જાહેર કરેલા "એક્સપૉર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020 મુજબ દેશની કુલ નિકાસમાં ગુજરાતનો હિસ્સો જણાવો - **20 %**
6. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જાહેર કરેલા "એક્સપૉર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020માં ઑવર ઑલ રેન્કિંગમાં બીજા અને ત્રીજા ક્રમે આવનાર રાજ્ય - **મહારાષ્ટ્ર અને તમિલનાડુ**

7. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જાહેર કરેલા "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020માં નિકાસમાં કેટલા રાજ્યો પાસે 70 ટકા હિસ્સો છે - **<u>મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક,તમિલનાડુ અને તેલંગણા</u>**
8. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જાહેર કરેલા "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020 મુજબ ગુજરાતમાંથી કેટલા દેશોમાં નિકાસમાં કરવામાં આવે છે - **<u>180</u>**
9. દેશની કુલ કાર્ગો વહન ક્ષમતાના કેટલા ટકા ગુજરાતમાંથી વહન થાય છે - **<u>40%</u>**
10. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જાહેર કરેલા "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020માં કેટલા માપદંડ ગણતરીમાં લેવાયા - **<u>50</u>**
11. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જાહેર કરેલા "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020માં કેટલા રાજ્યો અને UTનો સમાવેશ કરાયો - **<u>28 અને 08</u>**
12. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા પ્રથમવાર જાહેર કરેલા "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020માં મુખ્ય કયો આધાર લેવાયો છે - **<u>ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસ</u>**
13. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા પ્રથમવાર જાહેર કરેલા "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020માં મુખ્ય કયા કયા આધાર લેવાયા છે - **<u>નીતિ, બિઝનેસ ઈકોસિસ્ટમ, એક્સેપોર્ટ ઈકોસિસ્ટમ અને એક્સપોર્ટ પર્ફોર્મન્સ</u>**
14. "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ" એટલે - **<u>નિકાસ તત્પરતા સૂચકાંક</u>**
15. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા પ્રથમવાર જાહેર કરેલા "એક્સપોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્સ"-2020માં 40 ટકા ભાર કોની ઉપર મુકાયો છે - **<u>બિઝનેસ ઈકોસિસ્ટમ</u>**
16. ઓગસ્ટ-૨૦૨૦માં શ્રીલંકાના વિદેશ સચિવ શ્રી જયનાથ કોલબંગે સુરક્ષાના સંદર્ભે શ્રીલંકા દ્વારા કઈ નીતિ અપનાવાશે એવું નિવેદન આપ્યું હતુ - **<u>ઇન્ડિયા ફર્સ્ટ નીતિ</u>**
17. શ્રીલંકા દ્વારા ચીનને કયુ બંદર ૯૯ વર્ષની લીઝ પર આપવામાં આવ્યું છે - **<u>હંબનટોટા</u>**
18. શ્રીલંકાએ કયા કારણોસર હંબનટોટા બંદર ચીનની મરચન્ટ પોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ કંપનીને ૧.૧૨ અબજ ડોલરમાં ૯૯ વર્ષના ભાડા પેટે આપ્યું છે - **<u>દેવું ન ચૂકવી શકવા બદલ</u>**
19. શ્રીલંકાના વર્તમાન રાષ્ટ્રપતિનું નામ જણાવો - **<u>ગોટબાયા રાજપક્ષે</u>**
20. શ્રીલંકાની રાજધાનીનું નામ જણાવો - **<u>કોલંબો</u>**
21. ગુજરાતની જીવાદોરી ગણાતી જળ યોજનાનું નામ જણાવો - **<u>સરદાર સરોવર યોજના</u>**
22. નર્મદાની મુખ્ય કેનાલની લંબાઇ જણાવો - **<u>458 કિલોમીટર</u>**
23. નર્મદા કેનાલની કુલ સંગ્રહ ક્ષમતા કેટલી છે - **<u>22,000 કરોડ લિટર</u>**
24. રાજ્યના કેટલા શહેર-ગામને નર્મદાનું પાણી પીવા માટે મળે છે - **<u>10,000 ગામ-175 શહેર</u>**
25. નર્મદા કેનાલથી રાજ્યની કેટલી જમીનને સિંચાઇનો લાભ મળે છે -**<u>18 લાખ હેક્ટર જમીન</u>**
26. નર્મદા કેનાલમાં જે પાણી છે તેનાથી અમદાવાદને કેટલા સમય માટે પીવાનું પાણી મળી રહે તેમ છે – **<u>એક વર્ષ</u>**
27. નર્મદા આધારિત રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડથી રાજ્યની કેટલા ટકા વસ્તીને પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે - **<u>75</u>**
28. નર્મદા કેનાલના પાણીથી રાજ્યભરના 18 લાખ હેક્ટર એટલે કે કુલ ખેતીલાયક વિસ્તારની કેટલા ટકા જમીનને સિંચાઇનો લાભ મળે છે - **<u>15 ટકા</u>**
29. ઓગસ્ટ-૨૦૨૦માં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયે કઈ યોજના હેઠળ નવા 78 રૂટ મંજૂર કર્યા - **<u>ઉડાન-4 યોજના</u>**
30. કેન્દ્ર સરકાર દ્વારા ઉડાન-4 યોજના અંતર્ગત ગુજરાતના ક્યા બે રૂટ મંજૂર કરાયા – **<u>સુરત-દીવ અને વડોદરા-દીવ</u>**
31. જમીન માર્ગે સુરતથી દીવ પહોંચવા માટે કેટલો સમય લાગે છે – **<u>૮ કલાક</u>**
32. ઉડાન-4 યોજના અંતર્ગત સુરત-દીવ રૂટ મંજૂર થતા જમીન માર્ગે થતા ૮ કલાકના સમયને બદલે હવે હવાઈ માર્ગે કેટલો સમય થશે – **<u>એક કલાક</u>**
33. ઓગસ્ટ-૨૦૨૦માં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ઉડાન-4 યોજના હેઠળ કયા રાજયોના શહેરોના નવા 78 રૂટ મંજૂર કર્યા - **<u>મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, હરિયાણા, હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડ</u>**
34. કેન્દ્ર સરકાર દ્વારા ઉડાન-4 યોજના અંતર્ગત ઉત્તરપ્રદેશની 5 ધાર્મિક નગરી માટે કેટલા રૂટ મંજૂર કરાયા – **<u>10</u>**
35. દયાની દેવી તરીકે જાણીતા મધર ટેરેસાનો જન્મ દિવસ જણાવો - **<u>26 ઓગસ્ટ 1910</u>**
36. સમાજ સેવિકા મધર ટેરેસાનું મૂળ નામ જણાવો - **<u>ઇગ્નેશ ગોનએકસહે બોજાક્ષહિયુ</u>**

37. સમાજ સેવિકા મધર ટેરેસાનો જન્મ ક્યાં થયો હતો - **પ્રજાસત્તાક મેસેડોનિયાની રાજધાની ઉસ્કુલમાં**

38. મધર ટેરેસાના નામમાં ગોનએકસહેનો મતલબ શું થાય છે - **"ગુલાબની કળી"**

39. મધર ટેરેસા કયા વર્ષમાં ભારત આવ્યા હતા – **વર્ષ ૧૯૨૯**

40. ભારત સરકારે મધર ટેરેસાની સેવા પ્રવુતિઓને ક્યા એવોર્ડ આપી બિરદાવ્યા છે - **પદ્મશ્રી અને ભારત રત્ન**

41. મધર ટેરેસાને કયો નોબેલ પારિતોષિક મળ્યો હતો – **શાંતિનો નોબેલ**

DATE : 27-08-2020

## ૧.GST કાઉન્સિલ 41મી બેઠક યોજાઈ -નવી દિલ્હી (કર)

**બેઠકના મહત્વના બિંદુઓ :**

- ✓ કોરોના મહામારીના કારણે જીએસટીની આવક પર ગંભીર અસર પડી છે.
- ✓ ૨૦૨૦-૨૧ના નાણાકીય વર્ષમાં જીએસટીની આવકમાં રૂપિયા ૨.૩૫ લાખ કરોડની ઘટ પડશે. તેથી રાજ્યોને અપાતા જીએસટી વળતરનો તફાવત ચાલુ વર્ષે વધીને અંદાજે રૂપિયા ૨.૩૫ લાખ કરોડ રહેશે.
- ✓ રાજ્યોને ચૂકવાતું વાર્ષિક જીએસટી વળતર અંદાજિત રૂપિયા ૩ લાખ કરોડ છે અને સેસમાંથી થતી આવક રૂપિયા ૬૫,000 કરોડ અંદાજવામાં આવી છે.
- ✓ જેના પગલે રાજ્યોને ચૂકવાતા વળતરનો વાર્ષિક તફાવત રૂપિયા ૨.૩૫ લાખ કરોડ રહેશે.
- ✓ જીએસટીના અમલના કારણે વળતરની ઘટ રૂપિયા ૯૭,000 કરોડ અંદાજવામાં આવી છે.
- ✓ બાકીની ઘટ કોરોના મહામારીના કારણે ઊભી થઈ છે.
- ✓ ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ ૨૦૨૦થી જુલાઈ ૨૦૨૦ સુધી રાજ્યોને ચૂકવવા પાત્ર કુલ જીએસટીનું વળતર રૂપિયા ૧.૫ લાખ કરોડ થાય છે કારણ કે એપ્રિલ અને મે મહિનામાં જીએસટી પેટે ભાગ્યે જ સરકારને કોઈ આવક થઈ છે.

**રાજ્યોને અપાયેલા બે વિકલ્પ**

- ✓ રાજ્યો રિઝર્વ બેન્ક પાસેથી વાજબી વ્યાજદરે રૂપિયા ૯૭,000 કરોડ ઉધાર લે અને આ રકમ જીએસટીના અમલના પાંચ વર્ષ પૂરા થાય ત્યારે વર્ષ ૨૦૨૨ના અંતે સેસમાંથી થયેલી આવકમાંથી ચૂકવવાની રહેશે.
- ✓ રાજ્ય સરકારો સ્પેશિયલ વિન્ડો અંતર્ગત ચાલુ વર્ષની સંપૂર્ણ ઘટની રૂપિયા ૨.૩૫ લાખ કરોડની રકમ રિઝર્વ બેન્કનો સંપર્ક કરી ઉધાર લઈ લે.

**જીએસટી લાગુ થયો ત્યારથી કેન્દ્ર સરકારની સરેરાશ માસિક આવક**

| વર્ષ | આવક રૂ. |
|---|---|
| વર્ષ ૨૦૧૭-૧૮ | રૂ. ૮૨,૨૯૪ કરોડ |
| વર્ષ ૨૦૧૮-૧૯ | રૂ. ૯૮,૧૧૪ કરોડ |
| વર્ષ ૨૦૧૯-૨૦ | રૂ. ૧,૦૧,૮૪૪ કરોડ |
| વર્ષ ૨૦૨૦-૨૧ | રૂ. ૬૮,૧૬૬ કરોડ |

- ✓ કેન્દ્રીય નાણા મંત્રી: શ્રી નિર્મલા સિતારામન

## ૨. SC અને ST અનામત (બંધારણ)

**સુપ્રીમ કોર્ટના તાજેતરના ચૂકાદા મુજબ રાજ્યો અનામત આપવા SC અને STમાં વર્ગીકરણ કરી શકે**

**ચૂકાદાના મહત્વના તારણો :**

- ✓ રાજ્યને અનામતનો અધિકાર તેથી વિધાનસભા એસસી-એસટીમાં પેટાજાતિઓને વર્ગીકૃત કરીને પ્રાથમિકતા આપવા માટે કાયદા ઘડી શકે
- ✓ અનામતમાં સબ કેટેગરીને પ્રાથમિકતા આપતા રાજ્યોને અટકાવી શકાય નહીં, રાજ્ય વસ્તીના આધારે અનામતની જોગવાઈ કરી શકે

**૩.ચૂકાદાની વિગત :**

- ✓ અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી)ને સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં અપાતી અનામતના મામલામાં રાજ્ય સરકારોને એસસી-એસટીમાં વર્ગીકરણ કરવાનો અધિકાર નથી તેવા પોતાના જ વર્ષ ૨૦૦૪ના ચુકાદા પર સવાલ ઉઠાવતાં સુપ્રીમ કોર્ટે આ ચુકાદા પર પુનઃ વિચારણા કરવાનો નિર્ણય કર્યો હતો.
- ✓ જસ્ટિસ અરુણ મિશ્રાના નેતૃત્વ હેઠળની પાંચ જજની બંધારણીય બેન્ચે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૪માં ઇ વી ચિન્નૈયાહ કેસમાં તત્કાલીન બંધારણીય બેન્ચે આપેલા ચુકાદા પર પુનઃ વિચારણા કરવાની જરૂર.
- ✓ જસ્ટિસ ઇંદિરા બેનરજી, જસ્ટિસ વિનીત સરણ, જસ્ટિસ એમ આર શાહ અને જસ્ટિસ અનિરુદ્ધ બોઝનો સમાવેશ કરતી બેન્ચે જણાવ્યું હતું કે, ૨૦૦૪ના મામલામાં યોગ્ય રીતે નિર્ણય લેવાયો નહોતો.

- ✓ રાજ્ય સરકારો એસસી-એસટીમાં પેટાજાતિઓને વર્ગીકૃત કરીને પ્રાથમિકતા આપવા માટે કાયદા ઘડી શકે છે.
- ✓ બેન્ચે પંજાબ-હરિયાણા હાઇકોર્ટના ચુકાદાને પડકારતી પંજાબ સરકારની અપીલને હવે ૭ જજની બંધારણીય બેન્ચને સોંપવાનો નિર્ણય કર્યો.
- ✓ સુપ્રીમ કોર્ટની પાંચ જજની બંધારણીય બેન્ચે અવલોકન આપ્યું હતું કે, અનામત આપવા માટે એસસી અને એસટીમાં પેટા વર્ગીકરણ કરી શકાય છે.
- ✓ પાંચ જજની બેન્ચમાં બે જજના મંતવ્ય વિરોધાભાસી હોવાથી આ મામલો હવે સાત જજની બંધારણીય બેન્ચને સોંપવામાં આવ્યો છે.
- ✓ બેન્ચે અવલોકન આપ્યું હતું કે, રાજ્ય સરકારોને અનામત આપવાનો અધિકાર હોવાથી તેઓ અનામતની યાદીમાં પેટા વર્ગીકરણ પણ કરી શકે છે.

**વર્ષ-2004 ઇ વી ચિન્નૈયાહ વિરુદ્ધ આંધ્રપ્રદેશ સ્ટેટ કેસમાં સુપ્રીમનો ચુકાદો :**


- ✓ ૨૦૦૪માં ઇ.વી. ચિન્નૈયાહ કેસમાં બંધારણીય બેન્ચે ચુકાદો આપ્યો હતો કે, એસસી અને એસટી કેટેગરીમાં રાજ્ય દ્વારા નક્કી કરાતી સબ કેટેગરી ગેરબંધારણીય છે.
- ✓ રાજ્ય એસસી-એસટી અનામતમાં સબ કેટેગરી નક્કી કરી પ્રાથમિકતા આપી શકે નહીં.
- ✓ બંધારણના આર્ટિકલ ૩૪૧ અંતર્ગતના પ્રેસિડેન્શિયલ લિસ્ટમાં સામેલ શિડયુલ્ડ કાસ્ટમાંથી જાતિઓને બાકાત કરવાનો નિર્ણય ફક્ત સંસદ લઇ શકે છે.

**શું હતો કેસ અને પંજાબ અને હરિયાણા હાઇકોર્ટનો ચુકાદો? :**

- ✓ પંજાબ અને હરિયાણા હાઇકોર્ટે તેના ચુકાદામાં પંજાબ સરકાર દ્વારા ઘડાયેલા પંજાબ એસસી અને બીસી ક્લાસિસ (રિઝર્વેશન સર્વિસિસ) એક્ટ, ૨૦૦૬ના સેક્શન ૪(૫)ને રદ કરી નાખ્યો હતો.
- ✓ આ કાયદા અંતર્ગત એસસી માટેના ૫૦ ટકા અનામત ક્વોટામાં વાલ્મીકિ અને માઝબી શિખોને પ્રાથમિકતા આપવાની જોગવાઇ કરાઇ હતી.

## ૩. લૌરા હરિકેન (કુદરતી આપત્તિ)

**USના લુઈસિયાના અને ટેક્સાસમાં 164 વર્ષનું સૌથી મોટું ચક્રવાત-વાવાઝોડુ (અગાઉ વર્ષ-1856માં)**



- ✓ અંદાજે 260 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન
- ✓ અંદાજે પાંચ લાખ લોકોનું સ્થળાંતર
- ✓ ચોથી કેટેગરીમાં વાવઝોડાનો સમાવેશ

## ૪. સાર : વિશ્વનો સૌથી શક્તિશાળી હાઈડ્રોજન બોમ્બ

**રશિયાએ વર્ષ-1961માં વિશ્વના સૌથી શક્તિશાળી હાઈડ્રોજન બોમ્બનું સફળ પરીક્ષણ કર્યું હતું.**

- ✓ રશિયાએ જાહેર કર્યું કે તેણે 1961માં એક હાઈડ્રોજન બોમ્બનું પરીક્ષણ કર્યુ હતું. તે દુનિયાનો અત્યાર સુધીનો સૌથી શક્તિશાળી બોમ્બ વિસ્ફોટ હતો.
- ✓ ગત અઠવાડિયે પરમાણુ ઉદ્યોગની 75મી વર્ષગાંઠ પર પરમાણુ એજન્સી રોસાટોમે યુટ્યૂબ ચેનલ પર 40 મિનિટનો વીડિયો અપલોડ કરી આ સત્યનો ખુલાસો કર્યો.
- ✓ ઉલ્લેખનીય છે કે અમેરિકાએ 1945માં હિરોશિમા પર 4400 કિગ્રા વજનનો બોમ્બ ઝીંક્યો હતો.

**હાઈડ્રોજન બોમ્બની વિશેષતા :**

- ✓ હિરોશિમાથી 3333 ગણો વધુ શક્તિશાળી વિસ્ફોટ
- ✓ 65 કિમી ઊંચાઈ સુધી આગ, 800 કિમી દૂરથી રાખ દેખાઈ
- ✓ લાંબો : 8 મીટર પહોળો : 2 મીટર વજન : 27 ટન
- ✓ 1000 કિમી સુધી તેનો વિસ્ફોટ સંભળાયો.
- ✓ સાર નામના બોમ્બને વિમાનથી પેરાશૂટના માધ્યમથી આર્કટિક સાગરના સેવેર્ની ટાપુ પર ઝીંકાયો.
- ✓ વિસ્ફોટની 40 સેકન્ડમાં આગનો ગોળો 30 કિમી ઊંચાઈ સુધી પહોંચ્યો.
- ✓ આગામી ક્ષણોમાં તે 65 કિમી ઊંચાઈ સુધી અને 90 કિમીના દાયરામાં ફેલાયો હતો.
- ✓ પાઈલટે 800 કિમી દૂરથી તેની રાખ જોઈ હતી.

## ૫. ખેલકૂદ : USના પ્રખ્યાત ટેનિસ લેજેન્ડ બ્રાયન બ્રધર્સે નિવૃત્તિ જાહેર કરી




- ✓ ડબલ્સમાં 16 ગ્રાન્ડસ્લેમ ટાઈટલ વિજેતા
- ✓ 119 ટુર્નામેન્ટમાં ચેમ્પિયન

**બ્રાયન બ્રધર્સનો બેજોડ રેકોર્ડ**

- ✓ જન્મ : ૨૯ એપ્રિલ, ૧૯૭૮

✓ <u>નામ :</u> રોબર્ટ ચાર્લ્સ 'બોબ' બ્રાયન અને માઇકલ કાર્લ 'માઇક' બ્રાયન માઇક બોબ કરતા બે મિનિટ વહેલા જન્મ્યો હતો.

✓ <u>**ખાસિયત:**</u> માઇક જમણેરી અને બોબ ડાબોડી ખેલાડી છે જેને લીધે હરિફ જોડીને તેઓની સામે રમવું ભારે પડકારજનક રહેતું.

✓ <u>**૧૬ ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ :**</u> બંનેની જોડીએ

✓ <u>ફ્રેન્ચ ઓપન :</u> ૨ (૨૦૦૩, ૨૦૧૩),

✓ <u>વિમ્બલડન :</u> ૩ (૨૦૦૬, ૨૦૧૧, ૨૦૧૩)

✓ <u>ઓસ્ટ્રેલિયન ઓપન :</u> ૬ (૨૦૦૬, ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૩)

✓ <u>યુ એસ ઓપન</u> ૫ : (૨૦૦૫, ૨૦૦૮, ૨૦૧૦, ૨૦૧૨, ૨૦૧૪)

✓ <u>**મિક્ષ્ડ ડબલ્સ :**</u> ૭ ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ

✓ <u>માસ્ટર્સ મેન્સ ડબલ્સ :</u> ૩૯ ટાઇટલ્સ

✓ <u>વર્લ્ડ ટુર :</u> ૪ ટાઇટલ્સ

✓ ડેવિસ કપ : એક ટાઈટલ (૨૦૦૭)

✓ <u>ઓલિમ્પિક :</u> ૨૦૧૨ લંડન **ઓલિમ્પિકમાં** ગોલ્ડ મેડલ

<u>૬. જન્મ દિન વિશેષ : 27 ઓગસ્ટ</u>

<u>સનદી સેવાના સિંહ : એચ.એમ.પટેલ</u>

<u>જન્મ – 27 ઓગસ્ટ 1904 અવસાન – 30 નવેમ્બર-1993</u>



✓ <u>મૂળ ચરોતરી પાટીદાર, વતન ધર્મજ પણ મુંબઈમાં જન્મેલા હીરુભાઇ મુળજીભાઈ પટેલનો આજ રોજ જન્મ થયો હતો.</u>

✓ પિતા શિક્ષક ઉપરાંત મિલકતની દલાલી પણ કરતાં મુળજીભાઈનું ઘર મુંબઈમાં અતિથિઓનું આશ્રયસ્થાન હતું.

✓ એચ.એમ પટેલનું શિક્ષણ મુંબઈની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ, પેટલાદમાં મોતીભાઈ અમીન પાસે અને ઈંગ્લેન્ડમાં થયું હતું.

✓ તેઓ ૧૯૨૬માં આઈ.સી.એસ થઇ સિંધના લારખાનામાં આસી. કલેકટર તરીકે નીમાયા

✓ તેમની વહીવટી પ્રગતિ મુંબઈ સરકારમાં નાયબ નાણાં સચિવ, ભારત સરકારમાં ટ્રેડ કમિશ્નર, જોઈન્ટ સેક્રેટરી તરીકે રહી હતી.

✓ <u>આઝાદી બાદ પ્રથમ ભારતીય કેબિનેટ સેક્રેટરી બન્યા હતા.</u>

✓ એચ.એમ પટેલે દેશના ભાગલા પછી અસ્ક્યામતો, જવાબદારીઓ અને લશ્કરી દળોની કુનેહપૂર્વક, સમયસર અને સફળતાપૂર્વક વહેચણી કરી.

✓ ૧૯૫૯માં નિવૃત થયા પછી ૧૯૬૨મા વિદ્યાનગરના સરપંચ બન્યા.

✓ સ્વતંત્ર પક્ષની સ્થાપના થતાં તેમાં જોડાયા.

✓ ૧૯૬૭ની લોકસભાની ચુંટણી હાર્યા પણ ધાંગધ્રાના રાજાના આગ્રહથી ત્યાંથી ચુંટણી લડી વિધાનસભામાં પ્રવેશ્યા.

✓ <u>૧૯૭૫માં કટોકટી વખતે વિરોધ પક્ષને સંગઠિત કર્યો. આ જ સમયે સાબરકાંઠાથી લોકસભાની ચૂંટણી જીત્યાં અને મોરારજી દેસાઈ સરકારમાં નાણામંત્રી બન્યા</u>

✓ નાણામંત્રી તરીકે ફુગાવો નાથવામાં તેમની મહત્વની ભૂમિકા રહી હતી.

✓ <u>ચરણસિંહ સરકારમાં ગૃહમંત્રી બન્યા હતા.</u>

✓ ૧૯૮૦માં સાબરકાંઠાથી લોકસભા ચુટણીમાં હાર્યા તો ૧૯૮૪માં ઇન્દિરા ગાંધીની હત્યા પછી વિરોધ પક્ષ માટે વિપરીત વાતાવરણમાં પણ ચુંટણી જીત્યાં હતા.

✓ ૧૯૯૦માં રાજનીતિમાંથી નિવૃત થયા

✓ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત એચ.એમ.પટેલે <u>"Rites of passege", "A policy for foreign trade", "Defence of india", "Vithalbhai patel", The first flush of freedom" જેવા પુસ્તકો લખ્યા.</u>

✓ ૩૦ નવે.૧૯૯૩ના રોજ અવસાન થયું હતું.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૭-૦૮-૨૦૨૦)</u>

1. તાજેતરમાં 27 ઓગસ્ટના રોજ GST કાઉન્સિલની કેટલામી બેઠક યોજાઇ - <u>**41**</u>
2. તાજેતરમાં 27 ઓગસ્ટના રોજ GST કાઉન્સિલની 41મી ઈ-બેઠક કોના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી - <u>**કેન્દ્રીય નાણા મંત્રી શ્રી નિર્મેલા સિતારામન**</u>
3. 2020-21ના નાણાકીય વર્ષમાં GSTની આવકમાં અંદાજે કેટલા કરોડની ઘટ પડશે - <u>**રૂ. 2.35 લાખ કરોડ**</u>
4. કેન્દ્ર દ્વારા રાજ્યોને ચૂકવવાના થતા GST વળતર બાબતે કેટલા વિકલ્પ આપ્યા છે - <u>**2**</u>

5. રાજ્યો અનામત આપવા SC અને STમાં વર્ગીકરણ કરી શકે તેવો ચૂકાદો તાજેતરમાં કઈ કોર્ટ દ્વારા અપાયો - **સુપ્રીમ કોર્ટે**
6. રાજ્યો અનામત આપવા SC અને STમાં વર્ગીકરણ કરી શકે તેવો ચૂકાદો કોની નેતૃત્વ હેઠળની પાંચ જજની બેંચે આપ્યો હતો - **જજ અરૂણ મિશ્રા**
7. કયા વર્ષે ઈ.વી ચિન્નૈયાહ કેસમાં બંધારણીય બેન્ચે ચૂકાદો આપ્યો હતો કે SC અને ST કેટેગરીમાં રાજ્ય દ્વારા નક્કી કરાતી સબ કેટેગરી બંધારણીય છે - **2004**
8. તાજેતર ઓગસ્ટ 2020માં 164 વર્ષેબાદ USA માં કયું સૌથી મોટું - **ભયાનક હરિકેન-ચક્રવાત આવ્યું-લૌરા**
9. ઓગસ્ટ 2020માં 164 વર્ષેબાદ USAમાં લૌરા વાવાઝોડું આવ્યું તેને સૌથી વધુ કયા પ્રદેશને નુકસાન કર્યું હતું - **લુઈસિયાના અને ટેક્સાસ**
10. રશિયાએ કયા વર્ષે વિશ્વના સૌથી શક્તિશાળી હાઈડ્રોજન બોમ્બનું સફળ પરીક્ષણ કર્યું હોવાનો દાવો કર્યો હતો - **વર્ષ-1961**
11. રશિયાએ કયા પ્રસંગની 75મી વર્ષગાંઠ નિમિતે ખુલાસો કર્યો કે, વર્ષ-1961માં રશિયાએ વિશ્વના સૌથી શક્તિશાળી હાઈડ્રોજન બોમ્બનું સફળ પરીક્ષણ કર્યું હતું - પરમાણુ ઉદ્યોગની વર્ષગાંઠ
12. અમેરિકાએ કયા વર્ષે હિરોશિમા પર 4400 કિગ્રા વજનનો બોમ્બ ઝીંક્યો હતો - **1945**
13. રશિયાએ વર્ષ-1961માં વિશ્વના સૌથી શક્તિશાળી હાઈડ્રોજન બોમ્બનું સફળ પરીક્ષણ કર્યો હોવાનો દાવો કર્યો તેનું નામ શું હતુ – **સાર**
14. વર્ષ-1961માં રશિયાએ કયા સ્થળે વિશ્વના સૌથી શક્તિશાળી હાઈડ્રોજન બોમ્બ 'સાર'નું સફળ પરીક્ષણ કર્યું હતું - **આર્કટિક સાગરના સેવેર્ની ટાપુ**
15. વર્ષ-1961માં રશિયાએ વિશ્વના સૌથી શક્તિશાળી હાઈડ્રોજન બોમ્બ 'સાર'નું સફળ પરીક્ષણ કર્યું હતું તે જાપાનના હિરોશિમા પર ફેંકાયેલા બોમ્બના વિસ્ફોટથી કેટલા ગણો વધુ શક્તિશાળી વિસ્ફોટ હતો - **3333**
16. તાજેતરમાં USના કયા પ્રખ્યાત ટેનિસ લેજેન્ડ બ્રધર્સે નિવૃત્તિ જાહેર કરી - **બ્રાયન**
17. USના પ્રખ્યાત ટેનિસ લેજેન્ડ બ્રાયન બ્રધર્સે ડબલ્સમાં કેટલા ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીત્યા હતા - **16**
18. USના પ્રખ્યાત ટેનિસ લેજેન્ડ બ્રાયન બ્રધર્સ તેમની સમગ્ર કારકિર્દી દરમિયાન કુલ કેટલી ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બન્યા હતા - **119**
19. USના ટેનિસ લેજેન્ડ બ્રાયન બ્રધર્સે કેટલી વખત-ક્યારે ફ્રેન્ચ ઓપન કબ્જે કર્યો હતો – **બે વર્ષ ૨૦૦૩ તથા વર્ષ ૨૦૧૩**
20. USના ટેનિસ લેજેન્ડ બ્રાયન બ્રધર્સે કેટલી વખત-ક્યારે વિમ્બલડન જીત્યો હતો – **ત્રણ વખત વર્ષ ૨૦૦૬, ૨૦૧૧, ૨૦૧૩**
21. USના ટેનિસ લેજેન્ડ બ્રાયન બ્રધર્સે કેટલી વખત-ક્યારે ઓસ્ટ્રેલિયન ઓપન પર કબ્જો જમાવ્યો હતો – **૬ વખત વર્ષ ૨૦૦૬, ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૩**
22. USના ટેનિસ લેજેન્ડ બ્રાયન બ્રધર્સે કેટલી વખત-ક્યારે યુ એસ ઓપન જીત્યો હતો – **પાંચ વખત વર્ષ ૨૦૦૫, ૨૦૦૮, ૨૦૧૦, ૨૦૧૨, ૨૦૧૪**
23. USના ટેનિસ લેજેન્ડ બ્રાયન બ્રધર્સે કયા ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો – **૨૦૧૨ના લંડન ઓલિમ્પિકમાં**
24. સનદી સેવાના સિંહ સમાન એચ.એમ.પટેલનો જન્મ ક્યારે થયો હતો – **27 ઓગસ્ટ 1904**
25. એચ.એમ.પટેલનો જન્મ કયા થયો હતો – **મુંબઈ (વતન-ધર્મજ)**
26. એચ.એમ.પટેલ કયા વર્ષે આઈ.સી.એસ થઇ સિંધના લારખાનામાં આસી. કલેકટર તરીકે નીમાયા હતા - **૧૯૨૬**
27. આઝાદ ભારતના પ્રથમ કેબિનેટ સેક્રેટરીનું નામ જણાવો – **એચ.એમ. પટેલ**
28. એચ.એમ.પટેલ કઈ લોકસભાની બેઠક પર વિજયી બન્યા બાદ મોરારજી દેસાઈ સરકારમાં નાણામંત્રી બન્યા હતા - **સાબરકાંઠા**
29. એચ.એમ.પટેલ કોની સરકારમાં ગૃહમંત્રી બન્યા હતા - **ચરણસિંહ**
30. એચ.એમ.પટેલના મહત્વના પુસ્તકના નામ જણાવો - **"Rites of passege", "A policy for foreign trade", "Defence of india", "Vithalbhai patel", The first flush of freedom"**

DATE : 28-08-2020

## ૧. પ્રધાનમંત્રી જન ધન યોજના : યોજનાના 6 વર્ષ પુર્ણ




પ્રારંભ : 28/08/2014

**વર્તમાન સ્થિતિ અને હેતુ :**

- ✓ સરકારની ગરીબી નાબૂદી કામગીરી માટે જન ધન યોજના ગેમ ચેન્જર અને પાયાનો પથ્થર પુરવાર થઈ છે.
- ✓ NDAની સરકાર ૨૦૧૪માં સત્તા પર આવી તે પછી તેણે સૌથી પહેલું કામ ગરીબો અને જરૂરિયાતમંદ વર્ગના લોકોના બેન્ક ખાતાઓ ખોલવા જન ધન યોજના શરૂ કરવાનું કર્યું હતું. આ સ્કીમ હેઠળ ગરીબો અને નબળા વર્ગનાં લોકોને સરકારની કલ્યાણ યોજનાઓ હેઠળ મળવાપાત્ર રકમ સીધી તેમના બેન્ક ખાતામાં જ જમા કરવામાં આવે છે.
- ✓ હાલ આ યોજના હેઠળ દેશમાં 40.35 કરોડ લોકોને લાભ આપવામાં આવે છે.

## ૨. વૈશ્વિક રાજકારણ : જાપાનના વડાપ્રધાન શ્રી શિન્ઝો આબેનું નાદુરસ્ત તબિયતને કારણે હોદ્દા પરથી રાજીનામું




65 વર્ષીય શ્રી આબેનો સૌથી વધુ 2803 દિવસ જાપાનના વડાપ્રધાન પદે રહેવાનો રેકોર્ડ

- ✓ રાજધાની : ટોકિયો

## 3. સ્ટેચ્યૂ ઓફ ઇક્વાલિટી - તેલંગાણા (ધર્મ)

**ભારતમાં પ્રથમવાર સમાનતાનો સંદેશો આપનાર વૈષ્ણવ સંત રામાનુજાચાર્ય સ્વામીના ભવ્ય મંદિરનું નિર્માણ**




**મંદિર વિશે :**

- ✓ 45 એકરમાં નિર્માણાધિન મંદિરનું 80 ટકા કામ પૂર્ણ
- ✓ ખર્ચ : રૂ. 1,000 કરોડથી વધુ.
- ✓ રામાનુજાચાર્યની બે મૂર્તિ ધરાવતુ મંદિર. જેમાં પહેલી મૂર્તિ અષ્ટધાતુની છે, જે 216 ફૂટ ઊંચી છે. તે સ્થાપિત થઇ ચૂકી છે. તેને 'સ્ટેચ્યૂ ઑફ ઇક્વાલિટી' (સમાનતાની મૂર્તિ) નામ અપાયું છે.
- ✓ જ્યારે બીજી મૂર્તિ 120 કિલો સોનામાંથી બનાવાઇ રહી છે.

## ૪. સન્માન : 'બ્લુ પ્લક' એવોર્ડ

**બ્રિટન માટે બીજા વિશ્વ યુદ્ધમાં જાસુસી કરનાર ભારતીય નૂર ઈનાયત ખાનને મરણોપરાંત 'બ્લુ પ્લક' એવોર્ડ એનાયત**

**આ એવોર્ડ મેળવનાર ઈનાયત ખાન પ્રથમ મહિલા**

- ✓ ઈંગ્લીશ હેરિટેજ ચેરિટા દ્વારા સંચાલિત બ્લુ પ્લક આખા લંડનમાં કોઇ ખાસ સેવામાં સંકાળાયેલાઓને અપાય છે.

**નૂર ઈનાયત ખાન વિશે :**

- ✓ ૧૯૪૩માં નાઝીઓના કબજા હેઠળના ફ્રાન્સમાં જાસુસી કરવા જતાં પહેલા તેઓ બ્લુમ્સબેરીના ટેવિટોન સ્ટ્રિટમાં રહેતા હતા.
- ✓ ટીપુ સુલતાનના પરિવારની વંશજે બીજા વિશ્વ યુદ્ધમાં સાહસિક કામગીરી કરેલી
- ✓ નૂરના પિતા ભારતના મોટા સુફી સંત હતા જેઓ મૈસુરના શાસક હઝરત ટીપુ સુલ્તાનના વંશજ હતા.
- ✓ નૂર ઇનાયત ખાને ખુબ જ સફળતાપૂર્વક બ્રિટન માટે જાસુસી કરી હતી, પરંતુ ૧૯૪૪માં 30 વર્ષની વયે તે પકડાઇ જતા દચાઉના કોન્સેન્ટ્રેશન કેમ્પમાં તેની હત્યા કરાઇ હતી.
- ✓ તેમણે મોત પસંદ કર્યું હતું, અનેક યાત્નાઓ સહન કર્યા પછી પણ પોતાનું નામ તો શું એક પણ બાબત બતાવી ન હતી.
- ✓ પોતે કોણ છે અને શા માટે ફ્રાન્સ આવી તેની કોઈ જ માહિતી આપી ન હતી.
- ✓ આ સાહસિક મહિલાને બ્રિટનમાં શૌર્યની રાજકુમારી તરીકે ઓળખવામાં આવી હતી.
- ✓ 'નૂર ઇનાયત ખાને ઘર છોડ્યું ત્યારે સપનામાં પણ વિચાર્યું ન હતું કે એક દિવસે તે શુરવિરતાનો ઉત્તમ નમુનો બનશે' એમ નૂર ઇનાયત પર 'સ્પાય પ્રીન્સેસ : ધી લાઇફ ઓફ નૂર ઇનાયત ખાન' પુસ્તક લખનાર ઇતિહાસકાર શરબની બાસુએ કહ્યું હતુ.
- ✓ તેમણે એમ પણ કહ્યું નૂર એક સુફી હોવાથી સર્વ ધર્મ સમભાવ અને અહિંસામાં માનતી હતી.

- ✓ નૂર ઇનાયત ખાન ભારતીય મૂળની પ્રથમ મહિલા છે જેને બ્લુ પ્લક અપાયો.

**૫. જન્મ દિન વિશેષ : 28 ઓગસ્ટ**

**રાષ્ટ્રીય શાયર : ઝવેરચંદ મેઘાણી**

**જન્મ – 28 ઓગસ્ટ 1897 અવસાન – 9 માર્ચ 1947**

- ✓ હુલામણું નામ : દ.સ.ણી., સાહિત્યયાત્રી, વિલાપી, તંત્રી, વિરાટ, શાણો - અભ્યાસ:બી.એ. (સંસ્કૃત)
- ✓ વ્યવસાય : સાહિત્યકાર (કવિ, લેખક)
- ✓ ખિતાબ : રાષ્ટ્રીય શાયર
- ✓ જીવનસાથી : દમયંતીબેન, ચિત્રદેવી
- ✓ માતા-પિતા : ધોળીબાઈ-કાળીદાસ




- ✓ જન્મ સ્થળ : ચોટીલા.
- ✓ તેમના પિતાની નોકરી પોલીસ ખાતામાં હતી અને પોલીસ ખાતા થકી તેમની બદલીઓ થવાને કારણે તેમણે પોતાના કુટુંબ સાથે ગુજરાતનાં અલગ અલગ ગામોમાં રહેવાનું થયું.
- ✓ ઝવેરચંદનું ભણતર રાજકોટ, દાઠા, પાળીયાદ, બગસરા, અમરેલી વગેરે જગ્યાઓએ થયું.
- ✓ તેઓ અમરેલીની તે વખતની સરકારી હાઈસ્કૂલ અને હાલની ટીપી ગાંધી એન્ડ એમટી ગાંધી ગર્લ્સ સ્કૂલમાં ૧૯૧૦ થી ૧૯૧૨ સુધી માધ્યમિક શિક્ષણ મેળવીને ૧૯૧૨ મેટ્રીક થયા હતા.
- ✓ ઇ.સ. ૧૯૧૬માં તેઓએ ભાવનગરનાં શામળદાસ મહાવિદ્યાલયમાંથી અંગ્રેજી તેમજ સંસ્કૃતમાં સ્નાતકીય ભણતર પૂરું કર્યું.
- ✓ ભણતર પુરુ કર્યા બાદ ઇ.સ. ૧૯૧૭માં તેઓ કોલકાતા સ્થિત જીવનલાલ લીમીટેડ નામની એક એલ્યુમિનીયમની કંપનીમાં કામે લાગ્યા.
- ✓ આ કંપનીમાં કામ કરતી વખતે તેઓને એકવાર ઈંગ્લેંડ જવાનું પણ થયું હતું.
- ✓ 3 વર્ષ આ કંપનીમાં કામ કર્યા બાદ વતનના લગાવથી તેઓ નોકરી છોડીને બગસરા સ્થાયી થયા.
- ✓ ૧૯૨૨માં જેતપુર સ્થિત દમયંતીબેન સાથે તેમના લગ્ન થયા.
- ✓ નાનપણથી જ ઝવેરચંદને ગુજરાતી સાહિત્યનું ઘણું ચિંતન રહ્યું હતું અને તેમના કલકત્તા રહ્યા દરમ્યાન તેઓ બંગાળી સાહિત્યનાં પરિચયમાં પણ આવ્યા હતાં.
- ✓ બગસરામાં સ્થાયી થયા બાદ તેમણે રાણપુરથી પ્રકાશીત થતાં 'સૌરાષ્ટ્ર' નામનાં છાપામાં લખવાની શરુઆત કરી હતી.
- ✓ ૧૯૨૨ થી ૧૯૩૫ સુધી તેઓ 'સૌરાષ્ટ્ર'માં તંત્રી તરીકે રહ્યા હતા.
- ✓ આ સમય દરમ્યાન તેઓએ પોતાના સાહિત્યીક લખાણને ગંભીરતાપુર્વક લઈ 'કુરબાનીની કથાઓ' ની રચના કરી કે જે તેમની પહેલી પ્રકાશીત પુસ્તક પણ રહી.
- ✓ તેઓએ 'સૌરાષ્ટ્રની રસધાર'નું સંકલન કર્યું તથા બંગાળી સાહિત્યમાંથી ભાષાંતર કરવાની પણ શરુઆત કરી.
- ✓ કવિતા લેખનમાં તેમણે પગલાં 'વેણીનાં ફુલ' નામનાં ઇ.સ. ૧૯૨૬માં માંડ્યા.
- ✓ ઇ.સ. ૧૯૨૮માં તેમને લોકસાહિત્યમાં યોગદાન બદલ પ્રથમ રણજિતરામ સુવર્ણચંદ્રક આપવામાં આવ્યું હતું.
- ✓ તેમનાં સંગ્રામ ગીતોનાં સંગ્રહ 'સિંધુડો' - એ ભારતનાં યુવાનોને પ્રેરીત કર્યા હતાં અને જેને કારણે ઇ.સ. ૧૯૩૦માં ઝવેરચંદને બે વર્ષ માટે જેલમાં રહેવું પડ્યું
- ✓ આ સમય દરમ્યાન તેમણે ગાંધીજીની ગોળમેજી પરિષદ માટેની લંડન મુલાકાત ઉપર 'ઝેરનો કટોરો' કાવ્યની રચના કરી હતી.
- ✓ **ગાંધીજીએ ઝવેરચંદ મેઘાણીને રાષ્ટ્રીય શાયરના બિરુદથી નવાજ્યા હતાં.**
- ✓ તેમણે ફુલછાબ નામનાં છાપામાં લઘુકથાઓ લખવાનું પણ ચાલુ કર્યું હતું.
- ✓ ઇ.સ. ૧૯૩૩માં તેમનાં પત્નીનાં દેહાંત બાદ તેઓ ૧૯૩૪માં મુંબઈ સ્થાયી થયા. અહીં તેમનાં લગ્ન ચિત્રદેવી સાથે થયા.
- ✓ તેમણે જન્મભૂમિ નામનાં છાપામાં 'કલમ અને કીતાબ' નાં નામે લેખ લખવાની તેમજ સ્વતંત્ર નવલકથાઓ લખવાની શરુઆત કરી.
- ✓ ઇ.સ. ૧૯૩૬ થી ૧૯૪૫ સુધી તેઓએ ફુલછાબનાં સંપાદકની ભુમીકા ભજવી જે દરમ્યાન ૧૯૪૨માં 'મરેલાનાં રુધીર' નામની પોતાની પુસ્તીકા પ્રકાશિત કરી.

- ✓ ઇ.સ. ૧૯૪૬માં તેમની પુસ્તક 'માણસાઈનાં દીવા'ને મહીડાં પારિતોષિકથી સન્માનવામાં આવ્યું હતું અને તે જ વર્ષે તેમને ગુજરાતી સાહિત્ય પરિષદનાં સાહિત્ય વિભાગનાં વડા તરીકે નીમવામાં આવેલાં.

**<u>સાહિત્ય સર્જન:</u>**

- ✓ મેઘાણીએ ચાર નાટકગ્રંથ, સાત નવલિકા સંગ્રહ, તેર નવલકથા, છ ઇતિહાસ, તેર જીવનચરિત્રની રચના કરી હતી.




- ✓ તેમણે લોકસેવક રવિશંકર મહારાજની અનુભવેલ કથાઓનું "માણસાઇના દીવા"માં વાર્તારુપે નિરુપણ કર્યુ છે.
- ✓ મેઘાણી તેમના લોકસાહિત્યમાં સૌરાષ્ટ્રની ધિંગી તળપદી બોલીની તેજસ્વિતા અને તાકાત પ્રગટાવી શક્યા છે.
- ✓ તુલસીક્યારો, યુગવંદના, કંકાવટી, સોરઠી બહારવટિયા, સૌરાષ્ટ્રની રસધાર, અપરાધી વગેરે તેમનું નોંધપાત્ર સર્જન છે.
- ✓ ૯ માર્ચ ૧૯૪૭નાં દિવસે, ૫૦ વર્ષની ઉંમરે, હ્રદય રોગના હુમલામાં તેમના બોટાદ સ્થિત નિવાસસ્થાને તેમનું મૃત્યુ થયું.

**<u>સન્માન :</u>**

- ✓ ભારતીય ટપાલ વિભાગ દ્વારા ૧૪ સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ તેમના માનમાં ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૮-૦૮-૨૦૨૦)</u>

1. તા. 28/08/2020ના રોજ કેન્દ્ર સરકારની કઈ યોજનાને 6 વર્ષ પુર્ણ થયાં - **<u>પ્રધાનમંત્રી જન ધન યોજના</u>**
2. પ્રધાનમંત્રી જન ધન યોજનાનો પ્રારંભ ક્યારે થયો હતો - **<u>28/08/2014</u>**
3. કેન્દ્રની મોદી સરકારે કયા વર્ગના લોકોના બેન્ક ખાતાઓ ખોલવા જન ધન યોજના શરૂ કરી હતી - **<u>ગરીબો અને જરૂરિયાતમંદ વર્ગના લોકો</u>**
4. પ્રધાનમંત્રી જન ધન યોજના અંતર્ગત ગરીબો અને નબળા વર્ગનાં લોકોને સરકારની કલ્યાણ યોજનાઓ હેઠળ મળવાપાત્ર રકમ કઈ રીતે આપવામાં આવે છે – **<u>સીધી લાભાર્થીના બેન્ક ખાતામાં જમા કરવાય છે</u>**
5. ઓગસ્ટ 2020ની સ્થિતિએ પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ દેશમાં અંદાજે કેટલા લોકોને લાભ આપવામાં આવે છે - <u>40.35 કરોડ</u>
6. ઓગસ્ટ 2020માં ક્યા દેશના વડાપ્રધાને નાદુરસ્ત તબિયતને કારણે હોદ્દા પરથી રાજીનામું આપ્યું - **<u>જાપાન</u>**
7. ઓગસ્ટ 2020માં જાપન દેશના વડાપ્રધાને નાદુરસ્ત તબિયતને કારણે હોદ્દા પરથી રાજીનામું આપ્યું તેમનુ નામ જણાવો - **<u>શ્રી શિન્ઝો આબે</u>**
8. શ્રી શિન્ઝો આબેનો સૌથી વધુ કેટલા દિવસ જાપાનના વડાપ્રધાન પદે રહેવાનો રેકોર્ડ છે - <u>2803</u>
9. જાપાન દેશની રાજધાનીનું નામ જણાવો - **<u>ટોકિયો</u>**
10. ભારતમાં પ્રથમવાર સમાનતાનો સંદેશો આપનાર વૈષ્ણવ સંતનું નામ જણાવો - **<u>રામાનુજાચાર્ય સ્વામી</u>**
11. તેલંગાણામાં કયા વૈષ્ણવ સંતનું મંદિર નિર્માણાધિન છે - **<u>રામાનુજાચાર્ય સ્વામી</u>**
12. તેલંગાણામાં વૈષ્ણવ સંત રામાનુજાચાર્ય સ્વામીના મંદિરમાં મુકવામાં આવેલી મૂર્તિને શું નામ આપવામાં આવ્યું છે- **<u>'સ્ટેચ્યૂ ઑફ ઇક્વાલિટી' (સમાનતાની મૂર્તિ)</u>**
13. બ્રિટન માટે બીજા વિશ્વ યુદ્ધમાં જાસુસી કરનાર ભારતીય મહિલા - **<u>નૂર ઈનાયત ખાન</u>**
14. ઈંગ્લેન્ડ દ્વારા અપાતો 'બ્લુ પ્લક' એવોર્ડ મેળવનાર પ્રથમ મહિલા - **<u>નૂર ઈનાયત ખાન</u>**
15. ઈંગ્લીશ હેરિટેજ ચેરિટા દ્વારા સંચાલિત બ્લુ પ્લક એવોર્ડ કયા હેતુ માટે આપવામાં આવે છે – **<u>ઈંગ્લેન્ડ માટે કોઇ ખાસ સેવા બદલ</u>**
16. બ્રિટન માટે બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન નૂર ઈનાયત ખાને કયા દેશની સેનાની જાસુસી કરી હતી – **<u>જર્મની</u>**
17. 'નૂર ઇનાયત ખાન ઉપર ઇતિહાસકાર શરબની બાસુએ કયુ પુસ્તક લખ્યું છે - **<u>'સ્પાય પ્રીન્સેસ : ધી લાઇફ ઓફ નૂર ઇનાયત ખાન'</u>**
18. ગુજરાતી સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીનો જન્મ દિવસ જણાવો જણાવો - <u>28/08/1897</u>
19. ગુજરાતી સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીનો જન્મ ક્યાં થયો હતો – **<u>ચોટીલા</u>**

20. કયા ગુજરાતી સાહિત્યકારને રાષ્ટ્રીય શાયરનું બિરુદ મળેલ છે - **ઝવેરચંદ મેઘાણી**

21. ઝવેરચંદ મેઘાણીને રાષ્ટ્રીય શાયરનું બિરુદ કોના દ્વારા આપવામાં આવ્યું હતું હતું - **રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી**

22. ગુજરાતી સાહિત્યનો પ્રથમ રણજિતરામ સુવર્ણચંદ્રક મેળવનાર સાહિત્યકારનું નામ જણાવો - **ઝવેરચંદ મેઘાણી**

23. ઝવેરચંદ મેઘાણીને કયા વર્ષે રણજિતરામ સુવર્ણચંદ્રક દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા - **1928**

24. ઝવેરચંદ મેઘાણીના કયા કાવ્યસંગ્રહને અંગ્રેજો દ્વારા દ્વારા જપ્ત કરવામાં આવ્યો હતો - **સિંધુડો**

25. ગુજરાતી સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીએ કયા સાહિત્ય ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપેલું છે – **લોકસાહિત્ય**

**DATE : 29-08-2020**

૧. અનલોક 4.0 : કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા ગાઈડ લાઈન જાહેર

✓ સમયગાળો : 1 થી 30 સપ્ટેમ્બર 2020




**નવી ગાઇડલાઇનની હાઈલાઈટ્સ :**

✓ અનલોક ૪.૦ની ગાઈડલાઈન ૩૦મી સપ્ટેમ્બર સુધી અમલમાં રહેશે.

✓ દેશમાં હવે મેટ્રો રેલવેને ૭ મી સપ્ટેમ્બરથી તબક્કાવાર શરૂ કરવાની પરવાનગી.

✓ ૨૧મી સપ્ટેમ્બરથી સામાજિક, શૈક્ષણિક, સ્પોર્ટ્સ, મનોરંજન, સાંસ્કૃતિક, ધાર્મિક અને રાજકીય સમારોહને પરવાનગી અપાઈ છે.

✓ આ પ્રકારના સમારોહમાં મહત્તમ ૧૦૦ વ્યક્તિ હાજર રહી શકશે. જોકે આ પ્રકારના સમારોહમાં ફેસ માસ્ક ફરજિયાત રહેશે.

✓ સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવું પડશે અને સમારોહના સ્થળે થર્મલ સ્ક્રીનિંગ અને હેન્ડ વૉશ અથવા સેનિટાઇઝરની વ્યવસ્થા ફરજિયાત રહેશે.

✓ ઓપન એર થિયેટરને ૨૧મી સપ્ટેમ્બરથી ખોલવા પરવાનગી આપવામાં આવી છે. પરંતુ શાળા, કોલેજ, કોચિંગ સંસ્થાનો ૩૦ મી સપ્ટેમ્બર સુધી બંધ રહેશે.

૨. ઉદ્ઘાટન : વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા રાણી લક્ષ્મીબાઈ સેન્ટ્રલ એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીનું ઈ-ઉદ્ઘાટન

✓ સ્થાન : ઝાંસી (મધ્ય પ્રદેશ)

3. વિશ્વનું સૌથી મોટું સૂચિત બાલભવન : ગાંધીનગર-ગુજરાત (બાળ વિકાસ)

✓ **ગૌરવ :** ગુજરાતમાં રૂ. 1500 કરોડના ખર્ચે વિશ્વનું સૌથી મોટું ટોય મ્યુઝીયમ આકાર લેશે

✓ ગુજરાતમાં વિશ્વનું સૌથી મોટું બાલભવન નિર્માણ થવા જઈ રહ્યું છે.

✓ આ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારે હાલ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીને ગાંધીનગર ગિફ્ટ સિટી નજીક શાહપુર ગામ અને રતનપુર ગામ વચ્ચે 30 એકર જમીન ફાળવી છે.

✓ આશરે 1500 કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ પાંચ વર્ષના અંતે તૈયાર થશે.

✓ 'ટોયઝ મ્યુઝિયમ' બાલભવનનું મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બનશે કારણ કે, અહીં દેશના ખૂણે ખૂણેથી 11 લાખથી પણ વધુ પ્રાચીન અને આધુનિક રમકડાં લાવી પ્રદર્શનમાં મુકાશે.

**મ્યુઝિયમની વિશેષતા :**

✓ ભારતમાં થયેલા વિજ્ઞાની, કલાકારો, શહીદો, મહાપુરુષો, ગગનયાન, વિવિધ મિસાઈલ્સ, EVM મશીન, 1857નો સ્વતંત્રતા સંગ્રામ, અંગ્રેજો સામેની લડાઈની ઝાંખી દર્શાવતા રમકડાંઓના માધ્યમથી બાળકોને રમત-ગમતની સાથે સંસ્કાર આપવાનું કાર્ય થશે.

**રમકડાં શાસ્ત્ર વિકસાવાશે :**

✓ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી રમકડાંનું શાસ્ત્ર વિકસાવશે.

✓ અહીં મનોવૈજ્ઞાનિક સંશોધન બાદ સાંસ્કૃતિક અને વિજ્ઞાનને પ્રોત્સાહક રમકડાનું નિર્માણ થશે.

✓ દેશના જુદાજુદા રાજ્યો અને ગામડાના બાળકો જે રમકડાં રમે છે તે રમકડાં પાછળનો ઈતિહાસ અને મહત્વ સમજાવાશે.

✓ ડીઆરડીઓ અને ઈસરોની મદદથી ઈલેક્ટ્રોનિક, બેટરી અને સોલર આધારિત નાના-નાના યાન, પૃથ્વી મિસાઈલ અગ્નિમિસાઈલ, સેટેલાઈટ વગેરે તૈયાર થશે.

**ચાઈનાના વાર્ષિક 2500 કરોડના બિઝનેસને તોડી ભારતને આત્મનિર્ભર બનાવવાનો પ્લાન**

- ✓ અંદાજ મુજબ દર વર્ષે 2500 કરોડથી વધારેના રમકડાં ચાઈનાથી ભારતમાં આયાત થાય છે.
- ✓ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માધ્યમથી ચાઈનાના રમકડાં માર્કેટને તોડવાનો સરકારનો પ્લાન હોવાનું નિષ્ણાતો કહે છે.
- ✓ ભારતીય ઉત્પાદકોને રમકડાંના ઉત્પાદન માટે પ્રોત્સાહન આપવાની પણ યોજના છે.
- ✓ <u>ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ : ડૉ. હર્ષદ શાહ</u>

<u>૪.સિટી ઓફ વેક્સિન(આરોગ્ય-સંશોધન)</u>

- ✓ જીનોમ વેલી – હૈદરાબાદ




- ✓ <u>વિગત:</u>એશિયાના સૌથી મોટા ફાર્મા કલસ્ટર જીનોમ વેલી-હૈદરાબાદ

<u>**વિશેષતા :**</u>

- ✓ વિશ્વની એક તૃતીયાંશ રસી બનાવતા એશિયાના સૌથી મોટા ફાર્મા ક્લસ્ટર હૈદરાબાદની જીનોમ વૈલીમાં.
- ✓ જીનોમ વેલી એટલે એ જગ્યા કે જ્યાં હાલ 3 મોટી કંપનીના 1 હજારથી વધુ વિજ્ઞાનીઓ કોરોનાની રસી પર દિવસ- ત કામ કરી રહ્યા છે.
  3 મોટી બાબત સામે આવી.
- ✓ કોરોનાની રસી વિશ્વમાં ક્યાંય પણ શોધાય, પણ દુનિયાની અડધી વસતીને અપાનારી એટલે કે અંદાજે 400 કરોડ ડોઝ 1 વર્ષમાં જીનોમ વૈલીમાં બની શકે છે.
- ✓ વિશ્વના મોટા વેક્સિન ઉત્પાદકોમાં સામેલ ભારત બાયોટેક, બાયોલોજિકલ ઇ તથા ઇન્ડિયન ઇમ્યુનોલોજિકલ વિશ્વની ટોચની 1 ડઝન કંપનીઓ સાથે મળીને રિસર્ચ કરી રહી છે.
- ✓ આ ત્રણેયની રસી બનાવવાની વાર્ષિક 400 કરોડ ડોઝની ક્ષમતા છે.

<u>18 દેશના વિજ્ઞાનીઓ અહીં રિસર્ચ કરી રહ્યા છે</u>

- ✓ 18 દેશની 200 કંપનીઓ જીનોમ વેલીમાં રિસર્ચ કરે છે.
- ✓ આ ફાર્મા ક્લસ્ટરમાં 15 હજાર વિજ્ઞાની રિસર્ચ કરે છે.
- ✓ 600 કરોડ વેક્સિન વાર્ષિક બનાવવાની ક્ષમતા છે . આને સિટી ઑફ વેક્સિન પણ કહે છે.

- ✓ સરકારને જીનોમ વેલી દ્વારા 14 હજાર કરોડથી વધુ રેવન્યુ મળે છે.
- ✓ 04 લાખ નવી નોકરીઓ આવશે અહીં આગામી 10 વર્ષમાં 100 અબજ ડોલરનો ઉદ્યોગ વિકસશે.
- ✓ વૅલીની સ્થાપના 1999માં થઇ હતી

<u>૫. સી પ્લેન પ્રોજેક્ટ : ગુજરાત (ઉડ્ડયન)</u>

- ✓ <u>**સંભવિત 31મી ઓક્ટોબર-2020થી રિવરફ્રન્ટ અમદાવાદથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી કેવડિયા વચ્ચે સી પ્લેન સેવાનો પ્રારંભ થશે**</u>




<u>**સી પ્લેન એટ ગ્લાન્સ : સી પ્લેન એટલે શું?**</u>

- ✓ સામાન્ય ભાષામાં કહેવામાં આવે તો પાણીમાં ટેક ઓફ્-લેન્ડિંગ કરી શકે તેને સી પ્લેન કહેવાય છે.
- ✓ સામાન્ય એરક્રાફ્ટની સરખામણીએ સી પ્લેનની પાંખો (વિંગ્સ) ફિક્સ જ રહે છે.
- ✓ <u>ઈ.સ. 1898માં ઓસ્ટ્રેલિયાના વિલ્હેલ્મ ક્રેસ દ્વારા સૌપ્રથમ સી પ્લેન બનાવાયું.</u>

<u>**અમદાવાદ-કેવડિયા વચ્ચેના સી પ્લેનની ઝડપ શું રહેશે?**</u>

- ✓ અમદાવાદના રીવરફ્રન્ટથી સ્ટેચ્યુ ઓફ યુનિટી વચ્ચેના સી પ્લેનની ઝડપ 170 કિલોમીટર પ્રતિ કલાકની હોઇ શકે છે.

<u>**બેઠક ક્ષમતા અને પાયલોટ કેટલા હશે?**</u>

- ✓ સી પ્લેનમાં એકસાથે 19 મુસાફરો બેસી શકશે. આ ઉપરાંત બે પાયલોટ અને બે ક્રૂ મેમ્બર હશે.
- ✓ અમદાવાદ-સ્ટેચ્યુ ઓફ યુનિટી વચ્ચે દરરોજની ચાર ફ્લાઇટની અવર-જવર રહે તેવી સંભાવના છે.

<u>**ભાડું કેટલું રહેશે?**</u>

- ✓ પ્રતિ વ્યક્તિનું ભાડું રૂપિયા 4,800 આસપાસ રહશે.

<u>**સી પ્લેનથી અમદાવાદથી સ્ટેચ્યૂ ઓફ યુનિટિ કેટલા સમયમાં પહોંચાશે?**</u>

- ✓ અમદાવાદથી 198 કિલોમીટરના અંતરે આવેલા સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી પહોંચવા માટે બાય રોડ અંદાજે 3 કલાક 40 મિનિટનો સમય લાગે છે.

- ✓ સી પ્લેન દ્વારા 50 મિનિટથી 1 કલાક વચ્ચે અમદાવાદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી પહોંચી શકાશે.
- ✓ આમ, અમદાવાદના ટ્રાફિકમાં હાલ સેટેલાઇટથી નરોડા સુધી પહોંચવામાં જેટલો સમય લાગે છે તેટલા સમયમાં અમદાવાદ-સ્ટેચ્યુ ઓફ યુનિટીનું અંતર કાપી શકાશે.

**અન્ય કયા રૂટ પર સી પ્લેનની સેવા શરૂ કરાશે?**

- ✓ દેશના કુલ 16 રૂટમાં સી પ્લેન શરૂ કરવાનું આયોજન છે. જેમાં ગુજરાતમાંથી અમદાવાદ-સ્ટેચ્યુ ઓફ યુનિટી
- ✓ ઉપરાંત અમદાવાદથી શેત્રૂંજી નદી-પાલિતાણાનો પણ સમાવેશ કરવામાં આવે તેવી સંભાવના છે.

## ૬. UN : પર્યાવરણના જતન માટે ભારતને કોલસા આધારિત પાવર પ્લાન્ટ ઊર્જા ઘટાડવા UNનું સૂચન (સોલાર)

**કોલ ઊર્જા પેદા કરનારા ટોપ -૧૦ દેશો :**

- ✓ વિશ્વમાં કોલસાથી ઊર્જા મેળવનારા અગ્રણી દસ દેશો, તેમનું વાર્ષિક કોલ આધારિત ઊર્જા ઉત્પાદન અને વૈશ્વિક ઉત્પાદનમાં તેમની ટકાવારી આ મુજબ છે.

| દેશ | ઉત્પાદન (મેગાવોટ) | વિશ્વમાં ટકા |
|---|---|---|
| ચીન | ૧,૦૦૪,૯૪૮ | ૪૯.૧ |
| અમેરિકા | ૨૪૬,૧૮૭ | ૧૨.૦ |
| ભારત | ૨૨૮,૯૬૪ | ૧૧.૨ |
| રશિયા | ૪૬,૮૬૨ | ૨.૩ |
| જાપાન | ૪૬,૬૮૨ | ૨.૩ |
| જર્મની | ૪૪,૪૭૦ | ૨.૨ |
| દ.આફ્રિકા | ૪૧,૪૩૫ | ૨.૦ |
| દ.કોરિયા | ૩૭,૬૦૦ | ૧.૮ |
| ઈન્ડોનેશિયા | ૩૨,૩૭૩ | ૧.૬ |
| પોલેન્ડ | ૩૦,૮૭૦ | ૧.૫ |

**વૈશ્વિક ધોરણે કોલ-ઊર્જાની પીછેહટ**

- ✓ ઘણા દેશોમાં કોલસાના પ્લાન્ટ નંખાઈ રહ્યા છે, છતાં પણ વૈશ્વિક સરેરાશ જોઈએ તો કોલસા આધારીત ઊર્જાનું પ્રમાણ ઘટી રહ્યું છે. કેમ કે અનેક દેશો જૂના પ્લાન્ટને તાળાં મારે છે અને નવા પ્લાન્ટ્સ સ્થાપવાનું રદ પણ કરી રહ્યાં છે.
- ✓ જાન્યુઆરી ૨૦૨૦ થી લઈને જૂન ૨૦૨૦ સુધીના છે મહિનામાં જગતમાં કોલસા પર સંચાલિત હોય એવા ૧૮.૩ ગીગાવોટ ઊર્જા પ્લાન્ટ શરૂ થયા. તેની સામે આ સમયમાં ૨૧.૨ ગીગાવોટ કોલ ઊર્જા પ્લાન્ટ બંધ થયા.
- ✓ ગ્લોબલ એનર્જી મોનિટર'ના આંકડા પ્રમાણે પ્રથમવાર એવું બન્યું કે કોલસાના પ્લાન્ટ શરૂ થયા તેના કરતા બંધ વધારે થયા છે .
- ✓ આ મામુલી તફાવત છે અને તેનાથી કોલ ઊર્જામાં રાતોરાત ફરક પડવાનો નથી. પરંતુ બદલાવની શરૂઆત તો છે જ.
- ✓ વર્ષ ૨૦૧૮માં વૈશ્વિક કોલ ઊર્જામાં ભારતનો હિસ્સો ૧૭ ટકા હતો એ પણ ઘટીને ૨૦૨૦ સુધીમાં ૧૨ ટકાએ આવ્યો.

## ૭. દિન વિશેષ : 29 ઓગસ્ટ

## નેશનલ સ્પોર્ટ્સ ડે (રાષ્ટ્રીય રમત દિવસ)

**કોની યાદમાં ઉજવણી :**

- ✓ હોકીના જાદુગર મેજર ધ્યાનચંદનો જન્મદિવસ 29મી ઓગસ્ટ રાષ્ટ્રીય ખેલ એવોર્ડ પણ આ જ દિવસે એનાયત કરવામાં આવે છે

## ૮. જન્મ દિન વિશેષ : 29 ઓગસ્ટ

## ગુજરાતના પહેલા મુખ્યમંત્રી: જીવરાજ મહેતા

**જન્મ : 29 ઓગસ્ટ 1887 અવસાન : 7 નવેમ્બર 1978**

- ✓ આજે ઉદારવાદી બ્રિટિશ ચિંતક જોન લોક, ગાંધી ફિલ્મના નિર્માતા રિચાર્ડ એડનબરો, સાહિત્યકાર કરુણાશંકર ભટ્ટ, હોકીના જાદુગર ધ્યાનચંદ, આદિવાસી વિદ્યાના અભ્યાસી વેરિયર એલ્વિન અને ગુજરાતના પહેલા મુખ્યમંત્રી ડૉ.જીવરાજ મહેતાનો જન્મદિવસ
- ✓ હાસ્યકાર ધનસુખલાલ મહેતા અને દર્શકની પુણ્યતિથિ.
- ✓ અમરેલીમાં ગરીબ માવતરને ત્યાં 8 સંતાનો પૈકી 7મા સંતાન તરીકે જન્મેલા જીવરાજ મહેતાની શૈક્ષણિક કારકિર્દી એટલી તો તેજસ્વી હતી કે મોટાભાગની પરીક્ષાઓ પ્રથમ શ્રેણીમાં પસાર કરી હતી.
- ✓ અમરેલીમાં મેટ્રિક પાસ કરી તાતાની શિષ્યવૃત્તિ મેળવી બ્રિટનથી પ્રથમ ક્રમ સાથે એમડી થયા હતા.
- ✓ લંડન નિવાસ દરમિયાન રાષ્ટ્રીય નેતાઓના પરિચયમાં આવ્યા અને ભારતીય વિદ્યાર્થીઓના સંગઠનમાં પણ કામ કર્યું હતું.
- ✓ સ્વદેશ પરત ફરી મહારાજા સયાજીરાવ ગાયકવાડના અંગત તબીબ તરીકે જોડાયા, તરત જ દેશની આઝાદીની લડાઈમાં જોડાયા અને જેલવાસ પણ ભોગવ્યો.
- ✓ વડોદરા રાજ્યના દીવાન પણ રહ્યા હતા.

- ✓ દેશ આઝાદ થયો એ પછી મુંબઈ રાજ્યના પ્રધાનમંડળમાં, ઉદ્યોગ, નશાબંધી અને જાહેર બાંધકામ વિભાગના મંત્રી પદે રહ્યા હતા.
- ✓ 7 નવેમ્બર 1978ના રોજ ડોક્ટર જીવરાજ મહેતાનું અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૯-૦૮-૨૦૨૦)

1. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં 29 ઓગસ્ટના રોજ કોરોના મહામારી સંદર્ભે કઈ ગાઈડલાઈન જાહેર કરી - **અનલૉક 4.0**
2. ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ અનલૉક 4.0નો સમયગાળો જણાવો - **01 થી 30 સપ્ટેમ્બર 2020**
3. ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ અનલૉક 4.0માં જાહેર કાર્યક્રમમાં કેટલા માણસોની એકત્રિત થવાની છૂટ આપી છે - **100**
4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા કઈ કૃષિ યુનિવર્સિટીનું ઈ-ઉદઘાટન કરાયું - **રાણી લક્ષ્મીબાઈ સેન્ટ્રલ એગ્રિકલ્ચર યુનિવર્સિટી**
5. વિશ્વનું સૌથી મોટું સૂચિત બાલભવન કયાં આકાર પામવા જઈ રહ્યું છે - **શાહપુર,ગાંધીનગર**
6. વિશ્વનું સૌથી મોટું સૂચિત બાલભવન અંદાજે કેટલા કરોડના ખર્ચે આકાર પામશે-**રૂ.1500/- કરોડ**
7. વિશ્વનું સૌથી મોટું સૂચિત બાલભવન કઇ યુનિવર્સિટી દ્વારા તૈયાર કરાશે - **ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગર**
8. વિશ્વનું સૌથી મોટું સૂચિત બાલભવન અન્ય કયા નામથી ઓળખાશે - **ટોયઝ મ્યુઝિયમ**
9. ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગરના વર્તમાન કુલપતિનું નામ જણાવો - **ડૉ. હર્ષદભાઇ શાહ**
10. વિશ્વના સૌથી મોટા સૂચિત બાલભવન- ટોયઝ મ્યુઝિયમમાં ભારતભરમાંથી વિવિધ પ્રાચિન અને આધુનિક પ્રકારના કેટલા રમકડાં લાવવામાં આવશે - **11 લાખ**
11. અંદાજે વાર્ષિક કેટલા કરોડના રમકડા ચાઈનાથી ભારતમાં આયાત કરવામાં આવે છે જેને અટકાવીને ભારતને વધુ આત્મનિર્ભર બનાવી શકાય - **રૂ. 2500/- કરોડ**
12. એશિયાના સૌથી મોટા ફાર્મા કલસ્ટર જીનોમ વેલી ક્યાં આવેલ છે - **હૈદરાબાદ (આંધ્ર પ્રદેશ)**
13. ભારતમાં ક્યાં સ્થળે હાલ 3 મોટી કંપનીના 1,000થી વધુ વિજ્ઞાનીઓ કોરોનાની રસી પર દિવસ-રાત કામ કરી રહ્યા છે - **જીનોમ વેલી**
14. જીનોમ વેલીમાં 1 વર્ષમાં કોરોના રસીના અંદાજે ડોઝ બની શકે એમ છે - **400 કરોડ**
15. જીનોમ વેલીમાં કેટલા દેશનાં તથા કેટલી કંપનીના વિજ્ઞાનીઓ રિસર્ચ કરી રહ્યા છે - **18 દેશ તથા 200 કંપની**
16. સિટી ઑફ વેક્સિન તરીકે કોને ઓળખવામાં આવે છે - **જીનોમ વેલી**
17. જીનોમ વેલીની સ્થાપના ક્યારે થઇ હતી - **વર્ષ 1999**
18. ગુજરાતમાં કયા બે સ્થળો વચ્ચે સૌપ્રથમ સી પ્લેન પ્રોજેક્ટ સેવાનો પ્રારંભ થશે - **રિવરફ્રન્ટ અમદાવાદથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી કેવડિયા વચ્ચે**
19. સી પ્લેન એટલે શું? - **પાણીમાં ટેક્ ઓફ્-લેન્ડિંગ કરી શકે તેને સી પ્લેન કહેવાય**
20. ક્યારે-કોના દ્વારા સૌપ્રથમ સી પ્લેન બનાવવામાં આવ્યું - **ઈ.સ. 1898માં ઓસ્ટ્રેલિયાના વિલ્હેલ્મ ક્રેસ**
21. અમદાવાદ-કેવડિયા વચ્ચેના સી પ્લેનની ઝડપ કેટલી હશે - **પ્રતિ કલાક અંદાજે 170 કિલોમીટર**
22. અમદાવાદ-કેવડિયા વચ્ચેના સી પ્લેનમાં પ્રતિ વ્યક્તિનું અંદાજિત ભાડું કેટલું હશે - **અંદાજે રૂ. 4,800**
23. સી પ્લેનથી અમદાવાદથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી કેટલા સમયમાં પહોંચાશે - **50 થી 60 મિનિટ**
24. ઓગસ્ટ-2020માં પર્યાવરણના જતન માટે ભારતને કોલસા આધારિત પાવર પ્લાન્ટ ઉર્જા ઘટાડવા કોના દ્વારા અનુરોધ કરવામાં આવ્યો - **UN**
25. વિશ્વનો કયો દેશ કોલસાથી સૌથી વધુ કેટલા ટકા ઊર્જા મેળવે છે - **ચીન તથા 49.1 ટકા**
26. કોલ ઉર્જા મામલે વૈશ્વિક ઉત્પાદનમાં ભારતની ટકાવારી જણાવો - **11.2 ટકા**
27. વર્ષ 2018માં વૈશ્વિક કોલ ઊર્જામાં ભારતનો હિસ્સો કેટલા ટકા હતો જે વર્ષ 2020 સુધીમાં કેટલા ટકાએ પહોંચ્યો હતો - **17 તથા 12 ટકા**
28. રાષ્ટ્રીય રમત દિવસ કયારે મનાવવામાં આવે છે - **29 ઓગસ્ટ**
29. 29 ઓગસ્ટના રોજ કોની યાદમાં રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી કરવામાં આવે છે - **હોકીના જાદુગર મેજર ધ્યાનચંદનો જન્મદિવસ**
30. રાષ્ટ્રીય ખેલ એવોર્ડ કયા દિવસે એનાયત કરવામાં આવે છે - **29મી ઓગસ્ટ (રાષ્ટ્રીય રમત દિવસ)**

31. ગુજરાતના પહેલા મુખ્યમંત્રીનું નામ જણાવો – **ડૉ. જીવરાજ મહેતા**

32. ગુજરાતના પહેલા મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતાનો જન્મ ક્યારે થયો હતો - **29 ઓગસ્ટ 1887**

33. ગાંધી ફિલ્મના નિર્માતા કોણ હતા - **રિચાર્ડ એડનબરો**

34. સાહિત્યકાર કરુણાશંકર ભટ્ટ અને આદિવાસી વિદ્યાના અભ્યાસી વેરિયર એલ્વિનનો જન્મદિવસ જણાવો - **29 ઓગસ્ટ**

35. સાહિત્યકાર-ચિંતક મનુભાઈ પંચોળી (દર્શક) તથા હાસ્યકાર ધનસુખલાલ મહેતાની પુણ્યતિથિ જણાવો - **29 ઓગસ્ટ**

36. ડૉ. જીવરાજ મહેતા બ્રિટનથી એમડીની પદવી મેળવી ભારતમાં કયા મહારાજાના અંગત તબીબ તરીકે સેવા આપી - **સયાજીરાવ ગાયકવાડ**

37. ડૉ. જીવરાજ મહેતા દેશ આઝાદ થયો એ પછી મુંબઈ રાજ્યના પ્રધાનમંડળમાં કયા વિભાગના મંત્રી પદે રહ્યા હતા - **ઉદ્યોગ, નશાબંધી અને જાહેર બાંધકામ**

**DATE : 30-08-2020**

### ૧.નિર્ણય :સરકારી કર્મચારીઓ (વહીવટ)

**બિનકાર્યક્ષમ અને ભ્રષ્ટ કર્મચારીઓની 50 વર્ષની ઉંમર પછી અથવા 30 વર્ષની સેવા બાદ સેવા રેકોર્ડની સમીક્ષા કરી જરૂરી લાગે તો સેવા નિવૃત કરાશે**

**નવી જોગવાઈ :** કેન્દ્ર સરકાર હવે ભ્રષ્ટ અને બિનકાર્યક્ષમ સરકારી કર્મચારીઓ પર આકરી કાર્યવાહી કરશે.

- ✓ કેન્દ્ર સરકારે પોતાના તમામ વિભાગોને નોકરીમાં ૩૦ વર્ષ પુરા કરી ચુકેલા કે પછી ૫૦ થી ૫૫ વર્ષની ઉંમરના કર્મચારીઓના સેવા રેકર્ડની સમીક્ષા કરીને તે પૈકી બિનકાર્યક્ષમ અને ભ્રષ્ટ કર્મચારીઓની ઓળખ કરીને જાહેર હિતમાં તેમને વહેલા સેવા નિવૃત્ત કરી દેવા સુચના આપી.

**સેવાના નિયમો :**

- ✓ તમામને કર્મચારીઓની કાર્યક્ષમતાની સમીક્ષા પાયાના નિયમ (એફઆર) ૫૬ (૨) અને ૫૬(૧) તેમ જ કેન્દ્રીય કર્મચારી સેવા (પેન્શન) નિયમો, ૧૯ના નિયમ ૪૮ (૧) (બી) હેઠળ કરવામાં આવશે.
- ✓ આ નિયમો યોગ્ય સત્તાધીશને જરૂર જણાય તો જાહેર હિતમાં સરકારી કર્મચારીને નિવૃત્ત કરવાની સત્તા આપે છે.
- ✓ સર્વિસ રેકર્ડની તપાસ પછી તે કર્મચારી યોગ્ય રીતે કામ કરે છે કે કેમ, કે પછી તેને જાહેર હિતમાં સમય પહેલાં નિવૃત્ત કરવામાં આવે કે કેમ તે અંગેનો નિર્ણય લેશે.
- ✓ મંત્રાલય : કર્મચારી બાબત

### ૨. મન કી બાત : 68મી આવૃત્તિ

- ✓ તા. 29/08/2020
- ✓ માસના અંતિમ રવિવારના દિવસે પ્રધાનમંત્રી શ્રી મોદી દ્વારા મન કી બાતની પ્રસ્તુતિ
- ✓ **મુખ્ય વિષય :**

(૧) આત્મનિર્ભર ભારત માટે લોકલ રમકડા માટે હવે વોકલ બનીએ

- ✓ વિશ્વનું ટોયઝ માર્કેટ રૂ. 7 લાખ કરોડનું છે પણ આ ક્ષેત્રે ભારતની હિસ્સેદારી ઘણી ઓછી છે. જ્યારે ચીનનું પ્રભુત્વ છે
- ✓ આત્મનિર્ભરતાનો મંત્ર ભારતીયો કમ્પ્યૂટર ગેમ્સ ડેવલપ કરે
- ✓ કમ્પ્યૂટર ગેમ્સનો પણ બહુ ટ્રેન્ડ છે.
- ✓ તેમણે યુવાનોને દેશના ઇતિહાસ તથા સંજોગોને ધ્યાનમાં રાખીને દેશી ગેમ્સ બનાવવા કહ્યું.
- ✓ તેમણે જણાવ્યું કે દેશ આગામી ગૂગલ, ફેસબુક અને ટ્વિટર ભારતમાંથી નીકળે તેની રાહ જુએ છે.
- ✓ આત્મનિર્ભર ભારત એપ ઇનોવેશન ચેલેન્જ અંતર્ગત પસંદ થયેલી 7 હજારમાંથી દેશમાં વિકસિત મોબાઇલ એપ્સને તાજેતરમાં જ એવોર્ડ અપાયા હતા.
- ✓ મોદીએ કહ્યું કે આ ચેલેન્જમાં ભાગ લેનારા ઉત્સાહી યુવા સ્પર્ધકો પૈકી બે તૃતીયાંશ ટિયર-2 અને ટિયર-3 કેટેગરીના શહેરોના હતા.
- ✓ તેમાંથી કુટકી કિટ્સ લર્નિંગ એપ, ચિનગારી એપ, આસ્ક સરકાર સહિત 2 ડઝન એપને પુરસ્કાર મળ્યા.
- ✓ ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર ખાતે રૂ. 1500 કરોડના ખર્ચે બાલભવન-ટોય મ્યુઝિયમ તૈયાર કરી તેમાં રમકડા ઉપર સંશોધન થાય અને સ્વદેશી રમકડા તૈયાર કરી શકાય

**(૨) જુસ્સોઃ ખેડૂતોએ કોરોનાકાળમાં ગત વર્ષથી વધુ વાવણી કરી**

- ✓ મોદીએ કહ્યું કે આપણા ખેડૂતોએ કોરોનાની વિકટ પરિસ્થિતિમાં પણ ખરીફ પાકની ગત વર્ષની તુલનાએ 7% વધુ વાવણી કરી છે.
- ✓ અનાજની 10%, દાળની 5% અને કપાસની 3% વધુ વાવણી થઇ છે.

**(3) દેશી પર ભાર : ભારતીય બ્રીડ્સના ડૉગ્સ પણ બહુ સારા હોય છે**

- ✓ મોદીએ કહ્યું કે ભારતીય બ્રીડ્સના ડોગ્સ પણ બહુ સારા હોય છે.
- ✓ મુધોલ હાઉન્ડ, હિમાચલી હાઉન્ડ જેવી બ્રીડ્સ બહુ સારી છે.
- ✓ રાજાપલાયમ, કન્ની, ચિપ્પીપરાઇ તથા કોમ્બાઇ પણ બહુ શાનદાર દેશી ડૉગ્સ છે.
- ✓ તેમના ઉછેરમાં ખર્ચ પણ બહુ ઓછો આવે છે. હવે આપણી સુરક્ષા એજન્સીઓ પણ આ ભારતીય બ્રીટ્સના ડૉગ્સ તેમના સુરક્ષા કાફલામાં સામેલ કરી રહી છે.

**(૪) જવાબદારી : નવી શિક્ષણનીતિ શિક્ષકો વિધાર્થીઓ સુધી પહોંચાડે**

- ✓ 5 સપ્ટેમ્બરે ઉજવાતા શિક્ષક દિવસ અંગે ચર્ચા કરતા મોદીએ અભ્યાસમાં ટેક્નિકના ઉપયોગ પર ભાર મૂક્યો.
- ✓ મોદીએ કહ્યું કે વર્ષ 2022માં દેશની સ્વતંત્રતાના 75 વર્ષનું પર્વ મનાવાશે.
- ✓ વિદ્યાર્થીઓ આઝાદીના 75 નાયકો પર કવિતા, નાટ્યકથા લખશે.

(૫) સપ્ટેમ્બરને પોષણના મહિના તરીકે મનાવાશે. સ્કૂલોમાં રિપોર્ટ કાર્ડની જેમ ન્યૂટ્રિશિયન કાર્ડની શરૂઆત કરાઈ રહી છે.

## 3. UAE-ઇઝરાયલ મૈત્રી સંબંધ (વૈશ્વિક બાબતો)

**UAE દ્વારા ઇઝરાયલનો બહિષ્કાર કરવાનો 48 વર્ષ જૂનો કાયદો રદ્દ કર્યો**

- ✓ ઇઝરાયેલ અને સંયુક્ત આરબ અમિરાત વચ્ચે નવા જ સ્થપાયેલા મૈત્રીસંબંધે ગતિ પકડવા લાગ્યા છે.
- ✓ યુએઈ દ્વારા ઇઝરાયેલના બહિષ્કાર માટે ઘડાયેલો ૪૮ વર્ષ જૂનો કાયદો રદ કરવામાં આવ્યો છે.
- ✓ યુએઇના વડા ખલીફા બિન જાએદ નાહ્યાંએ જૂના કાયદાને રદ કરતો આદેશ જાહેર કર્યો જ છે.
- ✓ UAE રાજધાની : આબુધાબી
- ✓ વડા : ખલીફા બિન જાવેદ

## ૪. નિકાસ : કેન્દ્ર સરકાર

**ભારતે નાણાકીય વર્ષ 2019-20માં 11.83 લાખ ટન ખાદ્ય ગરમ મસાલાની નિકાસ કરી**

- ✓ નિર્ધારિત લક્ષ્યાંકથી વધુ નિકાસ કરવામાં સફળતા

**આંકડાકીય વિગતો :**

- ✓ આ સમયગાળા દરમિયાન દેશમાંથી 11,83,000 ટન મસાલાની નિકાસ કરાઈ. જે ગયા વર્ષની તુલનાએ 10 ટકા વધુ છે. લક્ષ્યાંક 10,75,000 ટનનો હતો.
- ✓ ચાલુ વર્ષે 225%ના મસાલાની નિકાસ કરાઈ.
- ✓ ગયા વર્ષે 219 પ્રકારના મસાલાની નિકાસ કરાઈ હતી. તેમાં મરચુ, જીરૂ, હળદર, ફુદીનાની નિકાસ મુખ્ય છે. તેનો હિસ્સો કુલ નિકાસમાં 80% છે.
- ✓ ભારત 185 દેશમાં મસાલા મોકલે છે. તેમાં ચીન-અમેરિકાનો હિસ્સો અનુક્રમે 24% અને 16% છે.
- ✓ સૌથી વધુ 4,84,000 ટન મરચાની નિકાસ કરાઈ છે. તે દ્વારા 6,221.70 કરોડ રૂપિયાની આવક થઈ. જીરૂ, સૌથી વધુ નિકાસ થવામાં બીજા ક્રમે છે. ગયા વર્ષે કરતા 16% વધુ.
- ✓ સૌથી વધુ માગ આદુની વધી છે. ગયા વર્ષની તુલનાએ 178% વધુ નિકાસ થઈ. તેનાથી 449 કરોડ રૂપિયાની આવક થઈ.

## ૫. ગૌરવ : મહિલા સશક્તિકરણ

**સુરેન્દ્રનગરના પાટડીની દલિત પુત્રવધૂ કૌશલ્યા વાઘેલાએ ઓસ્ટ્રેલિયામાં પ્રથમ ભારતીય હિન્દુ મહિલા સાંસદ તરીકે શપથ**




- ✓ મૂળ સુરેન્દ્રનગર જીલ્લાના પાટડીના દલિત આગેવાન હિરાલાલ ચૌહાણ વર્ષો પહેલા વિરમગામ કોર્ટમાં બેલીમ તરીકે ફરજ બજાવતા હતા.
- ✓ એમના 3 દિકરાઓમાં સૌથી નાના પુત્ર દિનેશ ચૌહાણના લગ્ન જામનગરની મહિલા કૌશલ્યા વાઘેલા સાથે કોલેજકાળ દરમિયાન થયા હતા.
- ✓ તેઓ છેલ્લા 35-40 વર્ષથી ઓસ્ટ્રેલિયામાં સ્થાયી થયા છે.
- ✓ ઓસ્ટ્રેલિયામાં ટેક્સી ડ્રાઇવર તરીકે ફરજ બજાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા દિનેશભાઈ ચૌહાણના પત્નિ કૌશલ્યાબેને ઓસ્ટ્રેલિયામાં માસ્ટર્સ ઓફ એપ્લાયડનો અભ્યાસ કરતા કરતા તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં પ્રથમ ભારતીય મહિલા સાંસદ બની કાંગારૂઓના દેશમાં નેતૃત્વ કરી ઝાલાવાડની સાથે સાથે સમગ્ર રાષ્ટ્રનું ગૌરવ વધારી પછાત રણકાંઠાનું નામ આંતરરાષ્ટ્રીય ફલક પર ગુંજતુ કર્યું છે.

## ૬. ખેલકૂદ : સિદ્ધિ

**ચેસ ઓલમ્પિયાડના ઇતિહાસમાં પ્રથમવાર ભારતને ગોલ્ડ મેડલ**

- ✓ ભારત અને રશિયા ઓનલાઇન ચેસ ઓલમ્પિયાડમાં સંયુક્ત વિજેતા

**ફાઇનલમાં ભારતના ખેલાડી**

1. નિહાલ સરીન 2. દિવ્યા દેશમુખ



Fédération Internationale des Échecs
(International Chess Federation)

FIDE

| | |
|---|---|
| Motto | Gens una sumus |
| Formation | July 20, 1924; 96 years ago |
| Type | International organization |
| Headquarters | Lausanne, Switzerland[1] |
| Membership | 195 national associations |
| President | Arkady Dvorkovich |
| Website | www.fide.com |

FIDE was founded in Paris, France, on July 20, 1924.[5] Its motto is Gens una sumus, Latin for

- ✓ અગાઉ ભારતને વર્ષ 2014માં બ્રોન્ઝ મેડલ મળ્યો હતો
- ✓ આયોજક : FEDE

૭. જન્મ દિન વિશેષ : 30 ઓગસ્ટ

નચિકેત : પ્રેમશંકર ભટ્ટ

જન્મ – 30 ઓગસ્ટ 1914 અવસાન – 30 જુલાઈ -1976

- ✓ આજે નગીનદાસ પારેખ, મુઘલ બાદશાહ જહાંગીર, હિન્દીના નામાંકિત સાહિત્યકાર ભગવતીચરણ વર્મા, ગીતકાર શૈલેન્દ્ર અને ગુજરાતી સાહિત્યકાર પ્રેમશંકર હરિલાલ ભટ્ટનો જન્મદિવસ.
- ✓ છોટે સરદાર તરીકે પ્રસિદ્ધ ચંદુલાલ દેસાઈ અને ગુજરાતના અગ્રણી સામ્યવાદી નેતા દિનકર મહેતાની પુણ્યતિથિ.
- ✓ પ્રેમશંકર ભટ્ટનો જન્મ ધાંગધ્રા તાલુકાના રાજસીતાપુર ગામે 1914ના વર્ષે થયો હતો.
- ✓ તેઓએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ધાંગધ્રા અને હળવદમાં લીધું.
- ✓ પ્રેમશંકર વિનયન અનુસ્નાતક થઈ બર્માશેલ કંપનીમાં પબ્લિક રિલેશન અધિકારી તરીકે કાર્યરત રહી સમાંતરે ગુજરાતી સાહિત્ય અને વિવેચનની પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રહ્યા હતા.
- ✓ તેમણે મુંબઈની સિદ્ધાર્થ કોલેજ, અમદાવાદની સ્વામિનારાયણ કોલેજ અને દહેગામ કોલેજમાં ગુજરાતીના અધ્યાપક અને દહેગામ કોલેજમાં આચાર્ય તરીકે સેવાઓ આપી હતી.
- ✓ વિશાળ વાંચન ધરાવતા પ્રેમશંકર ભટ્ટે ધરિત્રી, તીર્થોદક, મહારથી કર્ણ જેવી કવિતા, પદ્યરૂપક, લઘુનવલ, વિવેચન, સંપાદન અને વાર્તાને લગતા પુસ્તકો લખ્યા છે.
- ✓ તેમના સર્જન અને વિવેચનની બળવંતરાય ઠાકોર, ડોલરરાય માંકડ અને વિજયરાય વૈદ્ય જેવા વિવેચકોએ પ્રશંસા કરી છે.
- ✓ પ્રેમશંકરનું 30 જુલાઈ 1976એ અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૦-૦૮-૨૦૨૦)

1. ઓગસ્ટ-૨૦૨૦માં કેન્દ્ર સરકાર દ્વારા બિનકાર્યક્ષમ-ભ્રષ્ટ સરકારી કર્મચારીઓની નિવૃત્તિ સંદર્ભે કઈ મહત્વની જોગવાઈ કરાઈ - **50 વર્ષની ઉંમર પછી અથવા 30 વર્ષની સેવા બાદ સેવા રેકોર્ડની સમીક્ષા કરી જરૂરી લાગે તો સેવા નિવૃત કરવા**
2. બિનકાર્યક્ષમ-ભ્રષ્ટ સરકારી કર્મચારીઓની 50 વર્ષની ઉંમર પછી અથવા 30 વર્ષની સેવા બાદ સેવા રેકોર્ડની સમીક્ષા કરી જરૂરી લાગે તો સેવા નિવૃત કરવા કયા મંત્રાલય દ્વારા આદેશ જાહેર કરાયો - **કર્મચારી બાબતનું મંત્રાલય**
3. કેન્દ્ર સરકાર દ્વારા બિનકાર્યક્ષમ-ભ્રષ્ટ સરકારી કર્મચારીઓની 50 વર્ષની ઉંમર પછી અથવા 30 વર્ષની સેવા બાદ કયા નિયમો હેઠળ સેવા રેકોર્ડની સમીક્ષા કરી જરૂરી લાગે તો સેવા નિવૃત કરાશે - **કર્મચારીઓની (પેન્શન) નિયમો, ૧૯ના નિયમ ૪૮ (૧) (બી) હેઠળ**
4. વડાપ્રધાન શ્રી મોદી દ્વારા તા.29મી ઓગસ્ટ-2020ના રોજ મન કી બાતની કેટલામી આવૃત્તિમાં દેશવાસીઓને સંબોધિત કર્યા - **68મી આવૃત્તિ**
5. પ્રધાનમંત્રી શ્રી મોદી દ્વારા દર મહિને કયારે મન કી બાતના માધ્યમથી દેશવાસીઓને સંબોધિત કરવામાં આવે છે - **માસના અંતિમ રવિવારે**
6. વડાપ્રધાન શ્રી મોદી દ્વારા તા.29મી ઓગસ્ટ-2020ના રોજ મન કી બાતની 68મી આવૃત્તિમાં દેશવાસીઓને મુખ્ય કયા વિષય પર સંબોધિત કર્યા - **આત્મનિર્ભર ભારત માટે લોકલ રમકડા માટે હવે વોકલ બનીએ**
7. વિશ્વનું ટોયઝ માર્કેટ કેટલા રૂપિયાનું છે - **રૂ. 7 લાખ કરોડ**
8. દેશમાં કોરોનાની વિકટ પરિસ્થિતિમાં ગત વર્ષની તુલનાએ ખરીફ પાકની કેટલા ટકાથી વધુ વાવણી થઈ - **7%**
9. ભારતીય બ્રીટ્સના ડૉગ્સની વિવિધ કેટેગરી જણાવો - **મુધોલ હાઉન્ડ, હિમાચલી હાઉન્ડ રાજાપલાયમ, કન્ની, ચિપ્પીપરાઇ તથા કોમ્બાઇ**
10. કયા વર્ષે દેશની સ્વતંત્રતાના 75 વર્ષનું પર્વ મનાવાશે - **વર્ષ 2022**
11. કેન્દ્ર સરકાર દ્વારા સપ્ટેમ્બરને કયા મહિના તરીકે મનાવાશે – **પોષણ માસ**

12. ગુજરાતના કયા શહેરમાં ચિલ્ડ્રન યુનિવર્સિટી આવેલી છે - **ગાંધીનગર**

13. તાજેતરમાં યુએઈ દ્વારા ઇઝરાયેલના બહિષ્કાર માટે ઘડાયેલો કેટલા વર્ષ જૂનો કાયદો રદ કરવામાં આવ્યો - **૪૮ વર્ષ**

14. સંયુક્ત આરબ અમિરાત (UAE)ની રાજધાનીનું નામ જણાવો - **આબુધાબી**

15. સંયુક્ત આરબ અમિરાતના વર્તમાન વડાનું નામ જણાવો - **ખલીફા બિન જાવેદ**

16. ભારતે નાણાકીય વર્ષ 2019-20માં કેટલા જથ્થામાં ગરમ મસાલાની નિકાસ કરી - **11.83 લાખ ટન**

17. વર્ષ 2018-19 કેટલા પ્રકારના મસાલાની નિકાસ કરાઈ હતી, તેમાં મરચુ, જીરુ, હળદર, કુદીનાની નિકાસ મુખ્ય છે, તેનો હિસ્સો કુલ નિકાસમાં કેટલા ટકા છે – **219 તથા 80 ટકા**

18. ભારત કેટલા દેશમાં મસાલાની નિકાસ કરે છે – **185**

19. ભારત 185 દેશમાં મસાલાની નિકાસ કરે છે તેમાં ચીન-અમેરિકાનો હિસ્સો કેટલો છે - **અનુક્રમે 24% અને 16%**

20. ભારત દ્વારા વર્ષ 2019-20માં સૌથી વધુ કેટલા ટન મરચાની નિકાસ કરાઈ - **4,84,000 ટન**

21. ભારત દ્વારા વર્ષ 2019-20માં સૌથી વધુ 4,84,000 ટન મરચાની નિકાસ કરાઈ તેના દ્વારા કેટલા રૂપિયાની આવક થઈ – **રૂ. 6,221.70 કરોડ**

22. ભારત દ્વારા વર્ષ 2019-20માં મરચા બાદ કયા મસાલાની સૌથી વધુ નિકાસ કરવામાં આવી છે – **જીરૂ**

23. વર્ષ 2019-20માં ભારતના કયા મસાલાની વિદેશમાં સૌથી વધુ માગ વધી છે - **આદુ**

24. વર્ષ-2018-19ની તુલનાએ વર્ષ 2019-20માં આદુની નિકાસ કેટલા ટકા વધી છે - **178%**

25. ઓગસ્ટ-2020માં ઓસ્ટ્રેલિયામાં પ્રથમ ભારતીય હિન્દુ મહિલા સાંસદ તરીકે કોણે શપથ લીધાં **કૌશલ્યા વાઘેલા**

26. ઓગસ્ટ-2020માં ઓસ્ટ્રેલિયામાં પ્રથમ ભારતીય હિન્દુ મહિલા સાંસદ તરીકે શપથ લેનાર કૌશલ્યા વાઘેલાનું વતન કયુ છે – **પાટડી, જિ. સુરેન્દ્રનગર**

27. ચેસ ઓલમ્પિયાડમાં ભારતે સૌપ્રથમ ગોલ્ડ મેડલ ક્યારે મેળવ્યો હતો – **વર્ષ-૨૦૨૦**

28. તાજેતરમાં ચેસ ઓલમ્પિયાડમાં ક્યા બે દેશોને પ્રથમવાર સંયુક્ત રીતે ગોલ્ડ મેડલ અપાયો - **ભારત અને રશિયા**

29. પ્રેમશંકર ભટ્ટનો જન્મ દિવસ જણાવો – **30 ઓગસ્ટ 1914**

30. નગીનદાસ પારેખ, મુઘલ બાદશાહ જહાંગીર, હિન્દીના નામાંકિત સાહિત્યકાર ભગવતીચરણ વર્મા, ગીતકાર શૈલેન્દ્રનો જન્મદિવસ જણાવો - **30 ઓગસ્ટ**

31. છોટે સરદાર તરીકે પ્રસિદ્ધ વ્યક્તિનું નામ જણાવો - **ચંદુલાલ દેસાઈ**


32. પ્રેમશંકર ભટ્ટનું જન્મ સ્થળ જણાવો - **રાજસીતાપુર ગામ (તા. ધાંગધ્રા)**

**DATE : 31-08-2020**

## ૧. નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (NSO) (આર્થિક)

**ચાલુ નાણાકીય વર્ષ 2020- 21ના એપ્રિલ થી જૂનના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનો GDP ગ્રોથ રેટ 23.9 ટકા**

- ✓ છેલ્લાં 40 વર્ષમાં સૌથી મોટો ઘટાડો




**અગાઉની સ્થિતિ :**

- ✓ અગાઉના જાન્યુઆરીથી માર્ચના ચોથા ત્રિમાસિક ગાળામાં જીડીપીમાં 3.1 ટકાનો વધારો જોવા મળ્યો હતો. 2019-20ના આ જ ગાળામાં જીડીપી ગ્રોથ રેટ 5.2 ટકા હતો.

**ક્વાર્ટર વન : એટ એ ગ્લાન્સ**

- ✓ પહેલાં ક્વાર્ટરમાં ભારતનો GDP ગ્રોથ માઇનસ 23.9 ટકા નોંધાયો
- ✓ ટ્રેડ, હોટેલ, ટ્રાન્સપોર્ટ અને કોમ્યુનિકેશન ક્ષેત્રનો ગ્રોથ માઇનસ 47 ટકા
- ✓ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર 39.3 ટકા ડૂબ્યું, સૌથી મોટા કડાકા સાથે કન્સ્ટ્રક્શન ક્ષેત્ર માઈનસ 50.3 ટકા
- ✓ માઈનિંગ આઉટ પુટ માઇનસ 23 ટકા જ્યારે વીજળી અને ગેસ ક્ષેત્રમાં માઇનસ 7 ટકાનો કડાકો
- ✓ એગ્રિકલ્ચર 3.4 ટકા પ્લસ થવા સાથે એકમાત્ર સુધારાવાળું ક્ષેત્ર

**કયા દેશનો કેટલો ગ્રોથ રેટ**

| દેશ | ગ્રોથ | રેટ ટકામાં |
|---|---|---|
| ભારત | માઇનસ | 23.9 |

| | | |
|---|---|---|
| ઇંગ્લેન્ડ | માઇનસ | 20.4 |
| ફ્રાન્સ | માઇનસ | 13.8 |
| ઇટાલી | માઇનસ | 12.4 |
| કેનેડા | માઇનસ | 12 |
| જર્મની | માઇનસ | 10.1 |
| અમેરિકા | માઇનસ | 9.5 |
| જાપાન | માઇનસ | 7.6 |
| ચીન | પ્લસ | 3.2 |

| સેક્ટર | 2019-20 | 2020-21 |
|---|---|---|
| કૃષિ અને મત્સ્યઉધોગ | 3.0 | 3.4 |
| ખાણકામ | 4.7 | -23.3 |
| ઉત્પાદન | 3.0 | 39.3 |
| પાવર, ગેસ વોટર સપ્લાય | 8.8 | -7.0 |
| બાંધકામ | 5.2 | -50.3 |
| પરિવહન, હોટલ વગેરે | 3.5 . | -47.0 |
| ફાઈનાન્સિયલ, રિયલ એસ્ટેટ | 6.0 | - 5.3 |
| જાહેર વહીવટ, સંરક્ષણ સેવાઓ | 7.7 | -10.3 |

- ✓ એક માત્ર ચીનના ગ્રોથ રેટમાં વધારો નોંધાયો
- ✓ ચીનનો એપ્રિલ થી જૂનનો ગ્રોથ રેટ 3.2 ટકા નોંધાયો
- ✓ G7 દેશમાં ભારતના ગ્રોથ રેટ સૌથી મોટો ઘટાડો
- ✓ GDP : ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકશન

## ૨. પોષણ માસ: તા.01 થી 30 સપ્ટેમ્બર 2020 (આરોગ્ય)

- ✓ ગુજરાત સહિત સમગ્ર ભારતમાં ઉજવણી
- ✓ સોનેરી ૧૦૦૦ દિવસ – બાળકના સર્વાંગી વિકાસનું પ્રથમ સોપાન

**(૧) સગર્ભાવસ્થા (૨૭૦ દિવસ)**

- ✓ સગર્ભાવસ્થાની જાણ થતાં તરત જ આંગણવાડીમાં નોંધણી
- ✓ સમતોલ આહાર અને આરામની કાળજી લેવી
- ✓ લોહતત્વ/આયર્ન અને કેલ્શિયમની ગોળીનું નિયમિત સેવન

**(૨) જન્મથી ૬ માસના બાળકો (૧૮૦ દિવસ)**

- ✓ પહેલા એક કલાકમાં ફક્ત સ્તનપાન
- ✓ ૬ મહિના સુધી માત્ર સ્તનપાન
- ✓ ગળથૂથી, મધ કે પાણી પણ નહીં

**(3) ૭ થી ૨૪ માસ સુધીના બાળકો (૫૫૦ દિવસ)**

- ✓ ૬ મહિના પૂર્ણ થયા બાદ તરત ઉપરી આહારની શરૂઆત
- ✓ ઉંમર પ્રમાણે બાળકનાં આહારમાં વધારો કરો
- ✓ ૨ વર્ષ સુધી સ્તનપાન અવશ્ય ચાલુ રાખો.
- ✓ **એજન્સી:** મહિલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગ (ગુજરાત સરકાર) - ICDS
- ✓ પોષણ અભિયાન(સહી પોષણ દેશ રોશન)


## 3. ભારતના પ્રથમ મહિલા કાર્ડિયોલોજિસ્ટ ડૉ. પદ્માવતીનું દિલ્હી ખાતે 103 વર્ષે અવસાન




- ✓ ઉપનામ : ગૉડમધર ઓફ કાર્ડિયોલોજી
- ✓ સ્થાપક : નેશનલ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ (NHI)
- ✓ જન્મ : બર્મા-1917
- ✓ વર્ષ 1942માં રંગૂનથી ભારત આવ્યા હતા

## ૪. અવસાન : ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને ભારતરત્ન પ્રણવ મુખરજીનું 84 વર્ષની વયે નવી દિલ્હી ખાતે નિધન

- ✓ પ્રણવ મુખરજી વિશે : હુલામણુ નામ : પ્રણવદા
- ✓ જન્મ : 11-12-1935 અવસાન : 31-08-2020
- ✓ જન્મ સ્થળ : મિરાટી, જિ. વીરભૂમ (પ.બંગાળ)
- ✓ વર્ષ-2019માં ભારત રત્ન એનાયત
- ✓ ભારતના 13માં રાષ્ટ્રપતિ તરીકેનો કાર્યકાળ વર્ષ 2012 થી વર્ષ 2017 સુધી
- ✓ સાચા સ્ટેટ્સમેન પ્રણવદાએ **'મહામહિમ'** શબ્દનો ઉપયોગ ન કરવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો હતો




**પત્રકાર, લેખક અને વકીલ :**

- ✓ પ્રણવ મુખર્જીનો જન્મ પશ્ચિમ બંગાળના વીરભૂમ જિલ્લાના મિરાટી નામના નાનકડાં ગામમાં 1935માં થયો હતો.
- ✓ તેમણે કલકત્તા યુનિવર્સિટીમાંથી પોલિટિકલ સાયન્સ સાથે ગ્રેજ્યુએશન કર્યું હતું અને પછી એલએલબીની ડિગ્રી મેળવી
- ✓ પ્રણવ મુખર્જીના પિતા કિંકર મુખર્જી પશ્ચિમ બંગાળના નોંધપાત્ર સ્વાતંત્ર્ય સેનાની હતા.

- ✓ કિંકર મુખર્જી 1920થી કોંગ્રેસના કાર્યકર્તા હતા અને પછી પશ્ચિમ બંગાળ વિધાન પરિષદના સભ્ય પણ બન્યા હતા.
- ✓ પ્રણવ મુખર્જી પણ પિતાના પગલે રાજકારણમાં પ્રવેશ્યા હતા અને કોંગ્રેસ પક્ષમાં સક્રિય થયા.
- ✓ એ દરમિયાન તેમણે વકીલાતની પ્રેક્ટિસ કરી હતી.
- ✓ પશ્ચિમ બંગાળની વિદ્યાનગર કોલેજમાં પોલિટિકલ સાયન્સના પ્રોફેસર બન્યા હતા.
- ✓ રાજકારણમાં પ્રવેશતા પહેલાં તેઓ સક્રિય પત્રકાર પણ રહી ચૂક્યા હતા.
- ✓ પ્રણવદા 'દેશક દેક' નામના બંગાળના અખબારમાં કટારલેખક અને પત્રકાર તરીકે ઘણાં વર્ષો સુધી સક્રિય રહ્યા હતા.

**રાજકીય કારકિર્દી :**

- ✓ પ્રણવ મુખર્જીની રાજકીય કારકિર્દી 1969માં શરૂ થઈ હતી. એ વર્ષ તેમને રાજ્યસભાના સાંસદ બનાવાયા હતા.
- ✓ તેઓ 1975, 1981, 1993 અને 1999માં રાજ્યસભાના સાંસદ બન્યા હતા.
- ✓ 1982 થી 1984 દરમિયાન તેઓ પ્રથમ વખત નાણામંત્રી બન્યા હતા.
- ✓ બીજી વખત તેઓ મનમોહન સિંહની સરકારમાં 2009 થી 2012 સુધી નાણામંત્રી રહ્યા હતા.
- ✓ 2004 થી 2006 સુધી તેમણે દેશના સંરક્ષણ મંત્રાલય સંભાળ્યું હતું. તો 1995થી 1996 અને 2006 થી 2009 એમ બે વખત તેઓ વિદેશ મંત્રી પણ રહ્યા હતા.
- ✓ પ્રણવ મુખર્જી 1980 પછીની દરેક કોંગ્રેસ પ્રેરિત સરકારમાં ચાવીરૂપ ભૂમિકા નિભાવતા આવ્યા હતા.
- ✓ કુલ સાત વખત તેઓ અલગ અલગ સરકારોમાં કેબિનેટ મંત્રી બન્યા હતા.
- ✓ કેન્દ્ર સરકાર દ્વારા સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર

**૫. જન્મ દિન વિશેષ : 31 ઓગસ્ટ**

**ટપાલ ટિકિટ : અમૃતા પ્રિતમ**

**જન્મ : 31 ઓગસ્ટ 1919 અવસાન : 31 ઓક્ટોબર 2005**




- ✓ આજે ક્રાંતિકારી કવયિત્રી અમૃતા પ્રીતમનો જન્મદિવસ તથા ગુજરાત પ્રેમી અંગ્રેજ અધિકારી એ.કે. ફોર્બ્સની પુણ્યતિથિ.
- ✓ અવિભાજિત ભારતના ગુજરાનવાલામાં જન્મેલાં અમૃતાને કવિતા પિતા કરતારસિંહ તરફથી વારસામાં મળી હતી.
- ✓ 10 વર્ષની નાની વયે જ માતા અમૃતા રાજબીબીનું અવસાન થતાં અમૃતાના ઉછેરની જવાબદારી પિતાના માથે આવી હતી, પિતા તેમને મીરાંબાઈ જેવાં કવયિત્રી બનાવવા ચાહતા હતા, પણ પુત્રી મીરાં જેવી ત્યાગી કવયિત્રી બનવા સર્જાઈ ન હતી.
- ✓ નાસ્તિક અમૃતા રાત્રે વાંચતાં અને દિવસે સૂઈ રહેતાં.
- ✓ 16 વર્ષની વયે ચિત્રકાર ઇન્દ્રજિત ઇમરોજ સાથે લગ્ન કર્યો, પણ નિષ્ફળ રહ્યાં.
- ✓ પોતાની સર્જક કારકિર્દીમાં અમૃતા પ્રીતમે 60થી વધુ પુસ્તકો લખ્યાં છે.
- ✓ આત્મકથા : રેવન્યુ સ્ટેમ્પ
- ✓ તેમાં સુનહરે ડે, દિલ્હી કી ગલિયા, પિંજર, જેબ કતરા, કોરા કાગઝ જેવા કાવ્ય, નવલકથા, આત્મકથા, ટૂંકી વાર્તા, પ્રવાસ વર્ણનો નોંધપાત્ર છે.
- ✓ તેમનાં સર્જનો પરથી ફિલ્મો અને ટીવી શ્રેણીઓ પણ બની છે. સ્વતંત્ર મિજાજ અને આગવી પ્રતિભાના આ સર્જકનું જ્ઞાનપીઠ પુરસ્કાર, પદ્મશ્રી, પદ્મવિભૂષણ, દિલ્હી યુનિ. દ્વારા ડી લીટ્ વગેરેથી સન્માન થયું.
- ✓ અમૃતા પ્રીતમનું 31 ઓક્ટોબર 2005ના રોજ 86 વર્ષની ઉંમરે અવસાન થયું.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૧-૦૮-૨૦૨૦)**

1. તાજેતર ઓગસ્ટમાં નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઑર્ગેનાઈઝેશનના આંકડાકીય અહેવાલ મુજબ નાણાકીય વર્ષે 2020-21ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનો GDP ગ્રોથ રેટ કેટલા ટકા નોંધાયો - **23.9 ટકા (માઈનસ)**
2. ઓગસ્ટમાં નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઑર્ગેનાઈઝેશનના આંકડાકીય અહેવાલ મુજબ ગત નાણાકીય વર્ષે 2019-20ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનો GDP ગ્રોથ રેટ કેટલા ટકા હતો - **5.2 ટકા**
3. નાણાકીય વર્ષે 2020-21ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ચીનનો GDP ગ્રોથ રેટ કેટલા ટકા નોંધાયો - **3.2 ટકા**
4. ઓગસ્ટમાં નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઑર્ગેનાઈઝેશનના આંકડાકીય અહેવાલ મુજબ નાણાકીય વર્ષે 2020-21ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં કયા એકમાત્ર સેકટરના ગ્રોથ રેટમાં કેટલા ટકા નોંધાયો હતો - **કૃષિ અને 3.4 ટકા**
5. GDPનું વિસ્તૃત નામ જણાવો -**ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્શન**

6. નાણાકીય વર્ષેનો પ્રથમ ત્રિમાસિક સમયગાળો દર્શાવો - એપ્રિલથી જૂન
7. નાણાકીય વર્ષે 2019-20ના ચોથા ત્રિમાસિક સમયગાળામાં GDPમાં કેટલા ટકાનો વધારો થયો હતો - 3.1%
8. ગુજરાત સહિત ભારતભરમાં પોષણ માસ તરીકે કયા માસમાં ઉજવાય છે - સપ્ટેમ્બર
9. કેન્દ્ર સરકારના "પોષણ અભિયાન"નો ધ્યેય મંત્ર જણાવો - "સહી પોષણ, દેશ રોશન"
10. બાળક જન્મના કેટલા દિવસ સોનેરી સોપાન તરીકે ઓળખાય છે - 1000
11. તાજેતરમાં ભારત કયા પ્રથમ મહિલા કાર્ડિઓલોજીસ્ટનું 103 વર્ષે અવસાન થયું - ડૉ.પદ્માવતી
12. ડૉ.પદ્માવતીનું ઉપનામ જણાવો - "ગોડ મધર ઑફ કાર્ડિઓલોજી"
13. ભારત પ્રથમ મહિલા કાર્ડિઓલોજીસ્ટ ડૉ.પદ્માવતીનો જન્મ વર્ષે 1917માં કયા દેશમાં થયો હતો - બર્મા
14. -ભારત પ્રથમ મહિલા કાર્ડિઓલોજીસ્ટ ડૉ.પદ્માવતી કયા વર્ષે ભારત આવ્યા હતા- વર્ષે 1942
15. તા.31મી ઓગસ્ટ-2020ના રોજ ભારતના કયા પૂર્વ રાષ્ટ્રપતિનું 84 વર્ષની વયે નવી દિલ્હી ખાતે નિધન થયું - પ્રણવ મુખરજી
16. પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીનું હુલામણુ નામ જણાવો - પ્રણવદા
17. પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીનો જન્મ કયારે થયો હતો – તા. 11-12-1935
18. પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીનું જન્મ સ્થળ જણાવો - મિરાટી, જિ. વીરભૂમ (પ.બંગાળ)
19. પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને કયા વર્ષે ભારત રત્નથી સન્માનિત કરાયા હતા - વર્ષ-2019
20. પ્રણવ મુખરજીએ દેશના કેટલામા રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી હતી -13માં
21. પ્રણવ મુખરજીનો રાષ્ટ્રપતિ તરીકેનો કાર્યકાળ જણાવો - વર્ષ 2012 થી વર્ષ 2017 સુધી
22. સાચા સ્ટેટ્સમેન પ્રણવદાએ રાષ્ટ્રપતિ તરીકે કયા શબ્દનો ઉપયોગ ન કરવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો હતો - 'મહામહિમ'
23. પ્રણવ મુખરજીની રાજકીય કારકિર્દીનો પ્રારંભ કયારથી થયો હતો - વર્ષ 1969
24. પ્રણવ મુખરજી કયારે રાજ્યસભાના સાંસદ બન્યા હતા – વર્ષ 1975, 1981, 1993 અને 1999
25. પ્રણવ મુખરજી પ્રથમ વખત કયારે નાણામંત્રી બન્યા હતા – વર્ષ 1982 થી 1984 દરમિયાન
26. પ્રણવ મુખરજી કયા પ્રધાનમંત્રીના કાર્યકાળ દરમિયાન બીજી વખત નાણામંત્રી બન્યા હતા - મનમોહન સિંહની સરકારમાં વર્ષ 2009 થી 2012 દરમિયાન
27. પ્રણવ મુખરજી કયારે સંરક્ષણ મંત્રી બન્યા હતા – વર્ષ 2004 થી 2006
28. પ્રણવ મુખરજી કેટલી વખત-કયારે વિદેશ મંત્રી બન્યા હતા - 1995થી 1996 અને 2006 થી 2009
29. પ્રણવ મુખરજી કુલ કેટલી વખત અલગ અલગ સરકારોમાં કેબિનેટ મંત્રી બન્યા હતા - સાત વખત
30. પ્રણવ મુખરજીના નિધનના પગલે કેન્દ્ર સરકાર દ્વારા કેટલા દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો હતો - સાત
31. કવયિત્રી અમૃતા પ્રિતમનો જન્મદિવસ જણાવો – તા. 31 ઓગસ્ટ 1919
32. ગુજરાત પ્રેમી અંગ્રેજ અધિકારી એ.કે. ફોર્બ્સની પુણ્યતિથિ. જણાવો - 31 ઓગસ્ટ
33. કવયિત્રી અમૃતા પ્રિતમની આત્મકથાનું નામ જણાવો - રેવન્યુ સ્ટેમ્પ
34. અમૃતા પ્રિતમના મહત્વના પુસ્તકોના નામ જણાવો - સુનહરે ડે, દિલ્હી કી ગલિયા, પિંજર, જેબ કતરા, કોરા કાગઝ